# લીલાવતી-જીવનકલા

સંવત ૧૯૫૨

રા.શ્રી. [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

## આ ગ્રંથકર્ત્તાનાં પુસ્તકો.

| *(સંજ્ઞાવાળાં પુસ્તકો આ ગ્રન્થકર્ત્તાએ જાતે લખેલાં નથી.) | રૂ. | આ. | પૈ. |
|---|---|---|---|
| સરસ્વતીચંદ્ર ભાગ ૧. ( ચોથી આવૃત્તિ ) ... | ૧ | ૮ | ૦ |
| ,, ( મરાઠી ભાષાન્તર )* ... | ૧ | ૧૨ | ૦ |
| ,, ભાગ ૨. ( બીજી આવૃત્તિ ) ... | ૧ | ૪ | ૦ |
| ,, ભાગ ૩. ( બીજી આવૃત્તિ ) ... | ૧ | ૮ | ૦ |
| ,, ભાગ ૪. ... ... ... | ૩ | ૮ | ૦ |
| સ્નેહમુદ્રા ( બીજી આવૃત્તિ ) ... ... | ૧ | ૦ | ૦ |
| યુરોપ, એશિયા, વગેરે ખંડોમાંની મહાપ્રજાઓમાં જનસ્વભાવનાં લાક્ષણિક દૃષ્ટાંત | ૦ | ૨ | ૦ |
| The Classical Poets of Gujarat ...R. | 0 | 4 | 0 |
| Conflict of Laws between Converts and Non-Converts in India ...R. | 1 | 0 | 0 |
| લીલાવતીની જીવનકલા ... ... ... | ૦ | ૧૨ | ૦ |
| શ્રીઈશાવાસ્ય તથા કેન ઉપનિષદ્ (સટીક ભાષાન્તર કરનાર શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈ)* ... | ૦ | ૪ | ૦ |
| સ્નેહમુદ્રાની ટીકા* (સ્વર્ગવાસી જયંતીલાલ મગનલાલ દેસાઈ બી. એ. કૃત જુદી છપાઇ છે.) | ૦ | ૧૨ | ૦ |

ઉપરનાં પુસ્તકો નીચે લખેલે ઠેકાણેથી મળશે.

મુંબાઈ—કાળકાદેવીરોડ ઉપર **એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની** તથા સર્વ બુકસેલરો.

બ્હારગામ—અમદાવાદ, સુરત, રાજકોટ, વગેરે ગામોના પ્રસિદ્ધ બુકસેલરો.

With best Compliments
from the author

# લીલાવતી-જીવનકલા.

( ગદ્યપદ્યાત્મક. )


રચનાર.

**ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,**

બી. એ., એલ્. એલ્. બી., વકીલ, મુંબાઈ હાઇકોર્ટ.

નિવૃત્તિનિવાસ નડીયાદ.


शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा ।
विशुद्धेरुत्कर्षस्त्वयि तु मम भक्तिं द्रढयति ॥
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्या त्वमभवः ।
गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥

उत्तररामचरित ઉપરથી.


સર્વે અધિકાર સ્વાધીન



મુંબાઈ.

મુખ્ય એજન્ટ, એન. એમ. ત્રિપાઠી એંડ કંપની.

નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રાંકિત.

સંવત ૧૯૬૨. સન ૧૯૦૫.

મૂલ્ય આના ૧૨.





# પ્રસ્તાવના.

લીલાવતી આ લેખકની જ્યેષ્ઠ પુત્રી હતી. તેના દેહાભિમાની પિતાની વૃત્તિથી આ લેખ લખાયો છે.

આ લેખના ત્રણ ભાગ પાડ્યા છે. પ્રથમ ભાગમાં લીલાવતીની ગદ્યાત્મક જીવનકથા છે. બીજા ભાગમાં પદ્યાત્મક “ સંસ્કારકલાપોડશી ” નામનું કાવ્ય છે. ત્રીજા ભાગમાં “ પરલોક ” નામનું પદ્યાત્મક કાવ્ય છે. બીજા અને ત્રીજા ભાગ પણ લીલાવતીને ઉદ્દેશીને જ લખેલા છે. પિતા પુત્રીના જીવનપ્રસંગોનો સંગ્રહ અપૂર્ણ રીતે જ કરી શકે છે. એવી અપૂર્ણતાથી પ્રથમ ભાગની જીવનકથા લખાઈ છે એટલું જ નહી, પણ એ જીવનના જેટલા અંશ લોકહૃદયમાં પ્રતિષ્ઠા પામવા યોગ્ય લાગ્યા તેટલાનો જ સંગ્રહ એ કથામાં છે. એ અંશોનું નવનીત બીજા ભાગમાં છે. એ બે ભાગમાં જે નવનીત છે તેટલામાં લીલાવતીના ઐહિક જીવનની કલા દર્શાવવાનો પ્રયત્ન છે. દેહ પડ્યા પછી પણ न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति એ સિદ્ધાદેશપરની શ્રદ્ધાને અનુસારે લીલાવતીની પારલૌકિક જીવનકલાને દૃષ્ટિપથની મર્યાદામાં આણવાનો ત્રીજા ભાગમાં પ્રયત્ન છે. લીલાવતીના ગુરુજી શાસ્ત્રીજી જીવરામ લલ્લુરામ પાસે તેમણે તેને શીખવેલાં ઈશકેન ઉપનિષદોનાં ભાષાંતર કરાવી જુદાં પ્રસિદ્ધ કર્યાં છે.

નડીઆદ.
આશ્વિન સંવત્ ૧૯૬૧.

ગો. મા. ત્રિ.

## અનુક્રમણિકા. પૃષ્ઠ.


ભાગ ૧. લીલાવતીની જીવનકથા, ૧

ખણ્ડ. પ્રકરણ ૧. ૧

લીલાવતીના જીવનપ્રવાહોનાં મૂલસ્થાન, અથવા ઉપોદ્ઘાત.

૧. "પાણીથી ન્હાવાનું તે તો બ્હારનું જ! બાકી મ્હાંયનું ન્હાવાનું તો બીજું!" ... ... ... ... ૧

૨. "લોક પરણે નહી ને કુમારા રહે તો ન ચાલે?" ... ૧

૩. "તમે જ સ્નેહમુદ્રામાં પ્હેલી કવિતામાં કહ્યું છે કે * * ખાતાં ઉડતાં શીખીને તજે જનકનો સાથ." ... ૩

૪. માતાનો ઉપદેશ પુત્રીએ સ્વીકાર્યો. ... ... ... ૬

૫. પિતાનો ઉપદેશ પુત્રીએ પોતાના જીવનમાં વણી દીધો.... ૯

૬. ઈશ્વરે આપેલાં દુઃખનો તિરસ્કાર કરવાનું અશોક લીલાવતીએ વર્જ્ય ગણ્યું છે. ... ... ... ૧૨

૭. કૃતકૃત્યતા અને કૃતકૃત્ય જનની જિજીવિષા ... ... ૧૩

૮. એ જિજીવિષાની તપોમયતા અને તેની મુમૂર્ષુતા. ... ૧૪

પ્રકરણ ૨. ૧૬

જીવનપ્રવાહોનું સંગમસ્થાન.

૯. પતિગૃહ. ... ... ... ... ... ૧૬

૧૦. આશા અને નિરાશા. હરિદ્રાનો પ્રયોગ ... ... ૧૮

૧૧. "આ, બીજા સંસારીયાંની દીકરીયો જેવી તમારી દીકરીઓને ગણશો તો ઈશ્વરનાં અપરાધી થશો!" આર્ય હૃદયની અમર આશા ... ... ... ... ... ૧૯

૧૨. "વડીલની આજ્ઞા ક્યાં ન માનવી?" એ પ્રશ્નનો ઉત્તર અને તપોમય જીવનની અશોકતા. ... ... ૨૧

૧૩. ભવિષ્ય સ્થિતિને માટે વર્તમાનમાં અભ્યાસ. ભોગતૃષ્ણાનો ત્યાગ ... ... ... ... ... ૨૨

૧૪. અશ્રુપાતનો તિરસ્કાર કરનારીને અશ્રુપાતનો ધર્મ-પ્રસંગ ... ૨૩

૧૫. સૂક્ષ્મધનથી ધનવતીનું ઐશ્વર્ય ... ... ... ૨૪

૧૬. લીલાવતીનું હૃદયદેવત અને તે દેવતના પૂજક પ્રાણનું સત્ત્વ... ૨૫

૧૭. એ દૈવતને માટે ટેકનો ત્યાગ. ક્ષયરોગની ચિકિત્સા. ... ૨૬
૧૮. માતાના આશ્વાસનને અર્થે **લી**લાવતીએ પોતાના હૃદયનો ગુપ્ત મન્ત્ર પ્રકટ કર્યો. બુદ્ધિપૂર્વક સ્વીકારેલી મુમૂર્ષુતા.... ૨૭
૧૯. ધર્મનું બન્ધન અને એ બન્ધનની ઇશિતા. ... ... ૩૦
૨૦. **લી**લાવતીના હૃદયમાં એ ઇશિતામય જ્યોતિઃ... ... ૩૧
૨૧. તેના સર્વ-સ્વ-ત્યાગ-ધર્મનો પ્રસંગ, એ ધર્મનો પ્રતિબન્ધક ધર્મ, અને ઉભય ધર્મનું ઐક્યસ્થાન ... ... ૩૨
૨૨. યજ્ઞપશુ **લી**લાવતી. ... ... ... ... ૩૫
૨૩. શ્વશુરગૃહભાવનામાં સિદ્ધ કરેલી સ્વસ્થતા ... ... ૩૬

## પ્રકરણ ૩. ૩૭

## સ્વગોત્રમાં યજમાનધર્મિણી.

૨૪. અપ્રમાદ. ... ... ... ... ... ૩૭
૨૫. માતાના આશાતન્તુનું ધારણ અને તેની સાથે જ નિરાશાને માટે સજ્જીકરણ. ... ... ... ... ૩૮
૨૬. "હમણાં આ ખરચ રૂહેવા ધો." ... ... ... ૪૦
૨૭ માતાને થવા નિર્મેલા અનન્ત વિરહની ચિન્તા અને તે વિરહજન્ય દુઃખનો પ્રથમથી પ્રતીકાર. ... ... ૪૧
૨૮. પ્રીતિનો ચિન્તાધર્મ અને ઈશ્વરનો અધિકાર. **લી**લાવતીના પ્રયત્નમાત્રની કુંચી ... ... ... ... ૪૨
૨૯. પ્રજ્ઞાત અથવા સાધનસાધ્ય ધર્મ, અને અપ્રજ્ઞાત અથવા સ્વભાવસિદ્ધ ધર્મ. ... ... ... ... ૪૩
૩૦. પ્રજ્ઞાત અથવા પ્રજ્ઞેય ધર્મની અન્ય જીવોના આતિથેયકર્મમાં સમાપ્તિ. યજમાન, અતિથિ, અને નિષ્કામ આતિથેયયજ્ઞ. ત્રણ પ્રકારના જીવ. ... ... ... ૪૪
૩૧. અસંસારિણી યજમાનાનો આતિથેયસ્વીકાર ... ... ૪૬
૩૨. એવી યજમાનાના સમદષ્ટિમય જ્ઞાનમાં પક્ષપાતમય સ્નેહનો સમાસ. ધર્મ્ય અને અધર્મ્ય સ્નેહ. અસંસારિણી સંસારિણી. ... ... ... ... ... ૪૭
૩૩. એવી યજમાનાઓના સ્નેહનું સ્વરૂપ. ... ... ૪૯
૩૪. બ્હેનો માટેની ચિંતા અને તેમની સુપ્રત. ... ... ૫૦
૩૫. ભાઈ માટેની ચિંતા અને તેને ઉપદેશ. ... ... ૫૨
૩૬. પિતાના હૃદયવૈક્લવ્યની ચિકિત્સા અને તેનું ઔષધ. ... ૫૩

## પ્રકરણ ૪. ૫૭

### ઉક્ત જીવનવૃક્ષનાં કારણ-બીજનો વિકાસ.


૩૭. **લી**લાવતીનું આ જીવનચરિત નથી પણ માત્ર તેની જીવનકથા છે, અને પ્રસિદ્ધ ક્રમ ઉલટાવી આ પ્રકરણ હવે મુકવાનું તે જ કારણ છે. ... ... ૫૭

૩૮. પ્રારબ્ધબીજ અને પૂર્વસંસ્કાર. ... ... ... ૫૮

૩૯. લીલાવતીને શાળામાંથી ઉઠાડી લીધી. ... ... ૬૧

૪૦. વિદ્યાને માટે રાત થોડી અને વેશ ઘણા. ... ... ૬૨

૪૧. **લી**લાવતીનો અભ્યાસ : પ્રાથમિક વિદ્યા, ગૃહકર્મ, સંસ્કૃત સાહિત્ય, વગેરે ... ... ... ... ૬૩

૪૨. શાસ્ત્રસમાગમ ... ... ... ... ... ૬૫

૪૩. આ દેશકાળમાં સ્ત્રીજીવનને કેઈ કેઈ વિદ્યાઓ આવશ્યક અને અનુકૂળ હોઈ શકે તેનો વિચાર અને તે વિચારનો **લી**લાવતીના જીવનમાં પ્રયોગ. ... ... ૬૭

૪૪. આ દેશની સ્ત્રીઓને માટે પાશ્ચાત્ય વિદ્યાની ઉચિતતાની પરીક્ષા કરવા માટે આપણાં શાસ્ત્રોમાંથી જડી આવતી એક કસોટી. ... ... ... ... ... ૬૯

૪૫. ઉક્ત કસોટીનો ઉપયોગ કરી વિષયપરીક્ષા કરીયે તો પાશ્ચાત્ય વિદ્યા પણ આપણી સ્ત્રીઓને યથાશક્તિ યથામતિ આપવી તે એક કલ્યાણકર ધર્મ છે... ... ૭૧

૪૬. પાશ્ચાત્ય વિદ્યાનું વિષ : એ વિષ દૂર રાખવાનાં અનુપાન; આરંભેલી ચર્ચાની આ જીવનકથામાં પ્રાસંગિકતા ... ૭૫


## પ્રકરણ ૫. ૭૬

### ભાવનાઓ—ભરેલી સૃષ્ટિ.


૪૭. બુદ્ધિમય, વાસનામય, અને ભાવનામય મનુષ્યવૃક્ષ. ... ૭૬

૪૮. માતાવિષયે **લી**લાવતીની ભાવના ... ... ... ૭૭

૪૯. પિતાવિષયે ભાવના ... ... ... ... ૭૮

૫૦. **લી**લાવતીની ઉક્ત ભાવનાઓનું રહસ્ય. ... ... ૮૦

૫૧. વસ્ત્રાલંકાર વગેરે ... ... ... ૮૨

૫૨. શરીરસૌન્દર્યમાં સૂક્ષ્મભાવનાનો પરિપાક. ... ... ૮૩

૫૩. સહીપણાં કોનાં ?... ... ... ... ... ૮૫

૫૪. લીલાવતીએ શાનો લ્હાવો લીધો ? ... ... ... ૮૬
૫૫. પોતાના દોષો ઉપર દૃષ્ટિ. ... ... ... ... ૮૮
૫૬. વાસનાઓ કે ભાવનાઓ ? ... ... ... ... ૯૦
૫૭. બે વિદ્યાઓનું મિશ્રણ. ... ... ... ... ૯૨

## પ્રકરણ ૬. ૯૫

### અધ્યાત્મદૃષ્ટિનો ઉદય.

૫૮. દુઃખ, ચિત્ત, અને જીવન: એ ત્રણમાં લીલાવતીએ સંસારની પર્યાપ્તિ ગણી હતી. ... ... ... ... ૯૫
૫૯. લીલાવતીનો છેલ્લો પત્ર: એણે દુઃખમાં પણ ઈશ્વરનો કૃપારૂપ આશય માન્યો છે ... ... ... ... ૯૫
૬૦. લીલાવતીના ચિત્તની શ્રદ્ધા અને જીવનનો આશય. ... ૯૭
૬૧. મહાભ્યુદયનું પ્રથમ પગથીયું. ... ... ... ૯૯
૬૨. તત્વબોધનો ઉદયવિધિ ... ... ... ... ૧૦૧
૬૩. જીવન-સફલતા ... ... ... ... ... ૧૦૨
૬૪. લીલાવતીએ માનેલી ભવની ભવાઈનું સ્વરૂપ. .. ... ૧૦૫
૬૫. ઈશ્વરના સ્વરૂપનો લીલાવતીના હૃદયમાં અંશબોધ. ... ૧૦૬
૬૬. દુઃખથી આચ્છાદિત આનંદ. ... ... ... ૧૦૯
૬૭. આધ્યાત્મિક તૃપ્તિના નિરાવરણ આનંદની મૂર્ત્તિ... ... ૧૧૧
૬૮. સંબોધન. ... ... ... ... ... ૧૧૪

### જીવનકથાનું પરિશિષ્ટ. ૧૧૫

૧ લીલાવતી ઉપર પત્ર, લખનાર આ ગ્રન્થનો લેખક, સંવત્ ૧૯૫૭ મહા વદ ૧૧
૨ લીલાવતી ઉપર પત્ર, લખનાર આ ગ્રન્થનો લેખક, તા૦ ૧૦ માર્ચ ૧૯૦૧
} ગુજરાતી. ૧૧૬; ૧૧૮
૩. રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડીનો પત્ર, આ લેખક ઉપર ... ... ... ... ... ૧૨૨
૪. નડીઆદ-નાગર-યુવક-સમાજના ઉદ્ગાર, પત્ર.... ... ૧૨૩
૫. આ લેખકઉપર પત્ર, લખનાર રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યા બી. એ. તા. ૬-૧-૧૯૦૨. (ઈંગ્રેજીમાં) ૧૨૪
૬. " " " તા. ૭-૮-૩ (ઇંગ્રેજીમાં) ૧૨૪

૭. આ લેખક ઉપર પત્ર, લખનાર રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ., એલ. એલ.બી. તા.૧૬-૧-૨ (ઈંગ્રેજીમાં)... ૧૨૫
૮. રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ઉપર પત્ર, લખનાર આ લેખક, ( ઈંગ્રેજીમાં ), તા. ૧૭-૧-૨... ૧૨૬
૯. આ લેખક ઉપર પત્ર, લખનાર રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. (ઈંગ્રેજીમાં) તા. ૧૯-૧-૨. ... ૧૨૭
૧૦. " " " રા. રા. હરસુખરામ પંડિતરામ પંડ્યા. (ઈંગ્રેજીમાં)તા. ૯-૧-૨... ૧૨૯
૧૧. " " " રા.રા. ગોપાલદાસ વિહારીદાસ દેસાઈ (ઈંગ્રેજીમાં.) ... ૧૨૯
૧૨. " " " રા. રા. જન્મશંકર મ૦ બુચ, (કવિ-લલિત) (ઈંગ્રેજીમાં) ૧-૧-૨... ૧૨૯
૧૩. " " " સ્વર્ગવાસી રા. રા. કનૈયાલાલ ઝવેરીશંકર યાજ્ઞિક. (ઈંગ્રેજીમાં) ૧૫-૧-૨... ૧૩૦

## ભાગ ૨. ૧૩૨

### સંસ્કારકલા—પોટલી.

પદ. આદ્યપંક્તિ અથવા ચરણ.

૧ ધીમી ધીમી ચાલી તું અંહીથી કરતી કર્તવ્ય કામ. ... ૧૩૨
૨ શુણ્યો મહાસંતોષ! દાન તુજ કરી લીધો સંતોષ. ... ૧૩૪
૩ મુમૂર્ષુતા તુજ જિજીવિષાથી છવાઈ! મુમૂર્ષુતા એ અંતે ફાવી! માઈ! ... ... ... ... ... ૧૩૫
૪ પડની બંધ! નિઃશ્વાસ! વિચારી, પડની બંધ! નિઃશ્વાસ!... ૧૩૬
૫ પક્ષપાતી અંહી સ્નેહ ઉગતા, અંકુર તેના એથ... ... ૧૩૭
૬ પક્ષપાતી છે સ્નેહ અપર એ શાખાપર અંકુર... ... ૧૩૮
૭ ચંદ્રકળા! હું ઉદયાચળ-પર પ્રકટી તું મુજ રાત્રિ સમે... ૧૩૯
૮ ચંદની ચંદ્રસાથે રે ચાલી ગઈ જોત-જોતામાં. ... ... ૧૩૯
૯ નહી શુદ્ધોદકસ્નાન! હૃદયને નહી શુદ્ધોદકસ્નાન! ... ૧૪૦
૧૦ નહી પૂજાનો ઠાઠ! હૃદયને નહી પૂજાનો ઠાઠ! ... ૧૪૦
૧૧ મતિ કૃતિ વાણી જો કલ્યાણી, તો પૂજાદિક ભૂષણ છે. ... ૧૪૦

૧૨ ઇચ્છે લોકો સુખ, જગતમાં ઇચ્છે લોકો સુખ. ... ૧૪૦
૧૩ અમોઘ જીવન જીવતી પામી તું જાતે પ્રભુનો પાર. ... ૧૪૧
૧૪ શોક શો કરું હું? પુત્રી! શોક શો કરું હું? ... ... ૧૪૨
૧૫ જીવન્મુક્તિનો લોભ ધકેલી પાડીં ખડી થતીં માયા, ... ૧૪૩
૧૬ સત્કર્મ ધરતી વેશ! જિજીવિષા મુજ સત્કર્મ ધરતી વેશ... ૧૪૩

**ભાગ ૩.** ૧૪૫

**પરલોક.** ... ... ... ૧૪૫

## सज्जनप्रशस्तिः ॥

અથવા

# સાધુજનોના ગુણોવિષે કવિઓનાં એકવીશ વાક્યો.

गङ्गा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हन्ति सन्तो महाशयाः ॥ १ ॥
सुजनं व्यजनं मन्ये चारुवंशसमुद्भवम् ।
आत्मानं हि परिभ्राम्य परतापनिवारणम् ॥ २ ॥
स्नेहच्छेदेपि साधूनां गुणा नायान्ति विक्रियाम् ।
भङ्गेनापि मृणालानामनुबध्नन्ति तन्तवः ॥ ३ ॥
परोपदेशे पाण्डित्यं सर्वेषां सुकरं नृणाम् ।
धर्मे स्वीयमनुष्ठानं कस्यचित्सुमहात्मनः ॥ ४ ॥
पतिते व्यसने दैवाद्दारुणे दारुणात्मनि ।
संवर्मयति वज्रेण धैर्येण महता मनः ॥ ५ ॥
यथा चित्तं तथा वाचो यथा वाचस्तथा क्रियाः ।
चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता ॥ ६ ॥
किमत्र चित्रं यत्सन्तः परानुग्रहतत्पराः ।
न हि स्वदेहशैत्याय जायन्ते चन्दनद्रुमाः ॥ ७ ॥
उपकर्तुं प्रियं कर्तुं कर्तुं स्नेहमकृत्रिमम् ।
सुजनानां स्वभावोयं केनेन्दुः शिशिरीकृतः ॥ ८ ॥
निर्गुणेष्वपि सत्वेषु दयां कुर्वन्ति साधवः ।
न हि संहरते ज्योत्स्नां चन्द्रश्चाण्डालवेश्मनि ॥ ९ ॥
हृदयानि सतामेव कठिनानीति मे मतिः ।
खलवाग्विशिखैस्तीक्ष्णैर्भिद्यन्ते न मनाग्यतः ॥ १० ॥
अपेक्षन्ते न च स्नेहं न पात्रं न दशान्तरम् ।
सदा लोकहितासक्ता रत्नदीपा इवोत्तमाः ॥ ११ ॥
उत्तमः क्लेशविक्षोभं क्षमः सोढुं न हीतरः ।
मणिरेव महाशाणघर्षणं न तु मृत्कणः ॥ १२ ॥
स्वभावं नैव मुञ्चन्ति सन्तः संसर्गतोऽसताम् ।
न त्यजन्ति रुतं मञ्जु काकसंपर्कतः पिकाः ॥ १३ ॥

आपत्स्वेव हि महतां शक्तिरभिव्यज्यते न संपत्सु ।
अगुरोस्तथा न गन्धः प्रागस्ति यथाग्निपतितस्य ॥ १४ ॥
वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः ॥ १५ ॥
पिबन्ति नद्यः स्वयमेव नाम्भः स्वयं न खादन्ति फलानि वृक्षाः ।
नादन्ति सस्यं खलु वारिवाहाः परोपकाराय सतां विभूतयः ॥१६॥
घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम् ।
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुकाण्डम् ॥
दग्धं दग्धं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णम् ।
न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते ह्युत्तमानाम् ॥ १७ ॥
प्रथमवयसि पीतं तोयमल्पं स्मरन्तः ।
शिरसि निहितभारा नालिकेरा नराणाम् ॥
उदकममृतकल्पं दद्युराजीवितान्तम् ।
न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ॥ १८ ॥
मनसि वचसि काये पुण्यपीयूषपूर्णाः ।
त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ॥
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यम् ।
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥ १९ ॥
प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः ।
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ॥
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसम् ।
रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते ॥ २० ॥
दृश्यन्ते भुवि भूरि निम्बतरवः कुत्रापि ते चन्दनाः ।
पाषाणैः परिपूरिता वसुमती वज्रो मणिर्दुर्लभः ॥
श्रूयन्ते करटारवाश्च सततं चैत्रे कुहूकूजितम् ।
तन्मन्ये खलसंकुलं जगदिदं द्वित्राः क्षितौ सज्जनाः ॥ २१ ॥

એકેકે વર્ષ ગણતાં ગણતાં લીલાનું,
એકેકે વાક્ય જડતાં જડતાં કવિનું,
લીલાવતીનું પુરું આયુ નીહાળ્યું તેથી
તૃપ્તિ ન, ન તૃપ્તિ ગુણ સજ્જનના ગણેથી. ૨૨
વસે લીલા પરલોકમાં, વસે સજ્જનો અહીં,
અહીં અમરતા ઉભયની, તૃપ્તિ પ્રભુમાં લહી. ૨૩

# લીલાવતીની જીવનકથા.

## પ્રકરણ ૧.

## લીલાવતીના જીવનપ્રવાહોનાં મૂલસ્થાન અથવા ઉપોદ્ઘાત.

૧ લીલાવતીનું વય વર્ષ ૮-૯:—મ્હારી પાસે રમતી રમતી લીલાવતી આવી અને પુછવા લાગી. "મ્હોટા કાકા, આ આપણાં પેટમાં શું હશે?" પેટમાં અન્નજળના નળ અને તેમાં અન્ન આવવાનો અને પચવાનો વિધિ તેને આ પ્રશ્નના ઉત્તરમાં કંઈક સમજાવ્યો. આતુરતાથી અને ઉત્સાહથી એ ઉત્તર સાંભળી તે કાંઈક વિચારમાં પડી અને દોડી ગઈ. થોડી વારમાં તેની માતા આવી પુછવા લાગીઃ

> ૧. "પાણીથી ન્હાવાનું તે તો બ્હારનું જ ! બાકી મ્હાંયનું ન્હાવાનું તો બીજું!"

"આ મ્હોટીને તમે શું સમજાવ્યું? તે કહે છે કે આપણે નાગર બ્રાહ્મણ છીયે તે તો ખોટાં, હાં, બા!"

લીલાવતી—મ્હોટા કાકા, હું ખોટું કહું છું? આ ન્હાવા કરવાનું તે તો બ્હારનું જ કે નહી? પેટમાં તો સઉ કચરો અને અજ્ઞડવાડ! આ નાગર બ્રાહ્મણનું ન્હાવા ધોવાનું તો બ્હારનું ને મ્હાંયનું ન્હાવાનું તો બીજું!

બ્હેન, આ બોધબીજમાંથી ઉગેલો વૃક્ષ ત્હારા અલ્પ જીવનમાં અમે જોયો.

૨. વય વર્ષ ૧૦-૧૧:—"મ્હોટા કાકા, આ પરણવાનું શું કારણ હશે? લોક ન પરણે ને કુમારા રહે તો ન ચાલે?" ધીમે રહી એક દિવસ લીલાવતીએ આવો પ્રશ્ન પુછ્યો.

> ૨. "લોક પરણે નહી ને કુમારા રહે તો ન ચાલે?"

આ પ્રશ્ને મને વિચારમાં નાંખ્યો. લીલાવતી વર્ષ બે વર્ષની હતી ત્યારે ભાવનગરમાં ખોળામાં લેઈ નિદ્રામાં નાંખવા તે કાળે રચાતી

સ્નેહમુદ્રા હું ગાતો હતો તેમાં હીન્દુ પુત્રીએ વિદ્વાન્ પિતાને પ્રશ્ન પુછ્યા છે તે કંઈક આવા જ હતા. તેનો "પ્રતિધ્વનિ આ શું લી-
"લાવતીએ આજ કર્યો? આના લગ્નથી એનું ભાગ્ય કેવું બંધાશે?
"આ દેશમાં આ વર્ણમાં તો એ ભાગ્ય બાંધવાનો ધર્મ મને પ્રાપ્ત
"થાય છે અને જેવું નીવડે તેવું એ ભાગ્ય સ્વીકારવાનો ધર્મ લીલા-
"વતીનો થશે! અન્ય દેશમાં એને આ પ્રશ્ન પુછવાનો પ્રસંગ ન
"આવત." આ વિચારો પુરા થતા પ્હેલાં તો લીલાવતીએ વળી ફરી પ્રશ્ન પુછ્યો ને કંઈક શરમાતી શરમાતી ઉભી રહી. "આ બાળકને શો ઉત્તર આપું?" મને ચિન્તા વધી ને એને આતુરતા વધી. અંતે ઉત્તર દેવો પડ્યો ને, એને પાસે લેઈ વાંસે હાથ ફેરવી, દીધો.

"બ્હેન, આપણે ત્યાં તું જન્મી અને આપણે આપણા લોકના વ્યવહારમાં છીયે માટે ત્હારે પરણ્યાવિના ન ચાલે. માબાપ જન્મારો ન પ્હોંચે માટે દીકરીયોને માબાપ ન હોય ત્યારે કોઈ છત્ર જોઈએ." તે બોલી નહી ને સંતુષ્ટ દેખાઈ ચાલતી થઈ. મ્હારા હૃદયમાં ઉદ્ગાર થયો. "બ્હેન, આપણા લોકમાં હું છું અને મને સંસાર ફળ્યો છે તે જેવી ઈશ્વરની કૃપા થઈ છે તેવી જ કૃપા ત્હારા ઉપર તેની થાવ!" એ આશીર્વાદ એક મનુષ્યના હૃદયનો હતો. એવા આશીર્વાદ કેટલાં હૃદય દેતાં હશે? પુત્રીઓ જેને છે તે સર્વનાં હૃદય આનો ઉત્તર દે એ જ વધારે ઉચિત ગણીયે. પણ સંસારમાં સુખદુઃખની વ્હેંચણ કેવા પ્રકારે થાય છે અને કેવા નિયમોથી નિયમિત થાય છે એ વાત શાસ્ત્રો અનેકધા સમજાવે છે તે નિયમોમાં તો આવા આશીર્વાદનું ફ-લિતપણ આ વ્હેંચણને જ અનુસરે છે.

લીલાવતી! મ્હારા હૃદયના અંતર્ભાગમાં ઉઠેલો આશીર્વાદ ત્હારા હૃદયમાં કેવી રીતે ફળ્યો એ દર્શનનો પ્રભાવ હું આજ જોઉં છું. ત્હારા આ પ્રશ્ન પુછવા પ્હેલાં, ત્હારા જન્મ પ્હેલાં, મ્હારી કલ્પનામાં જન્મેલા એક પિતાને એ જ કલ્પનામાં જન્મેલી તેની પુત્રીએ આનો સજાતીય પ્રશ્ન પુછ્યો હતો, અને પિતાએ યોજેલા વિવાહને વિષયે મ્હારી કલ્પનાએ એ પુત્રી પાસે એવું વર્ણન કરાવ્યું હતું કેઃ—

"પણ્ડિત પિતાતણી આત્મજા કંઈ ભણી હું તાતપ્રતાપથી,
"મન વિકસ્યું, ઉર મ્હોટયું, સદ્ગુણ વાંછે બહુ ભાવથી.
"હું ન્હાનપણથી આશ આથી ઘણી ધરી મન માણતી,
"પણ હાય! હીન્દુતણે લલાટ લખ્યા ન લેખો જાણતી.

"શૈશવ વીંશે કર પીડીયો અજ્ઞાત એક શિશુજને,
"ઉદ્વાહના જ કરારમાં સહી કીધી મુજ મુજ ગુરુજને."

સ્નેહમુદ્રા. ૧૫ (૧૦-૧૨)

આ મ્હારી કલ્પનાની સુખવાસનાવાળી પુત્રીએ આવો અસંતુષ્ટ ઉદ્ગાર કર્યો ત્યારે ત્હારા પિતાએ કરેલા ત્હારા ઉદ્વાહને માટે ત્હારા જીવનના મર્મમાત્રે, ત્હારા જીવનમાંની ગુપ્ત તથા પ્રકટ મનોમયી વાણીમયી અને કૃતિમયી ભાવનામાત્રે પરમસંતોષના જ ઉદ્ગાર કર્યા છે, અને સુખવાસનાને સ્થાને ધર્મમયી, તપોમયી, પાતિવ્રત સ્નેહમયી ભાવનાવિના અન્ય વાસનાનો અંકુર આ ત્હારા જીવનમાંની વાસનામાં કદી સ્ફુર્યો નથી એ મ્હેં અનેકધા પ્રત્યક્ષ કર્યું છે. એ જ મ્હારા હૃદયના ગુપ્ત આશીર્વાદનું ફલિત ત્હારા હૃદયના ગુપ્ત મર્મભાગમાં અને પ્રકટ કાર્યોમાં પરિણામ પામ્યું. પણ આ ત્હારી સ્તુતિ હોય તો, આપણા ઐહિક સંબંધને વિચારતાં, પિતા પુત્રીના ગુણ જ જુવે એવો પક્ષપાત ત્હારાપ્રતિ મ્હારે નથી એવું હું કહી શકતો નથી. માટે એ તો યદસ્તુ તદસ્તુ. આ લેખ હું કાંઈ ત્હારા સ્તુતિગાનને માટે લખતો નથી, પણ ત્હારા જીવનના મર્મભાગના અને ઉદ્ગારોના પ્રકટીકરણમાં સંસારને માટે કંઈક બોધ રહેલો છે એવી ભાવનાથી આ લેખને હું પ્રયોજું છું. બાકી એ લેખની વાસ્તવિક કર્ત્રી તો તું જ છે. વળી ત્હારા અવસાન પછી જગતમાં ત્હારા જેવી અનેક પુત્રીઓ અનેક માતાપિતાને પેટ અવતરી જીવતી હશે અને જીવશે તે સર્વનાં હૃદયસત્ત્વમાં ત્હારું જ સત્વ હું જોઉં છું, અને તે સર્વને **લી**લાવતીઓ જ ગણું છું. તો પ્રિય વાંચનાર! આ લેખમાં હું '**લી**લાવતી' શબ્દથી અનેક સંબોધન યોજું ત્યાં તે આ સર્વ **લી**લાવતીઓને ઉદ્દેશી કહેલાં સમજજે અથવા આ લેખની વાસ્તવિક કર્ત્રી **લી**લાવતીને આ સર્વ **લી**લાવતીઓના ધર્મપિતારૂપે સંબોધું છું એમ સમજજે.

૩. કન્યાદાનથી અને કન્યાગ્રહણથી ઉત્પન્ન થતો મહાસંતોષ વિવાહવિધાનની સમાપ્તિકાળે સાંભળવાનો વ્યવહાર છે; જે સંભળાય તે પ્રતીત થાય એવો હેતુ છે. છતાં તે જ પ્રસંગને પરિપાકકાળે શ્વશુરગૃહભણી કન્યાને વળાવતાં તેનાં માતાપિતાનાં હૃદયોમાં અને નેત્રોમાં જે વિકાર થાય છે તે કન્યાનું ભાગ્ય કેવું રચાવાનું હશે તેના વિચારોના પ્રથમ પ્રકટ થવાનું ફળ છે. તેમના હૃદયના આ વિકારનો આ આરંભ થાય છે અને અનેક વર્ષના

૩. "તમે જ સ્નેહમુદ્રામાં પ્હેલી કવિતામાં કહ્યું છે કે ખાતાં હસતાં શીખીને તજે જનકનો સાથ."

અનુભવને અને અવલોકનને અન્તે, કન્યાનું પાણિપીડન કરનાર અને તેનું કુટુમ્બ આ કન્યાને કેવી રીતે સ્વજન કરી જાળવી લે છે એ અનુભવમાં આવે છે ત્યાંસુધી, આ ઉક્ત વિકારજન્ય ઉત્કંઠાનો અને ચિન્તાનો અન્ત આવતો નથી. લીલાવતીએ તે સંબંધે પ્રશ્ન પુછી એ ચિન્તાનો અનુભવ ઉક્ત પ્રકારે લગ્ન પ્હેલાં કરાવ્યો હતો, લગ્ન સમાપ્તિએ એ અનુભવ બીજીવાર કરાવ્યો, અને ચિન્તાની શાન્તિ કરવાનો પ્રયત્ન પણ શ્વશુરગૃહમાં જઈને તેણે પોતે જ આરંભ્યો અને તેના અવસાનકાળ સુધી એ પ્રયત્નને બન્ધ ન કર્યો.

જે ચિન્તાનો આરંભ લીલાવતીના પ્રથમ પ્રશ્ને કર્યો હતો તે ચિન્તાને શાન્ત કરવાનો પ્રથમ પ્રસંગ તેણે તેના શ્વશુરગૃહમાં પગ મુકીને તરત જ શોધ્યો. ઉદ્યોગપ્રસંગે સન ૧૮૯૫ ના મધ્યભાગમાં હું પોરબંદર હતો અને લીલાવતી તેના શ્વશુરગૃહમાં પેટલાદ ગામમાં હતી, તેના વિષયની કાંઈ કિંવદન્તીથી ચિન્તા ઉત્પન્ન થતાં તેનાં આરોગ્યાદિક જાણવા તેને મ્હેં પોરબંદરથી પત્ર લખ્યો તેનો ઉત્તર તેણે લખ્યો કેઃ—

"મને નડીયાદમાં એક દિવસ અને પેટલાદમાં એક દિવસ તાવ આવ્યો હતો, પણ હવે ઠીક છે. તમે જ સ્નેહમુદ્રામાં પ્હેલી કવિતામાં કહ્યું છે કે

"તજી કોષ દ્વિજ[1] અવનિમાં ધરે નવો અવતાર,
"ખાતાં ઉડતાં શીખીને તજે જનકનો સાથ.

"તે જ પ્રમાણે શકુન્તલાના ચોથા અંકનો છેલ્લો શ્લોક ખબર છે.
"મુ. મ્હોટાભાઈને મ્હારા દંડવત્ ક્હેશો. તમને પણ ઘણું ખરું વા
"આવે છે તે કેમ છે તે લખશો. ફીકર ચિન્તા કરશો નહી. ઈશ્વર સૌ
"સારું જ કરશે."[2]

ચૌદ વર્ષની વયે તેણે આ વિષયમાં આ પ્રથમ ઉદ્ગાર કર્યો. શાસ્ત્રીજી જીવરામના હાથમાં તેનું વિદ્યાદાન સોંપતાં આ લેખકે એવો ઉદ્દેશ દર્શાવ્યો હતો કે "શાસ્ત્રીજી, લીલાવતી પરદેશ જવાને નિર્મેલી "છે ત્યાં મ્હારાથી કે એની માતાથી એનાં સુખદુઃખપ્રસંગે સદ્વિચાર "આપવા નહી જવાય અને સંસારીયો તો તે શી રીતે આપવાના

---

૧. દ્વિજ એટલે પક્ષી કોષમાંથી એટલે ઇંડામાંથી નીકળી બીજે અવતાર ધરે છે. ૨. આ અને બીજા પત્રોમાં લેખનપદ્ધતિ (જોડણી) અન્યલેખકની પોતાની છે.

"હતા ? તમે આને વિદ્યા આપો તે એવી આપો કે તે એની બુદ્ધિના "સન્મિત્રનું કામ એ જ્યાં જાય ત્યાં કરે અને **લી**લાવતી પોતાની "બુદ્ધિવડે સનાથ રહે." શાસ્ત્રીજીએ આ સૂચના પાળવાની કૃપા કરી, અને તે કૃપાને **લી**લાવતીએ સફળ કરી ઉપરના પત્રમાં શાકુન્તલના ચતુર્થ અંકના છેલા શ્લોક ઉપર આ લેખકનું ધ્યાન ખેંચ્યું. તે શ્લોકમાં શકુન્તલાના ધર્મપિતા તેને શ્વશુરગૃહે વળાવી ક્હેછે કે,

**अर्थो हि कन्या परकीय एव तमद्य निक्षिप्य करे गृहीतुः ।**
**जातः प्रकामं विशदो ममायं प्रत्यर्पितन्यास इवान्तरात्मा ॥**

( **અર્થ:**–કન્યા તો પારકું જ દ્રવ્ય છે. તેના ગ્રહણ કરનારના હાથમાં આજ તેને આપી દેઈને, ન્યાસ ( થરાપણીયા દ્રવ્ય ) તેના સ્વામીના હાથમાં પાછા આપી દેઈ તેને સાચવવાની ચિન્તાથી મુક્ત થયલા પુરુષનું ચિત્ત જેવું ચિન્તામુક્ત–વિશદ–થાય તેવો આજ મ્હારો આ અંતરાત્મા અત્યંત વિશદ થયો.)

વડીલ પાસે સ્વામીનું નામ ન દેવાના આપણા લોકાચારને અનુસરી "ગ્રહણ કરનાર" શબ્દ પોતે ઉચ્ચારવાનું વર્જ્ય કરી માત્ર આ શ્લોકની સંખ્યા દર્શાવી **લી**લાવતીયે તેના પિતાનું સ્નેહવૈકલ્ય શમાવવા કણ્વ મુનિનું આ દૃષ્ટાંત આપ્યું, "તમે તમારો ધર્મ કરી ચુક્યા અને હવે મ્હારી ચિન્તા કરોછો તે અયોગ્ય છે" એવો બોધ આપ્યો, એ ગીતા ભણી હતી તેમાંના "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन" આ વાક્યનો સંસ્કાર જગાડ્યો, ઐહિક સંબંધમાત્ર ક્ષણિક છે તે ત્રુટતાં મોહ કે શોક ઘટતો નથી એ સુઝાડ્યું, અને પિતાપુત્રીનો સંબંધ તો ઈશ્વરની રચનાના ક્રમથી જ આવો છે તેનું ભાન મ્હારી રચેલી કવિતાના અક્ષરો સ્પષ્ટ લખીને જ મ્હારો કરેલો ઉદ્ગાર મને પોતાને સંભળાવ્યો. મહાકવિ કાલિદાસના આ શ્લોકમાં જેટલા સંસ્કાર અને ધ્વનિ છે તે જાગૃત કરવાને પ્રસંગે તે સર્વ પોતે યથાર્થ સમજી છે અને મને બોધ કરવાની અધિકારિણી થઈ છે એવું ભાન આણી, એ અધિકારનુ ધારણ કરી, **લી**લાવતી, તું મ્હારી ઉપદેશક થઈ. એ ત્હારો અધિકાર હું નહી સ્વીકારું તો કોણ સ્વીકારશે ? એ સ્વીકારને માટે જ ત્હારો પત્ર જાળવી રાખ્યો હતો તે આજ આમ પ્રકટ કરું છું–અથવા હું નહી પણ મ્હારા હૃદયમાં ચિરંજીવ રહેલી તું જ એ પત્રને અને તેમાંના બોધને અન્ય પિતાઓના ઉદ્બોધને માટે પ્રકટ કરેછે.

ત્હારી પોતાની વાતમાં તાવનું કારણ ન લખતાં બીજું લખે છે કે “દીકર ચિન્તા કરશો નહી, ઈશ્વર સઉ સારું જ કરશે,” અને મને વા આવતો હતો તેના સમાચાર તું પુછાવે છે. ત્હારી ચિન્તા મ્હારે કરવી નહી અને મ્હારી ત્હારે કરવી! લીલાવતી! આ સ્નેહ, આ ધર્મ, અને આ બોધ તું જીવી ત્યાંસુધી ત્હારા હૃદયમાંથી ઉદ્ભવ્યો અને ત્હારી ક્રિયામાં અનુભવ્યો. સંસારને માટે એવું વાક્ય છે કે कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति. આપણા સંસારમાં એવું બન્યું કે તને બોધ આપવામાં ત્હારાં માતાપિતાનાં હૃદય કઠણ થયાં અને ત્હારું હૃદય તેના ગ્રહણમાં, ત્હારા સ્નેહમાં, અને તેમના પ્રતિની ત્હારી દયામાં અત્યંત કોમળ રહ્યું.

૪ માતાનો ઉપદેશ પુત્રીએ સ્વીકાર્યો.

૪. એવો કઠિન ઉપદેશ તે અમે તને શો કર્યો? અમે તને અનેક પત્ર લખ્યા હશે, ત્હેં અમને લખ્યા હશે, પણ કાંઈ સઉ પત્ર સાચવી રાખ્યા નથી. ત્હારો પ્રથમ પત્ર ઉપર લખેલો, અને છેલો પત્ર આપણા છેલા યોગ પ્હેલાંનો, કાંઈ દૈવેચ્છાથી મ્હારી પાસેથી નીકળ્યો. ત્હારા અવસાન પછી ત્હારી પેટીમાંથી શું નીકળ્યું? જે જે પત્રોમાં વ્યવહારની વાત હતી તે તેમાં નથી પણ તને ઉપદેશ હતા તે સર્વ પત્ર ત્હેં જાળવી રાખ્યા છે. તો તને શું પ્રિય હતું તે પ્રકટ કરવાને તેમાંના બે નમુના ઉતારું છું. એ નમુના ત્હારા નિર્ધન જીવનનું પરમ ધન ગણી ત્હેં જાળવી રાખ્યું હતું.

ત્હારી માતા ત્હારા શ્વશુરગૃહારંભે તને લખે છે કે, “જેમ પીયરમાં માબાપ તેમ સાસુસસરા પણ માબાપ ક્‌હેવાય ને જેવાં ભાઈ
“બોનાઈ તેમ જેઠ જેઠાણી; એવી રીતે બધાં ઉપર વ્હાલ રાખી પોતાનાં ગણી વર્ત્તવું. જ્યાં સુધી ભેદદષ્ટિ રાખી ત્યાં સુધી મનને સુ-
“ખ ન થાય. માટે તે સર્વને પોતા જેવાં ગણવાં અને ઈશ્વરતુલ્ય ગણી
“કોઈને દુભાવા દેવાં નહી એ ત્હારી ફરજ છે. તું પુછતી હતી કે
“સુશીલ કોને ક્‌હેવાય તે સાસરીયામાં બધાંની જોડે મન ખુશીમાં
“રાખી મળી જવું તથા સાસરીયામાં મ્હોટાં માણસથી ન્હાનાં છોકરાં
“પર્યંત સઉની સાથે નમ્રતાથી વર્ત્તવું ને એની, ઈશ્વરતુલ્ય જાણી, સેવા
“કરવી. બધાંની આજ્ઞા પાળવી. ઘરનું બધું કામકાજ હોય તે પોતે
“કરવું. મ્હોટાંની મરજી જાળવવી. સાસુજીની દયા જાણવી, માતાની
“બરોબર ગણીને. તો ઈશ્વર આપણા ઉપર રાજી ર્‌હે. એ બધું તું

“ ક્યારે શીખીશ ને બધાંને સંતોષ આપીશ તેની હું રા જોઉછું. ×
“ × × આપણામાં ક્હેવત છે કે ઉદ્યમે દરિદ્ર નાસ્તિ તેમ નવ-
“ રાં ના બેસી ર્‌હેવું ને કંઈ કંઈ કામનો ઉદ્યમ કરવો. ત્હારાં સાસુ-
“ જીની સેવા કરજે ને એવું પેટ મ્હોટું રાખીયે કે કશી વાત કે મ-
“ નનો મર્મ કોઈને કહીયે નહી. જગત તો એવું છે કે ખોટી વાત બ-
“ નાવટની આપણને ક્હે ને આપણી પાસે વાત લે ને છાશમાં પાણી
“ ઉમેરીને જ્યાં પોલું દેખે ત્યાં સઉ પગ ઘાલે. માટે એવાંને ધ્યાન
“ ન દેવું ને ક્હેવું કે હું તો કાંઈ જાણતી નથી. ન બોલ્યામાં નવ
“ ગુણ ને બોલ્યામાં બાર અવગુણ છે માટે કોઈ પુછે તો ન જાણ-
“ વામાં સુખ છે. ક્હેવત છે કે ઘર ભાંગવા સર્વે આવે પણ બંધાવા
“ કોઈ ન આવે. માટે જેને સાસરામાં સંપી ર્‌હેવું હોય તેણે મારો
“ રસ્તો પકડવો કે ગમે તેમ ક્હે પણ સાંભળ્યાં કરવું ને હેત વધે
“ તેમ પ્રયત્ન કરવો ને સઉને રાજી રાખવાં ને ર્‌હેવું. જુઠું પણ કદી
“ બોલવું નહી ને કોઈને કાંઈ વાત પણ કરવી નહી.”

બીજા પત્રમાં તેણે તને લખ્યું કે “ ઘરની વાત કોઈને મ્હોંયે કરવી
“ નહી ને પેટ મ્હોટું રાખવું ને વાત પેટમાં રાખવી. આજ કોઈનો વિ-
“ શ્વાસ નથી ને ત્હારાં સાસુજીની સેવા કરીશ તો સુખી થઈશ. કારણ
“ માબાપ શાસ્ત્રમાં ચાર કહ્યાં છે તેમાં પણ સાસુસસરા આવે છે.
“ એમણે જે હીમતભાઈને[1] મ્હોટા કર્યા તથા બે અક્ષર ભણાવ્યા
“ તેનો બદલો ત્હારે તેમની આજ્ઞા પાળીને વાળવાનો છે. તેને કેટલે
“ “ દુઃખે ઉછેર્યાં છે તે સુખને સારુ અને તને માગી તે પણ તેમને વી-
“ સામો આપવો એ ત્હારી ફરજ છે તેમાં ચુક ન પડવી જોઈએ. કોઈની
“ જોડે સૈયરપણાં ન કરવાં. જેવી માની જોડે પ્રીતિ બાંધી તેવી સાસુ
“ જોડે બાંધવી. તું આ બધું લખ્યાપ્રમાણે વર્ત્તીશ ત્યારે મ્હારા મનને
“ સંતોષ વળશે.”

**લીલાવતી!** આ શીખામણો ત્હેં એવી માની અને આ સંતોષ ત્હેં એવો વાળ્યો કે તે જ વાતનું સ્મરણ એ શીખામણ આપનારીને અને સંતોષ પામનારીને આજ અત્યંત શોકમાં નાંખે છે અને એ શોકશમનને માટે તેને હું આજ આપું છું તે ઉપદેશ કેવળ નિષ્ફળ થાય છે. ક્હેનારે કહ્યું છે કે,

---

૧. લીલાવતીના સ્વામી.

न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि
प्रियत्वं वस्तूनां भवति खलु तद्ग्राहकवशात् ॥

( કોઈ પણ વસ્તુ પોતાની પ્રકૃતિથી રમ્ય કે અરમ્ય નથી, પણ તે પ્રિય કે અપ્રિય લાગે છે તે તેના ગ્રાહકના ગુણને લીધે. ) એક રીતે આ સત્ય કહ્યું છે, પણ અન્ય રીતે તેમાં અવ્યાપ્તિદોષ આવે છે. ત્હારા જેવા ગુણ ગુણજ્ઞને પ્રિય લાગે અને ગુણહીનને અપ્રિય લાગે અથવા અદૃષ્ટ રહે તો તેટલું સુગમ છે. જે ગ્રાહકને એક કાળે પ્રત્યક્ષરૂપે તું પ્રિય હતી તે પરોક્ષરૂપે પ્રિયતર થઈને તે જ ગ્રાહકને દુઃખનું તું કારણ થાય છે તો ઉપલા વાક્યનું મર્મ આ પ્રસંગમાં અવ્યાપ્ત થતું નથી? જો ત્હારા સમાગમમાં પ્રિયતા હોય અને વિયોગમાં અપ્રિયતા હોય તો તું પરદેશ જતાં વિયોગ રહેતો તે છતાં એ વિયોગ અપ્રિય ન થતો અને આ હાલનો વિયોગ કેમ અપ્રિય થાય છે? સર્વથા તને ઉપદેશ દેનારીને દુઃખ થવાનું મુખ્ય કારણ એ જ છે કે ત્હેં એ ઉપદેશ પાળ્યો છતાં તેથી તને સુખ પામવી જોવી જોઈએ તે પામતા પ્હેલાં તું ચાલી ગઈ!

તું ચાલી ગઈ પણ ઉપર કહેલું શાસ્ત્રવચન સર્વથા સત્ય છે અને તેમાં અવ્યાપ્તિ-દોષ નથી આવતો એવું સિદ્ધ કરતી ગઈ. ત્હારી માતાનો ઉપદેશ પાળતાં ત્હેં ફળની વાસના રાખી ન હોય ને એ પાળતાં પડેલા કષ્ટથી તું અસંતુષ્ટ થઈ ન હોય તો એ ઉપદેશમાં રહેલા સત્યની પાળનારી તું થતાં તું જાતે ફળની ઉદાસીન રહી સ્વસ્થ રહી અને એ ઉપદેશ પળાવનારી ત્હારી માતા એ ફળકામનાથી આજ અનીશ અને દીન બની શોક કરે છે એમ સમજવું જોઈએ. ત્હેં જે ઉપદેશનું પાલન કર્યું એ પાલનનાં ગ્રાહક તું અને ત્હારી માતા ભિન્ન હતાં અને તમારી ભિન્ન પ્રકૃતિઓને બળે ભિન્ન અવસ્થાઓ ભોગવી. શું તું આમાં ફળકામના રાખતી ન હતી? શું તું અસંતુષ્ટ નથી થઈ? ત્હારું સર્વ જીવન તપોમય અને અધ્યાત્મ હતું તેના મર્મસ્થાનમાં હું દૃષ્ટિ કરું છું ત્યારે ત્હારી નિષ્કામતા, સ્વસ્થતા, અને સંતુષ્ટતા ઉપરાંત બીજું કાંઈ પણ દૃષ્ટિગોચર થતું નથી. તું શોકને તરી ઉતરી હતી!

આબુ પર્વત ઉપર તને ત્હારા જેવી એક દુઃખી બ્હેનનો અનુભવ થયો; પાલણપુરમાં બીજી એવી બ્હેનનો થયો. ત્હારા વાતોન્માદ હીસ્ટીરીયાને પ્રસંગે તું તેમને જ સંબોધી ત્હારો દૃઢ બોધ જણાવતી હતી અને લવતી હતી કે—" બ્હેન, તમે આવો. બીજાં—બ્હેન, તમે પણ

"આવો! આપણે ત્રણ જણીઓ દુઃખી છીયે. પણ હું તમને રસ્તો બતાવું "છું કે આપણે દુઃખને ગાંઠીયે શું કરવાને જે? દુઃખને કહીયે કે તમારે "જેટલું આવવું હોય તેટલું આવો, પણ અમે તો સુખી જ રહીશું. મ્હારું "કહ્યું માનો તો મ્હારી બ્હેનપણીયો થઈ દુઃખને ગાંઠશો જ નહી!"

લીલાવતી! શોકને તરી જતાં તને આવડ્યું. ત્હારી આ બે બ્હેનો જેવી અનેક બ્હેનો આ સંસારમાં—આ ભવસાગરમાં—દુઃખના અસંખ્ય તરંગોને ધક્કે અ્હડે છે અને મનુષ્ય કે ઈશ્વર તેમને તારવાને આવતો હોય એવું જણાતું નથી તેમ તને પણ થયું. પણ એ અનાથતામાંથી મનુષ્યને ઉગારનાર એક જ વસ્તુ છે અને તે તેમના પોતાના સંસ્કાર છે, તેમનો ઈશ્વર ઉપરનો વિશ્વાસ છે, જે ઈશ્વરને નથી દેખતા તે અનાથ થઈ રુવે છે અને ઈશ્વરને દેખે છે તે તેટલા દર્શનની સાથે જ સુખના તેમ દુઃખના ભોગથી મુક્ત થાય છે. એ સંસ્કાર, એ વિશ્વાસ, એ દર્શન, એ ત્રણ વાનાં મળી જે એક વસ્તુ થાય, જે આત્મજ્ઞાન થાય, તે તને થયું અને તેની સાથે तरति शोकमात्मविद् એ વચન ત્હેં સિદ્ધ કર્યું. શું હું આ અતિશયોક્તિથી કહું છું? શું ત્હારા ઉપરનો પક્ષપાત મ્હારી દૃષ્ટિમાં આવું સ્વપ્ન ભરે છે? અથવા શું એ સત્ય જ છે?

૫. મ્હારા કરેલા ઉપદેશના પત્ર ત્હેં બાળવી રાખ્યા તે ત્હારી પેટીમાં ત્હારા પ્રિયતમ સાવિત્રીચરિત નાટક સાથે ત્હેં રાખેલા મળ્યા. તેમાંના એક પત્રમાં લેખ છે કે—

૫ પિતાનો ઉપદેશ પુત્રીએ પોતાના જીવનમાં વણી દીધો.

"તને વિદ્યાભ્યાસ કરાવ્યો તથા ઘરકામ શીખવ્યું તે પ્રસંગે "ત્હારી મા, હું, તથા શાસ્ત્રી મહારાજ તે સઉએ ત્હારા જીવને ક્લેશ "કરાવેલો તે ત્હારા કલ્યાણને માટે હતો. તેમ જ હાલ તને કોઈ "જાતની હરકત પડે કે જીવને દુઃખ થાય ત્યારે એમ જાણવું કે એ "રસ્તે આપણો સઉનો પિતા ઈશ્વર ત્હારા ભવિષ્યના કલ્યાણને "વાસ્તે તને કસે છે અને રાત પછી દિવસ આવે છે તેમ આખરે "તને સુખ આપશે. ઈશ્વરના ઉપર વિશ્વાસ રાખ્યો ક્યારે ક્હેવાય કે "તેનાં આપેલાં કષ્ટ વખતે ધૈર્ય રાખીયે તો. એમ જ જાણવું કે ઈ"શ્વરને આપણે પ્રસન્ન કરીશું તો ઈશ્વર ત્હારું અને સઉ આપણું "કલ્યાણ જ કરશે. મોડું વ્હેલું ત્હારું કલ્યાણ થશે એવું ઈશ્વર કરશે "એટલો વિશ્વાસ રાખી આનંદમાં રહેજે.

"તું અમારાથી છુટી પડે ત્યારે તને કામમાં લાગે એવી સુ"શિક્ષિત બુદ્ધિ તને આપી છે. તે બુદ્ધિ અને વિદ્યા તને પરદેશમાં

"પણ સુખ આપશે. હારા મનને કાંઈ ગુચવારો પડે કે કાંઈ ગભ-
"રામણ થાય ત્યારે હારી માની જોડે વાતો કરે તેમ હારી મેળે
"હારી બુદ્ધિ ચલવજે તે હારા ગુંચવારા છોડવશે અને તને સવળો
"રસ્તો દેખાડશે. ગમે તે થાય હોયે રજ ગભરાવું નહી ને મનને
"આનંદમાં રાખી આપણા કુળનો ને જ્ઞાનનો ને ઈશ્વરનો વિચાર કરી
"ધીરજ રાખવી. આશપાસ કોઈ માણસમાં અસત્ય કે અપવિત્રતા જો-
"વામાં આવે ત્યારે તેને બીચારાને ઈશ્વરે સારું જ્ઞાન આપેલું નથી તે
"આપ્યું હત તો આવા અવળા માર્ગ ઉપર જાત નહી એમ ગણી તેની
"દયા આણવી ને તને એવે રસ્તેથી બચાવવા જેટલું જ્ઞાન તને ઈશ્વરે
"આપ્યું માટે ઈશ્વરનો ઉપકાર માનવો.

"ગુણસુન્દરીની આશપાસ કેવાં કેવાં માણસ હતાં અને તે
"સઉને ગુણસુન્દરીયે પોતાની જ નીતિથી અને કળાથી કેવાં પો-
"તાનાં કરી લીધાં અને કેવાં વશ કર્યાં તે સરત રાખી તે પ્રમાણે
"કરજે, અને સામું માણસ ગમે તેવું હશે પણ આપણે સારાં અને
"પવિત્ર હઈશું તો અંતે ધર્મનો જય છે માટે ઈશ્વર સઉ સારાં વાનાં
"જ કરશે એમ જાણવું.

"હારાં સાસુજીની સેવા તું સારી રીતે કરેછે એવી લોકમાં
"હારી કીર્ત્તિ થતી સાંભળી છે તેથી સઉ રાજી છીએ ને એ પ્ર-
"માણે તું સેવા કરતી હઈશ તો હારાં સાસુજી તને આશીર્વાદ દેશે
"ને હારું અંતે કલ્યાણ થશે.

"હારી સાથે કોઈ કઠોર વાક્ય બોલે તો મનને દુઃખ કરીશ
"નહી પણ સામું એવું મધુર અને કોમળ વચન બોલજે કે તે મા-
"ણસ આખરે આજ નહી તો આગળ કોઈ દિવસ પસ્તાશે અને
"આખરે હારું સારું બોલશે. કોઈનો દોષ દેખે તો ક્ષમા રાખજે ને
"તે દોષ કોઈની પાસે ઉઘાડા ન પાડતાં મનમાં સમજી મનમાં જ
"રાખજે અને એવા દોષમાં જાતે તું ન પડે એટલી સાવચેતી રાખજે.

"હારાં સાસુજીના મનમાં હારો દોષ વસે તો તેમની પાસે
"નમ્રતાથી ખુલાસો કરજે અને ફરી એવો દોષ તેમને લાગે નહી
"એવી ચાલ ચાલજે એટલે તેમને અને તને બેને બહુ બહુ સુખ થશે.

"હારા ન્હાના [1]ફુવાએ હારે સારુ કાદમ્બરી મોકલી છે તે
"તને પ્હોચડાવીશું.

---

૧. કાદમ્બરીના ભાષાન્તર કર્ત્તા રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યા
બી. એ.

"તને હાલ વાંચવાનો વખત મળતો ન હોય તો તે બાબત
"ઉચો જીવ નથી. સાસુજીની સેવા એ પણ અભ્યાસ છે. પુસ્તક
"વાંચવાથી જે લાભ તને થવાનો તે લાભ તને હું મ્હારા પત્રોમાં
"આપીશ એટલે એ જ તને અભ્યાસ થશે."

બીજો પત્ર: "વધારે લખવાનું એ કે તને વાંચવાનો વખત ન
"મળતો હોય ત્હોયે જ્યારે પા ઘડી નવરાશ મળે ત્યારે તને જે જે
"પુસ્તકો વંચાવ્યાં છે તેમાંથી શીખામણની કે નીતિની કે જ્ઞાનની
"વાતો વાંચી હોય તેનો વિચાર કરવો ને તે સંભારવાનું રાખવું.
"ત્હારી બાને જ્ઞાનમાર્ગે ચ્હડાવી છે તો એના જીવને કેટલું સુખ થયું
"છે ને એનો વખત કેવા કેવા ઈશ્વરના વિચારમાં જાયછે તે સંભા-
"રવું ને તેવું સુખ ત્હારે પામવું. બ્હેન, તું હવે અમારાથી છુટી પડી
"અને પરદેશી થઈ ત્યાં અમારાથી તને શીખામણ કે જ્ઞાન આપવા
"નહી અવાય; પણ જેટલી થોડી વિદ્યા તને આપવાની બની છે તે
"વિદ્યાના બળથી ત્હારા મનને બળવાળું કરવું તે એવી રીતે કે આ
"સંસારનાં દુઃખ તને શોક ઉત્પન્ન કરે નહી."

**લીલાવતી**! આ પત્રોને વિષયે શું કહું? તેમાં મ્હેં પોતે તને જે જે લાભ આપવા વચન આપ્યું તેમાંનો એક પણ હું તને આપી શક્યો નહી. પત્રદ્વારા તને જ્ઞાન આપવાનો મ્હારો વિચાર મુંબાઈમાંની મ્હારી પ્રવૃત્તિએ સિદ્ધ થવા દીધો નહી, અને ત્હેં મ્હારા આ પત્રોમાંના અક્ષરે અક્ષર ત્હારા જીવનમાં એવા તો વણી દીધા કે અત્યારે ત્હારાં હૃદયનું અને સદ્વર્તનનું વર્ણન કરવા બેસું છું ત્યારે એટલું જ સુઝે છે કે બોલવે સ્હેલી પણ ચાલવે કઠણ એવી મ્હારા પત્રોમાંની અને ત્હારી માતાના પત્રોમાંની એકે એક વાત ત્હેં ત્હારા અંતકાળ સુધી ઉત્સાહથી સત્ય ગણીને પાળી; અને તેમાંની કેઈ વાત ત્હેં ન પાળી એ શોધવાને માટે ઉંચા આકાશ ભણી દૃષ્ટિ કરું છું ત્યારે મ્હારા નેત્ર સ્હામી ત્હારી સુખછબિ દેખું છું અને મ્હારા અને ત્હારી માતાના આયુષ્યને અંતકાળે એ છબિ જીવતી જોવાની અમારી ઇચ્છાને તું અનુસરી શકી નહી એટલી જ વાતમાં ત્હેં અમારી ઇ-ચ્છાને સફળ કરી નહી એ વિના બીજું કાંઈ સુઝતું નથી. એ ત્હારાં અને અમારાં પ્રારબ્ધનો દોષ, અને આ અમારી ઇચ્છા સફળ થઈ નહી ગણી શોક કરીયે તે અમારા ઉપરના મોહના આવરણનો દોષ—કે

જે આવરણનો સ્વભાવ રાજા હરિશ્ચન્દ્ર જેવા જ્ઞાનીએ પુત્રમૃત્યુકાળે અનુભવી વર્ણવ્યો છે કે—

वत्स त्वं तु दुनोषि मेऽद्य हृदयं येनाङ्कशय्योचितः ।
क्रूरेणाकृतकृत्य एव विधिना दष्टोसि दैवाहिना ॥

(અર્થ—"હે વત્સ! મ્હારા ખોળારૂપ શય્યામાં સુનારો તું તે કૃતકૃત્ય થયા પ્હેલાં જ તને સર્પ જેવા ક્રૂર દૈવે દંશ દીધો તેથી મને ત્હારી સ્થિતિ ખુંચે છે.")

પુત્રને સિંહાસને અથવા યૌવરાજ્યપદે જોવામાં તેની કૃતકૃત્યતા માનનાર અને પોતાનું ભાગ્ય માનનાર સત્યવાદી રાજાને પોતાની અવદશા કરતાં, ચાણ્ડાલને ઘેર દાસત્વ વેઠવા કરતાં, પુત્રની આ અકૃત–કૃત્યતા વધારે શોકપ્રદ લાગી અને શોકના આવેગથી ચંપાઈ જઈ દૈવને તેણે ક્રૂર કહ્યું. લીલાવતી! એ ન્યાયે તું પણ કૃતકૃત્ય થતા પ્હેલાં ગઈ નથી? હું પણ ત્હારી એ અકૃતકૃત્યતા દેખી દૈવમાં ક્રૂરતાનો આરોપ મુકું? ચણ્ડકૌશિક નાટકમાંથી ઉપરનું વાક્ય લીધું છે તે નાટક પણ તને પ્રિય હતું તેના સંસ્કારથી સિદ્ધ થયલી તને ગણું તો આ પ્રશ્નોના ઉત્તર તું કેવા આપે?

૯. ત્હારા વાતોન્માદમાં તું લવતી હતી અને ઈશ્વર સાથે વાતો કરતી હતી: "હે ઇશ્વર, ત્હારી ઇચ્છા હોય તેટલું "દુઃખ આપજે. હું તને તેની ના ક્હેતી નથી. "ત્હારા આપેલા દુઃખનો તિરસ્કાર કરી આ આં"ખોમાંથી મ્હેં કોઈ દિવસ આંસુ પાડ્યું છે? હું "તે વાતમાં ત્હારો દોષ ક્હાડતી નથી, કારણ તું "જે કરતો હઈશ તે કોઈ મ્હોટા સારા વિચારથી જ કરતો હઈશ. "પણ એક વાતમાં તને પુછવાનું કે જગતને માથે આ મરકી, આ "દુકાળ વગેરે આપત્તિયોને તું વર્ષાવે છે અને સર્વ પ્રજાને રીબાવી "રીબાવી મારે છે તેનો નાશ જ ત્હારી દૃષ્ટિમાં યોગ્ય હોય તો આમ "સઉને રીબાવા કરતાં એકદમ ધરતીકમ્પ આણી પ્રલયકાળ વર્ષાવી "એક ક્ષણમાં સઉનો એકદમ તું નાશ કરે તો નાશના એ માર્ગમાંથી "આ બીજો માર્ગ વધારે સારો નથી?"

૯. ઈશ્વરે આપેલાં દુઃખનો તિરસ્કાર કરવાનું અશોક લીલાવતીએ વર્ણવ્યું છે.

really very touching

લીલાવતી! જે નમ્રતાથી ને મધુરતાથી તું જાગૃત અવસ્થામાં મને વાતો પુછતી હતી તેવી જ રીતે મૂર્છાકાળે તું ઇશ્વરને આમ પુછતી

હતી. દૈવમાં એટલે ઈશ્વરમાં ક્રૂરતાનો આરોપ મુકવાની અયોગ્યતા ત્હારી શ્રદ્ધાએ સર્વથા માની હતી એટલું આ ત્હારો પ્રશ્ન દર્શાવતો ન હતો? જાગરિત સંસ્કારથી ઉત્પન્ન થતા પ્રત્યય તે સ્વપ્ન એ વ્યાખ્યા વેદાંત આપે છે તેવી જ પાશ્ચાત્ય શાસ્ત્ર આપે છે તો ત્હારી ઉન્માદદશામાં ત્હારામાં પ્રકટ થતા આ સંસ્કાર પણ ત્હારી સ્વસ્થ દશામાં ત્હેં કરેલા વિચાર જેવા નથી? તું મને જે માર્ગો સ્મિત કરી બતાવતી હતી તેમાંથી તને ન રોચતો માર્ગ હું દર્શાવું તે પણ તું જેવી રીતે શાન્તિથી સ્વીકારતી હતી તે જ ન્યાયે ત્હારા દર્શાવેલા બે માર્ગમાંથી તને ન રોચતો માર્ગ ઈશ્વર સંસારમાં પ્રયોજે છે તેને ત્હારો પ્રશ્ન દૂષિત કરતો નથી, અને એ પ્રશ્ન પુછતા પ્હેલાં જેવી શ્રદ્ધાથી ઈશ્વરદત્ત દુ:ખને સ્વીકારવાની વૃત્તિ ત્હેં જણાવી છે તેવી જગતે સ્વીકારવી એ ઉપદેશ ત્હારા પોતાના વર્ત્તનના ત્હેં અંહી કહેલા નિયમમાં હું જોઉં છું. તું જગતને માટે—અન્ય જીવોને માટે—દયા આણી ઈશ્વરને આમ પ્રશ્ન કરી વિજ્ઞપ્તિ કરે છે ને પોતાને માટે સર્વ દુ:ખ સ્હેવામાં શાંતિને, સ્વસ્થતાને અને શ્રદ્ધાને જ, ધર્મરૂપ ગણે છે તે ધર્મ જેવો ત્હેં પાળ્યો તેવો અન્ય જીવોએ—મ્હારે—પણ પાળવાનો આ ત્હારો ધ્વનિત ઉપદેશ છે, મધુર રીતે કરેલો ઉપદેશ છે. તે સ્મરી હું શોકમુક્ત બનું છું ને એ ઉપદેશ લેવાનું ત્હારી માતાને અને સર્વ પુત્રીદુ:ખથી દુ:ખી માતાઓને સૂચવું છું. નાટકમાં હરિશ્ચન્દ્રે જે દીનતા અનુભવી ઈશ્વરને ક્રૂર ગણ્યો તે દીનતા જગતમાં પણ હું અનુભવું નહી કે ત્હારી માતા અનુભવે નહી તેને માટે ત્હેં વાક્યોથી ઉપદેશ અને વર્ત્તનથી દૃષ્ટાંત આપવામાં ન્યૂનતા રાખી નથી.

૭. કૃતકૃત્યતા અને કૃતકૃત્ય જનની જિજીવિષા.

૭. તું શું કૃતકૃત્ય થયા પ્હેલાં ગઈ નથી? જો ગઈ હોય તો તને પ્રિય થયેલા ઉક્ત નાટકના નાયક જેવી દીનતા હું પણ કેમ ધારું નહી? આનો ત્હારી ભાવનારૂપ ઉત્તર તું મને નચિકેતાની પેઠે આપે છે કે "મ્હારે પ્રેય જોઈતું ન હતું પણ શ્રેય જોઈતું હતું." સંસારિણી સ્ત્રીયો વસ્ત્રાલંકારથી રાચે છે, પોતાની અનેક સાંસારિક વાસનાઓની તૃપ્તિના યોગક્ષેમમાં તેમનાં જીવન જાય છે, અને પુરુષજાતિનાં મનુષ્ય તેમનો મનુષ્યાવતાર સફલ કરવાના પ્રસંગ આપતા નથી કે આપી શકતા નથી—કારણ જે અમૃતજળ એ મનુષ્યરૂપ કુવાઓમાં ન હોય તે આવી સ્ત્રીજાતિરૂપ હવાડામાં ક્યાંથી આવે? **લીલાવતી**, મનુષ્યો જેને પ્રિય ગણેછે એવા ઐહિક પદાર્થોમાં ત્હેં તૃપ્તિ

શોધી નહી, એ પદાર્થો તને આપતાં ત્હેં સ્વીકાર્યાં નહી, પણ ત્હારા કલ્યાણરૂપ વિદ્યા તને આપી તે લીધી અને ત્હારા જીવનમાં ઓતપ્રોત કરી દીધી. આનું કારણ શું ?

કોઈ મનુષ્ય સામાન્ય રીતે મરવા ઇચ્છતું નથી, પણ જીવવા ઇચ્છે છે, જીવનને સુખમાં ગાળવાનાં સાધન જેને શ્રુતિ પ્રેયોવસ્તુ કહેછે તેનો અભિલાષ રાખી તેને માટે યાવદાયુષ્ય પ્રયત્ન કરેછે, અને એ પ્રયત્નપરંપરામાં એ જીવન સમાપ્ત થાય છે. આવાં મનુષ્યની જીવવાની ઇચ્છા–વાસનાજન્ય જિજીવિષા–સંસારમાં સામાન્ય છે.

આથી ઉલટી રીતે કંઈક વિરલ મનુષ્યો–મનુષ્યદેહધારી મહાત્માઓ–મનુષ્યાવતારને સફળ કરવા ઇચ્છે છે. તેઓ જે વસ્તુમાં આ સફળતા દેખે છે તે ઉક્તપ્રકારના પ્રેયોવસ્તુથી ભિન્ન છે અને તેને શ્રુતિ **શ્રેયોવસ્તુ** કહે છે. પોતાના જીવનને આ શ્રેયોવસ્તુના સાધનરૂપ ગણી તેઓ જીવવા ઇચ્છે છે અને જીવવાનો પ્રયત્ન કરેછે. પણ પ્રેયોવસ્તુ ન શોધતાં, સુખના યોગક્ષેમ ન શોધતાં, એમના પ્રયત્ન એમના જીવનને તપોમય કરી નાંખે છે, અને એ તપોમય જીવનની ઇચ્છા અને પ્રયત્નપરતા એ પણ એક જિજીવિષા જ છે. એ જીવનને માટે આરંભેલા આ તપમાં જ એ જીવનની કર્તવ્યતા માત્ર સમાપ્ત થાય છે, એ તપમાં એ જીવનનો ધર્મ સમાપ્ત થાય છે, એ તપ અને એ જીવન જાતે જ પરમ યોગનો એક પ્રકાર છે, અને એ જીવનને પ્રેયની તેમ જીવનની પણ વાસના ન હોવા છતાં શ્રુતિએ જિજીવિષાધર્મના વિશેષણથી વિશિષ્ટ કરી કહેલું છે,

**कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ॥**

—"કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી"—અને તેની સાથે જ આ જીવનને એ કર્મથી અનવલિપ્ત કહેલું છે. આવા નિષ્કામ તપોમય જીવનની ઇચ્છા તે શ્રુતિએ બોધેલી જિજીવિષા છે. **લી**લાવતી, જે ઈશાવાસ્ય ઉપનિષદ્ ઉપર ત્હારી પ્રીતિ હતી તેનો આ બોધ છે, અને એ જિજીવિષામાં ત્હેં કૃતકૃત્યતા માની હતી.

૮. એ જિજીવિષાની તપોમયતા અને તેની મુમૂર્ષુતા.

૮. પણ જેવી રીતે પ્રેય શોધનારી અને શ્રેય શોધનારી એમ બે જાતની જિજીવિષા છે તેમ બે જાતની મુમૂર્ષુતા પણ છે, એક લૌકિક અને બીજી ધર્મબોધિત. લૌકિક મુમૂર્ષુતા એટલે મરવાની ઇચ્છા અને મરવાનો પ્રયત્ન જેને વ્યવહારમાં આત્મહત્યા કહીયે છીયે. જેમ લૌકિક જિજીવિષાવાળો મનુષ્ય પ્રેયને શોધ-

વામાં આયુષ્ય ગાળે છે, તેમ લૌકિક મુમૂર્ષુતાવાળો મનુષ્ય અપ્રિય વસ્તુના–દુઃખના–ભારથી કંટાળી તેને દૂર કરવાનો માર્ગ આયુષ્યને તોડી નાંખવામાં શોધે છે. ધર્મોચિત જિજીવિષાવાળો લૌકિક જિજીવિષાથી તેમ લૌકિક મુમૂર્ષુતાથી દૂર રહેછે. ધર્મોચિત મુમૂર્ષુતા એક રીતે કોઈક ધર્મના સાધનરૂપે પ્રાપ્ત થાય છે. ક્ષત્રિયોને રણાંગણમાં જે મુમૂર્ષુતા પ્રાપ્ત થાય છે તે ધર્મોચિત થાય છે. જીવવાને માટે પ્રયત્ન કરતા કરતા, વિજય પામવાનો પ્રયત્ન કરતા કરતા, અને યુદ્ધકાર્યમાં મરવું સાધનરૂપ હોય તેનું ભય ન રાખતાં, આ યોદ્ધાઓ મૃત્યુની દાઢો ઉઘાડી મૃત્યુના મુખમાં પ્રવેશ કરેછે. કઠોપનિષદમાં પિતાની આજ્ઞા પાળવાને માટે નચિકેતાએ, યમને–મૃત્યુને–શોધી તેની વાટ જોઈ તેનાં દર્શન કરી, તેની પાસે શ્રેય માગ્યો એ તેની ધર્મોચિત મુમૂર્ષુતા તેને યમથી પ્રાપ્ત થઈ. એ ધર્મોચિત મુમૂર્ષુતા પણ આ દૃષ્ટાંતને લેઈ શ્રુતિઓચિત કહીયે તો ઉચિત છે. એ શ્રુતિઓચિત મુમૂર્ષુતા શ્રુતિઓચિત જિજીવિષાને અંગે પ્રાપ્ત થાય છે, કારણ જે શ્રેય શોધવામાં આ જિજીવિષા આયુષ્યને લંબાવે છે તે જ શ્રેય મૃત્યુમુખે મેળવવું પ્રાપ્ત થતાં જિજીવિષાના પ્રકારાન્તરરૂપે મુમૂર્ષુતા પ્રાપ્ત થાય છે.

આવી શ્રુતિઓચિત જિજીવિષા તેમ મુમૂર્ષુતા સાથે લાગી રાખવાનો ધર્મ, લીલાવતી, તું સમજી અને એ ધર્મ પાળવામાં ત્હેં કૃતકૃત્યતા માની. આ ત્હારા અધ્યાત્મ જીવનમાં સર્વદા મળેલું અને જીવનને અંતે ત્હારો ત્યાગ ન કરે એવું ત્હારું શ્રેય મ્હેં પ્રત્યક્ષ કરેલું છે તો એવી કૃતકૃત્ય તને જોઈને હું ત્હારો શોક અપ્રાસંગિક ગણું છું. ત્હારા જીવનનું ઉન્મન્થન, ત્હારી ધર્મપરાયણતા, ત્હારું તપ, અને ત્હારો યોગ, એ સર્વ સ્મરું છું તેની સાથે દેખું છું. ધર્માર્થે દુઃખની ઉપેક્ષા અને તિતિક્ષા એ તપ, એ તપની અત્યન્ત સીમા તે મુમૂર્ષુતા, ધર્માર્થે મૃત્યુની ઉપેક્ષા એ તપ અને મુમૂર્ષુતા: એવી ઉપેક્ષા જ્યાં સાધનરૂપે પ્રાપ્ત થતી નથી તેટલો જીવનસુખનો શોધ તે જિજીવિષા, જીવનધર્મને અંગે આટલા સુખની અપેક્ષા તે જિજીવિષા, સુખની આવી અપેક્ષા અને દુઃખની આવી ઉપેક્ષા અને એ ઉભયના યોગવાળું જીવન; એવી અપેક્ષા છતાં તેમાં નિષ્કામતા અને આવી ઉપેક્ષામાં સાધનબુદ્ધિ, એ ઉભય ગ્રન્થિઓથી ગુંથાયલું જીવન: જિજીવિષાના અને મુમૂર્ષુતાના આવા વિષમ સમાગમવાળો–વિરોધાભાસવાળો–જીવનપ્રવાહ: આ સર્વ અનેક નામે અને અનેક રૂપે આ દેશના કંઈક આર્યોને અને આર્યાઓને

ચારે આશ્રમોમાં પોતાનાં ધર્મજીવનની યાત્રામાં શ્રેષ્ઠ ભાવનારૂપે પ્રાપ્ત થાય છે, અને જ્ઞાનભાવનાનો અનુભવ કહી બતાવતાં **અ**ખો કહે છે તેમ,

"અકળ કળા ખેલત નર જ્ઞાની, ધ્રુવ તારે પર રહત નીશાની!"

એક કોમળ વયની બાળા પણ મનોબળની સીમાને ખોળેલી અને આર્ય સંસ્કારોમાં–જળમાં મત્સ્ય પેઠે–જીવેલી **લી**લાવતી આવી અકળ કળા કેવી રીતે ખેલી અને ખેલતી ખેલતી અદૃશ્ય થઈ ગઈ તે સ્વપ્નનો સાક્ષી આ લેખક થયેલો છે. એ સ્વપ્નનું શુદ્ધ ચિત્ર દર્શાવવું તો અનેક કારણોથી અશક્ય છે, અને એ ચિત્રનાં રહસ્ય વિચારતાં આ લેખક પોતાના વિષયમાં એટલો જ ઉદ્ગાર કરે છે કે,

"મુંગેકું સુપનો ભયો, સમજ સમજ પસ્તાય!'

તોપણ આ લેખકના કાલ્પનિક લેખનું અભિનન્દન કરનાર વાચકવર્ગને એ જ લેખકના અનુભવચિત્રની પણ કાંઈક રેખાઓ પ્રિય અને બોધક થશે એ જાણીને જ આ છિન્નભિન્ન લેખનો આદર કરેલો છે.

---

## પ્રકરણ ૨.

## જીવનપ્રવાહોનું સંગમસ્થાન.

૯. પતિગૃહ.

૯. **લી**લાવતીનો વિવાહ તેના ત્રણ ચાર વર્ષને વયે ગાયકવાડી ગામ પેટલાદના એક ગર્ભશ્રીમન્ત પણ મધ્યવયે ભાગ્યવશાત્ અવળી અવસ્થામાં આવેલા રા. રા. મણિભાઈ ગંગાશંકર શફ્ફાવાળાના ત્રીજા પુત્ર રા. હીમતભાઈ સાથે કર્યો હતો. ત્યાંસુધી આ લેખકની જ્ઞાતિનો કન્યાવ્યવહાર તેના પોતાના સ્વગ્રામમાં જ બંધાઈ ગયો હતો, અને પરદેશ કન્યા દેવાની અગવડોના વિચારથી તથા પુત્રીઓની ચિન્તા કરનાર વત્સલ માતાપિતાઓના સ્નેહવૈકલ્યને લીધે તેમનાં ચિત્ત પરદેશ કન્યા દેતાં કમ્પતાં. આ દેશના વ્યવહારપ્રમાણે વર્તતાં વાગ્દાનરૂપ વિવાહપ્રસંગને પણ યથેચ્છ કાળસુધી લંબાવવાથી કન્યાઓનો સ્વાર્થ સધાવાનો સંભવ ઓછો થાય છે, કારણ કન્યાની સુખાશા તેનાથી મ્હોટા વર લેવાથી જ છે, કન્યાના જન્મ પ્હેલાં જન્મેલા બાળકોમાંથી આમ વર શોધવાનું રહ્યું અને આ સંખ્યા અન્ય કન્યાઓના ગ્રહણથી ઓછી થાય ત્યાંસુધી વિવાહ લંબાવવાથી કન્યાનો સ્વાર્થ સુધરવાને સ્થાને બગડે છે એવો અનુભવ ઘણી જ્ઞાતિયોનો છે ને તેવો જ આ લેખકની જ્ઞાતિનો છે. પણ એ સ્વાર્થના વિચારે વધારે

વાત એ સુઝાડી કે નડીઆદમાં ખપતા અને યોગ્ય વરને અભાવે લીલાવતીનો વિવાહ પરગામ કરવો અને તે પ્રમાણે તે કર્યો. આ રૂઢિભંગથી જેને પોતાનો સ્વાર્થ વિચારતાં અસંતોષ થયો તેમનો તો ઉપાય નહી, પણ કાળક્રમે તેમણે તેમ અન્ય જ્ઞાતિજનોએ આ માર્ગનું અનુકરણ યોગ્ય ધાર્યું અને તે દિવસથી આજસુધીમાં નડીઆદના વડનગરા નાગર બ્રાહ્મણોની અનેક કન્યાઓ પેટલાદ, સુરત, તથા કાઠીયાવાડ ગઈ છે અને સુરત પેટલાદથી નડીઆદ આવી પણ છે.

પેટલાદમાં રા. મણિભાઈ એક સમયે એક મહાશ્રીમાન્ ગૃહસ્થ હતા અને તેમનાં વૈભવ અને ઔદાર્ય પ્રશસ્ત ગણાતાં હતાં. પરંતુ તે પછી આજથી પાંત્રીશ ચાળીશ વર્ષ પ્હેલાં અને શેરબજારના કાળ પછી તેમની પ્હેડી ભાગી, અને શિરપર ઋણ અને ધનહીનતા એ ઉભયને વશ રહી તેઓ મુંબાઈમાં શેરની દલાલી તથા કંઈક વ્યાપારમાં પડ્યા. ત્યાં શેઠ પ્રેમચંદ રાયચંદ જેવાની તેમનાપર પ્રીતિ હતી તે છતાં તેમનુ ભાગ્ય ઉઘડી શક્યું નહી. આવા ઋણનો અને આવી ધનહીનતાનો ભાર આ લેખકના પૂજ્યપિતાને શિર પણ આવી પડેલો તેણે અનુભવ્યો હતો. તે છતાં લેખકનો વિવાહ પણ એવી આપત્તિમાં થયો હતો. આપ્તમંડળે લીલાવતીનો વિવાહ આવી આપત્તિવાળા કુટુંબમાં કરવામાં બાધ જણાવતાં તેના ઉત્તરમાં આ લેખકે એક જ વાત વિચારી. તે એ કે આવી આપત્તિ મ્હારા કુટુંબને શિર છતાં જે વિશ્વાસથી મ્હારા શ્વશુરે આ કુટુંબ સ્વીકારેલું છે તેવા વિશ્વાસનું પાત્ર મણિભાઈનું કુટુંબ પણ હોય તો પછી તેની દરિદ્રતાનો વિચાર કરવાનો મ્હારે અધિકાર નથી. આ વિશ્વાસ તે એ જ કે શુષ્ક શ્રીમાન વર કરતાં શુષ્ક વિદ્યાર્થી વર સારો. "આવી મ્હારી આપત્તિને પ્ર-
"સંગે, આવી મ્હારી નિર્ધનતાને પ્રસંગે, મ્હારા વિવાહને કાળે મ્હારી
"પ્રિય ભગિનીએ મ્હારે માટે આ જ અર્થનું જોડકણું પોતાના હૃદય-
"માંથી જોડી ક્હાડી ગાયું હતું કે,

"હુ તો સઘળા નીશાળીયાને જોઈ વળી,
"નીશાળીયો ન આવે જીયા વરને તોલ કે સોઈ રંગ લ્યો."

"હુ જાણુંછું કે હું એક મધ્યમ પ્રકારનો વિદ્યાર્થી હતો, પણ તેનો
"ગર્વ કરનારી મ્હારી પ્રિય કનિષ્ઠ ભગિની સમર્થલક્ષ્મીના આ શબ્દે
"મ્હારા હૃદયમાં ભરેલો ઉત્સાહ મ્હારા હૃદયમાંથી સુકાયો ન હતો,

"ફેર ન થાય ને તેનો રંગ તો રાત્રે જોવાનો નહી તો પછી એ રાત્રે "વાપરીયે નહી તો એટલો બચાવ થાય એમાં કાંઈ ખોટું?"

"તું ત્હારે સાસરે આવું અજમાવી જોતી હઈશ?"

**લી૦**—એમ પણ હોય.

"બ્હેન, એ ઠીક છે, પણ હળધરમાં લોહી સુધારવાનો ગુણ છે."

આ "ગુણ"ના સમાચારથી એ, કંઈક નિરાશ થઈ, ગયા પછી તેની માતા ક્‌હેવા લાગી: "એને સાસરે આવી ચતુરાઈ કરવા એ "જાય છે તે મ્હારે ક્‌હેવું પડ્યું ને તમારી પાસે ફાવવાની આશાથી "આ વાત એણે કરી પણ તમે તો આવો ઉત્તર આપ્યો ને એ હારી."

**લી**લાવતી! તું એ હારી નહી પણ જીતી, અને તું એ નિરાશ થઈ તે નિરાશામાંથી મ્હેં આશા રાખી. પણ આ ક્ષણિક સંસારમાં આશાને સફળ થઈ ન જોઈ શકનારાઓનાં હૃદયમાં ઉદય પામતી પરલોકની "**અમર આશા**"માં જ મ્હેં રાખેલી આ આશા ભળી ગઈ!

૧૨. આ નિરાશાનું કારણ શું? શું **લી**લાવતી સ્વભાવે કૃપણ હતી અને તેમ થઈ શકી નહી? અન્ય પ્રસંગે તેણે એવો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે "આપણા ઘરની "સ્થિતિનો વિચાર કરી હું બ્હાર જાઉંછું ત્યારે "વસ્ત્ર આપણી પ્રતિષ્ઠાને હાનિ ન થાય એવાં પ્હેરું "છું, પણ મ્હારે ત્યાંની સ્થિતિનો હીસાબ કરી જરી "ઘી કે દુધ ઓછાં ખાઉં તો તેમાં કાંઈ ખોટું "ખરું?" જે વાતનો હીસાબ કરવાનું, કે પ્રતિષ્ઠા જાળવવામાં સૂક્ષ્મ વિચાર કરવો પડે તેવા પ્રસંગનું, ભાન આણવાનું આ ઘરમાં **લી**લાવતી શીખી ન હતી તે અન્ય ઘરમાં શીખી. "**अस्ति नास्तीति पश्यामि**"—"શ્વશુરના ગૃહમાં શું છે ને નથી તે જોઉંછું."—એવી સપ્તપદીની પ્રતિજ્ઞાને વગર-સમજાવી **લી**લાવતી હૃદયથી સમજે અને શોધે, અને તે પ્રતિજ્ઞા પાળવાના પ્રયત્નમાં ન ફાવે એથી વધારે નિરાશા એના જેવીને શી થવાની હતી? કરકસરથી નિર્વાહ કરવો અને શ્વશુરગૃહના સારા દિવસની આશાએ હું આશ્રય આપું તે લેવાની પણ ના પાડવી એ **લી**લાવતીનો બુદ્ધિપૂર્વક નિશ્ચય હતો. શ્વશુરગૃહની નિર્ધનતાથી અસ્ત ન થવું અને તેના પ્રતીકારનો પ્રયત્ન કરવો એ **લી**લાવતીનો ટેક હતો. મ્હારા ઘરની યત્કિંચિત્ જેવી સમૃદ્ધિના ઉપર પો-

૧૨. "આ, બીજાં સંસારીઓની દીકરીયો જેવી તમારી દીકરીયોને ગણુશો તો ઈશ્વરનાં અપરાધી થશો!" આર્ય હૃદયની અમર આશા.

તાના ભાઈનો અધિકાર ગણી તેના ઉપર દૃષ્ટિપાત સરખો ન કરવો અને એ અધિકારમાં કોઈ પણ રીતે ન્યૂનતા આણતાં તેની માતાને તે અટકાવતી તે પ્રસંગનું તેનું હૃદય હું દેખું છું: “બા, જો જો હોં! બીજા “ સંસારીયોની દીકરીયો જેવી તમારી દીકરીયોને ગણશો માં. તેમને “ મ્હારાં ભાઈ ભાભી કરતાં વિશેષ ગણશો તો ઈશ્વરનાં અપરાધી થશો. “ તેમનાં જે પ્રારબ્ધ બંધાયાં છે તેથી તેમને સંતોષ રખાવજો.” પોતાની નિર્ધનતામાં ધર્મસંતોષ, એ સંતોષનો આનંદ, અને એની કરકસરમાં એણે બાંધેલી ભવિષ્યની આશાઃ એ ત્રણમાં લીલાવતીની જિજીવિષા સ્ફુરતી હતી. એની સ્થિતિને માટે, કંઇક એ જિજીવિષાને અંગે, કુટુમ્બના ભાવી લાભને અર્થે, વર્તમાનમાં કરકસર કરવી, “હળદર, દુધ, અને ઘી”નો વ્યય ઓછો કરવો, અને તે ઓછાં કરવાનો પ્રયોગ પ્રથમ પોતાની જાત ઉપર કરવો—એ એક તપ કહો તો તપ અને તેને અન્ય નામ કોઈને કાંઈ આપવું હોય તો તે—આ પ્રયોગ જે જિજીવિષાથી કરવાનો હતો તે જ જિજીવિષાને માટે લોહી સુધારનારી હરિદ્રા—હળદર—પણ આવશ્યક છે એમ જાણતાં આ પ્રયોગ નિરર્થક થયો અને અન્ય પ્રયોગ શોધવાનો રહ્યો. નિરર્થકતા જાણ્યાથી થયેલી નિરાશા અને પ્રયોગ શોધવાને નવી પ્રાપ્ત થયેલી ચિન્તા એ ઉભય તેણે સ્વીકારી. તેને જિજીવિષા છે એ વાત તેની નિરાશાએ મ્હારા હૃદયમાં સિદ્ધ કરી અને તેની સાથે જ એની ચિન્તા એની બુદ્ધિ પાસે કાંઈ યોગ્ય વ્યવસ્થા જ કરાવશે અને આવી જિજીવિષા તેની પાસે અકર્તવ્ય નહી કરાવે—એ મ્હારી આશા થઈ હતી. એ આશાઃ સફળ કરવા અનેક રીતે અવસાનકાળ સુધી લીલાવતીયે પ્રયત્નપરમ્પરા કરી, અને પોતાની દુર્ગતિથી અસ્ત બની અકર્તવ્ય કરી બેઠી નહી પણ કર્તવ્ય જ કર્યા કર્યું એ આર્યપ્રજાનું એક લક્ષણ છે એમ શાસ્ત્રે કહેલું છે—न दुर्गतोस्मीति करोत्यकार्यं तमार्यशीलं परमाहुरार्याः ॥ એ આર્યતા જેનામાં જણાય તેના ભાવી વિષયે આર્યો “અમરઆશા” રાખે છે; આ લોકમાં એ આર્યશરીર પડશે તો પરલોકને માટે તે સિદ્ધ થશે એવી આ આશા અમર જ છે. જ્યારે સામાન્ય લોકવર્ગ પ્રારબ્ધભોગના પાશમાં બંધાઈ જઈ, ભાગ્યને સઉ વાત સોંપી દેઈ, અસ્ત થાય છે, ગમે તો મરણને ઇચ્છે છે, ગમે તો પાપના આચરણથી ઐહિક લાભ શોધે છે, અને ગમે તો સિંહની ગર્જના સાંભળતાં ગાયોથી નથી નસાતું ને નથી સામા થવાતું તેમ કેવળ શોકમય, અને ભયમાં ડુબી કમ્પમાન, જીવન ગાળે છે. આ

સર્વમાં તમોગુણનું વિજૃમ્ભણ થાય છે, અને પાપાદિના આવા આચરણવડેની જિજીવિષા અને બાકીનાંની આ મુમૂર્ષુતા તે ઉભય તામસી છે. ઉક્ત શબ્દોમાં પોતાની માતાને ઉપદેશ કરીને તામસી જિજીવિષાથી લીલાવતી દૂર રહેતી હતી તો ઉક્ત પ્રયત્નોવડે જીવન શોધીને તામસી મુમૂર્ષુતામાંથી દૂર રહેતી હતી. એ દૂરતામાં જ એના કલ્યાણની અમર આશા સમાઈ હતી. એ કલ્યાણ મનુષ્યને પ્રેય આપે તો આપે ને શ્રેય તો આપે જ એવી ઋષિમુનિયોની શ્રદ્ધા હતી.

૧૨. લીલાવતીની આ સ્થિતિમાંથી તેને શી રીતે મુક્ત કરવી?

૧૨. "વડીલની આજ્ઞા ક્યાં ન માનવી ?" એ પ્રશ્નનો ઉત્તર અને તપોમય જીવનની અશોકતા.

જ્ઞાતિના તથા કુટુંબના આચાર પ્રમાણે પુત્રીઓને પ્રસંગે પ્રસંગે જે જે લેવાનો અધિકાર છે તેથી અધિક કંઈ લેવાને એ સ્પષ્ટ ના પાડતી હતી. કોઈ રીતે આ આચારથી વિશેષ આપવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે વિશેષ એની બ્હેનોને પણ મળે છે કે નહી તેની એ તપાસ કરતી અને બ્હેનોનાથી કાંઈ પણ અધિક લેવામાં અધર્મ સમજતી હતી, અને અધર્મમાં પડવાની ચોખી ના પાડતી હતી. તેની એક નોટબુક જેને પ્રથમ પાને "my dear book"—"મ્હારું પ્રિય પુસ્તક"–એવા શબ્દ ઈંગ્રેજીમાં તેના હાથના છે તેમાં એક આખા પાનામાં મ્હોટા અક્ષરથી એટલું જ લખેલું છે કે "વડીલોની આજ્ઞા માનવી તે ધર્મ છે પણ ઈશ્વર સઉનો વડીલ છે અને તેની આજ્ઞાથી વિરુદ્ધ વર્ત્તવા માતાપિતા કે કોઈ પણ વડીલ આજ્ઞા કરે તો તે ગમે તે થાય તોપણ પાળવી નહી." જેણે આવો ધર્મ જ ઇષ્ટ ગણ્યો તેને એક પાસથી "હળદર, દુધ ને ઘી"ની વાતમા તપ કરતી જોવી અને બીજી પાસથી આ સ્થિતિમાંથી ઉગારવાને હું જાતે કે તેની માતા કાંઈ આશ્રય આપવા ઇચ્છીયે તેને તે અધર્મ ગણે તેની ધર્મજિજીવિષા કેવી રીતે સિદ્ધ કરાવવી? શ્વશુરકુટુમ્બના ભાગ્યમાં પોતાનું ભાગ્ય બાંધી રાખવામાં જ ધર્મ સમજનારીને માટે શું કરવું? અન્તે તેની ઘણી ચિન્તા કરી આ લેખકે એવો વિચાર કર્યો કે લીલાવતીમાં પુસ્તક લખવાની શક્તિ બીજરૂપે છે તેને વધારવી અને એના લેખમાંથી એને દ્રવ્ય ઉત્પન્ન થાય એટલું સાધન કરી આપવું. આ માર્ગથી એને દ્રવ્ય અને કીર્તિ મળત, એના મનને આનન્દ રહેત, અને એનાં પુસ્તક ખપત નહી તો હું રાખી લઉં તેમાં શો બાધ? એ મ્હારે રાખવાં પડે તો રાખવાં એટલી વાત ગુપ્ત રાખી બાકીની યોજના એ જુનાગઢથી નડીઆદ

આવે ત્યારે એની પાસે પ્રકટ કરવી ધારી. પણ તે કોણે ધારી? હું આ પુત્રીનો પિતા હું એવા દેહાભિમાની મનુષ્યે. ઈશ્વરે જુદું જ ધાર્યું. એ નડીઆદ આવી ત્યારે એના શરીરની સ્થિતિ હાથમાંથી ગઈ હતી, અને આવ્યા પછી બીજે જ દિવસે ડાક્તરે એની ચિકિત્સા કરી અને એના શરીરમાં ક્ષયરોગનાં પગલાં સાંભળ્યાં! ડાક્તરે કહેલા એ વર્તમાન સાંભળી એક પાસથી એની માતાનું હૃદય શીર્ણ થયું અને તેના નેત્રમાંથી અશ્રુધારા વર્ષવા લાગી તો બીજી પાસથી લીલાવતીને એ જ સમાચારે વજ્ર-હૃદયની કરી દીધી. એ રોગ થયો જાણીને કે એ રોગથી સમીપ આવેલા મૃત્યુભયને દેખીને અથવા એ રોગની પીડાથી ત્રાસીને લીલાવતી દીન વચન બોલી છે કે એનું મન અસ્ત અને દીન થયું છે. કે તે દિવસથી તે એક વર્ષ સુધીના વ્યાધિને અન્તે મરણ સુધી— અત્યન્ત વ્યથાના પ્રસંગ વિના—એના નેત્રમાંથી જાગૃત અવસ્થામાં અશ્રુ પડ્યું છે એવું થયું નથી, અને તે પડવું જોઈએ નહી એવો એનો ટેક હતો.

૧૩. ભવિષ્ય સ્થિતિને માટે વર્તમાનમાં અભ્યાસ. ભોગતૃષ્ણાનો ત્યાગ.

૧૩. "લીલાવતી! આ હળદરની વાત ત્હારે સાસરે કોઈ જાણે છે?" "ના, મ્હોટાકાકા, ત્યાં પ્રયોગ કરતા પ્હેલાં આ તો મ્હેં અંહી પ્રયોગ કરી જોયો." બ્હેન, ત્હારા સર્વ પ્રયોગનો અને અભ્યાસ પાડવાનો આરંભ મ્હારે ઘેર કર્યો! "બા, હું અહીં દુધ પીઉં તો ત્યાં "પીવાની ટેવ પડે. તે ન પડે એનો અંહીથી જ "અભ્યાસ પાડું છું. માટે મને આગ્રહ ન કરશો." "બા, સાસરે "મને કોઈ કાંઈ ખાવાની ના ક્‌હેછે?—ત્યાં તો સઉ મને જ સોંપી મુક્યું છે. પણ પીયરમાં એવી ટેવ પાડીયે કે સાસરે છાજે." સંસારમાં રચી પચી રહેલી દીકરીઓનાં હૃદય પોતાના આનન્દની સીમા એવું કરી ગણે છે કે "મોસાળમાં જમવું ને મા પરીસનાર," ત્યાં તેવા વાક્યને તો તું અધર્મ્ય ગણે, પણ પીયરમાં અધિકારથી મા આપે અને અધિકારથી દીકરીએ આપ્યું લેવાનું ત્યાં પણ આપતી માતાના હાથને આપતાં અટકાવવો એ ધર્મ તો, ભોગતૃષ્ણાથી રહિત લીલાવતી, ત્હેં જ સ્વીકાર્યો! શ્વશુરગૃહનિવાસને અંગે શાસ્ત્રવચન છે કે "વ્યયકારિણી ભાર્યા એ સ્વામીની શત્રુ છે" એ વાક્યના રહસ્યમાંથી પ્રાપ્ત થતો નિર્ધનગૃહની ગૃહિણીનો ધર્મ તું સમજી છે તે ત્હારા માતાપિતા જાણે ને એ ધર્મથી તને સંતોષ છે જાણી ત્હારે વિષયે તેઓ પરિતાપ પામે

નહીં, એ હેતુથી આ યોજનાઓ ત્હેં યોજેલી ન હતી ? સત્યવાદિની ! તું જીવતાં તને આ પ્રશ્ન પુછ્યો હત તો તું કાંઈ પણ ઉત્તર દીધા વિના સ્મિત કરી આ વાત ઉડાવત એવો મ્હારો દૃઢ પ્રત્યય છે.

**૧૪. અશ્રુપાતનો તિરસ્કાર કરનારીને અશ્રુપાતનો ધર્મપ્રસંગ.**

૧૪. ત્હારા હૃદયના કીધા સંસ્કારરૂપ ધનના બળથી ત્હારા શ્વશુરગૃહની નિર્ધનતાને ત્હેં આમ સંસ્કારી કીધી અને જે નિર્ધનતાનો લોક તિરસ્કાર ગણે છે તેમાં અભ્યસ્ત થવાનું ત્હેં આમ પ્રિય ગણ્યું ? આ નિર્ધનતાને ત્હારી શત્રુરૂપ ગણું તો તેના ઉપર જેવી ત્હારી આમ ક્ષમા હતી તેમ ત્હારી ક્ષમાનાં અન્ય પાત્ર દેખું છું ત્યારે ત્હારા હૃદયની ઉદાર પ્રીતિને પ્રત્યક્ષ કરું છું. ત્હારા મરણના થોડા જ દિવસ પૂર્વે–માસ અથવા બે માસ પૂર્વે–હું તને ત્હારી માતા પાસે એકાન્તમાં બેઠી દેખું છું ને જે **લી**લાવતી પોતાનાં અનેક દુ:ખોના ભાર નીચે ચંપાતાં કચરાતાં રોતી ન હતી અને ન રોવામાં ટેક માનતી હતી તે **લી**લાવતીના નેત્રમાંથી અપ્રતિહત અશ્રુધારા ચાલી જતી દેખું છું ! "**લી**લાવતી ! આ શું ?" એ પ્રશ્નના ઉત્તરમાં ત્હારી માતાએ ક્ષમા માગી અને પોતાનું હૃદય શાથી ઉકળી આવ્યું તે સમજાવી કહ્યું કે "આ ઉપરથી મને ક્રોધ ચ્હડ્યો ને મ્હારા મ્હોંમાંથી એનાં "સાસુને માટે કંઈક તિરસ્કારનું વચન નીકળ્યું અને ત્યારની મ્હોટી "આમ રુવે છે !" "**લી**લાવતી ! આ ખરી વાત ?" એ મ્હારા પ્રશ્નના ઉત્તરમાં એ વધારે રોતી રોતી ક્હે છે કે "મ્હોટાકાકા, હા એ "વાત ખરી. પણ તેમાં શું ? મ્હારાં સાસુજી કાંઈ જ્ઞાની નથી, પામર "છે, તેમનો મ્હારામાં સ્વાર્થ છે પણ તે વાત જોઈએ તે રીતે સમ"જવાની તેમનામાં શક્તિ નથી પણ આ તો આવો બોલ કોણ બોલે "છે ? મ્હારાં બા–જેમને તમે જ્ઞાન આપ્યું છે, જેમણે મને જ મ્હારાં "સાસુજી પ્રત્યેના ધર્મનો બોધ કરેલો છે—તે મ્હારાં બા–તેના મ્હોં"માંથી આ શબ્દ નીકળે છે તે કેમ ખમાય ?"

નિરુત્તર થઈ હું પાછો ફર્યો. **લી**લાવતી ! તને શો ઉત્તર દેઉં ? તને બોધ આપનારી માતાની પ્રીતિ એ બોધના ઐહિક અશ્રેય ફળને જોઈ દાઝે અને મોહના આવરણને વશ થાય તેને હું દોષ કેમ દેઉં ?– એ વિચાર એક પાસથી મને સ્તબ્ધ કરેછે તો ત્હારાં સાસુજીની નિન્દા સાંભળવામાં જે ધર્મવિચાર તને અધર્મ દેખાડતો હતો તે વિ-

ચાર આ પ્રસંગે તને ક્રોધ ઉત્પન્ન કરે તો તેમાં શી નવાઈ હતી? ત્હારી માતાપરની ત્હારી પ્રીતિ એ ક્રોધને સ્થાને ત્હારા હૃદયમાં શોકને ભરે અને નેત્રથી આંસુ વર્ષાવે તો તેમાં પણ શી નવાઈ હતી? બીજી પાસથી આ વિચારથી ત્હારો દોષ પણ હું ન દેખી શક્યો, અને તું ત્હારી માતાને ક્ષમા આપશે અને એ તને ફરી આમ રોતી જોવાનો પ્રસંગ આ અનુભવ પછી નહી આણે એ વિચારે મને પાછો ફેરવ્યો અને તમને બેને તમારી પ્રીતિના અને ધર્મના હાથમાં સોંપી હું ચાલ્યો ગયો. ત્હારો આવો બોધ ત્હારા છેલા કાળમાં તને પારલૌકિક અભયનો જ માર્ગ દેખાડશે એ શ્રદ્ધાએ મને આશ્વાસન આપ્યું તો ત્હારાં સાસુજીના પ્રતિ આવી ત્હારી પ્રીતિ, આવી ત્હારી ઉદારતા, અને આવી ત્હારી ક્ષમા, એ જ તું નિર્ધનનાં સૂક્ષ્મ-અસ્થૂલ-મહાધનરૂપ થયેલાં જોઈ મ્હારું હૃદય દ્રવ્યું અને દ્રવે છે! ત્હારા મરણ પછી મહીને માસે ત્હારાં સાસુજીનો દેહ પડ્યો તે કાળે તું જીવતી હત તો તને કેટલું દુઃખ થાત? સંસારમાં બીજી વહુરો સાસુને મરણકાળે લ્હાવો લેછે તેમનો તું કેટલો તિરસ્કાર કરત? જે બુદ્ધિથી **સી**તાએ રામચંદ્રના વનવાસમાં કંઈ અપ્રીતિકર ન જોયું તે જ બુદ્ધિને બળે ત્હારા શ્વસુરકુટુમ્બની અને ત્હારા સ્વામીની સ્થિતિમાંના કોઈ પણ અંશે તેમના ઉપરની ત્હારી પ્રીતિને ન્યૂન કરી નહી અને ત્હારી સ્થૂલ નિર્ધનતામાં તને આ સૂક્ષ્મ ધનરાશિનો યોગ પ્રાપ્ત કરાવ્યો.

૧૫. સૂક્ષ્મધનથી ધનવતીનું ઐશ્વર્ય.

૧૫. આવા સૂક્ષ્મધનથી ધનવતી થયલી **લી**લાવતી તેની પ્રિય સાસુની સેવામાં કેવું દાન કરતી હતી? શ્વશુરગૃહમાં ગયા પછી કંઈક પ્રસંગે પાછી આવી હતી ત્યારે તેની માતાએ એને શિર આરોપ મુકયો કે એ એની સાસુની આજ્ઞા પાળતી નથી. આ લેખકને શિર આનો ન્યાય કરવાનું આવતાં આ પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ ક્‌હેતાં **લી**લાવતી બોલીઃ “મ્હોટાકાકા, “હું સર્વ વાતમાં સાસુજીનું કહ્યું માનું છું પણ એક વાતમાં માનતી “નથી. ઘણે પ્રસંગે તેમના મનમાં એક વાત ગમતી હોય અને બ્હારથી તેની “ના ના” કહ્યાં કરે ત્યારે હું તેમના મ્હોંનું કહ્યું ન માનતાં તેમના મનનું ગમ્યું કરું છું. આ વિના સઉ વાતમાં એમની “કહેલી વાત કરું છું.” આવો મનોજ્ઞ ધર્મ સમજનારી અને મનોજ્ઞ પ્રીતિ રાખનારી **લી**લાવતી! ત્હારા આ સૂક્ષ્મ ધનનો ત્યાગ કરવાની

આજ્ઞા હું તને કીયે ન્યાયે આપું? સામાંનાં મન સમજવાનો ધર્મ જેવો આર્ય સ્ત્રીઓ સમજે છે અને તેમનાં મનને તૃપ્ત કરવાના માર્ગ આ ધર્મથી શોધે છે તેવો અન્ય સ્ત્રીઓ સમજતી હશે, પણ મ્હેં તો એ ધર્મનું પાલન સુન્દરગિરિની સાધ્વીઓમાં કલ્પેલું છે અને ત્હારા જીવનમાં પ્રત્યક્ષ કરેલું છે તે વિચારનું ચર્વિતચર્વણ મ્હારું રંક હૃદય કરે છે ત્યારે ત્હારા દુઃખમાત્રને ભુલી જઈ તે દુઃખતિમિર વચ્ચે સદોદિત રહેલા અને આ ધર્મના કારણભુત ત્હારા અંતર્જ્યોતિને ત્હારા હૃદયમન્દિરમાં પ્રતિષ્ઠિત થયલું જોઉં છું અને તેના દર્શનથી મ્હારા શોકને સ્થાને તૃપ્તિને અનુભવું છું. ત્હારી માતાએ ત્હારે વિષયે અનેક આરોપસ્થાન આણેલાં તે સર્વમાં તું આવો જ ઉત્તરપક્ષ કરી જય પામતી, ત્હારી માતાને એ જ્યોતિનું દર્શન કરાવી ઉન્નતિ આપતી, અને મને તૃપ્ત કરતી. એ તૃપ્તિ જેવી રીતે વચનથી કરતી તેવી જ આચારથી કરતી. “લીલાવતી, “ત્હારી સાડી ક્યાં?”–તેની માતાએ એક દિવસ પુછ્યું ત્યાં લીલાવતી સ્મિત કરી બોલી: “બા, એ સાડી તો તમે મને આપી દીધી “છે ને?” પ્રશ્ન: “હા, પણ તે ત્હેં ક્યાં મુકી?” ઉત્તર—“બા, મ્હોટીબાએ કહ્યું કે “—નાતમાં વ્હેવાણને આપવાનો ચાલ નથી;” પણ “તમારે ત્યાંથી આપવાનો ચાલ નથી તે હશે, પણ મ્હારી ચીજ હું “તેમને આપું તેમાં મ્હારે કોઈને પુછવાનું કારણ શું? તેમણે તે “માગી નથી પણ તેમનું મન સંતોષ પામ્યું એટલે મ્હારે થયું! “મ્હારે તે વિના ચાલશે.” સાસુનું મન જાણી તેમણે અણમાગી સાડી પોતાને શરીરે ન ધરતાં તેમને આપવાના મનોજ્ઞ આચારનું પાલન લીલાવતીએ કર્યું, તે કોણે આપી તે ન જણવતાં તેનો સ્વીકાર થાય એવો માર્ગ લીધો, અને પોતે ભોગતૃષ્ણાથી ઉપરત થઈ સાસુની તૃષ્ણાની કલ્પલતા બની.

૧૬. લીલાવતીનું હૃદયદૈવત અને તે દૈવતના પૂજકપણનું સત્વ.

૧૬. સાસુનો તિરસ્કાર માતાના મુખમાં સાંભળતાં માત્ર બાળક પેઠે રોઈ પડી હતી, તે અન્યે પ્રસંગે સ્વામીની નિન્દા સાંભળતાં સુતેલી સુતેલી અવસ્થામાં પણ સિંહગર્જના કરી ઉઠી હતી. તેનાં પિતામહી આદિ સ્ત્રીમંડળ તેના ખાટલા આશપાશ ભરાયલું હતું અને તેમાંથી કોઈએ એના રોગના પ્રસંગમાં એના સ્વામીને વિષયે કાંઈક વસાતું વચન કહ્યું તે તેના કાનમાં જતાં તે બોલી ઉઠી: “મ્હોટીબા, કોઈ આપણને સ્વામીની નિન્દા સંભળાવે તેનું તો માથું

"જ કાપી નાંખવું જોઈએ!" આ બોલ આવી રોગિણીના મુખમાંથી સાંભળતાં સર્વ મંડળ સ્તબ્ધ થઈ ગયું અને સિંહગર્જનાથી અન્ય પ્રાણીયોના સ્વર શાન્ત થાય તેમ પતિવ્રતાની આ હૃદયગર્જનાથી સર્વ મંડળ શાંત થઈ ગયું. એ ગર્જનાએ ન ગણી લોકલજ્જા, ન ગણી પ્રત્યક્ષ બેઠેલાં વૃદ્ધ પિતામહીની આમન્યા, ન જોઈ એક ક્ષણ પણ વિચાર કરવાની વાટ, ન પાળ્યો રૂઢ લોકાચાર, અને તેના હૃદયના દૈવતભૂત સત્વની પૂજા કરનાર પ્રાણે માત્ર એ હૃદયમાંથી ઉત્ક્રમણ કરી મુખદ્વારા પોતાનું સત્ત્વ પ્રકટ કર્યું.

૧૭. એ દૈવતને માટે ટેકનો ત્યાગ. ક્ષયરોગની ચિકિત્સા.

૧૭. જે પ્રાણે આ પ્રસંગે લોકાચારાદિકની આમ અવગણના કરી તે જ પ્રાણે પિતા ઉપર ભાર ન મુકવાનો **લી**લાવતીનો ટેક તજાવ્યો. જુનાગઢમાં તે કાળના દુષ્કાળના પછીના ચાતુર્માસમાં અતિવૃષ્ટિ થઈ અને તેથી ત્યાં સ્થળે સ્થળે જ્વરપ્રકોપ થયો. એક મિત્રે એ કાળનું વર્ણન કરતાં કહ્યું હતું કે "ખુદ ખુદાવંદ નવાબ "સાહેબ—આખી રયાસતના માલીક–તેથી ઉતરી હલકામાં હલકી "રૈયત સુધી કોઈના ઘરમાં કોઈ પણ ન્હાનો કે મ્હોટો જીવ જ્વર "વિનાનો રહ્યો નથી અને ઘણાકને ફરી ફરી જ્વર આવેછે, અને "ઘણાકને તો તે કાળજ્વર જ થાયછે." **લી**લાવતીના શ્વશુરગૃહમાં પણ આ જ્વરે સર્વને પુનઃ પુનઃ પીડવા માંડ્યાં. ત્યાંના ડાક્તર રા. જગનલાલ ગુલાબદાસ કાજી આ કુટુમ્બ ઉપર સારો સદ્‌ભાવ રાખતા. પરંતુ જ્વરે કોઈનો છેડો મુકયો નહી ત્યારે **લી**લાવતીએ અંતે થાકીને તેની માતાને લખ્યું કે "બા, હું જાણું છું કે પિતાજી રીટાયર થયા "છે ને તેમના ઉપર મ્હારે હવે ભાર મુકવાનો કાળ નથી. પણ હવે "મને હવાફેર વિના બીજા કોઈ પણ ઉપાય ઉપર ભરોસો નથી અને "તેથી અમે બે જણ નડીઆદ આવીયે એટલો જ ઉપાય બાકી રહ્યો "છે તો લખો તો હું અહીં તેમને કહું અને બે જણ આવીયે. તમે "એમ જાણજો કે સારા વખતમાં આટલા દિવસ તમારે માથે ભાર "મુકયો છે તેમાં છ માસ વધારે મુકયો હતો અથવા તમે ધર્મદાન "કરો છો તેમાં આટલું વધારે કર્યું હતું." **લી**લાવતીની માતા આ પત્ર લેઈ મ્હારી પાસે આવી. એવા પત્રને તે શો બીજો ઉત્તર હોય? પોતાની વિદ્યાઓના નાશથી થયેલા કોપ શાન્ત કરી વિશ્વામિત્રે હરિશ્ચન્દ્ર પાસે દક્ષિણા માગી ત્યારે એ દાતાએ પોતાના રાજ્યનું દાન પણ

એવા પાત્રને દાન કરવામાં ઓછું ગણ્યું હતું.[1] તો આ તો ધર્મના ટેકથી અને મ્હારી નિવૃત્તિના વિચારથી હું આપું તે પણ ન લેનારી લીલાવતી આજ આમ પોતાનો નિશ્ચય અને ટેક છોડી આટલું માગે તેને તો એક વિના બીજો ઉત્તર જ શો હોય? "તેની પોતાની નહી પણ "તેના પતિદૈવતની ચિન્તા કરી તેણે આ નિશ્ચય અને આ ટેક છોડ્યો. "હીમતભાઈને સત્વર તેડાવો—તેમને અત્રે આવવા આમન્ત્રણ કરો, "અને તેમના ઉપરનો પત્ર લીલાવતીના પત્ર ભેગો બીડો!" લીલાવતી, મ્હારી પાસે ત્હારા ટુંકા પણ આખા આયુષ્યમાં ત્હેં મ્હારી પાસે એક આટલું જ માગી લીધું છે, એ ત્હેં માગ્યું એ જ મ્હારા પિતૃભિમાની જીવઉપર ત્હેં મ્હોટામાં મ્હોટો ઉપકાર કરેલો છે, અને ત્હારા હૃદયમાંના જે સૂક્ષ્મ ધનના બળથી આ ઉપકાર ત્હેં કર્યો એ જ ત્હારું ધન ત્હારા આ પરમ વિયોગને કાળે મ્હારું એક મહત્ આશ્વાસન થાય છે. "લીલાવતી! તું અને ત્હારું હૃદયદૈવત ઉભય "મ્હારે ત્યાં નીરાંતે આવો, વ્હેલાં આવો!" આ અર્થનું વાક્ય મ્હારા સદ્ભાગ્યે મ્હારી પાસે ક્હેવડાવ્યું, પણ એ ભાગ્યની પાછળ ઉભેલા દુર્ભાગ્યે તેમાં વિઘ્ન નાંખ્યાં, લીલાવતી સત્વર આવી શકી નહી, અને અનેક પ્રયત્નોને અન્તે તેનાં સાસુજીને અને તેના સ્વામીને સાથે લેઈને નડીઆદ આવી ત્યારે તેના શરીરની સ્થિતિ હૃદય કમ્પાવનારી થઈ હતી, અને તેને બીજે જ દિવસે ડાક્તરે વ્યાધિચિકિત્સા કરી ક્ષયરોગના જન્તુઓ તેના સ્થૂલ હૃદયમાં દીઠા.

૧૮. માતાના આશ્વાસનને અર્થે લીલાવતીએ પોતાના હૃદયનો ગુપ્ત મન્ત્ર પ્રકટ કર્યો. બુદ્ધિપૂર્વક સ્વીકારેલી મુમુક્ષુતા.

૧૮. ડાક્તરની કરેલી આ ચિકિત્સાના શબ્દ લીલાવતીની માતાએ સાંભળ્યા તેની સાથે તેનું પુત્રીવત્સલ ચિત્ત અમંગળ શંકાથી કમ્પવા લાગ્યું અને સાંભળતાની સાથે તેનાં નેત્ર અશ્રુથી ભરાયાં. પણ "હજી આ રોગ થતો છે અને સાધ્ય છે" એવી ડાક્તરે આશા આપી અને પોતાને એકવાર ક્ષયરોગ થયલો હતો અને તે મટ્યો પણ હતો તેથી તેના હૃદયમાં આશા પ્રકટી અને આશાએ અશ્રુને સ્થાને ડાક્તરના ઉપચાર શોધવામાં કર્તવ્ય માન્યું.

---

૧. વિશ્વામિત્ર વિદ્યાઓનું સાધન કરતા હતા તે હરિશ્ચન્દ્ર રાજાની ભુલથી નષ્ટ થઈ તેના બદલામાં વિશ્વામિત્રે "કંઇ એ બદલાને અનુરૂપ દક્ષિણા" માગતાં સાથે જ તેને હરિશ્ચંદ્રે ઉત્સાહથી કહ્યું કે

नार्हन्ति तात भुवनान्यपि दक्षिणायै सर्वस्वदानविनिवेदनकुण्ठशक्तिः
पूर्णां धनैः कुशिकनन्दन तुभ्यमथ कृत्स्नामिमां वसुमतीं विनिवेदयामि ॥

પણ લીલાવતી, તે સમાચાર સાંભળી, ન ગભરાતાં, સ્વસ્થ બની ગઈ. ક્ષયરોગની વાતો તેણે પ્રથમ કંઈક વાંચી હતી અને તેનાથી પોતાના શરીરને પ્રાપ્ત થયેલું ભય તે વગર કહ્યે વિચારી શકી. હવેથી તેનો જીવ શ્વશુરગૃહની ચિન્તામાંથી મુક્ત થઈ તેનાં માતાપિતાની ચિન્તામાં પળ્યો. આ ક્ષયરોગમાંથી મુક્ત થવા વારો આવે તે વિના શ્વશુરગૃહમાં જવાનો વિચાર મિથ્યા હતો, અને જે વસ્તુ મિથ્યા થઈ તેની ચિન્તા કરવી એણે મુકી લાગી. જ્યાં સુધી શ્વશુરગૃહની સેવામાં તેનાં અસ્થિ ચાલે ત્યાં સુધી તે ગૃહપ્રતિ તેને કર્ત્તવ્યતા હતી; કર્ત્તવ્યતાનું શક્તિરૂપ કારણ ગયું તેની સાથે કર્ત્તવ્યતાના કાર્યરૂપ ચિન્તા શાન્ત થઈ. હવે તો જિજીવિષાને અંગે માત્ર રાત્રિદિવસ ઔષધોપચાર સ્વીકારવાનો અને વૈદ્યને વશ જીવન ગાળવાનો ધર્મ પ્રાપ્ત થયો તે ધર્મમાં લીલાવતી સજ્જ અને પ્રયત્નવતી થઈ. એક વર્ષ સુધી બડબડ્યા વિના તે પોતાની આ શારીરિક પરાધીનતાની સાક્ષી બની જીવી, એ બધો કાળ કુપથ્યનો ત્યાગ કરતાં ને પથ્યનો સ્વીકાર કરતાં આંચકો ખાધો નહી, અનેકધા જિવ્હાને અને શરીરના અન્ય ભાગોને પ્રતિકૂળ થતાં ઔષધ ગળામાં અમૃત ગણી રેડ્યાં કર્યાં, અને તેની સાથે એ સર્વ નિષ્ફળ થવાનો પણ સંભવ છે એમ સંપૂર્ણ રીતે સમજી. આ નવી સમજણે તેના હૃદયમાં નવા ધર્મનું ભાન ઉદ્‌ભૂત કર્યું. જેણે જેણે એના ઉપર સ્નેહ રાખેલો તે સર્વને પ્રસંગે પ્રસંગે તે ધૈર્ય અને આશ્વાસન આપવા લાગી. એની ઇચ્છાથી આમન્ત્રેલા હીમતભાઈના હૃદયમાં તેમ એના શ્વશુરકુટુંબના હૃદયમાં એને પ્રાપ્ત થયેલું ભય સમજાય જ નહી એવો પ્રયત્ન એક પાસથી કરવા લાગી તો બીજી પાસથી એ ભયને સંપૂર્ણપણે સમજનાર પોતાનાં માતાપિતાને આશ્વાસન આપવા લાગી. પિતાને શિર ભારરૂપ ન થવાનો પોતાનો ટેક પતિના આરોગ્યની ઇચ્છાએ છોડાવ્યો હતો, તો કોમળ હૃદયની પોતાની માતા પાસે શ્વશુરગૃહમાં પોતે પાળેલો ધર્મ ગુપ્ત રાખવાના પોતાના નિશ્ચયને માતાના આશ્વાસનની ઇચ્છાએ છોડાવ્યો. “ બા, જુનાગઢમાં તાવના આવા દિવસોમાં એમાંથી “ એક પરિણામ થયા વિના તો છુટકો ન હતો. મ્હેં મ્હારી જાત વ્હાલી “ કરી હત અને કોઈની સેવા કરી ન હત તો તેનો જીવ જાત. અને “મ્હારી જાત વ્હાલી ન કરી તો હવે મ્હારું જે થાય તે ખરું. બા, “ગમે તો તેનો જીવ જાત કે ગમે તો મ્હારો જાત, એ જ્યાં નક્કી

"હતું ત્યાં આ તો પ્રમાણમાં સારું જ થાય છે. બા, તમે ચિન્તા ન "કરશો, શોક ન કરશો; તમે આટલું આટલું કરોછો ને મ્હોટાકાકા "આટલું આટલું ખરચે છે ને ઔષધ કરે છે તે સફળ થશે તો સારી "વાત છે, પણ તેમ થવા દેવા ઇશ્વરની ઇચ્છા ન જ હોય તો એમ "સમજજો કે તે બાત તેના કરતાં હું જાઉંછું, મને ઘરમાં બેઠેલી તમે "દેખત તેને ઠેકાણે આમ જતી જોશો એ મ્હારા તમારા સારા ભા- "ગ્યની જ વાત છે. બા, આટલી વાત સરત રાખજો ને શોક ન ક- "રશો. મને સારું કરવા માટે તમે તમારું ચાલે તેમાંનું શું નથી "કરતાં ?" એકદમ સાથે લાગી જે વાત કરતાં લીલાવતીની જીભ ઉ- પડી નહી ને માતાની દયાથી હૃદય ચાલ્યું નહી તે તેણે જુદે જુદે પ્રસંગે, પ્રસંગ શોધી, પ્રસંગ આણી, કડકે કડકે, કડકે બચકે, તેની માતાને કહી દીધી હતી તે સર્વને એકઠી કરતાં તેનો આવો સરવાળો હતો અને તે સરવાળાની રકમો તેના પોતાના જ શબ્દોમાં ઉપર મુકેલી છે. પોતાના સ્વામીનું આરોગ્ય ઇચ્છી પોતાનો જીવ એણે જોખમમાં નાંખ્યો- તે જાણી જોઈને નાંખ્યો, અને તે જોખમ–તે ભય–પોતાને પ્રાપ્ત થયું તેથી તે ચમકી નહી, દુઃખી થઈ નહી, પશ્ચાત્તાપ થઈ નહી, અને સટે તે ભય સ્વીકારવામાં જ પોતાની કૃતકૃત્યતા સમજી એ એનો મુમૂર્ષુ- ધર્મ અને એના મુમૂર્ષુધર્મનો નિર્વાહ ! લીલાવતી ! ત્હારાં માતાપિતાએ તને દર્શાવેલા ધર્મને અંગે નચિકેતાની પેઠે ત્હેં શોધેલું આ ત્હારા મૃ- ત્યુનું દ્વાર, અને એ દ્વાર પાસે પ્હોંચી મૃત્યુએ તને આપેલું ત્હારું ઇષ્ટ–શ્રેય. એ ત્હારા શ્રેયનું દર્શન કરવાનો અને તેથી શાંત થવાનો ત્હારી માતાને ત્હેં આમ અધિકાર આપ્યો તે તેણે લીધો અને તેના દ્વારા હું પણ લેઉંછું. પતિના જીવનને સાચવવા સ્વજીવનને અર્પવામાં ધર્મ અને ભાગ્ય માનનારી પતિવ્રતા ! ત્હારા શ્વશુરગૃહધર્મનું આ શિખ- રસ્થાન ! ત્હારા સૂક્ષ્મ-ધન-ભંડારની આ પરિસીમા—ગુજરાતી ભાષાએ કહેલી "છપન ઉપર વાગે ભેર" તે આ ત્હારા સૂક્ષ્મ છપન કોટિ ધન- ભંડાર ઉપર વાગતી ભેર ! એ શિખર દેખી, એ ભેરી-નાદ સાંભળી, હું તૃપ્ત થઉં છું. જ્યારે વળી વિચારું છું કે તું ત્હારા આરોગ્યકાળે અમારી પાસે કંઈ પણ માગતી ન હતી, લેતી ન હતી, તે ત્હારા વ્યાધિને અંગે અનેક ઔષધોપચારવડે અમારાથી ત્હારી જે કાંઈ સેવા બની તે સર્વ ત્હેં સ્વીકારી, હસતે મ્હોંયે સ્વીકારી, ધૈર્ય આપી આપી સ્વીકારી, માગી માગી સ્વીકારી, ત્યારે ત્યારે એ સ્વીકાર ત્હારી પો-

તાની જીવનપ્રિયતાને લીધે ત્હેં કર્યો હોય એવું ભાન થતું નથી પણ પોતાનું ભાગ્ય તો યમસદન પાસે દેખાતાં છતાં કેવળ ત્હારા માતાપિતાના હૃદયને અસંતપ્ત રાખવાને માટે જ—ત્હારા ધર્મના ભાનથી તેમને ત્હેં આપવા ધારેલી તૃપ્તિમાં ત્હારાં ઔષધોપચારની ન્યૂનતા રાખ્યાનો સંતાપ તેમનાં હૃદયોમાં રજ પણ ન ભળવા દેવાને માટે—ત્હેં આ સર્વ સ્વીકાર કર્યો છે તે ત્હારા વ્યાધિકાળના પ્રસંગમાત્રમાં હું પ્રત્યક્ષ કરુંછું.

૧૯. ધર્મનું બન્ધન અને એ બન્ધનની ઈશતા.

૧૯. શક્તિપ્રમાણે, સ્થિતિપ્રમાણે, અને અધિકારપ્રમાણે સર્વ મનુષ્યોને માથે ધર્મબન્ધન પ્રાપ્ત થાય છે. પણ કોઈકનાં ધર્મબન્ધન તેમની સ્થૂલ વૃત્તિઓના બળથી પરોક્ષ રહેછે તો કોઈકની સ્થૂલવૃત્તિઓ તેમના ધર્મબન્ધનને વશ રહે છે. જેમનાં ધર્મબન્ધન પરોક્ષ થાય છે તેને વિષયબન્ધન પ્રાપ્ત થાય છે અને જેનાં વિષયબન્ધન છુટે છે તેને ધર્મબન્ધન પ્રાપ્ત થાય છે. ઉભયબન્ધનથી પરાધીનતા પ્રાપ્ત થાય છે, પણ વિષયબન્ધનથી સુખ તેમ દુઃખ ઉભય પરિણામ થાય છે ત્યારે ધર્મબન્ધનથી કેવળ સ્વસ્થતા જ પ્રાપ્ત થાય છે અને સુખ તેમ દુઃખ ઉભય પદાર્થોનું બળ ધર્મબન્ધન આગળ અસ્ત થાય છે. એટલું જ નહી પણ વિષયબન્ધન જ્યારે તેમના બન્ધીવાનના હૃદયમાં દીનતા અને અનીશતા ભરે છે ત્યારે ધર્મના બંધનથી બન્ધાયલાં હૃદય દીનતાથી મુક્ત રહે છે અને કલ્યાણ કરવાની તેમ કલ્યાણ પામવાની ઈશિતાને પામે છે. આવા ધર્મબન્ધનથી બલવતી લીલાવતી પોતાની નિર્ધનતાથી નિર્ધન ન બની, દુઃખપ્રકોપને કાળે અસ્ત ન થઈ, અને સર્વાવસ્થામાં કલ્યાણપ્રદ ઈશિતાને ધારી શકી. એ ઈશિતાએ એની સ્થૂલ નિર્ધનતારૂપ અંધકાર વચ્ચોવચ એના સૂક્ષ્મ ધનરૂપ સુવર્ણજ્યોતિને પ્રકટાવ્યું. વિપત્તિઓના જે ભાર નીચે ચગદાતાં સંસારી સ્ત્રીઓ તો શું પણ પુરુષો પણ શોકગ્રસ્ત બની રુવે છે અથવા પાપબુદ્ધિમાં પ્રવર્તે છે તેવા જ ભાર નીચે આવી પડેલી લીલાવતીની આવી ઈશિતાએ એને સુકૃત્યોથી જ કૃત્યવતી કરી અને આત્મસ્થ પ્રાણથી બલવતી રાખી. આ ઈશિતારૂપ જ્યોતિએ એનામાં એવી સમૃદ્ધિ ભરી કે સ્વગોત્રમાં કે પરગોત્રમાં જ્યાં એ સ્થિતિમતી થઈ ત્યાં એ સમૃદ્ધિના અંશોનું ગુપ્ત કે પ્રકટ દાન કરતી ગઈ.

૨૦. “લીલાવતી ! તું ગઈ ત્યારે તને ખરચવા આપેલી રકમ—

**૨૦. લીલાવતીના હૃદયમાં એ ઈશતામય જ્યોતિ.**

“ઉધાર છે. તેમાંથી ત્હારી પાસે શું વધ્યું છે ને
“શું ખરચાયું છે તે ઇચ્છાશંકરને ક્‌હેજે કે ખરચાયલી
“રકમ ખરચ ખાતે લખી વાળે.” “લીલાવતી!
“ત્હારે જવાનો દિવસ આવ્યો માટે ઇચ્છાશંકરને
“ક્‌હેજે કે ત્હારી પાસે કેટલી શીલક છે ને કેટલી ખુટે છે એટલે
“ખુટતું તને આપે ને કંઈ વધારે જોઈતું હોય તો તે ક્‌હેજે.” લીલાવતી આવે અને જાય ત્યારે આ પ્રશ્ન થાય તેના ઉત્તર વાળતાં તેને અનેક ગુંચવારા પડતા. પોતાની પાસે શું વધ્યું છે અને શું ખરચાયું છે એમ બે ભાગ પાડવાને ઠેકાણે એ ત્રણ ભાગ પાડતી. “મ્હારી
“પાસે-તો શીલક છે,—શીલક નથી પણ તે મ્હારે ખાતે ઉધારજો,
“અને-ખરચ્યા છે તે તમારે ખરચ ખાતે લખી વાળવાના છે.” હીસાબ આપતી વેળા તેનો આ ઉત્તર હતો તો જતી વેળા તે ઉત્તર આપવાને સટે પ્રશ્ન પુછતી કે “મ્હારે ખાતે ઉધારવાની રકમ મ્હેં કયા પ્ર-
“માણે ઉધારી કે નહી? જો ઉધારી ન હોય તો મ્હારે કાંઈ જોઈતું
“નથી, ને ઉધારી હોય તો જોઈએ તે કહીશ.” પોતાને નામે જો આમ એની ઇચ્છા પ્રમાણે રકમ ઉધરે નહી તો પિતાની પાસે એક પાઈ પણ માગવી નહી એવો એનો નિશ્ચય એવો તો દૃઢ હતો કે તેમાંથી તે ચળતી નહી, અને હાથખરચીને માટે કાંઈ પણ લેવાની ના પાડી શ્વશુરગૃહને માટે વીદાય થવાની તે આજ્ઞા માગતી. આ આગ્રહનું કારણ તેની માતાને ઘણે દિવસે તેણે જણાવ્યું ને તેનાથી તેનું મર્મસ્થાન ન સમજાતાં મ્હારી પાસે આણી અને આજ્ઞા કરી કારણ સ્પષ્ટ કરાવ્યું.
“મ્હોટાકાકા, ત્યાં ઘરનું કેટલુંક ખરચ મ્હારે હાથે થાય છે તે ખ-
“રચ કોઈ કોઈ વેળા ત્યાંના પઈસામાંથી ન કરતાં તમે આપેલી રક-
“મમાંથી કરું છું”.—“તે વાત ત્હારાં સાસુજી કે કોઈ જાણે છે?”—
“ના, કોઈ નથી જાણતું. ત્યાં તો આમ જ સમજે છે કે તેમની
“આપેલી રકમ ખરચાય છે.”—“તું તે તેમને જણવતી નથી તો
“એમાં તને જસ કોણ આપવાનું હતું અને ત્હારો પાડ પણ કોણ
“માનશે?”—“હશે, મ્હોટાકાકા, જસનું ને પાડનું શું કામ હતું?
“જે જેને માટે ખરચાયું છે તે તેમને ગુણ કરશે. તેમની અવસ્થા
“હું જાણું છું.—” “ત્હારે ખાતે ઉધરાવેલી રકમ તું ક્યાંથી પાછી
“આપવાની હતી?”—“આમાં એક ભાગ તો મ્હેં—ને આપેલો છે
“તે તેમની હરકત સર્યે પાછો આપશે. ને બાકીનું તો થઈ ર્‌હેશે.”

શ્રીયું ખરચ પિતાને ખાતે થયું ગણવું અને શ્રીયું પોતાને ખાતે ગણવું એ ન્યાયનું ત્રાજવું આવા બળથી **લી**લાવતી પોતાના હાથમાં રાખતી હતી; અને જે પોતાને ખાતે થયલું ખરચ ગણતી હતી તે તેની સત્તાના સ્ત્રીધનમાંથી આપવા ઇચ્છતી હતી માટે જ તેને પોતાની સ્થૂલ સમૃદ્ધિ ગણી તેનું દાન કોઈને પુછ્યા વિના કરવાનો પોતાનો અધિકાર અને ધર્મ ગણતી હતી. આ જ એના ધર્મબન્ધને આપેલી એની ઇશિતા કે જેણે એની નિર્ધનતામાં દાનશક્તિ મુકી અને તેથી તેની ધર્મસીમામાં આવેલાં અન્ય સંસારીઓનું કલ્યાણ પોતાની કલ્યાણવાસનાના બળથી કરી શકી. કોઈનું પણ અકલ્યાણ કરવું એ આસુરી વાસના છે ને ન્હાનું બાળક પણ મ્હોટા મ્હેલને આગ સળગાવવાની શક્તિ ધારે છે. પણ કોઈનું કલ્યાણ કરવાની વૃત્તિ અને શક્તિ એ ઉભયમાંથી એકની પણ પ્રાપ્તિ દુર્લભ છે તો એ ઉભયના સંયોગની પ્રાપ્તિ તો ઈશ્વરની પરમ કૃપા વિના સંભવતી નથી. એ કૃપા ધર્મબન્ધનને સ્વીકારનાર જ મેળવી શકે છે, અને ઈશનું અને જીવનું સામ્ય શ્રુતિએ કહેલું છે તે વિષયે એમ સમજવાનું છે કે જીવ આવા સંયોગથી જે ઇશિતાને અનુભવે છે અને અનુભવાવે છે તેને ઉદ્દેશીને તે કહેલું છે. યશ ઇચ્છવો નહી, ઉપકૃતજન ઉપકાર માને એમ ઇચ્છવું નહી, અને પોતે નિષ્તૃષ્ણ રહી શ્વશુરગૃહને પોતાના ક્ષુદ્ર ધનસંગ્રહમાંથી ( નિર્ધનનો ધનસંગ્રહ ક્ષુદ્ર હોય પણ તેને પોતાને માટે અમૂલ્ય છે—એ તેનું સર્વસ્વ છે ) અવિજ્ઞાત દાન કરવાની શક્તિ વૃત્તિ રાખવી, તે જ આ સ્થૂલ શરીરમાં રહેલા સૂક્ષ્મ શરીર અને વાસના શરીરરૂપ આવરણને ભેદી નાંખી ઈશરૂપે પ્રકટ થતું આવિર્ભૂત થતું આત્મ-જ્યોતિ જ્યારે હું **લી**લાવતીમાં આમ જોતો ત્યારે તે જ્યોતિને નમસ્કાર કરતો. એ નમસ્કાર કોને? **લી**લાવતીના હૃદયમાંથી ફુવારા પેઠે ફુટી નીકળેલા આ જ્યોતિને.

૨૧. તેના સર્વસ્વ ત્યાગધર્મનો પ્રસંગ, એ ધર્મનો પ્રતિબન્ધક ધર્મ, અને ઉભયધર્મનું ઐક્યસ્થાન.

૨૧. **લી**લાવતી પોતાને ખાતે ઉધરાવતી તે આ રકમો તેણે શામાંથી આપવી ધારી હતી? પિતાની કે માતાની પાસે કંઈ પણ લેવું તે એ અધર્મ સમજતી હતી અને શ્વશુરગૃહમાંથી માગવા જેવી સ્થિતિ ન હતી. આથી એની દૃષ્ટિ એક પોતાના સ્ત્રીધન—પલ્લા—ઉપર હતી. મ્હારે એક પાસથી વિત્તોપાર્જન છોડી નિવૃત્ત થઈ મુંબાઈ છોડવાનો નિશ્ચય થયો તે **લી**લાવતીએ જાણ્યો, અને બીજી પાસથી તેનો પત્ર આવ્યો તેમાં તેણે

મોસમ માગણી કરી પુછયું: "પિતાજી, તમે મને એક વાર કહ્યું હતું
"કે મ્હોટી વયે મ્હોંચ્યા પછી એક વાત મ્હારી મરજી પ્રમાણે થવા
"દેશો તો હવે તેમ થવા દેશો કે નહી?" તેને ઉત્તર લખ્યો: "બ્હેન,
"તું કેઈ વાત વીશે આમ ઇચ્છે છે તે સ્પષ્ટ જાણું તો હું ઉત્તર દેઉં."
તેનો ઉત્તર આવ્યો ને તેમાં તેણે સ્પષ્ટ ઇચ્છા દર્શાવી.. "મ્હારા
"સસરાજીની સ્થિતિ તમને ખબર છે. તેમને દેવું છે તે માગવા કોઈ
"આવે ને વત્તું ઓછું તેમને કહે તે મ્હારાથી ખમાતું નથી, માટે જે
"મ્હારું પલ્લું આપની પાસે છે તે એમને મદદ કરવા આપો તો મ્હારા
"જીવને શાન્તિ થાય." જે સાધનથી તેણે આ દેવું પતવવા ઇચ્છયું
તે જ સાધનમાંથી મ્હારી પાસે ઉધરાવેલી રકમો પણ મને પાછી
આપવાની તેણે મનમાં ધારી હતી. પોતાના શ્વશુરગૃહને ઋણમુક્ત ક-
રવાની તેની ઇચ્છા આમ તેણે દર્શાવી તે કાળે તેના હૃદયની સ્થિતિ
અતિ ચિન્તાગ્રસ્ત હતી. લીલાવતી પ્રતિ આ ધનના સંબન્ધમાં મ્હારો
ધર્મ લોપ્યા વિના તેની ઇચ્છા પુરી થાય એમ ન હતું, તેમ તેને ના
કહેતાં તેના હૃદયની અવ્યવસ્થા થવાનું ભય હતું. આ વિચાર કરવા
કરાવવા અવકાશ શોધવાને માટે તેને પ્રત્યક્ષ મળ્યા પછી સમાધાન
કરવા ઉપર વાત રાખી. મુંબાઈ છોડ્યા પછી તેમ મળવાનું નડીયાદમાં
થતાં એણે ઉતાવળથી આ પ્રસંગ શોધ્યો અને વાત છેડી. "મ્હોટા-
"કાકા, આમાં તમને શી હરકત છે?" દયાધર્મે મંગાવેલું પોતાનું ધન
તે દયાભરેલે મુખે માગે તેને શું કહેવું? "લીલાવતી, તું કહે છે તે
"પ્રમાણે કરવા હું હા કહું, પણ આવું ધન કન્યાઓના હાથમાં ન
"મુકતાં તેમનાં માતાપિતાના હાથમાં સ્હાય છે તેનો હેતુ એવો છે કે
"કન્યાનાં સાસરીયાં તેની પાસેથી લેઈ લે નહી અને પોતાને અર્થે વા-
"પરે નહી."—"પણ આ તો હું જાતે માગું છું—મ્હારી પાસે
"કોઈએ મંગાવ્યું નથી."—"તું જે વસ્તુ જાતે માગે છે તે આપુંશું તો
"બીજી કન્યાઓ પાસે સાસરીયાં મંગાવતાં શીખશે ને બ્હીકની મારી
"તે બીચારીયો માગશે તો બહુ વિપરીત ચાલ પડશે. લીલાવતી,
"નાતજાતમાં દેખાદેખી ચાલ પડતાં વાર લાગતી નથી ને ત્હારા દૃષ્ટાંત
"ઉપરથી નવો ચાલ પડશે તો બીજી સઉ કન્યાઓનો શાપ ત્હારે
"ને મ્હારે શિર પડશે. હવે તું શું કહે છે?" તે વિચારમાં પડી.
"જો તને એકને પરગામ દીધી તો કેટલી કન્યાઓ ત્હારી પાછળ
"પરગામ દેવાઈ? ચાલ આમ પડે છે. હું જાણુંછું કે તને પોતાની

"ચિન્તા નથી, પણ આ વાત વિચારવા જેવી નથી ?" ઉત્તર દીધા વિના તે એક જાળીને અઢેલી ઉભી રહી હતી તેવી થોડી વાર રહી—પછી બોલ્યાવગર ચાલી ગઈ. સૂક્ષ્મ ધર્મની સમજનારી દયાળુ લીલાવતી ! ઘણું વિચાર કરી સર્વસ્વ ત્યાગ કરવાનો ત્હારો વિચાર આ અધર્મભયના વિચાર વડે મ્હેં તોડી પાડ્યો, અને પાયો તુટતાં ઘર તુટી પડે તેમ તું નિરાશ થઈ. નિરાશ થવા છતાં ત્હેં નવી આશાનો માર્ગ શોધી ક્‌હાડ્યો. શ્વશુરગૃહમાં કંઈક ધન બચે અને સંચિત થાય તેમ બીજી કન્યાઓનો શાપ લેવા જેવો ચાલ પાડવામાં તું નિમિત્તભૂત થાય નહી એવી રીતનો માર્ગ—ઉક્ત પ્રકારે ગુપ્ત દાન કરી એ દાનની રકમો મ્હારી પાસે ત્હારે પોતાને ખાતે ઉધરાવવામાં અને અંતે "આ રકમો મ્હારા પલ્લામાંથી લ્યો" એવું મને ક્‌હેવાની આશામાં—ત્હેં માની લીધો. મ્હેં તે માર્ગ સ્વીકાર્યો. "ત્હારે ખાતે નહી પણ ખરચ ખાતે ઉધારીશ" એવું હું કહું છું તો તું આ રકમો લેતી અટકે છે અને ત્હારા હૃદયને આશાનો માર્ગ ર્‌હેતો નથી. તરત ત્હારું કહ્યું માની અંતે ત્હારા ભાગ્યનો સૂર્ય ઉગે ત્યારે એ રકમો પાછી ખરચખાતે માંડી વાળવી એવો સંકલ્પ મ્હેં કર્યો. આપણે ઉભય નિરાશ થયાં, કારણ ત્હેં રાખેલી આશા સિદ્ધ થતા પ્હેલાં તું ચાલી ગઈ અને મ્હારો સંકલ્પ સિદ્ધ કરી તને જણાવવાની મ્હારી આશા હતી તે નકામી પડી અને તને ગયેલી જોઈ એ સંકલ્પ સિદ્ધ કરવા વારો આવ્યો નહી એટલું જ નહી પણ એ રકમો પુરેપુરી લેઈ ઉધરાવવાને સટે એ રકમનો પ્રથમાંશ લેવાનો માત્ર આરમ્ભ જ કરીને તું ચાલી ગઈ. એ નિરાશાનું દર્શન મનને અનેકધા ક્લાન્ત કરે છે. લીલાવતીની આ ઇચ્છાઓ પુરી કરી હત તો એનું હૃદય તૃપ્ત થયું હત ? તેમ થયું હત તો તેનું ભાગ્ય ઉઘડ્યું હત ? તેનું ભાગ્ય ઉઘડ્યું હત તો તેનું આયુષ્ય લંબાયું ન હત ? મ્હારી કલ્પેલી ગુણસુન્દરીના જેવી તેની સદિચ્છા પાર પાડવામાં સાધનભૂત ન થઈ શકવાનું મ્હારું કારણ યોગ્ય હતું ? અથવા એને સટે એનો એ જ અભિલાષ મ્હારા પોતાના ટુંકા સંચયમાંથી કરવાનો માર્ગ મને કેમ ન સુઝ્યો ? શું તે ન સુઝવાનું કારણ મ્હારા હૃદયમાં કોઈ જાતની કૃપણતા હતી ? આ સર્વ વિચારો હવે કેવળ તર્કવિતર્કરૂપ મિથ્યા છે, અને તેનું ફળ નથી એટલા વિચારથી આ ક્લાન્તિ દૂર થાય છે. એ વિચારનું સમાધાન તો લીલાવતી જાતે હત તો જ કરાવત, અને એ કાંઈ કરાવતી ગઈ છે. પોતાના મરણથી થોડાક દિવસ પ્હેલાં તેણે પોતાના બાલ-પુત્ર ભણી દૃષ્ટિ કરી પોતાની માતાને કહ્યું: "આ, મ્હારા

"પક્ષાનો પ્રથમ વિચાર હતો તે તો જાણો છો. પણ હવે તો તે સઉ "આનું હો!" એમ જ! લીલાવતી! એમ જ! જે કાળે એ બાળકનું અસ્તિત્વ ન હતું તે કાળે તેના અસ્તિત્વની આશા રાખીને, એ બાળકરૂપ ત્હારી આશાપ્રતિ ત્હારો ધર્મ પળાવવાની ધર્મપ્રવૃત્તિએ, મ્હેં ત્હારા ધનનો વ્યય ત્હારે ઇષ્ટ માર્ગે થવા ન દીધો. એ બાળકને જોઈને ત્હારી માતાને ત્હેં સમજાવેલા ધર્મના સ્મરણથી હું તને નિરાશ કર્યાના તર્કવિતર્ક બન્ધ કરી, આ વિષયથી અનુતપ્ત થતો નથી. ત્હારા શ્વશુરગૃહનું ઋણ છોડવવાના ત્હારા ઇષ્ટ માર્ગ કરતાં તેમના આશાભૂત આ બાલકપ્રતિ તેમનું ઋણ છે તેમાંથી તેમને મુક્ત રાખવાના આ સાધનમાં હું નિમિત્તભૂત થયો એ પણ ત્હારા ઇષ્ટમાર્ગનો સજાતીય માર્ગ હતો. જન્મનાર બાળકપ્રતિ માતા થવા નિર્મેલી સ્ત્રીને શિર પણ આ એક ઋણ છે તેમાંથી મુક્ત રહેવાનો ત્હારો ધર્મ ત્હેં શોધેલા દયાધર્મ કરતાં મ્હોટો હતો અને તે મ્હોટો ધર્મ ત્હારી પાસે પળાવવો એ મ્હારો ધર્મ હતો તે મ્હેં પાળ્યો. ત્હારી માતાને અન્તસમે ત્હેં કહેલા વચનથી ત્હેં મ્હારો ન્યાય શુદ્ધ ગણ્યો એ કલ્પનાથી હું મ્હારા મનનું સમાધાન કરું છું. ત્હારા હૃદયમાં શ્વશુરગૃહપ્રતિ કોમળ દયાધર્મ ઉદય પામ્યો; મ્હારા હૃદયમાં આ જુદો કઠોર ધર્મ ઉદય પામ્યો. એ ઉભય ધર્મ એક પરમ જ્યોતિનાં જુદાં જુદાં સ્વરૂપ છે. પરંતુ ત્હારા હૃદયમાં પ્રકટ થયલા સ્વરૂપમાં મને કાંઈક ઓર મનોહરતા અને ઇશિતા લાગે છે.

૨૨. યજ્ઞપશુ લીલાવતી.

૨૨. સરસ્વતીચંદ્રના ચતુર્થ ભાગના અભ્યાસી અને મ્હારા કુટુંબના પરિચિત એક સ્નેહીના પત્રમાં તે લીલાવતીના મરણ પછી લખેલાં એક બે વાક્યમાં તેના જીવનના આ અંશનો ઉપસંહાર કરતાં[3] કહે છે કે "આપણા "કૃત્રિમ જીવનમાંના संप्रत्ययात्मक[1] પ્રીતિતંત્રના ભારનું વહન કરતાં કરતાં, "આપણા વર્તમાન જનમંડળની પુરુષ અને સ્ત્રી જાતિની આવી કુસુમ "કલિકાઓ, पुरुषयज्ञ[2] કરી તેમાં જાતે અપાયલી આહુતિઓ પેઠે, આમ "અકાળે કરમાઈ જાય એ ખરેખર અતિ વિચિત્ર અને આશ્ચર્યકર છે."[3] પ્રાચીન ઋષિમુનિઓ અનેક વિચારથી આપણા ગૃહસંસારમાં દમ્પતીસૃષ્ટિને માટે જે પ્રીતિતંત્ર વારસામાં મુકી ગયા છે[1] તેને કામસૂત્રકાર "સંપ્રત્યયાત્મક" અથવા "સંપ્રતીત" કહે છે. માતાપિતાઓએ

૧. સરસ્વતીચંદ્ર ભાગ ૪, પૃષ્ઠ ૩૨૫–૩૨૬. ૨. સરસ્વતીચંદ્ર ભાગ ૪, પૃષ્ઠ ૪૪૩–૪, ૪૬૪–૮ ૩. આ પત્ર ઈંગ્રેજીમાં છે. પરિશિષ્ટ (અ).

મુકેલી સંપ્રતીત ભવસાગરની ધુરીનો ભાર આપણાં બાલકોને માટે કલ્યાણ-કર છે કે નહી એ પ્રશ્નનો આ પ્રસંગ નથી. એ પ્રશ્ન બાલ્યાવસ્થામાં જ **લી**લાવતીના હૃદયમાં ઉદ્ભવ્યો હતો(ખંડ ૨) તે કાળે તેનો ઉત્તર પુરો સમજવાની તેનામાં શક્તિ ન હતી, પણ સાધુજનનો સનાતનધર્મ[1] પાળી એ જ સંપ્રત્યયાત્મક તંત્રનો પ્રભાવ એણે મંડેલા પુરુષયજ્ઞમાં એણે પ્રકટ કર્યો, એ યજ્ઞની વેદીઉપર એણે પોતાના જીવનની આહુતિ આપી, અને અન્ત્ય આહુતિનો યજમાન અને અતિથિ જે પરમ પુરુષ તેના સ્વરૂપમાં એ ભળી એવી શ્રદ્ધા, યાજ્ઞિકશાસ્ત્રની ભાષામાં બોલતાં, આ યજ્ઞમાં યજ્ઞપશુ બનેલી **લી**લાવતીના અધ્યાત્મ જીવનનું મર્મ જોનાર એના પિતાના હૃદયમાં ઉદ્ભવે છે અને એ હૃદયને શાન્ત અને તૃપ્ત કરે છે. બાળક નિદ્રામાં જેમ જાગૃતમાં બગલમાં પોતાની પુતળીને રાખે અને તેનાથી છુટું રહે નહી તેમ "સાવિત્રીનાટક" ના પુસ્તકને સર્વાવસ્થામાં પોતાનાથી છુટું ન મુકનારી **લી**લાવતીને વિષયે તેના પિતાના હૃદયમાં આ શ્રદ્ધા આવે તો તેને આ લેખનો વાંચનાર વર્ગ પક્ષપાતજન્ય નહી ગણે એવું અનુમાન છે.

૨૩. અશ્રુરચક-ભાવનામાં સિદ્ધ કરેલી સ્વસ્થતા.

૨૩. આ સંપ્રતીત સંસારમાં પ્રકટ થયેલી ભાવનાએ **લી**લાવતી પાસે આવો પુરુષયજ્ઞ કરાવી યજ્ઞપશુને માટે શાસ્ત્રોએ દર્શાવેલો અભય-માર્ગ એને આમ આપ્યો તે ભાવનામાં ધર્મપ્રવૃત્તિના પ્રવાહ સાથે પ્રીતિભાવના ભળી હતી તેનું વર્ણન બે ત્રણ પ્રસંગથી સ્પષ્ટ થશે. સ્ત્રીઓને વસ્ત્રાલંકાર ઉપર ઈશ્વરે સાહજિક પ્રીતિ મુકી છે તે તેમની સર્વ સૃષ્ટિને અનુકૂળ ભાવનાનો એક ઉચ્ચ અંશ છે. **લી**લાવતીની માતા પ્રિયપુત્રીમાં આ અંશ કલ્પી તે ભાવના સિદ્ધ કરવા તેના વસ્ત્રાલંકારની ચિન્તા રાખતી હતી. પોતાને માટેની આ ભાવના અંકુશમાં રાખીને અથવા કેવળ નિવૃત્ત રાખીને પણ **લી**લાવતીને માટે નવાં અને પોતાને ઉત્તમ લાગતાં વસ્ત્ર કુલાચારાદિકને અનુસરી એની માતા સંચહતી અને તેમાંથી થોડાં ઘણાં એ પરદેશ જાય ત્યારે તેની સાથે બંધાવતી. **લી**લાવતી પાછી સ્વદેશ આવે ત્યારે આ સર્વ વસ્ત્રો જેમનાં તેમ ગડીબંધ જોવામાં આવતાં. તેની માતા તેને સ્વાભાવિક જિજ્ઞાસાથી પુછતી કે "આનું કારણ શું?" આના ઉત્તરમાં દીનમુખે **લી**લાવતી કહેતી: "આ, આ તમારા ઘરની "સંપત્તિ છે: આવાં લુગડાં પ્હેરવા જેવો વખત તો મ્હારે ત્યાંની દશા

---

૧ સરસ્વતીચંદ્ર ભાગ ૪, પ્રકરણ ૨૫.

" ઉઘડે ત્યારે જ આવે ! બા, મ્હારે શરીરે ત્યાંનાં વસ્ત્ર વધારે શોભે." શ્વશુરગૃહની સ્થિતિ સુધરે ત્યાં સુધી માતાએ આપેલાં વસ્ત્ર વાપરવાનો "વખત નથી આવ્યો" ગણી, એવો "વખત આવશે" એવી આશા રાખી, **લી**લાવતી માતાને નિરાશ કરતાં દીન બનતી. આવા વસ્ત્રાલંકાર પોતે ધારતી નથી એવું કોઈ ન જાણે એવો સફળ પ્રયત્ન કરતી, એ પ્રયત્નમાં પોતાનું પ્રીતિઐશ્વર્ય સિદ્ધ કરતી, એ સિદ્ધિથી ભોગતૃષ્ણાને તૃણવત્ દૂર રાખવામાં અપ્રયત્ન સિદ્ધિ પામતી, એ સ્થિતિનું અભિમાન રાખતી, અને જ્યાં અન્ય સ્ત્રીઓને વસ્ત્રાલંકારનો અભાવ દીન કરેછે ત્યાં આવો અભાવ ન છતાં એ વસ્તુઓના પોતે કરેલા ત્યાગથી પોતાની માતાને નિરાશ કરવાના અસંગથી જ માત્ર દીન બનતી. "**લી**લાવતી, આ બધી આપણા ઘરની પેટીયોની તું કાંઈ ભોમીયણ થા" એવી વિજ્ઞપ્તિ એની માતા જ્યારે જ્યારે કરે ત્યારે **લી**લાવતી એટલું જ ક્હેતીઃ "બા, એમાં જમુબ્હેનને ભોમીયણ કરો. મને બીજું કામ બતાવો." શ્વશુરગૃહની સ્થિતિ સુધરે ત્યાં સુધી પિતૃગૃહની વસ્તુતઃ રંક પણ પોતાને વધારે વસતી સમૃદ્ધિ ભણી **લી**લાવતીની આ ઉદાસીનતાનું કારણ શું હતું? શ્વશુરગૃહ સાથે તેનું હૃદય એવું જોડાઈ ગયું હતું કે તેના ઉપરની એની સંગતીત પણ શુદ્ધ પ્રીતિમાં એ ગૃહ એનું પોતાનું જ થઈ ગયું હતું. કંઈક સ્ત્રીઓ જ્યારે પિતૃગૃહની કે શ્વશુરગૃહની સમૃદ્ધિનું અભિમાન સ્વીકારે છે અને બે ગૃહમાંથી જે રંક હોયછે તેનાથી આકર્ષાતી નથી, ત્યારે પિતૃગૃહની સ્થૂલ સ્થિતિની નિરભિમાનિની **લી**લાવતી પતિગૃહની નિષ્કિઞ્ચનતાનું એવું અભિમાન રાખતી કે પોતાની જાતને શૃંગારવામાં આ ગૃહના રંગમાં રંગાય નહી એવી સામગ્રીને વર્જ્ય ગણીને જ સ્વસ્થ ર્‌હેતી. એની આ ઉદાસીનતામાં એ ઉત્સાહ ધરતી લાગતી, અને પોતાના પાતિવ્રત્યના પુરુષાર્થમાં એ ઉદાસીનતાની જ વિભૂતિ ધરતી.

---

## પ્રકરણ ૩.

### સ્વગોત્રમાં યજમાનધર્મિણી.

૨૪. શ્વશુરગૃહમાં **લી**લાવતી આવી ભાવનાથી જીવતી તો પિતૃગૃહમાં પણ તેનું જીવન ભાવનામય જ હતું. ત્યાં પણ લોક જેને "હક કરીને લેવું" ક્હેછે

૨૪, અપ્રમાદ

તે એ સમજીન હતી. લોક જ્યાં લેવાનું સમજે છે ત્યાં એ આપવાનું સમજતી હતી, અને સ્થૂલ વસ્તુ આપવા જેવી એના હાથમાં ન હોય ત્યાં એ સૂક્ષ્મ વસ્તુ આપતી. તેનાં માતાપિતા તેની ચિન્તા કરેછે તે સમજતી પણ તે ચિન્તા દૂર કરવાની ચિન્તા જાતે રાખતી, અને સટે તેમની બીજી રીતની ચિન્તા એના હાથમાં હોય ત્યાં સુધી ઘણી સાવધાનતાથી પ્રમાદ કર્યા વિના રાખતી.

૨૫. માતાના આશ્વાસનનું કારણ અને તેની સાથે જ નિરાશાને માટે સજ્જીકરણ.

૨૫. એની આ ચિન્તાઓ ન્હાના તેમ મ્હોટા સર્વ પ્રસંગોમાં જણાતી, અને તેના ક્ષયરોગની પરીક્ષા થઈ ત્યાંથી તેને પોતાની જિજીવિષાજન્ય અને શ્વશુરગૃહની સ્થિતિજન્ય નિરુપાય ચિન્તા બંધ થઈ, અને તેનાં માતાપિતાના સંબંધમાં એને નવી નિરંતર ચિન્તા થવા લાગી. તેમનાં હૃદયની એ લોભીયણ હતી અને એક પાસથી પોતાને આરામ થશે એવી આશા આપતી અને પોતાના આયુષ્યપર્યંત આ આશાથી તેમને સ્વસ્થ રાખવા મથતી, તો બીજી પાસથી પોતાનો દેહ પડવાનો નક્કી ગણી તે પછી તેમની શી અવસ્થા થશે એનો તર્ક કરી તેનો ઉપાય પ્રથમથી કરી મુકવાનો પ્રયત્ન કરતી હતી. આવો પોતાનો દેહ ટકશે એવું તેમને તે જણવતી હતી અને અનેક નિમિત્તો દર્શાવી સમજાવતી હતી તો વખત છે ઈશ્વર બીજી વાત ઇચ્છતો હોય તો કેવી વૃત્તિ રાખવી તે પણ સમજાવતી હતી. "બા, હું બોલું છું ચાલું છું તે ઉપરથી આ શરીર ટ-
"કશે જ એવું ન જાણશો. ક્ષયરોગની વાત મ્હેં વાંચી છે અને ગમે
"ત્યારે બોલતાં બોલતાં યે રહી જવાય": હસતાં હસતાં એક દિવસ આટલું કહી દઈ કંઈક ગમ્ભીર થઈ તે બોલી ગઈ કે "બા, તમે અને
"મ્હોટાકાકા મ્હારે માટે આટલું આટલું કરો છો તે સઉ સારું જ
"થશે, પણ તમે આજથી આમ હીમત હારી જાઓ તો આગળ ઉપર
"વધારે ચિન્તા વેઠે એવું તમારું કંઈ શરીર છે? માટે જરા કહું છું."
તે પછી આઠ દશ દિવસે અથવા ચોથે પાંચમે તેની માતાના શરીર સામું ન્યાળી રહી તેને થઠીક ધીમે ધીમે આશ્વાસન આપતી અને કોઈ કોઈ વેળા તો ઠપકો આપતી પણ ખરી અને એ ઉભય પ્રસંગે ધીમે રહી અથવા ઠપકો આપતી દૃષ્ટિથી એક જ વાક્ય ક્હેતી કે "બા, ફોઈને રસિકા ક્ષયરોગથી ગઈ અને તે તો અજ્ઞાની છે તેથી

“તેમને શોક થયો, પણ તમને તો મ્હોટાકાકાએ શાસ્ત્રી રાખી આ-
“ટલું આટલું જ્ઞાન અપાવ્યું છે ને તે તમે આમ ચિન્તા કર્યા કરો
“છો તે શું બરાબર છે? આ તમારી દૃષ્ટિ આગળ મ્હોટાકાકાને
“જુવો તો ખરાં કે તે કેવું ધૈર્ય રાખે છે?” ચોથે પાંચમે તેની
માતાના દીન અને અસ્ત બની જતા હૃદયને એ આમ છેલે સુધી
ધૈર્ય આપ્યાં કરતી તો પ્રસંગ આવ્યે બીજી રીતે સમજાવવાનું પણ ચુકતી
નહી. આ લેખકના બાલવયના સ્નેહી (હાલ વિદેહ) રા. મગનલાલ
લક્ષ્મીલાલ દેશાઈ એક વેળા નડીઆદ આવ્યા, તેમનો એક ન્હાનો
પુત્ર ગુજરી ગયા પછી એક વર્ષમાં બીજા મ્હોટા પુત્ર રા. જય-
ન્તિલાલ બી. એ. નું કોલેરાથી મરણ થયું. જયન્તિલાલ આ લેખકને
ઘેર કંઈક વર્ષ **લી**લાવતીના ભાઈ પેઠે રહ્યા હતા અને મુંબાઈની શા-
ળામાં અભ્યાસ ત્યાં રહી તેમણે કર્યો હતો. એમણે **અરુણોદય** ના-
મનું માસિક પત્ર અમદાવાદમાં લખવા પ્રસિદ્ધ કરવા માંડયું હતું, અને
મ્હારું ધસાતું કાંઈ સંભળાય તો તેની વકીલાત વેગથી કરવાનું તે ચુકતા
નહી. તેની આવી મમતા, શક્તિ, અને અભિલાષ વગેરે ગુણોને લીધે
મ્હેં મ્હારા સાક્ષર ઉદ્યોગમાં જયન્તિલાલ (જેનું ગૃહનામ “બાબુ”
હતું) ઉપર કેટલીક આશાઓ બાંધી હતી અને **લી**લાવતી તે કાંઈક
જાણતી હતી. મગનલાલને પોતાને તો આવા આશાબન્ધન થયેલા
પુત્રની હાનિ કેવી લાગવી જોઈએ તે વગર કહે સમજાય એમ છે.
મગનલાલ **લી**લાવતીને જોઈ એની સાથે વાત કરી એની પાસેથી દૂર
ગયા ત્યાં **લી**લાવતી એની માતાને કહેવા લાગી: “બા, મગનભાઈ
“કાકા બાબુભાઈનું દુઃખ કેવા ધૈર્યથી વેઠે છે તે જુવો તો ખરાં!
“તમારું દુઃખ એમના દુઃખ આગળ કાંઈ લેખામાં નથી.” એની ખાનગી
“નોટબુક”માં એક પાના ઉપર **લી**લાવતીએ લખી રાખ્યું છે કે ‘આપણે
“માથે કાંઈ દુઃખ આવી પડે ત્યારે આપણાથી વધારે દુઃખ જેને હોય
“તે જોવું.” **લી**લાવતીના મરણકાળ જેટલે વખે આ લેખકને દુઃખ-
થી દીન જોઈ ભાવનગરના વિદેહ પ્રધાન રા. સામળદાસ પરમાનન્દ-
દાસે પોતાની પૂર્વાવસ્થાનું દૃષ્ટાંત આશ્વાસનાર્થે આપી કહ્યું હતું કે
દુઃખે દુઃખાધિકં પશ્ય. આ સૂત્રનો પ્રયોગ **લી**લાવતીએ તેની માતા
પાસે કરાવવા મગનભાઈના દુઃખ ઉપર દૃષ્ટિ કરાવી અને સાથે તેમના
ધૈર્ય ઉપર પણ દૃષ્ટિ કરાવી.

૨૬. શ્વશુરગૃહ પ્રતિ ધર્મભાવના અને પ્રીતિભાવના **લી**લાવતી

૨૯. "હમણાં આ ખરચ રહેવા દ્યો."

પાસે વસ્ત્રાલંકારને વિષયે કેવી વૃત્તિ રખાવતી તે ઉપર લખેલું છે. પોતાના આરોગ્યમય આયુષ્યમાં જે વસ્ત્રો ઉપર **લી**લાવતીએ આમ અપ્રીતિ કરી હતી તે જ વસ્ત્રો ઉપર પોતાનો રોગપ્રકોપ પ્રકટ થયા પછી જુદી જ વૃત્તિ રાખવા માંડી. તેના ઘડી ઘડીના શબ્દોમાં એક જ ધ્વનિ ઉઠતો હતો. "આજ સુધી આ વસ્ત્રાદિક પ્હેરવાની મ્હેં ના પાડેલી તે સંભારી સંભારી મ્હારા મરણ પછી મ્હારી માતા અતિ અસંતુષ્ટ અને દુઃખી થશે" એવો વિચાર વગરકહ્યે આ ધ્વનિમાં અવ્યક્તરૂપે પ્રતિધ્વનિત થતો હતો. ત્રણે પુત્રીઓને સર્વ વસ્તુ સાથે લાગી અને સરખી રીતે કરવી એ નિયમ **લી**લાવતીની માતા પાળતી. પોતાના આરોગ્યસમયમાં પોતાના શ્વશુરગૃહની સ્થિતિના કારણથી પોતાને કાંઈ પણ વિશેષ મળે છે એવું જણાતાં **લી**લાવતી પોતાની માતાના હાથને રોકતી અને તેની પાસે ઉપરનો નિયમ પળાવતી. પોતાના રોગના સમયમાં એ નિયમ પાળીને તેની માતા ત્રણ પુત્રીઓને માટે કંઈ પણ સઉને સરખી વ્યવસ્થા કરવા જતી ત્યાં પણ **લી**લાવતી તેની માતાનો હાથ રોકવા લાગી અને ઉપરનો નિયમ તોડાવવા લાગી. પોતાનો અન્ત પાસે આવે છે અને પોતાને માટે હવે કંઈ પણ વસ્ત્રાદિક લેવા દેવાં તે પિતાની પાસે નકામું ખરચ કરાવવા જેવું છે એવું ગણી પોતાને માટે આવી વાતનું કાંઈ પણ ખરચ થવા દેતી નહી. પરંતુ પોતાનો આ આશય માતાને સ્પષ્ટ કહીશ તો તેના જીવને ભાવી કાળનું ભાન અને દુઃખ અત્યારથી થશે એ યોગ્ય નથી એમ ગણી પોતાનો આશય જેમ બને તેમ સંતાડી રાખીને આ ખરચ અટકાવવાની વાત તે કરવા લાગી. તેની જ સાથે આવા કારણથી ત્રણ બ્હેનોને સરખી રીત કરવાનો નિયમ તોડાવવા પોતે ઇચ્છે છે એવું ભાન પણ કોઈને ન થાય એવી યુક્તિ રચવા લાગી. તેના દીર્ઘ વ્યાધિમાં વારંવાર તેની બ્હેનોને માટે વસ્ત્ર લેવાં પડે ત્યારે તેને માટે પણ લેવામાં આવતાં ત્યારે **લી**લાવતી જરીક સ્મિત કરી સમજાવતી હોય તેમ ઉપર પ્રમાણે યુક્તિથી ક્હેતીઃ "બા, આ જુવોને-અત્યારે "હું દુબળી થઈ ગઈ છું ને મ્હારે માટે જે કરાવશો તે અત્યારે "પ્હેરતું નથી ને આગળ ઉપર ન્હાનું પડશે. માટે જ્યારે હું જરા સારી "થઈ જાડી થઉં ત્યારે તે વખતના પરમાણનું કરાવજો. મને શું "ગમશે તે પણ તે વખત સમજાશે માટે હમણાં આ ખરચ રહેવા

"ઘો." "આ, બે બ્હેનો માટે જે લેવું હોય તે લ્યો; મ્હારે માટે "હાલ લેશો નહી" એટલું સંક્ષિપ્ત વાક્ય તો ઘણું ખરું તેની જીભ ઉપર આવતું ને કારણ પુછીયે ત્યારે ઉપર પ્રમાણે કહેતી–આરોગ્યમાં પોતાની ભાવનાને લીધે વસ્ત્રાલંકરનો જે કાંઈક ત્યાગ કરેલો અને વ્યાધિને કાળે ઉપર પ્રમાણે સંકોચ રખાવેલો તે જેમ જેમ મરણકાળ પ્રત્યક્ષ થયો તેમ તેમ **લી**લાવતી દૂર કરતી જણાઈ.

૨૭. માતાને થવાનિર્મેલા અનન્ત વિરહની ચિન્તા અને તે વિરહજન્ય દુઃખનો પ્રથમથી પ્રતિકાર.

૨૭. જેના વર્ષ સવાવર્ષના વ્યાધિને અન્તે શરીર ખાટલામાં બેસી શકતું સરખું ન હતું તે કાળે બેસવાનો પ્રયત્ન કરી **લી**લાવતી તેની માતાને પોતાની પાસે સ્મિત કરી કરી બોલાવતી અને એક દિવસ તો ધીમે રહી કાંઈ ઉત્સાહ આવ્યો હોય તેમ કહેવા લાગી અને અલંકાર પ્હેરવાનો અભિલાષ થયો હોય તેમ કહેવા લાગી: "બા, આજ તો ચાલો; "તમે, હું, બ્હેનો, ને ભાભી સઉ શણગરાઈયે. પેલાં લીલમનાં એ- "રીંગ મને પ્હેરાવો, કાંટાની ઝુલર આપો," અને એમ કંઈ કંઈ અલંકાર માગી માગીને પ્હેરવા લાગી અને સઉને પ્હેરાવવા લાગી. અન્તકાળના સાંનિધ્યમાં આ શું? "હીસ્ટીરીયા"—મૂર્છકવાયુ—ને પ્રસંગે બેભાન સ્થિતિમાં બે દિવસ પછી તેણે પોતેજ કારણ લવી દીધું. "તમે જાણો છો કે આ બધું મ્હેં શા કારણથી પ્હેર્યું? મને "તે હવે કાંઈ ખાવાં ને પ્હેરવાં ગમે છે? પણ આ તો મ્હેં આજ "સુધી આમાંનું કાંઈ પ્હેર્યું નથી ને બાનું કહ્યું માન્યું નથી તે એમને "તેનો અસંતોષ રહી ન જાય માટે પ્હેરું છું, હોં!". એક પાસથી જિજીવિષાને કાળે જેનો ત્યાગ ઉચ્ચભાવનાને લીધે કર્યો હતો તેનો જ સ્વીકાર યમસાન્નિધ્યમાં માતાપરની તેની પરમ પ્રીતિએ, પરમ દયાએ, અને પરમ ચિન્તાએ **લી**લાવતી પાસે આમ કરાવ્યો! તેની માતાની એક સખી તેની માતાને એક દિવસ દીનમુખે અશ્રુભરી આંખોએ કહેવા લાગી: "બ્હેન, એ દીકરી બહુ ડાહી! એના કાળજાની ઘણી "ઘણી વાતો હું જાણું છું. પણ શું કરું! પોતે જીવતાં પોતાના સો- "ગન ખવરાવીને એણે મને બાંધી લેઈને કહ્યું છે કે—કાકી, જો જો "હાં, હું જીવતાં કે મરતાં પણ આ વાતો બાની પાસે કહેશો નહી "હાં! તે જાણશે તો તેનો દેહ પડશે—તેમનું હૈયું બહુ કોમળ છે ને "આ એમનાથી રહેવાશે નહી માટે ભુલ્યે ચુક્યે એક ફરફેડ નહી!

"બ્હેન, એ લ્હારી દીકરીની વાત શી કહું ? હવે એમાં કાંઈ માલ
"નથી—એ આવી ડાહી હતી એટલું જાણીને જ હૈયાનો ધા રુઝવ."

લીલાવતી ! જે વાત લ્હારી માતાથી અજ્ઞાત રાખવાનો ત્હેં આ પ્રયત્ન કર્યો તે વાત ત્હારા કોઈ પરમ શુદ્ધ તપની જ હોવી જોઈએ, તેમાં ત્હારા પારલૌકિક કલ્યાણની જ સાધકતા હોવી જોઈએ, એ તપની તપસ્વિની પુત્રી પેટ પડી હતી તે ત્હારી માતાના કોઈ પુણ્યનું જ ફળ હોવું જોઈએ, એ ત્હારું ભાવિ કલ્યાણ ઈશ્વરે ત્હારા જેવા જીવને માટે અવશ્ય નિર્મેલું હોવું જ જોઈએ, અને તેનાથી આજ ગમે તો તું મોક્ષપદ ભોગવતી હઇશ અને ગમે તો અન્ય રીતે પણ ત્હારો જીવાત્મા કોઈ પુણ્યપરિપાકથી કોઈ પરમ ભાગ્યનો ભોક્તા તો થયો જ હોવો જોઈએ : આવી અનેક શ્રદ્ધાઓને ત્હારા માતાના અતિતપ્ત હૃદયમાં ભરીને ત્હારી સતત ઇચ્છાઓ પ્રમાણે તેને તૃપ્ત કરવાનો મ્હેં કાંઈ પ્રયત્ન કર્યો છે, એ જ મ્હેં તને શ્રદ્ધાઞ્જલિ અર્પી છે, અને ત્હારી માતાના તાપનો વિરામ દેખીને મ્હારા આ શ્રદ્ધાઞ્જલિથી ત્હારું યથાવિધિ તર્પણ થતું મ્હારું હૃદય અનુભવે છે.

૨૮. પ્રીતિનો ચિન્તાધર્મ અને ઈશ્વરનો અધિકાર. લીલાવતીના પ્રયત્નમાત્રની કુંચી.

૨૮. જીવતાં પોતાની ચિન્તા કરવી અને મરતાં પાછળનાં પોતાનાંની ચિન્તા કરવી, જીવતાં અહંતામમતાભરી વાસનાઓ રાખવી અને મરતાં મમતાભરી વાસનાઓ રાખવીઃ આ સર્વ ચિન્તા ભાર અને વાસનાબન્ધ સામાન્ય મનુષ્યોના સંસારને રચે છે અને તેમનાં હૃદયને સુખદુઃખથી રંગે છે. લીલાવતીના હૃદયની સૃષ્ટિ આથી ભિન્ન પ્રકારની હતી. જીવતાં તેણે પોતાની ચિન્તાનાં કારણ લક્ષ્યમાં હોવા છતાં એ ચિન્તા કરી નથી, પણ પ્રારબ્ધપ્રવાહે તેને જ્યાં જ્યાં ધકેલી ત્યાં ત્યાં પોતાના ધર્મરૂપ પ્રાણથી તરવાનો પ્રયત્ન કેવળ જિજીવિષાથી જ તેણે કર્યો છે અને એ પ્રવાહમાં જે જે જીવો સાથે એને ધર્મયોગ થયો તેના ઉપર ધર્મપ્રીતિની મમતા તેણે રાખી છે. એ મમતાને લીધે એણે અહંતાશૂન્ય ચિન્તાઓ કરવી એ પોતાનો ધર્મ ગણ્યો છે. એ ધર્મપ્રીતિથી જેનો જેનો એને ઈશ્વરેચ્છાથી યોગ થયો હતો તે સર્વને માટે ઉચ્ચભાવનાજન્ય ચિન્તા કરવી, જ્યાં સુધી એ ચિન્તાસાધ્ય પ્રયત્ન થાય ત્યાં સુધી એ ચિન્તા અસ્ખલિત સાવધાનતાથી કરવી, અને પ્રયત્નકાળ ગયા પછી ચિન્તામુક્ત થવું, એ પ્રયત્ન સફળ કે નિષ્ફળ થયો

તેનું અનુસન્ધાન કરી નવી ચિન્તાથી અને નવી વાસનાથી દૂર રહેવું, અને આ સર્વ વિધિને અન્તે ઈશ્વરને જે ગમે તે કરવાનો ઈશ્વરનો અધિકાર કલ્યાણકર જ ગણવોઃ આટલાં વાક્યોમાં **લી**લાવતીના હૃદયના સિદ્ધાન્તોનો સાર સમાપ્ત થાય છે અને એના જીવનનો સર્વ ઇતિહાસ આ સારના દૃષ્ટાન્તોથી તેણે ભરી દીધો હતો. આ સારમાં એની કર્તવ્યતાશુદ્ધિની, એની શુભ વાસનાઓની અને ભાવનાઓની, અને એના પ્રયત્નમાત્રની તેમ સુખદુઃખની કુંચી છે.

૨૯. પ્રજ્ઞાત અથવા સાધનસાધ્ય ધર્મ, અને અપ્રજ્ઞાત અથવા સ્વભાવસિદ્ધ ધર્મ.

૨૯. આ કુંચીનું મૂલ્ય હવે શાસ્ત્રદૃષ્ટિએ કંઈક શોધીશું. પ્રાણીમાત્રનાં શરીર અને મન જીવનશાસ્ત્રના અને માનસશાસ્ત્રના નિયમો જાણ્યાવિના તે નિયમોને પાળે છે. મનુષ્યોનો મ્હોટો ભાગ વ્યાકરણશાસ્ત્રના નિયમો જાણ્યા વિના તે નિયમોને પાળે છે અને વિદ્વાનો પણ બોલવામાં કે લખવામાં વાક્યે વાક્યે એવા નિયમોનું ધ્યાન કરતા હોય એમ નથી તે છતાં એ નિયમો જાતે જ પળાય છે. આ જ રીતે સાધુ જનોનાં હૃદયોમાં અને તેમની પ્રવૃત્તિઓમાં સત્કર્મના નિયમો સ્વભાવથી જ પળાઈ જાય છે અને પોતે તે નિયમો પાળે છે તેવું ભાન તેમનામાં હોય જ એમ હતું નથી. આ જ વાત ઉપર દૃષ્ટિ રાખીને આપણા મહાકવિ કાલિદાસે લખેલું છે કે **सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः**—સન્દેહ પ્રાપ્ત થાય ત્યાં સત્પુરુષોએ પોતાનાં અન્તઃકરણને પુછવું કે "ત્હારી પ્રવૃત્તિ ક્યાં જાય છે?" અને તે પછી તે પ્રવૃત્તિ જેણી પાસ પોતાને દોરે તેણી પાસ પોતે દોરાવું. દુષ્ટ હૃદયો દુષ્ટ પ્રવૃત્તિ ભણી જેવી રીતે દોરાય છે તેવી જ રીતે સાધુ હૃદયો આમ શુદ્ધ અને સાધુ ધર્મમાં સ્વભાવથી પ્રવૃત્ત થાય છે. ઈંગ્રેજીમાં કેટલાક વિદ્વાનો conscience એટલે અન્તઃકરણને Divine Voice એટલે ઈશ્વરનો પ્રત્યક્ષ આદેશ ગણે છે તે આવાં સાધુ હૃદયોને માટે જ સત્ય છે. આવાં હૃદયોના ધર્મ અપ્રજ્ઞાત હોવા છતાં શુદ્ધ અને કલ્યાણકારક જ હોય છે. ધર્મશાસ્ત્રપ્રમાણે મ્હારો અમુક ધર્મ છે અથવા મ્હારી બુદ્ધિપ્રમાણે આ મ્હારો ધર્મ છે એવા ભાનપૂર્વક ધર્મનું પાલન તે પ્રજ્ઞાત ધર્મનું પાલન કહીયે તો ઉક્ત પ્રકારના અપ્રજ્ઞાત ધર્મનું આવા ભાન વિનાનું પાલન કોઈ કોઈ મનુષ્યોને સ્વાભાવિક હોય છે. પૂર્વ-

જેથી રોપાયલાં પૈતૃક બીજોમાંથી ઉગેલા પૂર્વસંસ્કારોના સિદ્ધ ફલરૂપે કહો કે પૂર્વ જન્મમાં રોપાયલાં કર્મબીજોમાંથી ઉગેલા પૂર્વ સંસ્કારોના સિદ્ધ ફલરૂપે કહો કે ઉભયના ફલરૂપે કહો તે જે કહો તેવી રીતે કહેતાં એક રીતે તો સત્ય અને સિદ્ધ એવા પૂર્વ સંસ્કારોમાંથી આવા અપ્રજ્ઞાત ધર્મ કોઈક પુણ્યશાલી જીવોને સ્વભાવસિદ્ધિથી પ્રાપ્ત થાય છે તો કોઈકને આ જન્મમાં વિદ્યાદિક ઐહિક કારણોથી પ્રાપ્ત થાય છે, અને કોઈકને ઉભય રીતે પ્રાપ્ત થાય છે. પ્રજ્ઞાત ધર્મ પાળનાર જીવો મોહાદિકના આવરણને ભુલથી વશ થઈ જાય છે ત્યારે અપ્રજ્ઞાત ધર્મ પાળનાર જીવને એવી ભુલ કરવી સ્વભાવથી જ પ્રતિકૂલ હોય છે અને તેમનું ધર્મકવચ સ્વભાવથીજ નિશ્છિદ્ર હોય છે. પ્રજ્ઞાત ધર્મપાળનાર જીવને લાભ એટલો છે કે દેશાચાર અને લોકરૂઢિ આદિ આવરણથી કુણ્ઠિત થયલી બુદ્ધિને સદ્વિદ્યાના શોધનમાં પ્રેરાવાનો ઉત્સાહ હોય છે અને પૂર્વસંસ્કારોએ રોપેલા દોષથી મુક્ત થવાનું આવા જીવોને સાધન મળે છે. **લી**લાવતીના જીવનમાં ધર્મ કેટલે અંશે પ્રજ્ઞાત અને સાધનસાધ્ય હતો અને કેટલે અંશે અપ્રજ્ઞાત અને સ્વભાવસિદ્ધ હતો તે જાણવાનો પ્રસંગ તેનો ક્રમ આવ્યે શોધીશું. પણ એના જેવી સ્થિતિમાં પ્રવાહપતિત થયેલા જીવનો શુદ્ધ પ્રજ્ઞેય ધર્મ શો હોવો જોઈએ ? **લી**લાવતીએ અનેક પ્રકારે રાખેલી ભાવનાઓમાં અને કરેલી ચિન્તાઓમાં ધાર્મિકતા હતી એ કીયા વિચારથી કહી શકીયે ?

૩૦. પ્રજ્ઞાત અથવા પ્રજ્ઞેય ધર્મની અન્ય જીવોના આતિથેય કર્મમાં સમાપ્તિ. યજમાન, અતિથિ, અને નિષ્કામ આતિથેયયજ્ઞ. ત્રણ પ્રકારના જીવ.

૩૦. આ પ્રજ્ઞેય ધર્મ શો હોવો જોઈએ ? આ ચિન્તાઓમાં અને ભાવનાઓમાં ધાર્મિકતા હતી એ કીયા વિચારથી કહી શકાય ? આ પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રસંગ આ લેખકે કલ્પેલાં પાત્ર વિષ્ણુદાસ બાવા અને ચન્દ્રાવલી મૈયાને મુખેથી જેવો **લી**લાવતીને પોતાને મળત એવો, વાંચનાર, તું પણ શોધી લે એ જ અત્ર યોગ્ય લાગે છે. સરસ્વતીચંદ્ર ભાગ ૪ નાં પૃષ્ઠ ૪૦૧–૪૦૩ માં પરોપકારીના મનોરથ તેની પોતાની અવસ્થા પ્રમાણે સંકુચિતવિકસિત થાય છે તે ચન્દ્રાવલી મુખે દર્શાવેલું છે તેવા સંકોચવિકાસ વિના અન્ય મનોરથ **લી**લાવતીના હૃદયમાં દીઠા નથી. એજ ગ્રન્થના પ્રકરણ ૨૫ માં વિષ્ણુદાસ મુખે જે સનાતન વ્રતધર્મ પ્રજ્ઞેય ગણેલો છે તે ઉક્ત પ્રકારના સંકોચવિકાસપૂર્વક **લી**લાવતીએ પાળેલો છે. સમુદ્રતીર આ-

ગળની પર્વતની કોર ઉપર બેઠેલા બાળકનો ફેંકેલો પત્થર એવા ઉચ્ચા સ્થાનથી અગાધ સમુદ્રને તળીયે જાયછે તેમ રાજ્યાસન ઉપર બેઠેલા બાળકના પરોપકાર આખી પ્રજાના મર્મભાગમાં પ્હોચી શકે છે, તેમાં એ પરોપકારનો વિકાસ એ ઉચ્ચ સ્થાનને લીધે થયો અને એ પરોપકારને માટેનું બળ તો એ બાળકના હસ્તમાં હોય તેટલુંજ હતું. એજ બાળક પર્વતને ઠેકાણે ઘરના ઉમ્બર ઉપર રહી અતિશ્રમથી આકાશમાં પતંગ ઉરાડે તેમ રંકઘરમાં જન્મેલું બાળક કુટુમ્બને સુખી કરે તો તેના પરોપકારનો સંકોચ તેના સ્થાનને લીધે છે અને તે માટેનું તેનું બળ તો પર્વતશિખર જેવા રાજ્યાસન ઉપરની પોતાની અવસ્થાને કાળે કરવું પડ્યું હતું તેટલુંજ પ્રયોજે છે. માટે અવસ્થારૂપ પડને દૂર કરી તેની નીચે રહેલા જીવે ધર્મકાર્યમાં કેટલું બળ કર્યું અને કેવો ધર્મ પાળ્યો એ જોવા પામીયે ત્યાં સુધી તેની તુલનાશુદ્ધ થતી નથી. આવી તુલનાશુદ્ધિ પ્રાપ્ત કરી પછી વિચાર કરવાનો છે કે અમુક વ્યક્તિયે પોતાનો સનાતન યજ્ઞ કેવી રીતે પ્રજ્વલિત કર્યો. ઉક્ત દૃષ્ટિયે જીવન અને સંસાર એક મહાયજ્ઞરૂપ છે તેમાં સર્વ મનુષ્યજીવોના ત્રણ વર્ગ થાય છે. કેટલાક જીવો અન્ય જીવો પાસે સેવા લેઈ પુષ્ટ થાય છે, એ અન્ય જીવોદ્વારા પોતાના સ્વાર્થ સાધે છે, અને તેમ કરતાં એ સેવક જીવોને માથેના ભારનો અથવા તેનાં સુખદુ:ખનો વિચાર આ સ્વાર્થસાધક જીવો કરતા નથી અને ગમે તો એવો વિચાર કરે છે પણ પોતાની વાસનાઓને વશ થઈ એ વિચારનો સદુપયોગ કરી સેવક જીવનો ભાર ઉતારતા નથી. આ સેવક જીવો જેવા આ મહાયજ્ઞમાં યજમાનરૂપ છે તેવા આ સેવિત જીવો અતિથિરૂપ છે, અને એ અતિથિયો કનિષ્ઠ વર્ગના અને દુષ્ટ અથવા તો પામર હોય છે. આ પ્રથમ અને કનિષ્ઠવર્ગના જીવ છે તો મધ્યમ વર્ગના જીવો અન્ય જીવો પાસે કંઈક સેવા કરાવે છે તો કંઈક સેવા તેમની કરે છે પણ ખરા. આ જીવો સેવા કરાવે ત્યારે અતિથિ થાય છે અને સેવા કરે ત્યારે યજમાન થાય છે. તેમની યજમાનતા સકામ હોય છે, કારણ પોતાનું આતિથેય ઇષ્ટ પ્રકારે થાય તેને માટે પોતાની યજમાનતાને સાધનરૂપ ગણે છે. કનિષ્ઠ વર્ગનાં મનુષ્ય જ્યારે કેવળ અતિથિપદ શોધે છે અને યજમાનકૃત્ય સમજતાં નથી ત્યારે આ વર્ગ ઉભયપદ શોધે છે અને યજમાનપદ સકામ વૃત્તિથી કરે છે. તેમના હૃદયમાં પુત્રાદિક ઉપર પ્રીતિ હોય છે પણ તે એવી વાસના સાથે હોય છે કે આ પુત્ર મને વૃદ્ધાવસ્થામાં કામ લાગે, આ મ્હારી પત્ની મ્હારી

સેવા કરે અને મ્હારી વાસનાઓને તૃપ્ત કરે ઇત્યાદિ. આવી પ્રીતિ વણી હોય તો પણ પ્રીતિનો બદલો શોધવાની આવી કામના હોય છે, અને તે કામના પૂર્ણ ન થાય તો એ પ્રીતિ રાખનાર નિરાશ થાય છે, દુઃખી થાય છે, અને એ બદલો ન વાળનાર પુત્રાદિક ઉપર ક્રોધ કરે છે. कामात्संजायते क्रोधः એ ગીતાવાક્યનો એમને આમ અનુભવ થાય છે. આમનાથી ભિન્ન ત્રીજા અને શ્રેષ્ઠ વર્ગના જીવ અતિથિ થવાની કામના રાખતા નથી અને સ્ત્રીપુત્રાદિક પોતાની પ્રીતિનો બદલો વાળો કે ન વાળો તેની અપેક્ષા રાખ્યા વિના તેમને પોતાના અતિથિ ગણી તેમનું આતિથ્ય કરે છે અને પોતે તેમના નિષ્કામ યજમાન થાય છે. સંસારધર્મને લીધે, પોતાની શક્તિની મર્યાદાને લીધે, અથવા પોતાની દૃષ્ટિની મર્યાદાને લીધે, આવા જીવો પુત્રાદિક વિના અન્ય જીવોનું કલ્યાણ ન કરી શકે તોપણ તેમની દૃષ્ટિમાં એ પુત્રાદિક અને અન્ય જીવો સમાન જ છે. આગગાડીમાં ઘણી ભીડમાં આપણે બેઠા હઈએ ત્યારે દૂર ઉભેલા મનુષ્યને ઉભો રહેવા દેઈ પાસે ઉભેલાને બેસવાની જગા આપવા આપણે ઉભા થઈએ તેજ ન્યાયે આવા જીવો પોતાનીપાસે ઈશ્વરે મુકેલા પુત્રાદિક જીવોની સંભાળ લેવામાં અને અન્ય જીવોની ન લેવામાં ગુંથાવા છતાં હૃદયમાં એ સર્વના ઉપર સમાન દૃષ્ટિ રાખી શકે છે. પુત્રાદિકને માટેની તેમની ચિન્તાઓ આ દૃષ્ટિયે જોતાં તેમના શુદ્ધ પ્રજ્ઞેય ધર્મરૂપ કહી શકાય અને તે પુત્રાદિકનું આવું નિષ્કામ આતિથ્ય કરવામાં તે યજમાન જીવોના નિષ્કામ યજ્ઞની સમાપ્તિ થાય તો આપણા આગગાડીમાં બેસનારના દૃષ્ટાન્તને ન્યાયે—દૃષ્ટિની કે શક્તિની મર્યાદાને લીધેની જ—એ સમાપ્તિ સાથે એ યજ્ઞની પર્યાપ્તિ પણ ગણવાની પ્રાપ્ત થાય છે. લીલાવતીએ તેના શ્વશુરગૃહમાં કે પિતૃગૃહમાં જેની તેની ચિન્તાઓ કરીને આવી સમાપ્તિ કરી છે ને તેમાં આવી પર્યાપ્તિ હતી. તેની સ્થિતિના પ્રમાણમાં એનાથી વિશેષ યજમાનતા કોણ કેવે પ્રકારે પાળવાનું હતું? તેનું જેટલું જેટલું કર્તવ્ય જેને જેને માટે હતું તેને તેને માટે તે તે કર્તવ્ય ક્રિયા કરતી કરતી તે ચાલી ગઈ, અને એ જ એના પ્રજ્ઞેય ધર્મની સમાપ્તિ અને પર્યાપ્તિ.

૩૧. અનુસારિણી યજમાનનો આતિથ્યસ્વીકાર.

૩૧. આ ત્રણે પ્રકારના જીવોમાં કનિષ્ઠ વર્ગના જીવ નિષ્કામ યજમાન થવાનું સમજતા નથી તો શ્રેષ્ઠવર્ગના જીવ સકામ અતિથિ થવાનું સમજતા નથી. માતાપિતાના અને દેશકાળના અનેક ઉપકાર તેમને ત્યાં જન્મનાર ઉપર થાય છે તે આકાશમાંથી પડતી વૃષ્ટિ

પેઠે અનાસન્વિત પડે છે. નદીના મૂળમાંથી જેમ નદીમાં પાણી આવે છે તેમ આ ઉપકારરૂપ આતિથ્યના અતિથિની સ્થિતિ ન્યૂનાધિક પ્રમાણમાં મનુષ્યમાત્રને લલાટે લખી હોય છે. તે પછી બુદ્ધિપરિપાક દશામાં યજમાન થવું કે અતિથિ થવું, તે પણ સકામ થવું કે નિષ્કામ થવું, એ જીવોના કનિષ્ઠાદિક વર્ગઉપર આધાર રાખે છે. ચતુર્થાશ્રમીએ ઉદરપૂરણાર્થે અન્ન ઔષધ પેઠે લેવું એવું એક ઉપનિષદ્ કહેછે તેમ અન્યાશ્રમી વિરક્ત જીવોએ અન્ય જીવો પાસેથી જે કાંઈ અન્ય આતિથેય સ્વીકારવાનું થાય છે તે ઔષધ પેઠે જ સ્વીકારવાનું થાય છે. જેમ શ્રુતિ અયજ્ઞોપવીતી બ્રાહ્મણનું વર્ણન કરેછે તેમ પરિવ્રજ્યા વિનાના સન્યાસનું પણ કરે છે. ગૃહસ્થાશ્રમી બ્રહ્મચારી પણ શાસ્ત્રમાં એ જ ન્યાયે વર્ણવેલો છે. સ્ત્રીઓને માટે આ કાળમાં બ્રહ્મચર્ય કે પરિવ્રજ્યા નથી અને તે છતાં માતાપિત્રાદિક સર્વ યજમાન વર્ગ પાસેથી મળતું આતિથેય ઔષધ પેઠે સૂક્ષ્મમાપસર અને તે પણ ન ચાલ્યે સ્વીકારનારી લીલાવતી ઉક્ત ન્યાયે અસંસારિણી જ હતી તે તેના જીવનના ઉક્ત પ્રસંગોથી સ્પષ્ટ થશે.

૩૨. એવી યજમાનાના સમદૃષ્ટિમય જ્ઞાનમાં પક્ષપાતમય સ્નેહનો સમાસ. ધર્મ્ય અને અધર્મ્ય સ્નેહ. અસંસારિણી સંસારિણી.

૩૨. આવી અસંસારિણી સ્થિતિવાળી લીલાવતી સ્નેહશૂન્ય ન હતી. કોઈ પણ મનુષ્ય ઉપર આપણો પક્ષપાત થાય તે સ્નેહ. “પક્ષપાત” એ શબ્દની સાથે સામાન્ય દૃષ્ટિએ અજ્ઞાનનું ભાન થાય છે. સર્વ ભૂતોમાં સમદૃષ્ટિ રાખે નહી તે જ્ઞાની કેમ? તે વિરક્ત કેમ? ખંડ ૩૦ માં કહેલો આગગાડીમાં લીંડમાં બેસનારો ઉઠે ને પાસે ઉભેલાને બેસાડવાને માટે પોતે ઉભો રહે એવું દૃષ્ટાંત આપેલું છે તે પણ એક પક્ષપાતનું દૃષ્ટાંત છે. એ પક્ષપાત ક્રિયામાં હોય છે, હૃદયમાં હોતો નથી, માટે તે પક્ષપાત રાખનારની સમદૃષ્ટિતામાં ન્યૂનતા આવતી નથી એમ ઉપર કહેલું છે. જ્યાં ક્રિયામાં આવો પક્ષપાત ધર્મ્ય થાય છે ત્યાં એ જ ક્રિયાનો સાધનભુત અને પ્રોત્સાહક સ્નેહવિશેષ પ્રકટ થાય તો તે ક્રિયાની શીઘ્રતામાં, સફલતામાં, અને સંપૂર્ણતામાં ન્યૂનતા રહેવાનો સંભવ ન્યૂન થાય છે. આવી ધર્મક્રિયાને અંગે આમ સ્નેહ પ્રકટ થાય તે આવી રીતે ધર્મરૂપ જ છે. જે ન્યાયે શ્રીકૃષ્ણે અર્જુનને “સખા” અને “પ્રિય” શબ્દથી સંબોધવાનું યોગ્ય ગણ્યું તે જ ન્યાયે આ ધર્મના સાધનરૂપ સ્નેહ ધર્મ્ય થાય

છે. માર્ગમાં પડેલા કોઈ બાળકને કોઈ સ્ત્રી ધવરાવી મ્હોટું કરે તે ધર્મ છે. એ ધર્મ સ્નેહથી પળાય તો સવિશેષ ધર્મ્યતા છે. આમાં પ્રજ્ઞેય ધર્મ છે, તો માતા બાળકને જે સ્નેહથી ધવરાવે છે તે તે બાળકને માટે આવશ્યક હોવાને લીધે તેનો અપ્રજ્ઞાત ધર્મ છે. અંહી માતાનો સ્નેહ આવા અપ્રજ્ઞાત ધર્મનો સાધક થાય છે માટે ધર્મ્ય છે; આ "બાળકની હું પ્રારબ્ધવશાત્ માતા થવા પામી છું— "પણ પરમાર્થ દૃષ્ટિએ મ્હારે તેને સંબંધ નથી અને અન્ય બાળકોમાં "ને આમાં ફેર નથી" એવી બુદ્ધિથી આ માતા આવો સ્નેહ રાખે ને આ ધર્મ પાળે તો તે પ્રજ્ઞેય ધર્મ પાળે છે ને તેનો પક્ષપાતરૂપ સ્નેહ ધર્મ્ય જ છે. સ્નેહના એ સ્વરૂપને ભુલી કેવળ વાસનારૂપ મમતાને વળગી રહેનાર સ્નેહીજન મોહશોકનું પાત્ર થાય છે, મમતાના પાત્ર જનના ઐહિક સ્વાર્થને ઇચ્છી એ સ્વાર્થને પ્રતિકૂળ જનોનું અપ્રિય કરે છે, અહંતાથી મુક્ત રહી શકેછે પણ મમતામાંથી મુક્ત થઈ શકતાં નથી, અને સ્નેહબળે અનેક અધર્મને આચરે છે. આ સર્વ સ્નેહ કેવળ-વાસનામય સ્વતઃ સાધ્યરૂપ હોય છે, અને ગાંધારી, ધૃતરાષ્ટ્ર, અને કૈકેયીના વૃત્તાન્તમાં એ અધર્મ્ય સ્નેહનાં દષ્ટાંત જડે છે. એમાં વિચાર વૃત્તિનો દાસ બને છે તેને સટે વિચારને વશ વૃત્તિ થાય અને જ્ઞાનને અને ધર્મને વશ સ્નેહ થાય તો તે સર્વથા જીવનસ્થિતિમાં યોગ્ય જ છે, અને એ જ કૈકેયીના પુત્ર ભરતમાં એવા સ્નેહનું દષ્ટાંત જડે છે. સજ્જન પ્રતિ સ્નેહ, ગુરુજન પ્રતિ ભક્તિ, સત્પાત્રને સલ્લાભ થતાં અનુમોદન, સંસાર પ્રતિ દયા, આદિ સ્નેહનાં સ્વરૂપ ચતુર્થાશ્રમીને પણ પ્રાપ્ત થાય છે તેવી રીતે તૃતીયાશ્રમીનો સંસાર ઉક્ત પ્રકારના ધર્મ્ય સ્નેહમાં સૂક્ષ્મ મર્યાદાપૂર્વક પ્રવર્ત્તે ત્યાં સુધી એ સંસારને સ્થાને એ આશ્રમીના હૃદયમાં અસંસાર અને નિવૃત્તિ ઉભય એ સ્નેહની સાથે સાથે વસી શકે છે. પ્રિય વાંચનાર! એ સંસાર-અસંસારનો સહવાસ લીલાવતીના જીવનમાં તેમ હૃદયમાં જોવાનું આ લેખકના સદ્ભાગ્યમાં આવી ગયું—આવ્યું પણ ખરું ને ગયું પણ ખરું! તેણે કરેલું આતિથ્ય તેની માતાએ સ્વીકાર્યું અને તેના આસ્વાદનના સ્મરણથી "મ્હારું રત્ન "ગયું! મ્હારું રત્ન ગયું!" કરી તેણે આક્રન્દન કર્યું તેવા પ્રસંગ અન્ય માતાપિતાને આવતા હશે, અન્ય આર્યાઓ પુત્રીરૂપે, માતારૂપે, પત્નીરૂપે, અને ભગિનીરૂપે પોતાનાં અતિથિયોનું આતિથ્ય લીલાવતીના જેવી જ સૂક્ષ્મ પ્રવીણતાથી કરતી હશે—કરી ગઈ છે—તે સ્મરું છું

ત્યારે સૌભાગ્યદેવી અને ગુણસુન્દરી, જેવી મ્હારી કલ્પિત પુત્રીઓ મ્હારા મસ્તિકમાં તરવરી છે તે પ્રતિબિમ્બને સ્થાને જીવતી આર્યાઓની છાયાઓ તરવરતી દેખું છું અને તેવીઓનું જેવું સૂક્ષ્મ સતત આતિથ્ય કરવું જોઈએ તેવું કરનાર પુરુષો આ આર્ય દેશમાં કેટલા છે અને ક્યાં છે તે શોધતાં શોધતાં કાંઈક નિરાશ થાઉં છું! એ નિરાશા ખોટી હશે. પણ તે ખોટી પાડનાર આર્યોનાં તપ આવી તપસ્વિની આર્યાઓનાં નિષ્ફળ અજ્ઞાત અને એકાંત તપ આગળ તો કાંઈ લેખામાં નથી જ એટલી વાત તો આ હૃદયમાંથી ખસતી નથી.

**૩૩. એવી યજમાનાઓના સ્નેહનું સ્વરૂપ.**

૩૩. જે ભાવનાઓ આયુષ્યના પૂર્વભાગમાં લીલાવતીની પાસે તેની માતાનું આપ્યું લેતાં સંકોચ રખાવતી હતી તે જ ભાવનાઓને અને તજ્જન્ય નિર્ણય-નિશ્ચયને અને સુખદુઃખાદિકને એના અવસાનકાળે એના હૃદયમાંથી શાન્ત કર્યાં, એવા સ્વરૂપવાળી એની યજમાનતા સમાપ્ત થઈ, અને એ અવસાનકાળના ભાનથી એનામાં નવી યજમાનતા પ્રાપ્ત થઈ. એ યજમાનતાએ લીલાવતી પાસે ઉક્ત પ્રકારોથી એની માતાની ચિન્તાઓ કરાવી અને માતાના આશ્વાસનને માટે પ્રયત્ન આરંભાવ્યા. પોતાનું આયુષ્ય કંઈ પણ દીર્ઘ હશે એવો સંભવ લાગતો હતો ત્યારે તે પિતાની નિવૃત્તિને દ્રવ્યાગમની પણ નિવૃત્તિ જેવી ગણતી હતી અને તેવા કાળમાં તેના ઉપર ભાર મુકવા ના પાડતી હતી, તે છતાં એ આયુષ્ય લંબાવવાની જિજીવિષાથી એવા જ કાળમાં પોતાના વ્યાધિના શાન્તિ માટે એ જ પિતાએ કરવા માંડેલો વ્યય એણે સ્વીકાર્યો હતો. છતાં એ જિજીવિષા વ્યર્થ થઈ લાગી અને એ આયુષ્યની દોરી ટુંકી થઈ સ્પષ્ટ જણાઈ ત્યારે લીલાવતીના હૃદયમાં એના પિતાના એ વ્યયની અને ઉપચારોની પણ નિષ્ફળતા જણાઈ. છતાં તેની માતાના આશ્વાસનને માટે એ નિષ્ફળ વ્યયની અને નિષ્ફળ ઉપચારોની પોતે પ્રતિરોધક થઈ નહી. સત્યવાદિની, સત્યવાદમાંથી ન ચળાય અને તેની સાથે જ માતાના હૃદયને નિરાશાનો આઘાત ન લાગે એવી રીતે, દક્ષ પ્રશ્નોદ્વારા આશા આપવા લાગી. “બા, મ્હોટાકાકા મ્હારે “માટે ઓસડોમાં આટલા આટલા પૈસા ખરચે છે તો શું તેનું કાંઈ “ફળ નહી થાય? તમે એ સઉ જુઓ અને હીમત રાખો.” પોતાનાં દુઃખ સંભારી એ માતા પોતાની પાછળ દુઃખી થાય નહી માટે માતાના જ અનુભવનું ભાન માતાને આપવા લાગી: “બા, દુઃખ તો

"સંસારમાં સરજેલું જ છે. મ્હારા દુઃખને આટલું મ્હોટું ગણોછો "તો તમે તમારા પોતાના દિવસ કેમ સંભારતાં નથી?" માતાના આવા અનેક અનુભવનું સ્મરણ પુત્રી માતાને આપવા લાગી અને થવા નિર્મેલા વિયોગનો ઘા ઓછો કરવા પુત્રીવત્સલ માતાનું પોતાના અવસાનકાળયોગ્ય છેલું આતિથેય માતૃવત્સલ પુત્રી આમ અનેક વિધિથી કરતી હતી.

૩૪. બ્હેનોના માટેની ચિંતા અને તેમની સુપ્રત.

૩૪. પોતાની પાછળ **લી**લાવતી પોતાની માતાને આમ અનેક ઉપદેશની અને આશ્વાસનની દાયાદ કરતી ગઈ, તો અન્ય આપ્ત મંડળને પણ જેને જેવું ઘટે તેવું તેને આપ્યા વગર રહી નહી. "મ્હોટાકાકા, વારુ, "તમે મને આટલું ભણાવી, જસુબ્હેનને કાંઈક "ભણાવી, ને આ જયન્તીને તો કંઈ જ ભણાવી નહી એમ શાથી કર્યું?" એક પ્રસંગે **લી**લાવતીએ આમ વિનીતપ્રશ્નરૂપે મને એની એક બ્હેનના સંબંધમાં ઠપકો દીધો, તો અન્ય પ્રસંગે "મ્હોટાકાકા, જસુ-"બ્હેન તો બહુ જ ભોળી છે" એમ અસંતોષ જણાવ્યો. એ ઠપકો અને એ અસંતોષ મને જણાવવામાં **લી**લાવતીનો ગર્ભિત હેતુ એવો હતો કે એ વાત મ્હારા લક્ષ્યમાં આવતાં હું તેનો ઉપાય કરું. આથી આ પ્રસંગો તે ઘણી વેળા ક્હાડતી. એને ઉત્તરમાં એમ કહેવામાં આવતું કે "**લી**લાવતી, તું જુવે છે કે સર્વે પોતપોતાનાં ભાગ્ય પ્ર-"માણે પામે છે. તું આટલી વિદ્યા પામી ને જસુ ઓછી પામી "તો એ ત્હારા કરતાં ગાય છે સારુ ને અક્ષર પણ સારા લખે છે. "જયન્તી કંઈ અભ્યાસ ન કરી શકી તો તમારા એના કરતાં એના "સાસરામાં સંપત્તિ સારી છે." આ ઉત્તર **લી**લાવતીને માટે બસ ન હતો. કેવળ ભૂતકાળના સમાધાનને માટે જ તેણે પ્રશ્ન ઉપાડ્યા ન હતા. પણ તેની છેલી ચિન્તાઓ એની બ્હેનોનું ભાવિ ભાગ્ય સુધારવા ઉપર હતી. આથી તે આ જ પ્રસંગો ફરી ફરી આણતી. ભોળપણનો ઉપાય નથી એમ નથી, પણ વિશેષ વિદ્યાથી એવી દક્ષતા આવે છે કે બુદ્ધિ વઞ્ચિત ન થાય અને હૃદય કેવળ પરતન્ત્ર ન થાય. આવા સાધ્યનાં સાધન તેની જસુબ્હેનને જસવતીને મળે એવા હેતુથી આ વાત તે ઉપાડતી. એની તે કાળે વિદ્યાહીન જયન્તીબ્હેનને માટે તો એને હજી અધિક ચિન્તા હતી. જ્યારે એની માતાને જયન્તી સાથે લ્હડતી દેખતી ત્યારે **લી**લાવતી રોતી અને આંસુભરી આંખે માતાને ઠપકો દેતી કે

"બા, એને તે શું આમ લ્હડતાં હશો? એને કાંઈ રસ્તે પાડો, કાંઈ "સુઝાડો, પણ આમ તે કંઈ એ સુધરતી હશે—આમ તે શું કરતાં "હશો?" લીલાવતી, ત્હારી આ ચિન્તાઓ ખરી હતી, ત્હારા ઠપકા સત્ય હતા, અને તને દેવા જેવો ઉત્તર મ્હારી પાસે ન જ હતો માટે હું ત્હારા પ્રશ્નોનાં સમાધાન આમ અપૂર્ણ રાખતો. જે કાળે તને વિદ્યા આપી તે કાળે મ્હારા યૌવનસ્થ હૃદયના ઉત્સાહ ઉગતા હતા, ત્હારો બુદ્ધિવિકાસ ઘણા સ્વલ્પ શ્રમથી થતો, ત્હારા વિદ્યાભ્યાસને માટે જોઈતાં સાધન અલ્પ પ્રયત્નથી જડી આવ્યાં, અને ત્હારે માટે મને અવકાશ પૂર્ણ હતો. વકીલાતનો ઉદ્યમ—જેમાંની સફળતાને સંસાર ભાગ્યરૂપ ગણે છે—તે જુજ કાળમાં એવો તો વધી પડ્યો હતો કે ત્હારી બ્હેન જસવતીના અભ્યાસ પાછળ ધ્યાન આપવાને મને અવકાશ ઘણો સ્વલ્પ હતો. જયન્તીને વિદ્યા આપવાને કાળે હું એ ઉદ્યમમાંથી ઉપરત થઈ મુંબાઈ છોડી નડીઆદ આવ્યો ને નડીઆદમાં તેને તેની બ્હેનોની વિદ્યાનો અંશ આપવાનું સાધન ન મળ્યું. લીલાવતી! આપણા દેશમાંની કન્યાઓ પણ ત્હારી બ્હેનો જ છે. તેમના એક વર્ગના જેવું ભાગ્ય ત્હારી એક બ્હેનનું બંધાયું, ને બીજા વર્ગના ભાગ્ય જેવું ભાગ્ય ત્હારી બીજી બ્હેનનું બંધાયું: એકનું ભાગ્ય એના પિતાની પ્રવૃત્તિએ ઘટાયું, બીજીનું તેના પિતાની નિવૃત્તિએ—ગામડા ગામના નિવાસે—ઘટાયું. એ પ્રવૃત્તિથી ત્હારી એક બ્હેનને જે આમ હાનિ થઈ તેનો બદલો એ પ્રવૃત્તિકાળના બીજા થયેલા લાભમાં શોધજે. એ નિવૃત્તિથી ત્હારી જયન્તીને થયલી હાનિનો બદલો, એ નિવૃત્તિદ્વારા આ શરીર આપણા લોકને કંઈ લાભ આપી શક્યું હોય તો તેમાં, શોધજે. "તું શોધજે!" એ સંબોધન હવે તું સાંભળી શકે એમ ન હોય તો ત્હારી એ બ્હેનોનાં હૃદયમાં હજી તું રહેલી છે ત્યાં રહીને એ બ્હેનોનાં હૃદયદ્વારા શોધજે. તેમનાં હૃદયોમાં તું રહેલી જ છે, કારણ પરદેશ વસીને પણ તેઓ તને સંભારે છે, અશ્રુપાત કરે છે, અને ત્હારા ગુણને સંભારી તેનું અનુકરણ કરતાં અને તેનું કારણ કહેતાં ક્વચિત્ કહે છે કે "બ્હેન આમ કરતાં હતાં," "બ્હેન આમ કહેતાં "હતાં." ત્હારા અવસાનકાળમાં તેમના સ્વામીઓએ ત્હારી કંઈ સેવા કરેલી છે ને તે કાળે તેમના સ્વામીઓને તહેં ત્હારી બ્હેનોને સોંપી છે અને તેમનાં ભાગ્ય સુધારવાની સૂચનાઓ કરી છે એમ મ્હારે કાને આવ્યું છે. ચતુર લીલાવતી! જેનો જે અધિકાર તેને તે કહી દઈ,

ત્હારી બ્હેનોના ભાગ્યમાં જે કાંઈ ત્હારાં વચનથી સુધારો થાય તેટલા સુધારાની એ ત્હારી બ્હેનોને ત્હેં દાયાદ કરી છે. આ વાત હું પ્રસિદ્ધ કરું છું તે એવા આશયથી કે આ દેશમાં ત્હારી જે અનેક બ્હેનો છે તે પણ આ અક્ષરપ્રવાહના સ્વલ્પ સત્વથી ત્હારી આ બ્હેનોના જેવી જ દાયાદ થાય, અને તેમના સ્વામીઓ ત્હારી એ અનેક બ્હેનોનાં આતિથેય કરી તેમના યજમાનરૂપે તેમનાં ભાગ્ય સુધારે.

૩૫. ભાઈમાટેની ચિંતા અને તેને ઉપદેશ.

૩૫. જેવી **લી**લાવતીએ બ્હેનોની ચિન્તા કરી તેવીજ તેના ભાઈની કરી. "મ્હોટાકાકા, ભાઈ કેમ આમ પા-"છળ પડી ગયો ને આવો રહ્યો?"—"મ્હોટી, "હું શું કરું? એમાં પણ એનું ભાગ્ય! હું નડી-"આદ આવ્યો ત્યારે એને હું જાતે જ ભણાવું તો "કાંઈ એને વિશેષ લાભ થાય એમ જાણી નિશાળેથી ઉઠાડ્યો ત્યારે "તું જાણે છે કે મને એવો લાંબો મંદવાડ આવ્યો કે વિશેષ લાભ "આપવાને સટે એને ઉલટી હાનિ થઈ ને અશક્તિને લીધે હું પ્હોચી "ન વળ્યો!" સંસારમાં કંઈક સારું કરવા જતાં નરસું થાય છે ને નરસામાંથી સારું થાય છે. એવા વ્યાપાર કરવા માંડનાર પિતાના વ્યાપારના લાભાલાભ તેની પ્રજા ભોગવે છે તેના ગુણદોષ કોને શિર? એ પિતાએ જો અહંતામમતાથી આ વ્યાપાર કર્યા હોય તો તેને શિર, અને ધર્મબુદ્ધિથી કર્યા હોય તો પ્રારબ્ધભોગને શિર—એવી વ્યવસ્થા આપણા દેશને પરિચિત છે. **લી**લાવતીનાં પોતાનાં તેમ એનાં ભાઈબ્હેનનાં ભાગ્ય રચવામાં કેવી બુદ્ધિથી આ લેખક પ્રવૃત્ત થયો હતો તે એને સુવિદિત હતું. એ પુત્રીના પોતાના ભાગ્યના વિષયમાં એની માતાને અસંતોષ રહેતાં **લી**લાવતી, માતાના અસંતોષને દૂર કરતાં અને પોતાનો સંતોષ જણવતાં, ક્વચિત્ માતાની મશ્કરી કરતી અને પિતાનો પક્ષપાત કરતી. એના ભાઈના વિષયમાં ઉક્ત પ્રકારે કારણ મળતાં પિતાનો દોષ એની પક્ષપાતિની બુદ્ધિમાં વસ્યો નહી અને જે થઈ ગયું તેનો ઉપાય ભાઈના જ હાથમાં છે એમ ગણ્યું ને ભાઈને જ ઉપદેશ કરવો આરંભ્યો. તેના ખાટલા આગળ એક દિવસ જતાં ભાઈને ઉપદેશ કરતી બ્હેનને સાંભળીઃ "ભાઈ, તું હવે મ્હોટો થયો "તે મ્હોટાકાકાને માથેથી ચિન્તાનો ભાર ઓછો કરવાને સટે વધા-"રીશ નહી હોં! હવે તો તું જરા ડાહ્યો થતો જા!" **લી**લાવતી! આ તે ત્હેં ત્હારા ભાઈની ચિન્તા કરી કે ત્હારા મ્હોટાકાકાની ચિન્તા કરી?

ત્હારા ભાઈને ડાહ્યો થવાનો શો માર્ગ કહ્યો? ત્હારા મરણ પછી આખું વર્ષ વીત્યા પછી ત્હારો ભાઈ ત્હારી માતા ન વાંચે એમ મને ઇંગ્રેજીમાં લખે છે કે "મ્હારાં સ્વર્ગવાસી વિદુષી બ્હેન **લી**લાવતી આજ મ્હારી "પાસે અંહી પ્રત્યક્ષ નથી ને તમારી પાસે પણ નથી, પણ તેમને "માટે મને જે પ્રીતિ અને માન હતાં તે પાછાં ઈશ્વરે મ્હારા હૃદ- "યમાં ખડાં કર્યાં, અને એવું જ આશ્ચર્યકારક વળી આ બન્યું છે કે "મ્હારા જીવનમાં ઉપયોગી થાય એવી મહત્વની શીખામણો મને "આપતાં બ્હેન ગઈ રાતથી તે છેક અત્યાર સુધી એવાં તો મ્હારા "સ્મરણમાં આવ્યાં કરે છે કે જાણે હું તે સાંભળતો એમના ઉપર "દૃષ્ટિ સ્થિર કરીને જ ઉભો હોઉં! એમને સંભારું છું ને તેની સાથે "મ્હારી આંખોમાં આંસુ ભરાઈ આવે છે." **લી**લાવતી! ત્હારો ભાઈ પણ ત્હારી શીખામણો પામી ત્હારો દાયાદ થયો. ત્હારી ચિન્તાઓ, ત્હારા ઉપદેશ, ત્હારો સ્નેહ, અને ત્હારું કરેલું આતિથ્ય: એ સર્વ ત્હારું સૂક્ષ્મ ધન—એ ત્હારી સંપત્તિ—એ ત્હેં આપેલું દાય—એ ત્હારા **લી**લાવતી-નામરૂપાદિકનો અમારી પાસે રહેલો શેષભાગ. ત્હારા ખાટલા પાસે ત્હારા ભાઈને ઉભો રાખી રાખીને ત્હેં તેને ઉપદેશ કરેલા તે તે ત્હેં પોતે શોધેલા અને પાળેલા ઔષધથી ભિન્ન શી રીતે હોઈ શકે? પાપી જીવો પણ મરતાં મરતાં ક્વચિત્ પશ્ચાત્તાપ કરી અવસાનકાળે જુના વિચારો ફેરવી પુણ્ય પન્થ જુવે છે તો અચળ શ્રદ્ધાથી કેવળ પુણ્યપન્થ જોનારી જે તું તેની દૃષ્ટિ તો અવસાનકાળે એ જ પન્થ વધારે વધારે સૂક્ષ્મતાથી જોયાં કરે, અને સંસારની સડકો પર ચાલતા અગ્નિરથમાંથી છેલા "સ્ટેશન" ઉપર ઉતરતી ઉતરતી એ રથમાં ત્હારી સાથે બેઠેલાં કુટુમ્બજનને ત્હારા પુણ્ય હૃદયની એ વાતો તું કહેતી જાય—એ ત્હારા જેવા મધુર જીવની મધુર પ્રકૃતિનો સ્વભાવસિદ્ધ ધર્મ છે તે ત્હેં પાળ્યો.

૩૬. પિતાના હૃદયવૈકલ્યની ચિકિત્સા અને તેનું ઔષધ.

૩૬. જે ધર્મથી **લી**લાવતીએ તેની માતાની, બ્હેનોની, અને ભાઈની આટલી છેલી ચિન્તાઓ કરી તેવી જ ચિન્તા તેના કાકા કાકી તથા પિતાની કરવાની તેણે ધારી. નડીઆદ તેની સેવા કરવા આવી ગયેલાં કાકાકાકીને ફરી દૂરદેશથી પાછાં તેડાવવાની **લી**લાવતીની પિતાપ્રતિ વિજ્ઞપ્તિ નિષ્ફળ થઈ. પિતાના

નિવૃત્તિકાળની ચિન્તા કરી વ્યયાદિકમાં એ પિતાનો ભાર વધે નહી એવી
તો તેણે સર્વ સાથે વ્યવસ્થા કરી હતી. પરંતુ એ પિતાનું જ્ઞાન પુત્રી-
વિરહની સહનશક્તિ કેવી ધરાવશે તેને માટે એ જ્ઞાન ઉપરથી **લી**લા-
વતીની શ્રદ્ધા એક દિવસ ચલિત થઈ. સુતાં સુતાં તેણે તેની માતાને પો-
તાની પાસે બોલાવી અને કંઈક ચમકીને કહ્યું: “બા, આજ તો મ્હો-
“ટાકાકાએ મને બ્હેન કહીને બોલાવી.” “વારુ, તેમાં શું થઈ
“ગયું? એમ કહ્યું હશે:” પુત્રીને માતાએ કહ્યું. પુત્રીએ ઉત્તર વાળ્યો:
“ના, તે તમે સમજ્યાં નહી. હું જાણતી હતી કે તમે તો પોચાં છો
“પણ મ્હોટાકાકાને જ્ઞાન છે તે તેમને કાંઈ નહી લાગે. પણ એમને પણ
“લાગે છે ખરું!” પ્રશ્ન—“તે ત્હેં શાથી જાણ્યું?” ઉત્તર—“મ્હેં
“આજ એમનું મ્હોં અને શરીર બરોબર ન્યાહાળ્યાં—તે લેવાઈ ગયાં
“છે.” પ્રશ્નઃ—“મ્હોટી, તું તો ગાંડી છે. ઓસડ વેસડનો હડકો
“હોયે ને ત્હારું મન પોચું થયું છે તે બધાંને પોચાં દેખે છે. બાકી
“એવું શું તને લેવાઈ ગયું લાગ્યું?” ઉત્તર—“કંઈ નહી. તે હું
“જોઈ લેઈશ.” પ્રાતઃકાળે આ વાત થઈ હશે. સાયંકાળે તે જરાક
ટટાર થયા જેવી થઈ બેઠી અને પુછવા લાગી:

“મ્હોટાકાકા, કાંઈ જ્ઞાનનો પ્રસંગ ક્હાડશો?”

“હા, બ્હેન. તું ક્હે તે ક્હાડીયે,”

“વારું, દક્ષિણામૂર્તિનું સ્તોત્ર યાદ છે?”

“હા.”

“તો જરી બોલો ને સમજાવો જોઈએ. મને તે યાદ છે પણ
“બરોબર ઉપસ્થિત નથી. અને જુવો. એક લીટી બોલી અર્થ કરજો
“ને પછી હું સમજી હઈશ તે કહી બતાવીશ તે ખરું કે ખોટું તે
“ક્હેજો. વળી ભદ્રામુદ્રાની વાત પણ ક્હેજો.” “તો સાંભળ. विश्वं
“दर्पणदृश्यमाननगरीतुल्यं निजान्तर्गतम्”—**લી**લાવતી કાન માંડી સાંભ-
ળવા લાગી—“જેમ એક દર્પણમાં આખી નગરી દેખાય છે તેમ આ
“બધું વિશ્વ પરમાત્માના નામરૂપમય છે ને એ જ પરમાત્મા આપણા
“અંતર્ભાગમાં અધિષ્ઠિત છે તેમાં એ વિશ્વ પ્રતિબિમ્બરૂપે ભાસે છે.”

“એટલે–મ્હોટાકાકા–આ જે દેખાય છે તે બધું તો ખોટું જ છે
“અને આપણામાં જે પરમાત્મા વસે છે તે જ સત્ય છે એમ જ કેની?”

“હા, બ્હેન, એમ જ. વળી એ ખોટું પણ પ્રતિબિમ્બ શાથી “જણાય છે તો તેના ઉત્તરમાં આ સ્તોત્ર કહેછે કે **पश्यन्नात्मनि मा- “यया बहिरिवोद्भूतं यथा निद्रया.** સર્વે ઇંદ્રિયો બંધ હોવા છતાં સ્વ- “પ્નને આપણે શાથી દેખીયે છીયે? તો કહે કે નિદ્રાની શક્તિથી દે- “ખીયે છીયે. તેજ પ્રમાણે આ સર્વ વિશ્વ ખોટું હોવા છતાં માયાની “શક્તિથી ખરું થયું જણાય છે પણ તે સત્ય જોતાં આત્મામાં એટલે “જોનારાના પોતાના આત્મામાં જ દેખાય છે. આ સ્વપ્ન જેમ સ્વપ્ન- “જોનારથી જુદું નથી છતાં જુદું ઉભું થયું છે તેવુંજ આ વિશ્વ “બ્હાર ઉભુ થયલા જેવું છતાં આત્મામાં જ ઉભું થયું છે.”

આ સર્વનો અનુવાદ કરી **લી**લાવતીએ પુછ્યું: “આ વાત “ખરી, મ્હોટાકાકા?”

“હા. બ્હેન, ખરી. હવે ત્રીજી લીટી સાંભળ. **यः साक्षात्कुरुते “प्रबोधसमये स्वात्मानमेवाद्वयम्**–આવા સ્વપ્નમાંથી પ્રબોધ પામી–જા- “ગીને—ભગવાન્ દક્ષિણામૂર્ત્તિ આ સર્વ વચ્ચે અદ્વય એવા સ્વાત્માનો “સાક્ષાત્કાર કરે છે...” આથી વધારે સમજાવવાનો પ્રયત્ન કરવો બંધ કરવો પડ્યો ને કહેવું પડ્યું: “**લી**લાવતી, તને બહુ શ્રમ પડ્યો ને “તું હવે થાકી ગઈ છે. માટે આ વાત કાલ કરીશું.” તેના અંત- કાળને દશ બાર દિવસની ઢીલ હતી તેવામાં આ પ્રસંગ બન્યો. તે થાકી ગઈ હતી–તેને શાન્તિની આવશ્યકતા હતી. તેને શાન્તિ આપી. વચ્ચે કંઈક કરાર થતાં **ભ**દ્રામુદ્રાની વાતનો કંઈક સાર તેણે માગ્યો તે કંઈક સમજાવવા જેવું તેને સમજાવી નિદ્રામાં નાંખી. થોડીક વારે આવે આવી તેની માતા સમાચાર કહેવા લાગી: “આ સર્વ એણે પુછ્યું “તેનું કારણ સમજાયું?” પ્રશ્ન:–“શું કારણ હતુ?” ઉત્તરમાં **લી**- લાવતી સાથે પ્રાતઃકાળે નીકળેલો પ્રસંગ કહી બતાવ્યો અને અંતે કહ્યું, “તમારું મન પોચું થયું છે એવું સમજીને સવારથી એણે કહ્યું “હતું કે–ઠીક, એ તો ત્યાર સોરી જોઈ લેઈશ–તે આ અત્યારે આ “બધું પુછ્યું.” **લી**લાવતી! તું ખોટું સમજી હતી એમ કેમ કહેવાય? મ્હારી પણ આટલી ચિન્તા ત્હારી પાસે કરાવવી મ્હારા પ્રારબ્ધમાં બાકી હશે તે આવી ઘડીએ મ્હેં કરાવી. વૃદ્ધને ઉપદેશ કરવાનો યુવ- કને અધિકાર–તે અધિકાર સિદ્ધ કરનાર પ્રસંગવડે સંસારમાંથી નીક- ળવાને દ્વારે ઉભેલી પુત્રીએ એ સંસારમાં ઉભેલા દેહાભિમાની પિતાને

એ અભિમાનનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો, પ્રશ્નો પુછી શુદ્ધ સત્યની પ્રત્યભિજ્ઞા કરાવી, અને દશ બાર દિવસરૂપ પળ-વિપળમાં દેહોત્સર્ગ-કાળે ભદ્રામુદ્રા જેવો ઉપદેશ આપતી નેત્રમુદ્રાને ઉઘાડી દીધી. સંસારીયો જેને ચેતન ક્‌હેછે તે ચેતન એ મુદ્રા ઉઘાડીને ગયું, એ કાળે એ શરીર ઉપર–એ મુખ ઉપર–એ નેત્રમાં–નવીન મધુર તેજ આવતું આ પક્ષપાતી પિતૃશરીરના હૃદયને ભાસ્યું. જોતાજોતામાં પિતૃશરીરનું પિતૃત્વ ધ્વસ્ત થયું, પુત્રીશરીર શબરૂપ થયું, મધુર હૃદયનું–પવિત્ર જીવનું–એ પંજર ક્‌હો તો પંજર અને મન્દિર ક્‌હો તો મન્દિર એકલું થોડીવાર રહ્યું, એ થોડીવાર પછી એ મન્દિર શબવાહિની ઉપર ચ્હડી અગ્નિસ્થાન ભણી વેગબંધ વહી ગયું–તે વહી જતું જોનાર “ પિતા ” મટી “ મનુષ્ય ” રૂપે પાછળ રહેલું સજીવ શરીર નિસ્તેજ થયું, અને એ મહાયજમાનારૂપ ગત જીવના આ મન્દિરને આ કાળે આ સજીવ ક્‌હેવાતા મ્હારા શરીર ઉપરનું મસ્તક નમ્યું. મ્હારા ગદ્ગદ કંઠમાંથી મહાપ્રયત્ને પણ હૃદયમાંથી મહાન્ સ્વવેગથી નીકળતો “ પરમાત્મા...પરમાત્મા ” એ શબ્દ ચારપાસ રોતા કુટતા લોકના શબ્દમાં ડુબી ગયો, નેત્રમાં આવતાં આંસુને લીલાવતીના શરીરના છેલા દર્શનના લોભે અટકાવ્યાં, અને એનું આતિથેય કરવાને અયોગ્ય યજમાનોનું ગૃહ શૂન્ય અને રંક થઈ ગયું. લીલાવતી, ત્‍હારા શરીરરૂપ મન્દિરને નમસ્કાર કરવા મ્હારા હૃદયે મ્હારા મસ્તકને નમાવ્યું, અને હું નમસ્કાર કરતો હાથ જોડી નીચું જોઉછું અને નમસ્કાર કરી રહી ઉંચું જોઉછું ત્યાં તો શરીર પણ મ્હારા જડ ગૃહમાંથી અદૃશ્ય થઈ ગયું. હવે તો ત્‍હારા અધ્યાત્મજીવનનું સ્મરણ અને કીર્તન એ જ બાકી રહ્યું છે, ત્‍હારું દુઃખ જોયું છે તે આગળ મ્હારે શિર કાંઈ દુઃખ બાકી રહેલાં હોય તો તેને ક્ષુદ્ર ગણવાની બુદ્ધિ ઉદિત થઈ છે, અને ત્‍હારા ઉપદેશમાંથી અને ત્‍હારા ચરિતમાંથી નવો બોધ અને નવું બળ લેવાનો ધર્મ મને પ્રાપ્ત થયોછે. ત્‍હારું શરીર ગયું—પણ ત્‍હારાં સત્કર્મફળી પ્રત્યક્ષ છે. ત્‍હારું વ્યક્તિત્વ ગયું–પણ પરમાત્મા સદોદિત છે તો આપણે પણ તેવાં જ છીએ–તે જ છીયે.

# પ્રકરણ ૪ થું.

## ઉક્ત જીવનવૃક્ષનાં કારણબીજનો વિકાસ.

૩૭. લીલાવતીનો જન્મ નડીઆદમાં સંવત્ ૧૯૩૭ ના ચૈત્ર શુકલપક્ષની દ્વિતીયાને દિવસે એટલે ઈ. સ. ૧૮૮૧ ના માર્ચની ૩૧ મી તારીખે હતો, અને સંવત ૧૯૫૮ ના માર્ગશીર્ષ કૃષ્ણપક્ષની ચતુર્દશી એટલે ઈ. સ. ૧૯૦૨ ના જાન્યુઆરીની તારીખ ૮ ને દિવસે સાંયકાળે તેનું જીવન પૂર્ણ થયું. વીશથી એકવીશ વર્ષનું આયુષ્ય તેણે આ સંસારમાં આ સમયમાં ગાળ્યું તેના ચાર ભાગ કરીયે તો તેમાંના પ્રથમ બે ભાગ અને છેલો ચતુર્થ તેણે પિતૃગૃહમાં ગાળ્યા અને ત્રીજો ભાગ શ્વસુરગૃહધર્મમાં પ્રવર્ત્તવામાં ગાળ્યો. જે જીવનવિધિ ઉપરના પ્રકરણોમાં વર્ણવેલો છે તે આ ત્રીજા અને ચોથા ભાગનો છે, એટલે તેના મનના વિકાસકાળનો છે. આ વિકાસકાળમાં જે બુદ્ધિનો અને હૃદયનો વૃક્ષ આપણે ત્રિવિધ તાપમાં તપ કરી કરમાઈ જઈ અંતે શીર્ણ થઈ ગયો જોયો તે વૃક્ષની બીજદશા અને બાલદશા હવે કાંઈક જોઈશું. પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે જીવનકથાઓમાં ઐતિહાસિક ક્રમથી પ્રથમ બીજદશા, પછી બાલદશા, અને પછી પરિપાકદશાના લેખ લખાય છે તેથી વિપરીત ક્રમ અત્ર લીધેલો છે તેનું કારણ છે. ઉક્ત લેખો જીવનકથારૂપ ન હોતાં જીવનચરિતરૂપ હોયછે, એ ચરિતના નાયક કોઈ પ્રસિદ્ધ મહાપુરુષો હોય છે, તેઓએ સંસારમાં કોઈક ઐહિક પરાક્રમ કરેલાં હોયછે, એવાઓનાં પરાક્રમમય જીવનને ગૌરવયુક્ત “ચરિત” સંજ્ઞા અપાય છે, અને વાંચનાર વર્ગને તે નાયકોનાં ચરિતનો કેટલોક ભાગ પ્રથમથીજ વિદિત અને પ્રસિદ્ધ હોવાથી અને તે ચરિત પ્રથમ દૃષ્ટિયેજ લોકોપકારક હોવાથી લેખકના એ લેખનાં ઉપક્રમ અને પ્રસિદ્ધિ લોકોને ઇષ્ટ છે એવી પ્રતીતિપૂર્વક આવો લેખક પોતાના નાયકના જીવનના આદિભાગથી અંતભાગસુધી પ્રવર્ત્તે છે. પરંતુ પ્રસ્તુત લેખની વિષયભૂત લીલાવતીના જીવનમાં ઐહિક પરાક્રમ હતું નહી, અને તે દર્શાવવાનો ઉપક્રમ છે જ નહી. ઐહિક પરાક્રમ વિનાની જીવનની કથાને માટે “ચરિત” સંજ્ઞા કરતાં “કથા” શબ્દથીજ

૩૭. લીલાવતીનું આ જીવનચરિત નથી પણ માત્ર તેની જીવનકથા છે, અને પ્રસિદ્ધક્રમ ઉલટાવી આ પ્રકરણ હવે મુકવાનું તે જ કારણ છે.

સંતોષ પામવો ઉચિત છે. આ જીવનને ચરિત કહીયે તો "**લી**લાવતી જીવી અને દરિદ્રદશામાં તેનો દેહ શીર્ણ થઈ ગયો" એટલા શબ્દોમાં તે ચરિતનો લેખ પુરો થાય, કારણુ સ્થૂલ સંસારમાં સ્થૂલદષ્ટિગમ્ય પરાક્રમ જેણે કાંઈ પણ કરેલું નથી એવી **લી**લાવતીને વિષયે કાંઈ વિશેષ બોલવાનું જ નથી. પરંતુ તેના જીવનની સ્થૂલદષ્ટિગમ્ય અવદશાના પડદા પાછળ પરોક્ષ રહેલી તેની સૂક્ષ્મ જીવનસંપત્તિઓના વૃક્ષનો ફાલ દર્શાવવા આ ઉપક્રમ થયેલો છે તે ફાલના સુગન્ધબળથી વાંચનારનું ઘ્રાણેન્દ્રિય તૃપ્ત થયું હોય તો જ તે વાંચનાર પાસે એ વૃક્ષનાં થડમૂળ દર્શાવવાં યોગ્ય છે. જીવનચરિતના અનુક્રમને ઉલટાવી, આ જીવનકથાના જીવનપ્રસંગ પ્રથમ આલેખી, તે પછી એ જીવનનાં બીજાદિક દર્શાવવાનો ક્રમ આવાં કારણથી અત્ર પ્રાપ્ત થયલો છે. સ્થૂલ દૃષ્ટિથી જોનાર પુરુષ વૃક્ષની સ્થૂલ સંપત્તિથી આકર્ષાઈ થડમૂળ આગળ જઈ વૃક્ષઉપર ચ્હડી તેનાં પુષ્પફલ તોડે છે; સૂક્ષ્મ દૃષ્ટિથી જોનાર ચિત્ત સ્વગૃહાદિક એકાંત સ્થાનમાં પુષ્પનો સુવાસ પામી તે સુવાસના મૂલભૂત સમીપસ્થ પણ અદૃષ્ટ પુષ્પને શોધે છે અને પુષ્પનું મૂલ વૃક્ષ ઉદ્યાનમાં જઈ શોધે છે. પૂર્વનાં પ્રકરણ વિસ્તારી તે પછી આ અને હવેનાં પ્રકરણ લખવામાં, આવા સૂક્ષ્મ દ્રષ્ટાઓની દૃષ્ટિ પાસે સૂક્ષ્મ જીવનસૃષ્ટિ મુકી, તેમને તે વસ્તુમાં સત્વ લાગ્યું હોય તો જ, એ સૃષ્ટિનાં મૂલાદિકની કથા વાંચવાનો પ્રસંગ તેમને આવે એવો હેતુ છે.

૩૮ પ્રારબ્ધબીજ અને પૂર્વસંસ્કાર.

૩૮. પાશ્ચાત્ય જીવનકથાઓ મનુષ્યના જન્મકાલથી આરંભાય છે, પરંતુ સ્વગોત્રાદિકમાંથી આવેલા પૂર્વ સંસ્કારનાં બીજસ્થાન દર્શાવવાને માટે પિતામાતાના કંઈક ઇતિહાસ ઉપોદ્ઘાતરૂપે એવા લેખોમાં આરંભસ્થાને મુકાય છે. એ કથાઓનો ક્રમ ફેરવી નાંખી આરંભેલા આ લેખમાં, તેમ વિશેષ કરીને લેખનો અને **લી**લાવતીનો ઐહિક સંબંધ લક્ષ્ય કરતાં, આવો ઉપોદ્ઘાત અનુચિત ધાર્યો છે. તેની માતાએ તેને પત્રદ્વારા કરેલા ઉપદેશ પૂર્વભાગમાં કંઈક લખેલા છે તેમાં **લી**લાવતીના માતૃપાક્ષિક પૂર્વ સંસ્કારનો ધ્વનિ સમજાશે. આપણામાં પૂર્વસંસ્કાર પૂર્વજન્મથી પ્રાપ્ત થયલા મનાય છે એ શ્રદ્ધાનું તારતમ્ય શોધવાનો અત્ર પ્રસંગ નથી, પરંતુ એવા સંસ્કારને યોગદૃષ્ટિહીન મનુષ્યોએ જાણવાનાં સાધન પ્રત્યક્ષપ્રમાણગમ્ય નથી. પરંતુ એક માતાપિતાનાં

અનેક બાળકોની બુદ્ધિઓમાં, વૃત્તિઓમાં, વાસનાઓમાં, અને અનેક સંસ્કારોમાં જ્યારે વૈચિત્ર્ય જણાય છે ત્યારે તેમના પૂર્વજન્મના સંસ્કારોનું વૈચિત્ર્ય અનુમિત થાય છે. એવું અનુમાન કરવાનાં સાધન અત્યાર સુધીના આ લેખોમાં લીલાવતીએ પોતાની ભગિનીઓને અને ભ્રાતાઓની ચિન્તાઓ કરતી વેળા કરેલા ઉદ્ગારોમાંથી સમજાશે. તેના ઉદ્ગાર સત્ય હતા અને જે ચિન્તાઓ તેણે કરી હતી તે સકારણ હતી. ખરી વાત છે કે આટલા ઉપરથી પૂર્વ સંસ્કારનું અનુમાન કરવામાં મ્હોટો બાધ એ આવે છે કે લીલાવતી જે વિદ્યા આ જન્મમાં પામી હતી તેવી તેનાં ભાઈ બ્હેનને અપાઈ નથી, પરંતુ એ બાધ ધ્યાનમાં લેઈએ તોપણ તે સર્વના વિદ્યાવસ્થાના વયના પ્હેલાંના કાળમાં સ્ફુરી નીકળેલા સંસ્કારોને આ બાધ નડતો નથી, અને તેવા સંસ્કારોમાં પાછલા વિકસિત સંસ્કારોનાં બીજની પરીક્ષા કરીએ છીયે અને બીજસંસ્કારોનાં વૈચિત્ર્ય પણ આ વિકસિત સંસ્કારોનાં જેવાં જણાય છે ત્યારે આ વૈચિત્ર્યરૂપ કાર્યનું કારણ પૂર્વ સંસ્કારો જ છે એવું આપણાં શાસ્ત્રોનું અનુમાન સકારણ દેખાય છે અને વેરે વેર તેમ લીલાવતીના જીવનમાંથી તે કારણ આપનાર દૃષ્ટાંત મળે છે. બાકી જ્યોતિઃશાસ્ત્ર આપણા લોકમાં થોડું ઘણું પ્રાયશઃ બધા વર્ગ માને છે તે શાસ્ત્ર જો સત્ય હોય તો તો પૂર્વજન્મનો પ્રવાસી જીવ પૂર્વજન્મનાં પ્રારબ્ધભોગને પુરા કરવાને આ જન્મ પામે છે અને આ જન્મમાં પૂર્વ જન્મના સંસ્કારોરૂપ કમાઈનો ભોગ કરે છે. લીલાવતીના જન્માક્ષર તેની માતા પુત્રીઓના જન્માક્ષર સાથે અનેક જોશીઓને પ્રસંગે પ્રસંગે બતાવતી અને લીલાવતીના પોતાના જન્માક્ષર ઉપરથી કહેવામાં આવતો ફલાદેશ ચિન્તાથી સાંભળતી. એ ફલાદેશ કેટલીક વાતમાં ખરો પડ્યો છે તો કેટલીક વાતમાં ખોટો પણ પડ્યો છે, તેમ જ લીલાવતીની બુદ્ધિ વગેરેનું નિરૂપણ તેની જન્મપત્રિકામાં છે તેમાં પણ કંઈક ખરું પડ્યું છે તો કંઈક ખોટું પડ્યું છે. તેમાં શું ખરું પડ્યું છે તેની જિજ્ઞાસા થતાં એ પત્રિકામાંથી નીકળતા એ શાસ્ત્રાધારના ઉદ્ગારો મનનીય છે.

जीवोष्टमस्थः कुरुतेऽल्पसत्त्वां नारीं विशालां पतिप्रेमयुक्ताम् ॥
सदानुकूलां व्रतधर्मसक्तां सुपूजितांगीं गुणगौरवां च ॥ १ ॥
धर्माश्रितो धर्मपरां प्रसूते शुक्रः सुपुण्यां विहितां च लोके ॥ २ ॥

तमः करोति सुभगोऽल्पसौख्यां सदाभिभूतां नयने रुजार्त्ताम् ॥
मध्यप्रजां दानविधानसक्तां प्रसन्नचित्तां सुजनेन युक्ताम् ॥ २ ॥

તેનો જન્મપત્રિકાકાર પોતાનાં અનુમાન ગણે છે કે—**अनेकशास्त्रागमवेदिनी अवनिप्रसिद्धा बुद्धिरधिका विद्योत्तमा मन्दप्रकृतिः—अश्रेयोगाभ्यासेऽल्पादरो भविष्यति ।** આ જન્મપત્રિકાકારનાં વચનો લીલાવતીના વચના પ્રમાણમાં ઘટાડીને અને ઉપરનાં શાસ્ત્રાધારનાં વાક્યો દમ્ભહીન અને અપ્રગલ્ભ થઈ વાંચીયે તો તેમાં આ આરંભેલી જીવન કથાનો સાર આવી જાય છે એટલું કહી, આ પૂર્વસંસ્કાર પ્રકરણ સમાપ્ત કરીશું. લીલાવતીના પૂર્વસંસ્કાર જ આવા હતા એવા અનુમાનનું આ લેખકને ફળ એટલું જ છે કે તેણે લીલાવતીને આપવા માંડેલી ઐહિક સુખસામગ્રી એ પુત્રીને ખપી નથી તો એ પુત્રીનાં વિદ્યા અને ગુણભાગ્યાદિક એ પિતાનાં આપ્યાં અપાયાં છે એવું પિતૃદેહાભિમાન પણ એવા વિચારથી ખસે કે તે પદાર્થો પણ એ પુત્રીજીવના કેવળ સ્વસામર્થ્યથી જ તેને જાતે પ્રાપ્ત થાય છે અને કોઈના આપ્યા અપાયા નથી. આ વિષયમાં આથી ઉલટી રીતે પોતાનાં વિદ્યાદિક માટે પોતાના ભાગ્યનો કે પૂર્વસંસ્કારનો વિચાર ન કરતાં માતાપિતાનો ઉપકાર માનીને, અને માત્ર પોતાના દુઃખાદિકના વિષયમાં પોતાના પ્રારબ્ધદોષને એ વિષયના કારણરૂપે સ્વીકારતાં લીલાવતી પોતે પોતાના સર્વ દુઃખને માટે કોઈ અન્ય જીવો ઉપર દોષ ન મુકતાં પોતે પોતાનાં હીન પ્રારબ્ધફળ ભોગવી લે છે એવું માની સંતુષ્ટ રહેતી. જ્યારે શકુન્તલાએ જાણ્યું કે પતિએ તેની અવધીરણા કરી તે તો માત્ર ઋષિએ શકુન્તલાને પોતાને જ દીધેલા શાપનું ફળ હતું ત્યારે શકુન્તલાના મનમાંથી પતિઉપરનું કિલ્મિષમાત્ર ખસી ગયું હતું અને તેનું હૃદય શાંત સંતુષ્ટ થયું હતું તેવી શાંતિ અને તેવો સંતોષ અનેક ઉપાધિઓ વચ્ચે પડેલી લીલાવતીના હૃદયમાં આદિકાળથી અંત સુધી સર્વદા સ્ફુરતાં હતાં. અને પિતૃગૃહમાં, શ્વશુરગૃહમાં, કે અન્યત્ર કોઈ ઉપર પણ તેના હૃદયમાં કિલ્મિષ રહેલું નથી તે આપણે કંઈક જોયું છે અને તેનું એક કારણ તેના હૃદયમાં સર્વદા સ્ફુરતી આવી સ્વભાગ્યદોષદૃષ્ટિ હતી. યજમાને કરેલા આતિથેયમાં ન્યૂનતા અનુભવમાં આવ્યા છતાં તેને ન દેખતાં આવો વિચાર કરવો અને તે આતિથેયનાં સુફળ ભોગવતાં યજમાન પ્રતિ કૃતજ્ઞતા રાખવી એ સાધુજનનો સ્વભાવસિદ્ધ અદોષદર્શી

અને ગુણગ્રાહી ધર્મ છે તે **લી**લાવતીનામાં આવી રીતે પૂર્વ સંસ્કારથી કહો તો તેથી અને તેમ ન કહો તો જન્મસિદ્ધિથી પ્રાપ્ત થયો હતો.

**૩૯. લીલાવતીને શાળામાંથી ઉઠાડી લીધી.**

૩૯. **લી**લાવતીને ગૃહસંસારના વિષયમાં તેમ વિદ્યાના વિષયમાં કેવો અભ્યાસ પ્રાપ્ત થયો હતો તેનું દિગ્દર્શન હવે કરી લેઈશું. આ લેખકે મુંબાઈનગરીમાં સન ૧૮૮૪ માં વકીલાતનો ઉદ્યોગ આરંભ્યો ત્યારે કાળકાદેવીના રસ્તા ઉપર એક સ્નેહીના ઘરની જોડાજોડ અને તે ઘરની બારીમાંથી દૃષ્ટિ પડે તેમ તેની જોડે ઝવેરબાગ અથવા તેલવાડીમાં કન્યાશાળા હતી. એ કન્યાશાળાવાળા જ ઘરમાં અને તેની જોડે આ લેખકની સ્વર્ગવાસિની કનિષ્ઠ ભગિની **સમર્થલક્ષ્મી** તથા તેના સ્વામી રા. છગનલાલ હરિલાલ પંડ્યા બી. એ. રહેતાં. આ કન્યાશાળામાં **લી**લાવતીને પ્રથમ મોકલવામાં આવી. શાળાના વિરામકાળને સમયે તે તેની પ્રિય ફોઈની ઓરડીમાં જઈને બેસતી અને રમતી. અને શાળામાં હોય ત્યારે અમારા સ્નેહીના ઘરમાંથી તે શું કરે છે ને કેમ ભણે છે વગેરે ઉપર દૃષ્ટિ પડતી. થોડા કાળમાં અમારું ઘર બદલવામાં આવ્યું અને એ શાળાની જોડેના રાજમાર્ગની પેલી પાર થોડે છેટે મલ્હારરાવની વાડી નામની ગલીમાં અન્ય ઘરમાં સર્વ રહેવા ગયાં. તે પછી રા. છગનલાલ સરકારી નોકર હતા તેમને જુનાગઢ સંસ્થાનમાં નોકરી મળ્યાથી તે ત્યાં ગયા. આ શાળામાં જતાં **લી**લાવતીને તેની ફોઈનો આશ્રય હતો તે હવે ગયો, અને નવા ઘરમાંથી રાજમાર્ગ વટાવી તે શાળામાં આવજાવ કરે તે કરવા દેવામાં અને શાળામાં પાંચ કલાક એકલી રાખવામાં તેના પિતાનો જીવ ન ચાલ્યો. એ રાજમાર્ગ ઘણો પ્હોળો છે અને તે ઉપર ટ્રામ્વેના રથની અને અન્ય ઘોડાગાડીઓની દોડધામ આખો દિવસ મચી રહે છે ને ઉદ્યોગી લોકનો બે પાસથી અવર જવર પણ એવો જ રહે છે. આવા માર્ગ ઉપર ન્હાનાં બાળકને એકલાં મોકલતાં સ્વાભાવિક ભય છે. વળી શાળામાં અનુકૂળ ન પડતાં અથવા વિરામકાળે **લી**લાવતીને ફોઈને ઘેર જવાનું સ્થાન હતું તે પણ બન્ધ થયું. તેની સાથે આખો દિવસ શાળામાં બેસી રહે એવી રીતે કોઈ નોકર રાખવાની તેના પિતાની શક્તિ ન હતી. એવાં બાળકને તે કાળે જે અભ્યાસ શાળામાં કરાવવામાં આવતો તે પણ અભ્યાસ કરતાં વિનોદરૂપ અધિક હતો અને તે વિના એ શાળાનું અન્ય ફળ પણ ન હતું. **લી**લાવતીનું વય પણ ઘણું બાળક હતું અને સત્ય જોતાં તેને વિદ્યાભ્યાસનો શ્રમ

આપવો યોગ્ય ન હતો. પાસે બીજી કન્યાશાળા પણ ન હતી. આ સર્વ વિચારથી તેને શાળામાં થોડા માસ રાખી હતી તે હવે ઉઠાડી લેવામાં આવી, બીજી શાળામાં મોકલી નહી, અને ઘરમાં તેનાં વય, જાતિ, અને શરીરયોગ્ય ખેલવિનોદની અનુકૂળતા કરી દીધી. જે વિચાર મ્હારા હૃદયમાં આમ સ્ફુર્યા હતા તેવા વિચારમાં અનેક વિચાર ઉમેરાઈ અનેક સ્થાને અનેક કન્યાઓની અને કન્યાશાળાઓની વચ્ચે અન્તરાયભુત કેમ થઈ પડતા હશે તેનું આમાંથી દિગ્દર્શન જડશે.

૪૦. વિદ્યાને માટે રાત થોડી અને વેશ ઘણા.

૪૦. ત્રણ ચાર વર્ષ આમ ચાલ્યાં ગયાં. લીલાવતીનું વય કાંઈ વધ્યું. પરંતુ તેને શાળામાં મોકલવાનું આજસુધી અનુકૂળ લાગતું ન હતું તે તેમનું તેમ જ રહ્યું અને તે ઉપરાંત ત્યાં મોકલવા કરતાં ગૃહશિક્ષણ તેને વધારે લાભકારક રીતે આપી શકાશે એમ લાગ્યું. આપણી કન્યાઓને શીખવાને કેટલાં વર્ષ મળી શકે? શ્વશુરગૃહમાં જવું પડે ત્યાંસુધીનાં જ વર્ષ તેમને આ માટે કામનાં છે. તેટલાં વર્ષમાં તેમની બુદ્ધિને જે વિદ્યાપોષણ મળી શકે તે ખરું ને તે પછી તે પોષણની તેમની આશાઓ નકામી છે. તે પછીની એ આશાઓના માળી તેમના સ્વામીઓ થઈ શકે છે. અન્ય સ્થાનમાં ગમે તો સ્વામીઓ આવા માળી થવાને અયોગ્ય હોય છે અને યોગ્ય હોય છે તો તેમને બીજા અંતરાય હોય છે. ગમે તો તેમનાં કુટુમ્બ અંતરાયરૂપ થાય છે, ગમે તો તેમના પોતાના ઉદરનિર્વાહના ઉદ્યોગ તેમને અવકાશ મળવા દેતા નથી, ગમે તો ગૃહિણીકર્મની જાળમાં ન્હાના વયમાં ગુંચવાઈ ગયલી ગૃહિણીઓને પોતાને અવકાશ મળતો નથી, ગમે તો આ સર્વ અનુકૂળતા હોવા છતાં તેમની બુદ્ધિ સ્થૂલ હોય છે, ગમે તો તેમની બુદ્ધિ યોગ્ય હોવા છતાં ચારપાસનાં મનુષ્યોમાં “સ્ત્રીઓને તે ભણવું શું?” એ પ્રશ્ન ગાજી રહેતો સાંભળી એવા ભણવાની અપકીર્ત્તિથી કમ્પી ભણનારી ડરી જાય છે, અને ગમે તો સ્ત્રીઓના વિદ્યાધર્મ–વિરુદ્ધ અનેક જાતના વ્હેમ તેમનાં હૃદયમાં ઉદય પામે છે, અને વિદ્યા તેમનાથી દૂર રહેછે. આવા સર્વ અંતરાયોથી ભરેલો વિદ્યાને વિઘ્નકાળ આવે તે પ્હેલાંનાં થોડાંક વર્ષમાં લીલાવતીને એવી વિદ્યા આપવી કે તેનો તે સંગીન ઉપયોગ કરી શકે એવો નિશ્ચય તેના પિતાના હૃદયમાં લીલાવતી દશેક વર્ષની થતાં ઉદય પામ્યો. લીલાવતીની બાલક-બુદ્ધિના પ્રશ્નોના કંઈક નમુના આ ગ્રન્થને આરમ્ભે આપે-

આ છે તેવા બીજા ઘણુક નમુનાઓએ આ નિશ્ચયને દૃઢ અને સતેજ કર્યો. “રાત થોડી ને વેશ ઘણા” એ કહેવત પ્રમાણે થોડાંક વર્ષમાં અધિક અને સંગીન વિદ્યા કેમ ભરી દેવી એ વિકટ પ્રશ્ન ઉભો થયો. કૌમાર અવસ્થા આયુષ્યપર્યંત કેમ ન ભોગવાય એ પ્રશ્ન પુછનારી બુદ્ધિમતી બાળાના એ પ્રશ્નમાં અંતર્ભૂત ઉત્સાહ પુરો પડાય એવું તો આ દેશકાળમાં શક્ય ન હતું, પરંતુ એ ઉત્સાહમાં અંતર્ભૂત વાસનાબીજને ઉગાડી તૃપ્ત કરે એવી **સરસ્વતીદેવીની** કલ્યાણકર સમૃદ્ધિઓનું ભાથું શ્વશુરગૃહયાત્રાએ નીકળવા પ્હેલાં **લી**લાવતીના હૃદયકોશમાં બાકીના થોડા કાળમાં કેમ ભરી શકાય એ વિચાર એના પિતાના હૃદયમાં ઈશ્વર–ઇચ્છાથી ભરાઈ ગયા.

૪૧. **સરસ્વતીદેવીનું** આવું ભાથું આપણી કન્યાશાળાઓમાં બંધાઈ શકતું નથી. કન્યાઓને વાંચતી લખતી અને કંઈક ગણિત ગણતી કરવામાં એ શાળાઓના અભ્યાસ સમાપ્ત થાય છે. જેને એટલું પણ ઘેર ન ભણી શકે તેને માટે આટલું ઘણું છે. પણ **લી**લાવતીને ઘેર બેઠાં અનેકધા વિશેષ આપી શકાશે એમ લાગવાથી શાળાનો વિચાર માંડી વાળ્યો. એના અભ્યાસનો આરંભ આઠ નવ વર્ષના આરંભમાં ગુજરાતીમાં ઘેર કરાવ્યો, અને તેમાં આપણા દેશની પદ્ધતિથી સ્વરવ્યઞ્જનાદિક આરંભાવી જાતે પુસ્તકો વાંચતી કરી અને ગૃહકર્મનો દ્રવ્યસંસાર નીભાવી શકે એવી જાતનું અને એટલું ગણિત શીખવવાની શિક્ષકને સૂચના કરી.

૪૨. **લીલાવતીનો અભ્યાસ:** પ્રાથમિક વિદ્યા, ગૃહકર્મ, સંસ્કૃત સાહિત્ય, વગેરે.

આ શિક્ષણની સાથે ગૃહકર્મમાં એનું ગુરુપદ એની માતાએ આરંભ્યું. કન્યાઓને આ શિક્ષણ માતાથી જ મળે તે યોગ્ય છે, કારણ એવા શિક્ષણમાં જે પ્રીતિ, કોમળતા, અને શિક્ષાદિ કરવાનો અધિકાર અથવા કઠોરતા વાપરવાં પડે તે સર્વમાં બાળકના વિશ્વાસનું પાત્ર માતા જેવું અન્ય કોઈ હોતું નથી. અને માતાના હાથમાંથી કન્યા ગયા પછી તે કન્યાને કામ કામને શીખવશે અથવા પરગોત્રી મનુષ્યો શીખવી શકશે એ આશા ઘણું ખરું નિષ્ફળ અને ક્લેશકારક નીવડે છે. થોડા કાળમાં **લી**લાવતી એ ઉભય પ્રકરણમાં પ્રવેશ પામી એટલે એને એક ક્રમ ચ્હડાવી. રસોઈ આવડ્યા ઉપરાંત તેમાં પડતા શ્રમને માટે અને તેમાં હાથ બેસવાને માટે દીર્ઘ અભ્યાસ જોઈએ. આથી અગીઆર બાર વર્ષના સુમારમાં એને માથે સર્વ કુટુંબને માટે રસોઈ કરવાનો ભાર

નાંખવાનો આરંભ થયો, અને અંતે શ્વશુરગૃહમાં જવાનાં બે ત્રણ વર્ષ પૂર્વે કુટુમ્બના બાર-તેર જીવને તૃપ્ત કરવા જેટલી રસોઈ તે એકલી કરતી અને તેમાં ઘડી ઘડી વચ્ચે આવવું નહી અને તેને સ્વતંત્ર કામ કરવા દેવું એવી એની માતાને પુત્રીના હિતને અર્થે આજ્ઞા કરવામાં આવી. મધ્યાહ્નના બાર એક વાગ્યા સુધીમાં આ કામ આટોપાઈ રૂહે અને લીલાવતી આ ગૃહધર્મમાંથી મુક્ત થાય એટલે તે પછીના દિવસ-શેષમાં અને રાત્રિયે લીલાવતીને કાંઈ પણ ગૃહકર્મ ભુલ્યે ચુક્યે સોંપવું નહી અને કરવા દેવું પણ નહી એવી બીજી આજ્ઞા સર્વને કર-વામાં આવી. આવો અવકાશનો અર્ધ દિવસ અને રાત્રિનો પ્રથમ પ્રહર લીલાવતીના વિદ્યાભ્યાસ માટે યોજ્યો. થોડા દિવસ તેના શિક્ષક પાસે ભાંડારકરની સંસ્કૃત માર્ગોપદેશિકા અને ઇંગ્રેજી પ્રથમ પુસ્તક રાત્રિયે તે શીખતી અને દિવસે ગુજરાતી પુસ્તકો જાતે વાંચવામાં, ભરતકામ શીખવામાં, અને વિશ્રાન્તિમાં તેમ વિનોદમાં તે કાલક્ષેપ કરવા લાગી. આ ક્રમ થોડા દિવસ ચાલ્યો એટલામાં તેને સંસ્કૃત તથા શાસ્ત્રીય વિદ્યા શીખવી શકે એવા સજ્જનનો શોધ ચાલતો હતો તે સફળ થયો. એના શિક્ષકે શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈનો આ પ્રસંગમાટે આ લેખકને યોગ કરાવી આપ્યો. શાસ્ત્રીજી કાશીનગરીની પાઠશાળાની પરીક્ષામાં આચાર્યપદ પામ્યા હતા અને વ્યાકરણના તેમ અન્ય શાસ્ત્રોના અભ્યાસી હતા. તેઓ મુંબાઈમાં નવા આવ્યા હતા અને કોઈનો સમાગમ ન હોવાથી મનમાં ઘણો સંકોચ રાખતા હતા. પરંતુ તેમની વિદ્વાનો અને સુજ-નતાનો આભાસ સારો પડવાથી લીલાવતીનો અભ્યાસ અને વધારે વધારે પ્રસંગ પડવા પછી તેની માતાનો અભ્યાસ પણ તેમના અધિ-કારમાં મુકયો. તેમને પ્રસંગે પ્રસંગે સૂચનાઓ કરવામાં આવતી તે સર્વ પોતે સિદ્ધ કરી શક્યા. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અગાધ છે ને તેમાં ચંચૂપાત થતાં પણ ઘણો કાળ જોઇયે ને લીલાવતીને તો અભ્યાસ-માટે કાળ થોડો ને આરંભ ઘણો એમ હતું. એ મહાભાષાનાં નવાં રૂપ યોજવાની કળાનો લીલાવતીને ખપ નથી, પણ પુસ્તકો વાંચે ત્યારે શ-બ્દોનાં જે રૂપ વાંચે તે ઓળખી શકે અને તેનું અર્થતારતમ્ય પામે એટલો જ વ્યાકરણબોધ, વ્યાકરણના પુસ્તક વિના, લીલાવતીને થાય એવી પદ્ધતિથી એ વિષય શીખવવાની સૂચના થઈ. ન્હાનું બાળક દેખાદેખી પુસ્તકવિના સ્વભાષા શીખે છે અને પ્રવાસીઓ અન્ય દેશ-ના સહવાસથી તેમની ભાષા શીખે છે તે રીતે સંસ્કૃત પુસ્તકો વાંચે ને તેના શબ્દોના સહવાસથી તેમને ઓળખતાં શીખે એ માર્ગ શાસ્ત્રી-

જીએ લીધો અને માત્ર રૂપાવલી આદિ એટલે લઘુ ગ્રન્થોનો ન જેવો ઉપયોગ કર્યો. આવી જાતના વ્યાકરણબોધના ઉપરાંત શબ્દજ્ઞાનના લાભને માટે અમરસાર તથા એક સંસ્કૃત–ગુજરાતી શબ્દકોષ હાથ આવ્યા તે લીલાવતીના હાથમાં જાતપ્રયત્નથી ઉપયોગ કરવા માટે આપ્યા અને અમરસારદ્વારા તથા બાકીનું શબ્દજ્ઞાન શાસ્ત્રીજીએ આપવાનું રાખ્યું. સંસ્કૃત સાહિત્યનાં પુસ્તકથી આરંભ કરાવવાની આવશ્યકતા હતી અને તેમાં મ્હોટો ભાગ જ્યાં ત્યાં શૃંગારનો હોવાથી કંઈક ગુંચવારા પડ્યા તેનો ઉકેલ એવી રીતે કહાડ્યો કે જે પુસ્તકમાં આવો ભાગ હોય તે વર્જ્ય કરી બાકીનો અશૃંગાર ભાગ શીખવવો. ભર્તૃહરિનું નીતિશતક, આર્ય ક્ષેમીશ્વરનું ચણ્ડકૌશિક, અભિજ્ઞાનશાકુન્તલનો ચતુર્થ અંક, અને ઉત્તરરામચરિતનો તૃતીય અંક એટલા પદાર્થ આ જ ક્રમમાં એક પછી એક શીખવવામાં આવ્યા. વધારે અભ્યાસ કરવાને માટે ગુરુવિના જાતે પુસ્તકો વાંચી લેવાને જે કાંઈક ભાષાજ્ઞાન જોઈએ તેટલું લીલાવતીને જોઈએ તે આટલાથી તેણે મેળવી લીધું, અને અવકાશની વેળામાં શાકુન્તલનો બાકીનો ભાગ, સાવિત્રી નાટક, વગેરે ગ્રન્થો કંઈક શબ્દકોષ લેઈને તો કંઈક ટીકાથી યથાશક્તિ વાંચતી અને કંઈક શાસ્ત્રીજીને પુછી લેતી. આથી તેને આ પુસ્તકોનું કાંઈ એવું જ્ઞાન પ્રાપ્ત થયું ન હતું કે આપણી યુનિવર્સિટીની પરીક્ષાના પ્રશ્નોના ઉત્તર તે આપી શકે. પરંતુ સાહિત્યબોધનું મહાફળ એ છે કે ઉત્કૃષ્ટ સંસ્કારોથી સહૃદયનું હૃદય ભરાઈ જાય, અને ક્ષુદ્ર વાસનાઓને ધક્કેલી પાડી ઉચ્ચ રસિકતા જીવનમાં સામ્રાજ્ય પામે. આ ફળ આટલા અભ્યાસથી લીલાવતીના મધુગ્રાહી મધુકરીના જેવા હૃદયે કેવા આત્મસત્વથી પ્રાપ્ત અને ભુક્ત કરી લીધું હતું તેનો કાંઈક નિર્ણય આ એની જીવનકથાના અન્ય ભાગ વાંચનારની પરીક્ષામાટે રાખવો જ યોગ્ય છે.

૪૨. શાસસ-માગમ.

૪૨. ઈંગ્રેજી પ્રથમ એક બે પુસ્તકો વગેરેમાં લીલાવતીને કાંઈ ચઞ્ચૂપાત થયો હશે એટલામાં સંસ્કૃત વિદ્યા ઉપરનો એનો અભ્યાસ વધી ગયો ને તેની સાથે તે ઉપરની તેની પ્રીતિ પણ વધી ગઈ. આ પરિણામ સાથે તેને ઈંગ્રેજી વિદ્યા ઉપર અપ્રીતિ થવા લાગી. અર્વાચીન પદ્ધતિ પ્રમાણે કેવળ બાળકબુદ્ધિનાં બાળકોને માટે યોજાયલા વિષયોથી ભરેલી “રીડીંગ બુકોમાં”માં શાકુન્તલ અને ઉત્તરરામને રસપૂર્વક વાંચનારી-

ને રસ શી રીતે પડે? ઈંગ્રેજી વિદ્યાના આટલા આરમ્ભનું પણ પ્રયોજન એવું હતું કે શ્વશુરગૃહમાં જાય ત્યારે તેના સ્વામીના મનમાં તેનો ઈંગ્રેજી અભ્યાસ વધેલો જોવાની ઇચ્છા થાય ને તે અભ્યાસમાં લીલાવતીને સાહાય્ય આપી શીખવી શકે તો તેવું થવાને માટે લીલાવતીને સજ્જ કરવી અને તેના માર્ગને સરલ કરવો. પ્રસ્તુત પ્રસંગે આવી સજ્જતા જેવું ફળ કંઈક આવેલું લાગ્યાથી તેની ઇચ્છા પ્રમાણે આ અભ્યાસ પડતો મુકવા દીધો અને આથી તેના ઇષ્ટ વિષયોમાં પ્રવર્તવામાં તેનો સર્વકાળ રોકાઈ શકે એવી તેને અનુકૂળતા થઈ. આ અનુકૂળતાનો લાભ તેને શાસ્ત્રીય અભ્યાસ વધારવામાં મળ્યો. સાહિત્યનો ઉચ્ચ ઉપયોગ જીવનની ઉત્કૃષ્ટ વાસનાઓને અને ઉદાત્ત રસને સંસ્કારવામાં છે, તો બુદ્ધિરૂપ વેલીને ચ્હડવાને અને ટકવાને માટે શાસ્ત્રરૂપ મહાવૃક્ષોની આવશ્યકતા છે. બુદ્ધિને શુદ્ધ અને પરમ વ્યાયામ તર્કશાસ્ત્ર આપે છે એવો અન્ય શાસ્ત્ર આપી શકતું નથી. આ વ્યાયામ "સર્વતો ભદ્ર" જેવા કાવ્યપ્રબંધ પેઠે બુદ્ધિનાં સર્વ અંગને સર્વ પાસથી સરખાં કરેછે, વ્યવહારમાં તેમ અન્યત્ર જ્ઞાનાજ્ઞાનના સત્યાસત્યની પરીક્ષા કરતાં શીખવે છે, અને વસ્તુઓનાં લાઘવગૌરવની તુલના કરવાનો અભ્યાસ કરાવે છે. આ વિચારથી આ લેખકે કરેલી સૂચના પ્રમાણે ફળ સાધવાને શાસ્ત્રીજીએ લીલાવતીપાસે લઘુતર્કકૈમુદીનો આરંભ કરાવ્યો. જો બુદ્ધિના વ્યાયામ માટે આ શાસ્ત્રનું પ્રયોજન છે તો બુદ્ધિના સનાતન અન્નરૂપે આપણા દેશમાં આત્મિક વિષયનાં શાસ્ત્ર ગણાતાં આવ્યાં છે, એ ગણના અતિ યોગ્ય છે, એ શાસ્ત્રથી હૃદયને એવું કવચ મળે છે કે સંસારના ઘા તેને ભેદવાને પામતા નથી, અને આવી રીતે ઐહિક લાભ અને અન્ય રીતે પારમાર્થિક લાભ આપણને આપવાને માટે ઋષિમુનિઓયે પોતાની આર્યપ્રજાને આ શાસ્ત્રોરૂપ અક્ષય્ય દાયભાગ–વારસો–મુકેલો છે. તે લાભથી લીલાવતીને રહિત રાખવી નહી એવી બુદ્ધિ આ લેખકના હૃદયમાં ઉદિત થઈ અને તે પ્રમાણે થયેલી સૂચનાઓ શાસ્ત્રીજી પાસે મુકવામાં આવી. તેમણે પરમ ઉત્સાહથી આ સૂચનાઓને સ્વીકારી. આ સૂચનાને અંગે પંચીકરણ, ઈશાવાસ્ય અને કેન ઉપનિષદ્ કંઈક ભાષ્ય સાથે, તથા બાલબોધિની ટીકા સાથે ભગવદ્ગીતા વગેરે કંઈક ગ્રન્થો શાસ્ત્રીજીએ લીલાવતીને ઉપસ્થિત જેવા કરાવ્યા. આ ગહન વિષયોમાં તેની બાલકશક્તિને શ્રમ પ્હોચતો હતો; છતાં તેમાં રસ પડતો હોવાથી સ્તોત્રકલાપ આદિ સંગ્રહપુસ્તકોમાંથી સ્તોત્રો જાતે વાંચતી અને બોધ પામવામાં શંકાઓ ઉઠે તે શાસ્ત્રી-

જીને પુછી કેઈ સમાધાન પામતી. એક પાસથી ન્યાયશાસ્ત્રના તો બીજી પાસથી વેદાન્તશાસ્ત્રના આટલા સંસ્કારના સમાગમથી તેની બુદ્ધિને જે લાભ થયો તેણે તેના કષ્ટમય સંસારસાગરમાં તરવાની જે શક્તિ તેની બુદ્ધિને આપી તે શક્તિનું દર્શન, આ લેખના ઉપરના ભાગોમાં પુત્રીજીવનના દ્રષ્ટાથી જેટલું કંઈક જોવાય દર્શાવાય તેટલું, વાંચનારની સેવામાં મુકેલું છે. જેવી રીતે પગે ચાલનાર મનુષ્યના હાથના ચલનથી તેના પગની ગતિને અદષ્ટ આશ્રય મળે છે તેવી રીતે ન્યાયશાસ્ત્રના સંસ્કારથી ઈશ્વરશોધનમાં સૂક્ષ્મ પ્રકારે શક્તિ અને ગતિ વધેછે, અને કેવળ તર્ક જેમ પાંગળો છે તેમ કેવળ શ્રદ્ધા અન્ધ છે તે બેના સમાગમનો લાભ આ ગહન સંસારમાં પામવાને માટે આ બે શાસ્ત્રોના સમાગમની પણ આવશ્યકતા છે. **લી**લાવતીના હૃદયની દઢતા અને બુદ્ધિનું તારતમ્ય આવા સમાગમથી કેવીરીતે બંધાયાં હતાં તે ઉપર દૃષ્ટિ નાંખી તેની તુલના કરવાનો અવકાશ વાંચનારને જ સોંપવો યોગ્ય છે.

૪૩. આ દેશકાળમાં સ્ત્રીજીવનને કઈ કઈ વિદ્યાઓ આવશ્યક અને અનુકૂળ હોઈ શકે તેનો વિચાર, અને વિચારનો લીલાવતીના જીવનમાં પ્રયોગ.

૪૩. આ દેશમાં સંસ્કૃત વિદ્યા જેવી સર્વ આર્ય-આર્યાઓના કલ્યાણ માટે આવશ્યક છે તેવી આ યુગમાં તે એકદેશીય નીવડે છે અને તેટલાથી તૃપ્ત રહેનારી બુદ્ધિ એકલા શ્રવણેન્દ્રિયથી કામ કરનાર નેત્રરહિત મનુષ્યમાં હોય છે તેવી અશક્તિરૂપ યુગબળે થઈ પડે છે. આ અશક્તિનો પ્રતિકાર સંસ્કૃત તથા પાશ્ચાત્ય વિદ્યાના સમાગમથી થાય એમ છે. ઈંગ્રેજી વિદ્યા ઉપર ઉક્ત પ્રકારે **લી**લાવતીને અરુચિ થયાથી તેને આવો સમાગમ આપવાનો એક જ માર્ગ હતો. બાળકોને યોગ્ય **રી**ડીંગ બુકો દ્વારા જ પ્રાપ્ત થાય એવા ઈંગ્રેજી ભાષાના જ્ઞાનને પડતું મુકી એ મહાભાષામાં ભરેલા ગહન ભંડારોનું દર્શન કરવાનાં સાધન આપણી ભાષામાં હાલ પણ ન્યૂન છે અને આજથી દશ બાર વર્ષ ઉપર તો ઘણાં ન્યૂન હતાં. આપણી ભાષાદ્વારા આવું કાંઈક સાધન આપવાને માટે **લી**લાવતીના હાથમાં કરસનદાસ મૂળજીનો "ઈંગ્લાંડમાં પ્રવાસ" નામનું પુસ્તક મુકયું; "ગુજરાતી" વર્તમાનપત્ર તથા કંઈક માસિક પત્ર તેની પાસે મુકવામાં આવતાં, અને બીજાં કંઈ પુસ્તકો જાતે શોધી માગે તો કંઈક તેને આપવામાં આવતાં. એક પાસથી આ માર્ગ તે લેતી, તો બીજી પાસથી ભોળાનાથભાઈની પ્રાર્થનામાળા વાંચતી, અને ત્રીજી પાસથી ભામિનીભૂષણ વાંચતી. કન્યા-

ઓને અને સ્ત્રીઓને કીયા વિષય વંચાવવા એ પ્રશ્ન આપણા લોકમાં વારંવાર ઉઠે છે તે આ લેખકના હૃદયમાં લીલાવતીના વિષયમાં ઉઠતો અને તેના ઉત્તરમાં ઉપર પ્રમાણે માર્ગ દર્શાવતો. વિદ્યાનાં સાધનોમાં કંઈક અમૃત ભરેલું છે તો કંઈક વિષ પણ છે અને એક જાતિને અથવા વ્યક્તિને જે અમૃત અથવા વિષ નીવડે છે તે અન્યને એથી વિરુદ્ધ ફળ આપે છે. શ્વશુરગૃહનો વિચાર કરી, કન્યાની બુદ્ધિનો અને તેના ભવિષ્યનો વિચાર કરી, તેને માટે કીયો પદાર્થ પથ્ય નીવડશે અને કીયો કુપથ્ય નીવડશે એ વિચારના આશ્રયથી, આપણી કન્યાવ્યક્તિયોમાં જુદી જુદીને માટે જુદા જુદા વિષયો યોગ્ય નીવડશે તે જોવાનું કામ તેનાં માતાપિતાનું છે. પરંતુ આટલું તો નિશ્ચિત છે કે કન્યાઓને કેવળ અશિક્ષિત રાખવામાં તેની કેવળ ભાગ્યહીનતા છે, એટલું જ નહી પણ તેની નવરાશના કાળમાં તેના હાથમાં તેને રસ પડે અને અવળે માર્ગે તેના મનને જતું રોકે એવો ઉદ્યોગ આપવા માટે સુવિદ્યા જેવું બીજું અક્ષયપાત્ર નથી. જ્યાં તેને કોઈ હિતચિંતક સ્વબુદ્ધિયોગ્ય અને સમાનરસિક મિત્ર અથવા આપ્ત જન મળવો અશક્ય છે એવા પ્રસંગોએ તેને અનાથ થઈ જવા ન દે એવી અને તેને મનગમતી હોઈને તેને કલ્યાણમાર્ગ બતાવે એવી શક્તિ સુવિદ્યા વિના બીજા કોઈમાં એટલે માતાપિતામાં કે સખીમાં આવી શકે એમ નથી, અને સંસારરૂપ શીયાળાની અન્ધ રાત્રિમાં તેના શૈત્યથી થરથરતી અને અન્ધકારમાં ઠોકરો ખાતી બાલાઓના રક્ષણ માટે, ટેકા માટે, અને પ્રકાશ માટે સુવિદ્યા જેવી ઉંફ આપનારી, ધારણ આપનારી, અને સુમાર્ગે દોરનારી શક્તિ અન્યત્ર નથી. આ શક્તિ આ દેશમાં મ્હોટે ભાગે આપણાં શાસ્ત્રાદિકમાં છે તો યુગને અનુસરી કેટલીક વાતમાં પાશ્ચાત્ય વિદ્યાના સહવાસમાં પણ છે. પિતૃગૃહવાસમાં થોડા કાળમાં આ સર્વ સહવાસ આપવો કઠણ છે, કન્યાશાળાઓમાં તો વિદ્યાનું દર્શન—પૃથ્વી ઉપરથી આકાશના તારાઓનું થાય છે તેવું—માત્ર 'વિદ્યા' નામનો પદાર્થ ઉંચે ઝગઝગે છે એટલું જ દર્શાવનાર થાય છે, અને જો કોઈ પણ તેને આવો સહવાસ આપી શકે તો કન્યાનો સ્વામી છે અને તેને શિર પણ અનેક વિઘ્નો તરવરતાં હોય છે. આવા સંસારમાં કેવળ શાસ્ત્રાદિકના વિકટ અને અપૂર્ણ અભ્યાસ આગળ વધારવામાં સ્ત્રીઓને ઘણી રીતે પ્રતિકૂળતા હોય છે, પણ સ્વભાષાનાં સામાન્ય પુસ્તકો અને વર્તમાનપત્રો તો કોઈના આશ્રય વિના ગમે ત્યાંથી પણ ગમે તે બાળા યત્કિઞ્ચિત્પ્રયત્નથી મેળવી શકે છે અને

તેમાં અનેક જાતના વિષયો હોય છે તેમાંથી નિર્દોષ વિષયો શોધી ક્હાડી તે ઉપર પોતાની થોડી ઘણી પણ વશવર્તિની થયેલી વિદ્યાના આધારથી વિચાર કરવાનો અભ્યાસ રાખે તો તેની દૃષ્ટિમર્યાદા વધે છે, બુદ્ધિવ્યાપારનાં સાધન મળે છે, અને અનેક પ્રકારની સનાથતા તેના હૃદયમાં જ સંભૂત થાય છે. આ વાક્યોની શુદ્ધતા લીલાવતીના જીવનમાં તેને પોતાને જણાઈ છે, અને આધિનો પ્રતીકાર તે શાસ્ત્રાદિકથી કરતી તો ઉપાધિમય સંસારમાં ઉક્ત પ્રકારની સનાથતા તેને આશામય સુમાર્ગોએ પ્રેરતી.

૪૪. આ દેશની સ્ત્રીયોને માટે પાશ્ચાત્ય વિદ્યાની ઉચિતતાની પરીક્ષા કરવા માટે આપણાં શાસ્ત્રોમાંથી જડી આવતી એક કસોટી.

૪૪. જેને સંસ્કૃત વિદ્યા આમ દુર્લભ છે એવી કન્યાઓને તો કાંઈક પાશ્ચાત્ય પદ્ધતિની વિદ્યા ઉપયોગી છે એટલી વાત સ્વીકારનાર પણ એવો સ્વાભાવિક પ્રશ્ન પુછશે કે સંસ્કૃત વિદ્યાને પ્રાપ્ત કરનારી સ્ત્રીને પાશ્ચાત્ય વિદ્યાનો શો ઉપયોગ હતો? સ્ત્રીઓની માનસિક સમૃદ્ધિને માટે સંસ્કૃત વિદ્યા મળે તો ઇતર વિદ્યા વિના ક્યાં ચાલતું નથી? આપણામાં ક્‌હેવત છે કે 'જીવ્યાથી જોયું ભલું'—તેમાં માત્ર મનુષ્યની નિરર્થક જિજ્ઞાસાની સ્તુતિ નથી, પણ સંસારીયોની કેળવણીનું એક ઉંચુ તત્વ સમાયલું છે અને તે જ તત્વ સ્ત્રીઓને પાશ્ચાત્ય વિદ્યાની કંઈક ઝાંખી કરાવવામાં સમાયલું છે. પ્રવાસે નીકળેલાં સ્ત્રીપુરુષ ઘરકુકડી પુરુષો કરતાં વધારે અનુભવી, વધારે ચકોર, વધારે ઉદાર, અને વધારે ક્ષમાશીલ હોય છે. ઈંગ્રેજ કવિ શેક્સપિયરનું વાક્ય—Home-keeping youths have ever homely wits—"ઘરખુણે ભરાઈ ર્‌હેનાર યુવકોની બુદ્ધિઓ સદા ઘરખુણીયા જ હોય છે" તે વાક્ય પણ પ્રવાસ કરી આવેલાં સ્ત્રીપુરુષોના આવા બુદ્ધિવિકાસને અને ગુણવિકાસને ઉદ્દેશીને જ કહેલું છે. Broadening the mind, liberalizing the mind, આદિ વાક્યો આવા બુદ્ધિવિકાસને અને ગુણવિકાસને જ ઉદ્દેશે છે. આપણામાં શ્લોકો છે કે

यस्तु सञ्चरते देशान् यस्तु सेवेत पण्डितान्
तस्य विस्तारिता बुद्धिस्तैलबिन्दुरिवाम्भसि ॥
यो न सञ्चरते देशान् यो न सेवेत पण्डितान्
तस्य संकुञ्चिता बुद्धिर्घृतबिन्दुरिवाम्भसि ॥

(**અર્થઃ**—પરદેશમાં જે સંચાર કરે છે ને પંડિતોને સેવે છે તેની બુદ્ધિ પાણીમાં તેલના બિન્દુ પેઠે વિસ્તાર પામે છે ને જે તેમ કરતો નથી તેની બુદ્ધિ પાણીમાં ઘીના બિન્દુ પેઠે સંકુચિત થાય છે.) બીજો શ્લોક છે અને તેમાં પ્રવાસના ગુણ ગણાવ્યા છે તે એ કે "**तीर्थानामवलोकनं परिचयः सर्वत्र वित्तार्जनम् । नानाश्चर्यनिरीक्षणं चतुरता बुद्धेः प्रशस्ता गिरः ॥**"—તીર્થનું અવલોકન, સર્વત્ર પરિચય, વિત્તનું અર્જન, અનેક આશ્ચર્યોનું નિરીક્ષણ, બુદ્ધિની ચતુરતા, અને પ્રશસ્ત વાણી—એવા છ ગુણ પ્રવાસથી પ્રાપ્ત થાય છે. ઉપરના શ્લોકોમાં જે બુદ્ધિવિસ્તાર કહેલો છે તે વિસ્તારના આ શ્લોકમાં આમ છ પ્રકાર ગણાવ્યા છે. આ વાક્યો સામાન્ય રીતે પુરુષોને માટે કહેલાં છે પણ સૂક્ષ્મ વિચારથી જણાશે કે સ્ત્રીવર્ગને માટે પણ તે સત્ય છે અને સત્ય ગણાયાં છે.

જે તીર્થયાત્રાઓ આપણા પુરુષોને માટે શિષ્ટ ગણાઈ છે તે જ સ્ત્રીયોને માટે શિષ્ટ ગણાઈ છે એટલું જ નહી પણ હીંદુધર્મશાસ્ત્રના–કાયદાના–વ્યવહારમાં પણ સ્ત્રીમાત્રને તેના પાલક પુરુષો પાસેથી ઉદરપોષણ અને શરીરાચ્છાદન જેટલું ધન અપાવવામાં આવે છે ત્યારે તેની સાથે જ તેને તીર્થયાત્રા કરાવવા જેટલો ધનયોગ પણ સંપત્તિના પ્રમાણમાં કરાવવાનો ચાલ છે. સ્ત્રીયોના ધાર્મિક, શારીરક, આદિ લાભ સાચવવાનું ધારી તેમને માટે આમ તીર્થયાત્રા ઉચિત ગણાય છે તો ઉપરના શ્લોકમાં કહેલા "તીર્થાવલોકન"નો લાભ પણ તેમને અપાવવો યોગ્ય ગણ્યો છે એમ અર્થ કરવો યોગ્ય છે. પ્રવાસનો બીજો ગુણ "સર્વત્ર પરિચય" કહ્યો તે ગુણને પણ સ્ત્રીધર્મની મર્યાદાઓ સાચવી સ્ત્રીયો તીર્થયાત્રાથી મેળવી શકે એમ છે. પ્રવાસનો ત્રીજો ગુણ વિત્તનું અર્જન કહ્યો ને સ્ત્રીઓને તેનું પ્રયોજન નથી એ વાત જેવી ઘણે અંશે સત્ય છે તેવું જ દેશકાલનો વિચાર કરતાં તેમને આ ગુણ નકામો જ છે એવી બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. દ્રવ્યવાળાં કુટુમ્બોની સ્ત્રીયોને માથે કુટુંબના પુરુષોને અભાવે કૌટુંબિક દ્રવ્ય જાળવવાના તેમ વધારવાના પ્રસંગો આવી પડેલાનાં દૃષ્ટાંતોમાં અમદાવાદનગરનાં પ્રસિદ્ધ હરકોર શેઠાણીનું દૃષ્ટાંત અગ્રગણ્ય છે. તેઓ ઘણાં શ્રીમત્ હતાં પણ અન્ય કુટુંબોમાંયે પોતપોતાના ગજા પ્રમાણે દ્રવ્યકાર્યમાં પડવાના પ્રસંગ અનેક સ્ત્રીયોને આવે છે. છેક દ્રવ્યોપાર્જનમાટે નહી તો સંચિત દ્રવ્યના રક્ષણ માટે પણ પ્રવાસ કરનારી સ્ત્રીઓનાં દૃષ્ટાંત પચીશેક વર્ષ પ્હેલાંની નાગરસ્ત્રીયોમાંથી ઘણાં મળી આવે છે. તે કાળે ચારુત્તર પ્ર-

દેશના વતનદાર અને રાજ્યપ્રસંગી (મુત્સદ્દી) નાગરોની સ્ત્રીયો ઘોડેસ્વાર થઈને પણ દેશપરદેશ જતી હતી. પ્રવાસે નીકળી દેશ-પરદેશનાં આશ્ચર્ય જોવાનો લાભ આપણા શાસ્ત્રકારોએ પુરુષોને માટે જ રાખી મુકચો હોય અને પુરુષોના કરતાં વધારે જિજ્ઞાસાવાળી સ્ત્રીજાતિને તે લાભથી દૂર રાખવાનું ધાર્યું હોય એવું માનવાનું પણ કારણ નથી. યાત્રાઓનાં સ્થળ હિમાલયથી તે સેતુબંધ રામેશ્વર સુધી અનેક રમણીય પ્રદેશોમાં વ્હેંચાયલાં વેરાયલાં છે અને તેવાં સ્થાનોનાં રમણીય આશ્ચર્યો વચ્ચે યાત્રાળુ સ્ત્રીઓએ આથડવું પણ તે રમણીયતાનું તેમનાં હૃદયોએ પાન ન કરવું એવું આ શાસ્ત્રકારોએ ધાર્યું હોય એવી કલ્પના સરખી કરવી એ તો શાસ્ત્રકારોની નિન્દા જ છે. એ જ યાત્રાથી બુદ્ધિની ચતુરતા અને પ્રશસ્ત વાણી પ્રાપ્ત થાય છે તે લાભ પણ જેવો પુરુષોને તેવો જ સ્ત્રીઓને માટે પણ પ્રયોજેલો છે એવો શાસ્ત્રકારોનો આશય પણ એ જ પ્રકારે સમજવાનો છે. આર્ય સ્ત્રીઓને કુટુંબજાળમાં અને ગૃહકાર્યમાં કેવળ ગુંચવાયલી રાખવી નહી, અને તેમાંથી યથાશક્તિ તેમને મુક્ત કરી આવા મહાલાભોમાં પુરુષોની સહચારિણી અને સમભાગિની કરવી એવા શ્રેષ્ઠ અને વત્સલ હૃદયાશયથી જ આપણા મહાશય ઋષિમુનિયોએ સ્ત્રીઓને માટે તીર્થયાત્રાના પુણ્ય-લાભ દર્શાવેલા છે અને તે લાભ તેમને મળે એવી અનુકૂળતા કરી આપવાનું પુરુષોને માથે નાખેલું છે. યાત્રાઓ આ કાળમાં લોકના ધનસંકોચના કારણથી તેમ અનેક અન્ય કારણથી ઓછી થતી જાય છે, પણ તેવાં સર્વે વિઘ્નોથી દૂર રહી એ જ યાત્રાઓનાં ઉક્ત ફળ આપણી સ્ત્રીયોને આ ખંડને આરંભે દર્શાવેલી વિદ્યાવડે આ યુગમાં આપી શકાય એમ છે તે હવેના ખંડમાં સ્પષ્ટ કરીશું.

૪૫. બુદ્ધિવિસ્તારનું એક સાધન જે શ્લોકમાં પ્રવાસને જ ગણ્યું છે તે જ શ્લોકમાં પંડિતસેવાને પણ તેનું બીજું સાધન ગણ્યું છે. પંડિતસેવા પંડિત પુરુષના સહવાસથી થાય તેમ જ પંડિતોના લેખના સહવાસથી અર્થાત ઉત્તમ પુસ્તકોના સહવાસથી પણ થાય. પ્રવાસથી તીર્થોનું અવલોકન પ્રાપ્ત થાય તેમ પુસ્તકસહવાસથી પણ થાય. સંસ્કૃતમાં ‘તીર્થ’ શબ્દના અર્થમાં જેવી રીતે પવિત્ર અને સુન્દર પ્રદેશોનો સમાસ થાય છે તેવી જ

૪૫. ઉક્ત કસોટીનો ઉપયોગ કરી વિષયપરીક્ષા કરીયે તો પાશ્ચાત્ય વિદ્યા પણ આપણી સ્ત્રીયોને યથાશક્તિ યથામતિ આપવી તે એક કલ્યાણકર ધર્મ છે.

રીતે એ શબ્દમાં વિદ્વાન્ અને સાધુ મહાત્માઓનો પણ સમાસ થાય છે. કુટુમ્બના વડીલોને આપણે તીર્થરૂપ કહીએ છીયે તેમ લોકના અને દેશના વડીલો પણ આવી રીતે તીર્થરૂપ જ છે. આવાં જડ તેમ ચેતન ઉભય તીર્થોનું અવલોકન જેવી રીતે પ્રવાસથી કરાય છે તેવી જ રીતે ભૂગોલવિદ્યા અને પ્રવાસવર્ણનના તેમ પદાર્થશાસ્ત્રોના ગ્રન્થ જડ તીર્થોનાં અવલોકન કરાવે છે તો ઇતિહાસ અને જીવનકથાઓ વગેરે ચેતનતીર્થોનાં દર્શન કરાવે છે. આવાં પુસ્તકોનો પરિચય આપણા પ્રાચીન કાળની સ્ત્રીયોને કેવા ઉત્સાહથી આપવામાં આવતો તે સ્મરણમાં આણવાને માટે, ઉત્તરરામચરિતમાં ઋષિમુનિઓની પત્નીઓ મહાત્માઓ પાસે વિદ્યા પ્રાપ્ત કરવા જતી તે પ્રસંગો, તેમ સીતાજીને અરણ્યમાં જવાનું દોહદ ઉત્પન્ન કરાવે એવાં ચિત્ર તેમને દર્શાવવામાં આવ્યાં તે પ્રસંગ, જોઈએ તેવા યોગ્ય છે. પણ તીર્થનું અવલોકન તે સદ્વસ્તુનું તેમ સત્પુરુષોનું જ અવલોકન છે; તે અવલોકનમાત્રથી જ મનુષ્ય પવિત્ર થાય છે: તેવા પદાર્થોનું અને પુરુષોનું ગુણશ્રવણ અને કીર્તન તે તેમનું એક પ્રકારે અવલોકન જ છે અને તે ગ્રન્થદ્વારા મળી શકે છે. પ્રવાસમાં તીર્થોનું અવલોકન શોધવાનું છે તો સારા નરસા અન્ય પદાર્થોનો અને મનુષ્યોનો પરિચય પણ કંઈ થાય છે અને તેનાથી મનુષ્ય ભણેલો હોય તો ગણેલો પણ થાય છે અને કેવળ પુસ્તકપંડિત મટી વ્યવહારનિપુણ પણ થાય છે. સંગીતકલા, ચિત્રકલા, આદિ અનેક કલાઓ તેમ સારા નરસા મનુષ્યોના ઇતિહાસ પ્રાચીન આર્યાઓના શિક્ષણવિષયમાં સમાસ પામતાં તે કામશાસ્ત્રના વાંચનારને તેમ માલતીકામન્દકીના પ્રસંગને અને કાદમ્બરી જેવાં પુસ્તકોના વાંચનારને સ્મરણબ્હાર નહી હોય. પ્રવાસથી જે "સર્વત્ર પરિચય"રૂપ લાભ દર્શાવ્યો છે તે આપણી સ્ત્રીયોને માટે અનેકદેશીય પુસ્તકજ્ઞાનદ્વારા આમ ઉચિત ગણાયલો છે. તેમને કેવળ ભોળી અથવા મૂર્ખ રાખવી, સંસારના ઉચ્ચનીચ પ્રવાહોમાં અપરિચિત રાખવી, અને ત્રિગુણભરેલા વ્યવહારમાં અપ્રવીણ રાખવી એ માર્ગ તેમને અરક્ષિત રાખવાનો છે તે માર્ગ આપણી ગૃહદીપિકાઓને માટે ઉચિત ગણીયે તો તે ફાનસવિનાની રહી પવનની લ્હેરોથી કંપશે અને ઝપાટો આવ્યે, છતે તેલે, હોલાઈ જશે. એવો માર્ગ તેમને માટે ઉચિત ગણાયો નથી તે જાણવા ઇચ્છનારને માટે મહાભારતમાં તેમ કિરાતાર્જુન કાવ્યમાં દ્રૌપદીના અનેક સંવાદોમાં તેનું વ્યવહારજ્ઞાન પગલે પગલે સ્ફુરે છે તે વાંચવાની

વિજ્ઞપ્તિ કરવી યોગ્ય છે. ભરુચના દેસાઈજીના કુટુમ્બને ઉદ્ધારનાર સતી ચુનીગૌરી, ઈન્દોરના રાજ્યને અતિપ્રતાપથી ધારનારી મહારાણી અહલ્યાબાઈ, આદિ દૃષ્ટાંતોમાં આપણી સ્ત્રીઓને માથે પડતા મહાપ્રસંગોમાં તેમને વ્યવહારજ્ઞાનના ઉચ્ચ પ્રકારોથી સજ્જ રાખવાની આવશ્યકતા અને સિદ્ધિ જણાઈ છે અને તેવી સજ્જતા સર્વ આર્યાઓને યથાશક્તિ આપવી એવો આર્યોનો ધર્મ ગણાયો છે તે ઉક્ત પ્રકારે સ્પષ્ટ કરવાનો અત્ર પ્રયત્ન છે. જે બુદ્ધિવિસ્તારનાં બે લક્ષણ તેમને પ્રાપ્ત કરાવવાની શિષ્ટતા આમ જણાઈ છે તેનાં અન્ય લક્ષણ પ્રાપ્ત કરાવવાની શિષ્ટતા પણ એ જ ન્યાયે જણાશે જાણી અત્ર વિસ્તાર કરવામાં નથી આવતો. આ પાશ્ચાત્ય રાજ્ય સાથેના સંબંધમાં આવી પડેલા આપણા દેશકાળને માટે તો આપણી સ્ત્રીયોને સર્વ પ્રસંગોને માટે સજ્જ રાખવા તેમ ગૃહવ્યહારની પ્રવૃત્તિઓને માટે યોગ્ય કરવા, પાશ્ચાત્ય વિદ્યાને પ્રવાસ લેવી ગણી, એ વિદ્યા પ્રાપ્ત કરાવવામાં જ, તેમનું રક્ષણ છે, આપણું કલ્યાણ છે, અને પ્રાચીન આર્યોએ ગણેલો શિષ્ટાચાર છે. એ કલ્યાણ-અકલ્યાણનું દૃષ્ટાંત આપવાને એક જ વાત કહેવી બસ છે. હાલમાં ચાલતા પ્લેગના લોકસંહારક મહારોગના પ્રસંગોમાં રોગના સંસર્ગીના સંસર્ગથી દૂર રહેવું અને રોગવાળા પ્રદેશથી દૂર વસવું ઈત્યાદિ ઉપાયો લેવા ઉપયોગી છે તે પાશ્ચાત્ય ખંડોમાં ન્હાનાંમ્હોટાં સર્વ મનુષ્યોમાં સુપ્રસિદ્ધ છે. આવી રીતે વર્જ્ય થયેલા દેશમાં ન વસવાનો ધર્મ હોવા છતાં તેમાં પડી રહેનાર મનુષ્યોને વિષૂચિકા રાક્ષસીએ ભક્ષ્ય ગણવાં એવું વરદાન તેને બ્રહ્માએ આપેલું છે એવો બોધ આપણાં શાસ્ત્રો કરી ગયાં છે. આમ ઉક્ત પ્રકારે પાશ્ચાત્ય લોકોને એટલે અર્ધા જગતને જે આમ સુપ્રસિદ્ધ છે અને આપણા શાસ્ત્રપ્રમાણે પણ વિહિત ધર્મ છે તે આપણી ગ્રામ્ય વસ્તીના પુરુષોથી સમજાતી નથી તો તેમની સ્ત્રીયોથી સમજાય નહી તે સ્વાભાવિક છે. પરંતુ ન્હાનાં ગામડાં કરતાં મ્હોટાં ગામની વસ્તીને અને તેના કરતાં મુંબાઈ જેવા નગરની વસ્તીને આ વાત વધારે જાણીતી છે. આનું એક પરિણામ એ થાય છે કે રોગના પ્રસંગોમાં નગરોની વસ્તી પ્રમાણમાં જેટલી બચી જાય છે તેના પ્રમાણમાં ન્હાનાં નગરો અને ગામોમાં ઘણો સંહાર થાય છે. લગભગ નવ લક્ષ મનુષ્યની વસ્તીવાળા મુંબાઈમાં રોગપ્રકોપઋતુમાં દિવસનાં ઘણામાં ઘણાં ત્રણસો ચારસો મરણ થાય છે એટલે તેના નવમા ભાગ એટલે એક લક્ષની વસ્તીવાળા નગરમાં ઘણામાં ઘણાં તેત્રીશથી ત્રેતાલીશ

મરણથી વધારે થવાં ન જોઈએ, અને ત્રીશ હજારની વસ્તીવાળા ગામમાં બારથી પંદર કરતાં વધારે મરણ થવાં ન જોઈએ. તેને સટે એક લક્ષની વસ્તીવાળા સુરતમાં દિવસનાં સો સો મરણ થયાં છે અને ત્રીશ હજારની વસ્તીવાળાં ગામોમાં દિવસનાં ચાલીશ ચાલીશ મરણ થયાં છે. અર્થાત્ મુંબાઈ કરતાં સુરતમાં મરણનું પ્રમાણ ત્રગણું અને ત્રીશ હજારની વસ્તીવાળા ગામમાં નવગણું થયું છે, અને છેક ન્હાનાં ગામોમાં તો એ પ્રમાણ વધવાનો સુમાર રહેલો નથી : આવા ફેરનું એક મ્હોટું કારણ ન્હાનાં ગામોની પ્રમાણમાં વધતી અનાથતા છે તેવું જ બીજું કારણ ત્યાંની વસ્તીનું પ્રમાણમાં વધતું અજ્ઞાન છે. છેક ન્હાનાં ગામોમાં આ અજ્ઞાન સ્ત્રીપુરુષોમાં સમાન હોય છે, પણ મધ્યમ પંક્તિના નગરોમાં જ્યાં પુરુષોમાં પાશ્ચાત્ય વિદ્યાથી અથવા પાશ્ચાત્ય સંસ્કારોથી આ અજ્ઞાન કાંઈક દૂર થવા પામેલું હોય છે ત્યાં તેમના કુટુંબની સ્ત્રીયોમાં એ અજ્ઞાન અપ્રતિહત હોવાથી રોગપ્રકોપપ્રસંગે કાલોચિત કરવામાં તે સ્ત્રીયોનાં હૃદય ચાલી શકતાં નથી. ઘરમાંથી બ્હાર જવામાં ગૃહિણીનું હૃદય સજ્જ ન હોય તો તે ગૃહના પુરુષો તેમને બલથી કહાડી શકે એ વાત આપણા લોકની કુટુમ્બવત્સલતા આગળ થઈ શકે એવી નથી. એ ગૃહિણીઓમાં આવાં અજ્ઞાનની અને તેમના ઘરમાં રહેવાના આગ્રહની અને તેથી રોગના ભોગ થવા પામેલાં કુટુમ્બોની કથાઓ અનેકધા કાને અને આંખઆગળ આવી છે, આવે છે, અને આવશે. આ અજ્ઞાનનો પ્રતીકાર મુંબાઈ જેવાં નગરોની સ્ત્રીઓને સહવાસથી પ્રાપ્ત થયલો હોય છે, અને મ્હોટાં નગરમાં રોગ ઓછો હોવાનાં અનેક કારણોમાં આ પણ એક કારણ છે. તે સ્ત્રીઓને જે આ લઘુ જ્ઞાન સહવાસથી પ્રાપ્ત થાય છે તે ન્હાનાં ગામોની સ્ત્રીઓને પાશ્ચાત્ય શોધન અને સૂચનવાળાં પુસ્તકોથી આપી શકાય અને તેમ થાય તો એવાં ગામોમાં આ રોગનો પ્રકોપ ઓછો થાય. આ રોગનો પ્રસંગ તો સાત આઠ વર્ષથી આ દેશને પ્રાપ્ત થયો છે, પણ અન્ય પ્રસંગો પણ ઓછા નથી. કન્યાઓનાં પક્ષાંની અવ્યવસ્થા તેમનાં સંબંધીઓને અને સાહુકારોને હાથે થાય છે તેમને સેવીંગ બેંકના અભયદાનની વ્યવસ્થાનું જ્ઞાન હોય તો તેમનું ઘણું રક્ષણ થાય. આપણા લવાર, કંસારા, સોની આદિની સ્ત્રીઓ પોતાના સ્વામીઓને અને પુત્રોને ધંધામાં કામ લાગે છે, અને યુરોપમાં વ્યાપારીઓને અને ગ્રન્થકર્ત્તાઓને તેમની સ્ત્રીયો સહાયભૂત થાય છે તે જ રીતે બ્રાહ્મણવૈશ્યોની સ્ત્રીઓ તેમના

કુટુંબના વ્યાપારવ્યવહારયોગ્ય શિક્ષણ પામે તો તેમનાં કુટુમ્બો અને તેમનાં દ્રવ્ય અનેકધા સુરક્ષિત થાય અને વધવા પામે. આવાં પરિણામ કેટલી રીતે અને કેટલા પ્રમાણમાં પામી શકાય તે જગતના ઇતિહાસને વિદિત છે, આ દેશમાં પણ અવલોકનથી સમજાય એમ છે, અને અનુભવસિદ્ધ કરી જોવાય એમ છે. એ પરિણામ પામવાનો એક રસ્તો એ જ છે કે પાશ્ચાત્ય સંસ્કારોથી આપણી સ્ત્રીયો કેવળ રહિત છે તેમને એવી રીતે છેક રહિત રાખવી નહી અને સર્વેયે યથાશક્તિ યથામતિ એ સ્ત્રીયોને પાશ્ચાત્ય વિદ્યાના પન્થ ઉપર કંઈક પ્રવાસ કરાવવો. આ વિષય અનેક પ્રકારે અનેક દૃષ્ટાન્તોથી વિસ્તારાય એવો છે, પણ આ પ્રસંગ તેમ કરવા કરતાં આટલાથી જ આટોપી લેવા જેવો છે. વર્તમાનકાળની આર્યાઓને ઉક્ત પન્થ ઉપર પ્રવાસ કરાવવાથી, તેમને માટે વિહિત ગણાયલી યાત્રાઓનું બુદ્ધિવિસ્તારરૂપ મહાફળ તેમને આ યુગમાં પ્રાપ્ત કરાવાય એમ છે, તે પ્રાપ્તિથી તેમનું અને લોકનું કલ્યાણ છે, અને તેથી તેમને તે પ્રાપ્તિ કરાવવી એ આર્યોનો ધર્મ છે એટલી વાત, પાછલા ખંડમાં દર્શાવેલી કસોટી ઉપર આપણે ઉઠાવેલો પ્રશ્ન કસી જોતાં, સમજાય છે તે સમજાવવાને આ મિતાક્ષર પ્રયત્ન છે.

૪૬. પાશ્ચાત્ય વિદ્યાનું વિષ, એ વિષ દૂર રાખવાનાં અનુપાન; આરંભેલી ચર્ચાની આ જીવનકથામાં પ્રાસંગિકતા.

૪૬. કેવળ પાશ્ચાત્ય વિદ્યા આપણી કન્યાઓને વિષરૂપ અને તેનાં સંબન્ધીયોને વિડમ્બનારૂપ થઈ પડે છે એવું આપણા લોક માને છે તે કાંઈ પાયા વિનાની, નિર્મૂળ, અથવા અસત્ય વાત જ છે એમ કાંઈ નથી. પરંતુ આ દોષ તે વિદ્યાનો નથી, પણ એના શિક્ષણના પ્રકારનો છે. ઉચિત વિધિથી આપેલું સોમલ અમૃતનો ગુણ આપે છે અને અનુચિત વિધિથી આપેલું અમૃત વિષનું કામ સારે છે. કેવા વિધિથી પાશ્ચાત્ય વિદ્યા સ્ત્રીઓને આપીયે તો તેનું વિષ દૂર રાખી તેનું અમૃત મળે એ પ્રશ્નના ઉત્તર-વિસ્તારમાં પેસવાનો અત્ર પ્રસંગ નથી, પણ એક બે વાક્યોથી સંક્ષિપ્ત ઉત્તર અપાય એટલો આપીશું. સંસ્કૃત વિદ્યા આ દેશનાં બાળકોને માતાના ધાવણ જેવી હોવાથી તરત પચે છે અને આમરણાન્ત વિદ્યારૂપે રક્ષણ અને પોષણ કરે છે. વિજાતીય સંસ્કારોથી ભરેલી ઇંગ્રેજી વિદ્યારૂપ આકાશમાં આપણી પૃથ્વીપર જન્મેલા કાગળરૂપ પતંગને મોકલીયે ને પૃથ્વીસાથે મ્હોટા સૂત્રથી એને સાંધી ન રાખીયે તો તેની અવ્યવસ્થા થાય તેમાં કાંઈ નવાઈ નથી. આ-

પણ્ કન્યાઓરૂપ પતંગોને આ આકાશમાં મોકલતાં એ પતંગો ઉરાડનારે આવી ચતુરતા રાખવાની છે, એટલી ચતુરતાથી આ વિદ્યા અમૃતપાન જેવી થાય છે અને અનિષ્ટ ફળ આપતી નથી. **લી**લાવતીને એ વિદ્યા અપાઈ નથી પણ તે વિદ્યાના ગન્ધનો માત્ર પાસ જ તેના હૃદયમાં બેસાડવાનો પ્રયત્ન કરેલો હતો તો તે ખંડ ૪૩ માં દર્શાવેલું છે. એ ગન્ધના સંસ્કાર થોડા પણ કસ્તુરીના ગન્ધ પેઠે તેના હૃદયમાં સ્ફુરેલા હતા તે પ્રસંગ આવ્યે આપણે જોઈશું. પણ શાળામાં તે ગઈ ન હતી એટલે ગૃહસંસ્કારથી દુર રહી ન હતી. ગૃહમાં એક પાસથી આ વિજાતીય વિદ્યાનો ગન્ધ તેના હૃદયમાં જવા પામ્યો હતો તો બીજી પાસથી સ્વયંપાક આદિ ગૃહકર્મમાં તેને કેટલી પલોટી હતી તે ખંડ ૪૧ માં કહેલું છે અને ત્રીજી પાસથી સંસ્કૃત સાહિત્ય અને શાસ્ત્રમાં તેને ચચ્ચૂપાત કરાવેલો તે પણ અન્યત્ર વર્ણવેલો છે. આવાં અનુપાન સાથે અપાયલા પાશ્ચાત્ય વિદ્યાના સંસ્કાર એને કેવા ઉપયોગી થયા હતા તે આ લેખકનું હૃદય સારી રીતે જાણે છે, અને એ ઉપયોગ વ્યવહારવિષયમાં થયલો હોવાથી આ જીવનકથાના લેખમાં વિશિષ્ટ ઉદ્દેશને અંગીભૂત નથી. એ સંસ્કારોને બળે તેના ઉદ્‌ગારોમાં આવેલી ઉદારતા પ્રસંગોપાત્ત લખાશે ને સમજાશે, અને તે બળની નિર્દોષતાનું વિવેચન તો કાંઈ પણ દોષ ન દેખનાર આ લેખક કેવા પ્રસંગથી આરંભે ? આ લેખકે **લી**લાવતીના સંસ્કારવૃક્ષને રોપતાં તેનાં બીજને કેવા કારણથી પાશ્ચાત્ય સંસ્કારોના ઋતુના સંસ્કારોથી ભરેલા પવનનો સ્પર્શ થવા દીધો તેટલું આ પ્રકરણથી સ્પષ્ટ થાય તો એ પ્રકરણનો એક હેતુ સિદ્ધ થશે.

---

## પ્રકરણ ૫.

### ભાવનાઓ-ભરેલી સૃષ્ટિ.

૪૭. બુદ્ધિમય, વાસનામય, અને ભાવનામય મનુષ્યવૃક્ષ.

૪૭. બીજનો વિકાસ થતાં અનેક શાખાઓ ઉપર ઉભરાતાં પાંદડાંઓના અને ફળપુષ્પના ભારથી લચી રહેતો વૃક્ષ ઉભો થાય છે. બીજનો વિકાસ થતાં અલ્પ દેહવાળું બાળક મટી મહત્ અને નવા અવયવો વાળું પરિપક્વ શરીર ઉભું થાય છે. બીજનો વિકાસ થતાં અજ્ઞ અને લઘુવૃત્તિ વાળું બાળક મટી બુદ્ધિમય, વાસનામય, અને ભાવનામય, મનુષ્ય ઉભું થાય છે. એ બુદ્ધિને બળે,

વાસનાને બળે, અને ભાવનાને બળે મનુષ્યનો ઉચ્ચનીચ સંસાર જામે છે. કુટુમ્બનો સંસાર એ માત્ર આવા અનેક સંસારરૂપ નીસરણીનું આરંભસ્થાને એક પગથીયુંછે અને એ પગથીયા ઉપર પણ બુદ્ધિ, વાસના, અને ભાવના સ્ફુરે છે. નીચ મનુષ્યોમાં ભાવના વિનાની વાસના હોય છે; મધ્યમ મનુષ્યોમાં ઉભય હોય છે; અને ઉત્તમ મનુષ્યોમાં વાસના વિનાની ભાવના હોય છે. વાસના કે ભાવના જે પ્રબળ હોય તેને બુદ્ધિ સાધનરૂપ થાય છે. સર્વ કુટુંબજનો પ્રતિ લીલાવતી વાસનાહીન કેવી રીતે હતી તે આપણે જોઈ ગયા છીયે. અમુક પદાર્થમાં અમુક ઉત્કૃષ્ટતા હોવી જોઈયે એવી નિષ્કામ વૃત્તિને ભાવના ગણી લીલાવતીમાં તેનું સ્વરૂપ જોવા હવે પ્રયત્ન કરીશું.

૪૮. માતાવિષયે લીલાવતીની ભાવના.

૪૮. સ્નેહની પણ એક ભાવના જ છે. એક દિવસ લીલાવતીના બાળકને એની માતાએ કંઈ ધમકાવ્યો. એ બાળકનું વય વર્ષ બે વર્ષનું હશે. વ્યાધિગ્રસ્ત લીલાવતીએ પોતાના ખાટલામાંથી આ વાત સાંભળી જાણી અને અયોગ્ય ગણી. પણ તેની માતા પાસે આવી ત્યાં સુધી કાંઈ શબ્દ ઉચ્ચાર્યો નહી અને તે પાસે આવી ત્યાં ધીમે સ્વરે કહ્યું, “ બા, આને ધમકાવવામાં તો કાંઈ ફળ નહી. એને “ તો કાંઈ પટાવી ખેલાવી કામ કહાડો તો એ કાંઈ શીખશે ને તમને “ફળ થશે.” તેને ઉત્તર મળ્યો: “ એ ચતુરાઈ તને આવડે, મને ન આવડે.” લીલાવતીએ પ્રત્યુત્તર ન દીધો. એની ન્હાની બ્હેન જયંતીને તેની માતા ઉચ્ચ સ્વરે લહડતી ત્યારે ભગિનીવત્સલ લીલાવતી અશ્રુપાત કરતી અને કોઈ પુછે ત્યારે કહેતી, “ બાને શું કહીયે ? જ- “ યંતીનો વાંક છે પણ તેને બા આમ લહડે છે તે ખમાતું નથી.” જે વાત બ્હેનના સંબંધમાં ન ખમાઈ તે પોતાના બાળકના સંબંધમાં ખમાઈ, કારણ માના કરતાં માતામહીનો સ્નેહ ન્યૂન નથી તે તે સમજતી; ત્યારે બ્હેન ઉપર માતા લોકાચારને વશ થઈ જોઈએ તે કરતાં વધારે બળ કરે છે તે વાતને અન્યાય ગણી પોતાની માતાનામાં તે દોષ જોઈ અને જયંતીને તે દોષની ભોગ થતી જોઈ લીલાવતી આ બેમાંથી એક વાત પણ સહી ન શકતી. અન્ય પ્રસંગે લીલાવતી તેની માતા સાથે હીંચકે બેસી હીંચકા ખાતાં ખાતાં વાતો કરતી કરતી બોલી ઉઠી હતી: “ બા, તમે મ્હોટાકાકાની પ્રતિષ્ઠા જાળવવી સમજતાં નથી ! સંસારમાં “તેમની પ્રતિષ્ઠા કેવી છે તે તમે જાણો છો ? ” અન્ય સ્થળે બેઠાં બેઠાં આ

સ્વર મ્હારા કાનમાં આવ્યો એટલે ઉઠીને હું લીલાવતી પાસે આવ્યો અને પુછ્યું. “લીલાવતી, તું ત્હારી માને શું કહે છે?” લીલાવતીએ પોતે કહેલું ફરી કહી બતાવ્યું અને મ્હેં ઉત્તર દીધો, “મ્હોટી, ત્હારી આ મ્હારી એવી એવી પ્રતિષ્ઠામાં ન સમજે તે જ બરોબર છે”. લીલાવતીએ પ્રત્યુત્તર ન દીધો. જે વર્તમાનપત્રો વાંચી લીલાવતી મ્હારી કૃત્રિમ પ્રતિષ્ઠાને માપતી હતી તે પત્રોનો સંસર્ગ તેની માતાને થવા વારો આવ્યો નથી અને મ્હારી એવી પ્રતિષ્ઠાની કલ્પના મ્હારી તેની વચ્ચે નવો અંતરપટ કે પડદો ઉભો કરે એ વાતની અનુચિતતા લીલાવતીના ધ્યાનમાં તરત ઉતરી ગઈ દેખાઈ. “મ્હારી માતાનું માનસિક સ્વરૂપ અને સત્ત્વ આવું જોઈએ” એવી ભાવના લીલાવતીના માતૃવત્સલ હૃદયમાં કેવે પ્રકારે સ્ફુરતી હતી તેનાં આ દૃષ્ટાંતો છે.

૪૯. પિતાવિષયે ભાવના.

૪૯. “મ્હારી માતા આવાં હોય તો ઠીક” એવી ભાવના લીલાવતીને રહેતી તો “મ્હારા પિતા આવા હોય તો ઠીક” એવી ભાવના પણ તેને રહેતી. લીલાવતીનું વય ચૌદ પંદર વર્ષનું હતું તે કાળે એક પ્રસંગે કોઈએ તેની પાસે એવું કહ્યું કે “લીલાવતી, તારા મ્હોટાકાકા તો જગતમાં નાસ્તિક ગણાય છે.” જગતમાં હું કેવો ગણાઉં છું તેના કરતાં હું જાતે કેવો છું તેની ચિન્તા લીલાવતીને થઈ. પ્રથમ તેણે તેની માતાને પુછ્યું કે “બા, શું મ્હોટાકાકા નાસ્તિક છે?” તેની માએ તેને ઉત્તર આપ્યો તેથી સંતોષ ન વળતાં તે મ્હારી પોતાની પાસે જ આવી ગંભીર અને આતુર સ્વરે પુછવા લાગી—“મ્હોટાકાકા, શું આ વાત ખરી છે?” મ્હેં તેને સીદ્ધો ઉત્તર ન દેતાં સામું પુછ્યું:—“તું શું ધારે છે?” લીલા૦—“હું તો ધારું છું કે મ્હારા મ્હોટાકાકા નાસ્તિક ન હોય.” મ્હેં કહ્યું—“તો બસ. પછી તું જે જાણે છે તે જ ખરું સમજજે.” તે તૃપ્ત થઈ. તેના છેલા વ્યાધિના કાળમાં વળી અન્ય વિષયમાં તેને શંકા થઈ. સરસ્વતીચંદ્રનો ચતુર્થ ભાગ છપાઈ રહેવા આવ્યો હતો પણ તેમાં નાયકનાયિકાનું શું પરિણામ થાય છે તે વિષયે કુટુંબમાં પણ સર્વેને અજ્ઞાત રાખવાં પડ્યાં હતાં અને એ પરિણામ વાસ્તે સઉ કંઈ કંઈ કલ્પના કરતાં હતાં અને તે કલ્પનાઓ લીલાવતીને કાને આવી હતી. એક દિવસ સુતી સુતી તે ગંભીર સ્વરથી પુછવા લાગી: “મ્હોટાકાકા, આ કુસુદનું તમે શું કરવા ધાર્યું છે?” ઉત્તર—“બ્હેન, એ વાત હું કોઈને ક્હેતો નથી”. પ્રશ્ન—“શાથી નથી

"ક્‌હેતા ?" ઉત્તર—"પ્રથમ તો ઉત્તર દેવાને હું એકલો ને પુછનારાં "અનેક તે ઉત્તર દેતાં હું થ્હોચી વળું એમ નથી. અને બીજું કારણ "તો એ કે જ્યાં સુધી હું છેલાં પ્રકરણ લખી ક્‌હાડું ત્યાં સુધી કેવું "પરિણામ હું આણીશ તે હું જાતેજ જાણતો ન હતો". પ્રશ્ન— "પણ હવે તો લખી રહ્યા છો કે નહી?—હવે તો જાણતા હશો!" ઉત્તર—"હા. જાણું છું. પણ આ વાત હું કોઈને ક્‌હેતો નથી એવો "સર્વને ઉત્તર દેઉં છું; છતાં હું તને કહું તો હું અસત્યવાદી થાઉં "માટે તને પણ ક્‌હેતો નથી". કંઈક ભ્રમર ચ્હડાવીને આજ્ઞા કરતી હોય તેમ બોલી: "તે સઉ ભલે. પણ હું તમને ચોખી વાત કહું છું "કે તમારે કુમુદનું પુનર્લગ્ન ન થવા દેવું! પછી બીજી વાત ગમે તે "કરજો!" બ્હેન! લીલાવતી! તું મ્હારી માતા હોય તેમ ત્‍હેં મ્હારી ચિન્તાઓ કરી અને મ્હારા ધર્મિષ્ઠ અને ભક્ત પિતા મને દ્રવ્યવાન જોવા ઇચ્છતા તેના કરતાં મને પ્રભુના અને ધર્મના માર્ગમાં પ્રવર્તતો જોવા વધારે ઇચ્છતા હતા તેવી રીતે ત્‍હેં પણ એવી જ ભાવનાઓનો જાતે સ્વીકાર કર્યો, અને મ્હારામાં ત્‍હારો પક્ષપાતી સ્નેહ કાંઈ દોષ જોતો ન હતો તે સ્નેહને બળે ત્‍હારું હૃદય આવા એકાદ બે દોષની મ્હારામાં માત્ર શંકા થતાં પણ કમ્પ્યું! લીલાવતી! ત્‍હેં મ્હારાં માતાપિતા જેવી મ્હારી ચિન્તા કરી અને મ્હારે માટે ભાવનાઓ રાખી, તો ત્‍હારા અવસાનકાળની આ ઇચ્છા તે મ્હારાં માતાપિતાની આજ્ઞા જેવી જ માન્ય ગણવાનો મ્હારે પ્રસંગ હતો. ત્‍હારી ઇચ્છાથી ઉલટો લેખ મ્હેં લખ્યો હત તો પણ ત્‍હારી આવી ઇચ્છાને આજ્ઞા ગણી વખત છે મ્હારે લેખ ફેરવી નાંખવો પડત, અને તે કાળે દેશના કલ્યાણ કરવાને અર્થે લખેલા લેખમાં મ્હારે મ્હારા હૃદયની ભાવના માનવી કે ત્‍હારી ભાવના માનવી એ વિકટ પ્રશ્ન મ્હારા હૃદયમાં ઉઠત. પણ ત્‍હારા પ્રશ્નને પ્રસંગે હું ત્‍હારી પિતૃવત્સલ ચિન્તાને દૂર કરું અને મ્હારા હૃદયમાં કોઈ નવો પ્રશ્ન ઉઠે નહી એવો ઉત્તર સદ્‌ભાગ્યે હું તને સ્મિત કરીને દેઈ શક્યો કે, "બ્હેન, આ વાતની તું રજ ચિન્તા ન કરીશ". જે લીલાવતીમાં એટલા મ્હારા સ્નેહથી પક્ષપાતી બનેલા મ્હારા હૃદયે એક પણ દોષ દીઠો નથી તે લીલાવતી પણ, તેનાં માતાપિતામાં કોઈ પણ દોષ હોય નહી અને એની ઉચ્ચ ભાવનાઓને તૃપ્ત કરે એવાં તે હોય એવી વાસના ક્‌હો તો વાસનાને અને ભાવના ક્‌હો તો ભાવનાને આવે પ્રકારે પોતાના આયુષ્યપર્યંત એને અતિ વેગથી આમ અનુભવતી હતી.

૫૦. સામાન્ય વ્યવહારમાં "ભાવના" એટલે કોઈ વ્યક્તિ અથવા દેવ માટે શ્રદ્ધા, પૂજ્ય બુદ્ધિ વગેરે અર્થ છે. માતાને માટે ભાવના એટલે માતામાં દોષ ન વસે અને તેના દોષ ન જોતાં ગુણ જ જોવા એવી પૂજ્ય બુદ્ધિ.

૫૦. લીલાવતીની ઉક્ત ભાવનાઓનું રહસ્ય.

**वृद्धास्ते न विचारणीयचरितास्तिष्ठन्तु हुं वर्त्तते**

જે વડીલો છે તેમનાં ચરિતનો વિચાર જ ન કરવો, કારણ વિચાર કરતાં તેઓમાં કોઈ એવા દોષ નીકળે કે તેથી તેમના ઉપરની પૂજ્યબુદ્ધિ ઓછી થાય–તેમના ઉપરની ભાવના ઓછી થાય—અને તે વાત સ્નેહી બાળકને અનિષ્ટ છે; માટે વડીલોના દોષની વાત નીકળતાં "હુંકાર" કરી કાન ઢાંકી દેવા અને સાંભળવું, બોલવું કે વિચારવું પણ નહી. આવી ભાવના બાળકોની ઉદારતાથી જન્મે છે, તેમની ન્યાયબુદ્ધિથી જન્મતી નથી. આપણા અર્વાચીન સંસારમાં ન્યાય કરતાં ઉદારતાની અધિક આવશ્યકતા છે ત્યાં આવી ભાવના જનમાન્ય છે તે ઉચિત છે. લીલાવતીની બુદ્ધિ તેથી ભિન્ન પ્રકારની હતી. મ્હારાં માતાપિતામાં દોષ છે પણ આંખ આડા કાન કરવા એવી ભાવનાની તેના મનથી આવશ્યકતા ન હતી અને એવી ભાવનામાં ધર્મ છે એવું તે માનતી ન હતી. ભક્તકવિ નરસિંહ મ્હેતો લખી ગયા છે કે–

"નારાયણનું નામજ લેતાં વારે તેને ત્યજીયે રે,
"ધનને ત્યજીયે, તનને ત્યજીયે, ત્યજીયે ઘર ને બાર રે. નારા૦
"પ્રથમ પિતા પ્રલ્હાદે ત્યજીયો, નવ ત્યજીયું હરિનામ રે;
"ભરત–શત્રુઘ્ને ત્યજી જનેતા, નવ ત્યજીયા શ્રી રામ રે. નારા૦"

ઉપર ખંડ ૧૨ માં આવી જ ભાવનાથી લીલાવતીએ બાંધેલો સિદ્ધાંત આપણે જોયો છે કે "ઈશ્વરની આજ્ઞાથી વિરુદ્ધ વર્તવા માતાપિતા કે કોઈ પણ વડીલ આજ્ઞા કરે તો તે ગમે તે થાય તો પણ પાળવી નહી." આ સિદ્ધાન્ત બાંધનારીના હૃદયમાં તેનાં માતાપિતાના વિષયમાં એવો સિદ્ધાંત હતો કે સંસાર ગમે તેવો છે પણ મ્હારાં માતાપિતાનાં હૃદય અને જીવન ઉચ્ચ ભાવનાઓથી ભરેલાં અને નિષ્કલંક છે અને તેમનામાં એવો કોઈ દોષ નથી કે જેને માટે મ્હારે નીચું જોવું પડે અથવા ઢાંકપીછોડો કરવો પડે. આવો દોષ તેમનામાં તેણે દીઠો હત તો તેના જીવને કેટલું દુઃખ થાત અને ભક્ત કવિના વાક્યપ્રમાણે તેમનો તે ત્યાગ કેવી રીતે કરત ઇત્યાદિ અનાગત પદાર્થોને સંબંધે કલ્પનાઓ કરવી જેવી નિરર્થક છે, તેવી જ રીતે તેણે તેનાં માતા-

પિતાના નિષ્કલંકપણા વગેરેનો સિદ્ધાંત બાંધ્યો હતો તે સત્ય હતો કે તેણે તેના વત્સલ હૃદયના પક્ષપાતને બળે ભુલથી બાંધ્યો હતો તેનો નિર્ણય કરવો અત્ર અપ્રાસંગિક અને અપ્રસ્તુત છે તેમ આ લેખકને હાથે તે થવો અનુચિત છે. આપણો વર્તમાન પ્રસંગ **લીલાવતીનું** હૃદય સમજવાનો છે ને તે હૃદયમાં આવા સિદ્ધાંતો માત્ર શબ્દના ઇન્દ્રજાળ પેઠે નહી પણ જીવમાન પ્રાણરૂપે સ્ફુરતા હતા એટલું સમજાવવાને માટે જ આટલો પ્રયત્ન અત્ર કર્યો છે. ખંડ ૧૪ માંના પ્રસંગે તેણે અશ્રુપાત સાથે ઉદ્ગાર કર્યો હતો કે "આ તો આવો "બોલ કોણ બોલે છે?–મ્હારાં બા, જેમને તમે જ્ઞાન આપ્યું "છે, જેમણે મને જ મ્હારાં સાસુજી પ્રત્યેના ધર્મનો બોધ કરેલો "છે, તે મ્હારાં બા–તેમના મ્હોંમાંથી આ શબ્દ નીકળે છે તે કેમ "ખમાય?" પોતાની ભાવનાનદીના મૂળાધાર જેવી માતાને જ એ ભાવનાનો ત્યાગ કરતી જોઈ ન ખમી શકનારી પુત્રીના હૃદયમાંથી તેના નેત્રમાં જે આંસુ ચ્હડી આવ્યાં તે એ માતામાં પ્રકટ થયલું દૂષક આવરણ જોઈને અને એ આવરણ દૂર કરવાને માટે જ આવ્યાં હતાં. પુરુષ ભક્ત કવિએ જ્યાં ત્યાગ ઇચ્છ્યો હતો ત્યાં સ્ત્રીજાતિની કોમળ પણ આશાવતી શક્તિએ વત્સલ પુત્રી પાસે માતાનું હૃદય દ્રવમાન કરાવ્યું અને તેમાં ઉગતું કલંક ચાંપી દીધું. પાછલા બે ખંડોમાં વર્ણવેલું છે તે પ્રમાણે માતાપિતાને માટે પોતે બાંધેલા સિદ્ધાંતો એક અંશે પણ ખોટા પડવાની શંકા થતાં તેની ભાવના ઉક્ત પ્રકારે તેને જાગૃત કરતી અને તેની ભાવનાએ રચેલા ઉત્કર્ષશિખર ઉપરથી એ માતાપિતા સ્ખલિત થાય નહી અને શિખર ઉપર જ ટકે એવી એ આજ્ઞા કરતી. એ પવિત્ર આજ્ઞાઓ કેવા અધિકારથી તે કરતી અને કેવા વિધિથી તે પળાવતી તે સૂચવવાને તેનું એક વાક્ય લખવા જેવું છે. **સરસ્વતીચંદ્રના** ચતુર્થ ભાગમાં કુમુદનું શું થવાનું તે વિષયે તેણે કરેલા પ્રશ્નનો પ્રતિપ્રશ્ન આ લેખકે કરેલો કે "**લીલાવતી**, કુમુદનું "શું થશે તે વીશે તું જાતે શું ધારે છે?" તેનો તેણે તરત જ ઉત્તર દીધો કે "હું તો એમ જ ધારું છું કે તમે તેને જીવાડશો, અને "એ પ્રમાદધનને **સુધારશે.**" જે અધિકારથી અને વિધિથી કુમુદ પ્રમાદને સુધારે તે જ અધિકારથી અને વિધિથી અન્ય વડીલોને પણ ચતુર અને પવિત્ર દુહિતાઓ સુધારે એટલી વાત **લીલાવતીના** હૃદયમાં હતી એમ ગણીયે તો એના હૃદયની એક કુંચી આપણા હાથમાં આવે છે. અન્ય ગુરુ કારણોથી કુમુદના સંબંધની એની આ ધારણા

ખોટી પાડવી પડી એ સત્ય છે, પરંતુ એ પણ સત્ય છે કે લીલાવતીએ આ ઉચ્ચાર કર્યા પ્હેલાં તેની ધારણા પ્રમાણે પરિણામ આણવાનો લેખ આ લેખકના હૃદયમાં હતો ને તેને અનુસરીને તે એક વાર આરંભ્યો પણ હતો, પરંતુ તે પછી ગ્રન્થાવસાનના ચિત્રમાં એ આરંભ વિસંવાદી લાગવાથી તેને ફેરવી નાંખ્યો હતો.

૫૨. વસ્ત્રાલંકાર વગેરે.

૫૧. પિતામાતાને જે આવી ભાવનાઓથી જોતી હતી તે આ સંસારમાં જાતે કેવી ભાવનાથી વસતી હતી અને કેવી ભાવનાઓથી સંસારિણી હતી તે આપણે અનેક દૃષ્ટાંતોથી જોયું છે. પણ દૃષ્ટાંતોનો એ અંતરપટ ઉઘાડી નાંખી તેમાંનું અન્તઃસત્વ જોવા હવે કંઈ પ્રવર્તીશું. આપણી સામાન્ય સ્ત્રીઓની વાસનાઓ-અન્નપાનમાં, વસ્ત્રાલંકારમાં, કુટુંબજનપાસેથી મળતા માનમાં અને લાડમાં, જ્ઞાતિજનમાં અને સ્વગ્રામમાં કે સ્વનગરમાં ઉજ્વલ જણાવામાં અને લગ્નાદિક સમારંભોને કાળે હરવાફરવાના અને જોવા જોવડાવવાના વગેરે "લ્હાવા" લેવામાં,-સમાપ્ત થાય છે. એ સર્વ અને બીજા ભોગાદિકમાં નીતિમતી સ્ત્રીઓ પણ સ્વામિના વૈભવ પ્રમાણે ન્હાની અથવા વિશાળ મર્યાદાઓમાં પ્રવર્ત્તી તૃપ્ત થાય છે. આવા પ્રસંગોમાં અને સર્વ સાધનો પાસે હોવા છતાં પણ ભોગમાં મર્યાદા પાળવી એ એક જાતનું તપ છે. ભોગની લ્હેમાં પડી આવું તપ ન કરનારી સ્ત્રીઓ કુટુંબની સંભાળ લેઈ શકતી નથી આદિ કારણોને ઉદ્દેશીને કણ્વ મુનિએ શકુન્તલાને "**भोगेष्वनुत्सेकिनी**" થવાનો ઉપદેશ કરેલો છે. શાકુન્તલનો એ અંક શીખેલી **લી**લાવતીએ એ ઉપદેશ પાળેલો છે તે તો આટલે સુધીની આ કથા વાંચનારને હવે કહેવું પડે એમ નથી. પરંતુ સંસારના એટલા સમર્યાદ ભોગને પણ તેણે અમુક ભાવનાથી જ સ્વીકારેલા છે. વસ્ત્રાલંકારના સ્વીકાર કરતાં તે અમુક જાતની મર્યાદા રાખતી અને પાસે હોય તે પણ પ્હેરતી નહી તે કેવા કારણથી તે ખંડ ૨૩ માં કહેલું છે. પણ જેટલું પ્હેરતી તે કેવા કારણથી પ્હેરતી તે કહેલું નથી. આ વિષયનો પ્રશ્ન ઉઠતાં તે એક પ્રસંગે બોલી ગઈ—"મ્હોટાકાકા, તમારી કોઈ વાત કરે નહી "એટલું શરીરે પ્હેરવું જોઈએ. બા, એથી વધારે પ્હેરવાની મ્હારે કાંઈ "અગત્ય નથી." આ નિયમ પોતાની જાતને માટે પાળતી, તો એની માતાને અને બ્હેનોને માટે વસ્ત્રાલંકાર સંપાદિત કરવાને પ્રસંગે તે ઘણી ઉત્સાહી બનતી અને "બા, તમને આ દીપશે," "બ્હેનને આ દીપશે,"

"આ તો આ કારણથી કાંઈ નહી દીપે," "બે પઈસા વધારે ખરચીને "પણ આ લ્યો," ઇત્યાદિ વાક્યો બોલી વસ્ત્રાલંકારની રસજ્ઞ **લી**લાવતી તેનાં આપ્તજનને વસ્ત્રાદિક ધરાવવામાં રસજ્ઞતા દર્શાવતી, અને તેની ઇચ્છા પ્રમાણે સુંદર વસ્ત્રાલંકાર તેમના શરીર ઉપર જોઈને, બળાત્કારે પણ પ્હેરાવીને, રાચતી–એવો <u>અનુમોદન-ધર્મ</u> પાળતી. પણ પોતાના સંબન્ધમાં તો વસ્ત્રાદિકની સુંદરતા વિચારતાં ઉક્ત પ્રકારનો ભિન્ન નિયમ પાળતી. સંન્યાસીએ અન્નનો સ્વીકાર, ઔષધના સ્વીકાર જેવો ગણીને જ, કરવાનો છે, તેમ કુટુંબની અપ્રતિષ્ઠાના પ્રતીકાર માટે વસ્ત્રાલંકારમાં સુંદરતા-આદિ જેટલાં જોઈએ તેથી વધારે **લી**લાવતી શોધતી નહી અને સ્વીકારતી નહી.

૫૨. શરીરસૌંદર્યમાં સૂક્ષ્મભાવનાનો પરિપાક.

૫૨. સ્ત્રીઓમાં વસ્ત્રાલંકારની જેવી વાસના હોય છે તેવી જ શરીરસૌંદર્યની પણ હોય છે. પરંતુ વાસનાને સ્થાને ભાવના રાખનારી **લી**લાવતી ઉભય વિષયમાં તેમનાં સ્થૂલ રૂપને ત્યજી તેમનાં સૂક્ષ્મ કારણ ઉપર દૃષ્ટિ કરતી અને એ દૃષ્ટિ પ્રમાણે ભાવના રાખતી. તેના એક કોરા પુસ્તકમાં એક પાસ કોરાં પાનાંનો જથો ને પછી બીજી પાસ બીજા કોરાં પાનાંનો જથો છે અને તેની વચ્ચેના એક પાના ઉપર, તે પોતે જેવો એકાંતવાસ શોધતી તેવો એકાંતવાસ પોતાની ભાવનાને આપી, એક જ શ્લોક લખે છે કે

"શિરપર સાડી હોડી પુરી, મેળે ન્હડી મુખ લાજ,
બોલે થોડું, મન્દ મન્દ ને મધુર જ અક્ષરસાજ;
ધીમી ધીમી ચાલે, જો! જો! પદ-નખ ઉપર જ આંખ!
દેવી! દેવી! પવિત્ર ઉંચું કુળ તે આનું જ નામ!"

તેને શીખવેલા ચણ્ડકૌશિક નાટકમાં મહારાજ હરિશ્ચન્દ્રની સતી રાણીને કાશીનગરીની શેરીમાં દાસીરૂપે વેચાતી જોઈ તેના આ લક્ષણ ઉપરથી તેની પરીક્ષા કરનાર બ્રાહ્મણે કહેલા નીચલા શ્લોકનું ઉપર પ્રમાણે ભાષાન્તર કરી **સૌ**ભાગ્યદેવીને વિષયે **સ**રસ્વતીચંદ્રમાં મુકેલું છે. તે શ્લોક—

**शिरो यदवगुण्ठितं सहजरूढलज्जाननम्**
**वचः परिमितं च यन्मधुरमन्दमन्दाक्षरम्**
**गतं च परिमन्थरं चरणकोटिलक्ष्ये दृशौ**
**निजं तदियमङ्गना वदति नूनमुच्चैः कुलम् ॥**

વસ્ત્ર, મુખ, વચન, ગતિ, અને દૃષ્ટિ, એ પાંચ પદાર્થના સંબન્ધમાં મહારાજ હરિશ્ચન્દ્રની રાણી આવાં લક્ષણથી જણાઈ છે અને સૌભાગ્યદેવીને પણ તેમ જ કલ્પી છે. એ શ્લોકની ચતુર્થ પંક્તિમાં આ લક્ષણો આવી સ્ત્રીનાં કુળનાં કહેલાં છે, પરંતુ ઘણીક કુલીન સ્ત્રીઓમાં તે લક્ષણોની અવ્યાપ્તિ આવશે. લીલાવતી જાતે પોતાની શક્તિનું અભિમાન છોડી આ લક્ષણોનું કારણ પોતાના કુળને ગણે તો તેની નિરભિમાનિતાને તે ઉચિત હતું, પણ એ ચતુર્થ પંક્તિને સટે નીચેની પંક્તિ મુકીયે તો લીલાવતીની ભાવનાના સંબંધમાં એ શ્લોકોના સર્વ ચરણમાં તેનું શુદ્ધ વર્ણન છે એમ કહી શકાય.

"પુત્રી ! પુત્રી ! પવિત્ર ઉંચું વ્રત તે આનું જ નામ." (ગુજરાતી ચોથું ચરણ).

**निजं तदियमात्मजा वहति नूनमुच्चैर्व्रतम्** (સંસ્કૃત ચોથું ચરણ).

એ શ્લોકોના ચારે ચરણનો આટલા ફેરફાર સાથે ઉદ્ધાર કરું છું ત્યારે લીલાવતીના એક માનસિક વ્રતની અને તેની સાથે તેના શરીરની છબિ મ્હારી દૃષ્ટિ પાસે પ્રત્યક્ષ થાય છે. આવી જ સાડી, આવી જ લજ્જાવાળું મુખ, આવાં જ વચન, આવા જ અક્ષર, આવી જ ગતિ, આવી જ દૃષ્ટિ, અને આવું જ વ્રત લીલાવતીનામાં હતાં. જે ભાવનાથી એ વ્રત તેને દૃષ્ટ સ્વભાવરૂપ થઈ ગયું હતું, તે જ ભાવનાએ કોરાં પાનાંઓ વચ્ચે એની પાસે આ જ શ્લોક એકલો લખાવેલો છે. એના અનેક ઉપાધિવ્યાધિવાળા અવકાશશૂન્ય જીવનમાં એનાં લખવાનાં પુસ્તક આમ કોરાં રહેલાં છે અને વાદળાંવાળી રાત્રિના આકાશમાં છેટે છેટે છિદ્રોમાંથી બે ચાર છુટા તારા જણાય તેમ આ કોરાં પાનાંઓ વચ્ચે એની ભાવનાઓનાં આવાં વિરલ ચિત્ર જણાય છે. સાડી આમ હોડવી તે શા માટે ? સહજ–સ્વાભાવિક–લજ્જા તે શા માટે ? આવા અક્ષર–આવી ગતિ–અને આવી દૃષ્ટિ–તે શા માટે ? શારીરક વાસના કે સ્થૂલ ભાવનાને માટે નહી, પણ સૂક્ષ્મવ્રતભાવનાના પરિણામ રૂપે જ. જેમ સંગીત શીખનાર, અક્ષરમય અને ધ્વનિમય કલા પામવા જતાં અને તેનો અભ્યાસ કરતાં, કણ્ઠના અમુક સ્નાયુઓને, શબ્દેન્દ્રિયના સૂક્ષ્મ અણુઓને, અને મુખનેત્રાદિકનાં અનેક વલનચલનને, જાણતાં અજાણતાં અમુક રીતના અભ્યાસ પાડે છે અને તેથી તેમાં નવી સુન્દરતા આવે છે તેમ લીલાવતી જેવીઓના હૃદયની ભાવનાઓ વૃદ્ધિ પામતાં પામતાં તેમનાં શરીરની ગતિ, દૃષ્ટિ, આદિકમાં પણ ઉક્ત પ્રકારનાં સુન્દર અને પવિત્ર લક્ષણો કાર્યરૂપે સ્ફુરે છે. હું અમુક કુળની

છું એ વિચાર આ ભાવનાની કારણભૂત હોય, પણ તે ઉપરાંત પવિત્ર જીવોના ઉત્કર્ષ અનેક રીતે તેમની ભાવનાઓને રચે છે, અને તેમનાં આવાં કાર્યોથી આપણે તે તિરોહિત રહેલી પવિત્ર ભાવનાઓને સમજી શકીએ છીએ. **લી**લાવતીની ભાવના સમજનાર તેના આ પરિણામને સમજી શકશે, પરિણામ પ્રત્યક્ષ કરનાર હશે તે તેની આ ભાવના સમજી શકશે, અને ઉભયને સમજનાર હશે તે **લી**લાવતીના સંસારના તારતમ્યને સમજશે.

૫૩. સહીપણાં કોનાં ?

૫૩. પોતાનાં શરીરવસ્ત્રાદિક પછી સ્ત્રીઓની વાસનાસૃષ્ટિમાં તેમનું સખીમંડળ, વ્યવહારના લ્હાવા, વગેરે રચનાઓ ઉભરાય છે. **લી**લાવતીના શ્વશુરપક્ષનું નગર પેટલાદ હતું. તેમાં તેનાં સ્વજ્ઞાતિ વડનગરા નાગર જ્ઞાતિનું સ્ત્રીમંડળ જોઈએ તેટલું છે અને તે પણ સ્વભાવે માયાળુ છે. **લી**લાવતીને વિષયે તેઓ સઉ તેનું સારું બોલતાં અને તેનો એક દોષ ક્હાડતાં તો તે એ હતો કે એ ગૃહબ્હાર નીકળતી નથી, કોઈને ઘેર જતી નથી, કોઈની સાથે એને સહીપણાં નથી, અને ટુંકામાં બીજા કોઈમાં હળતીમળતી નથી. આ દોષ જોનાર મંડળ એ દોષને માટે એના ઉપર અપ્રીતિ રાખવાને બદલે દયા આણતાં અને એ દયાનો પ્રસંગ ન આવે એવી ઇચ્છા જણાવતાં. તેના શ્વશુરકુટુંબમાં સઉ સાથે તે હળીમળીને વાતો કરતી અને જ્ઞાતિભોજનને અથવા અન્યપ્રસંગે તે જરુર જેટલું જ ઘરબ્હાર જતી, પણ જતી ત્યારે જે મળે તેની સાથે સમભાવથી અને પ્રીતિથી તેમની વાતો સાંભળતી ને તેમની સાથે વાતો કરતી, પણ એ વાતો માટે પ્રસંગનો અતિક્રમ ન થાય તે લક્ષ્યમાં રાખતી. એના મ્હોટા જેઠને આ લેખકની સાથે **લી**લાવતીના જન્મ પ્હેલાંનો સ્નેહભાવ હોવાથી તેમને **લી**લાવતી મોતીભાઈકાકા ક્હેતી અને તેમનાં પત્નીને તે કપુરબાકાકી ક્હેતી અને તે બે જણ **લી**લાવતીને વ્યવહારમાં સુખી જોતાં ત્યારે રાજી થતાં. એ તેની કાકીએ **લી**લાવતીનો દેહ પડ્યા પછી બે વર્ષે આ લેખકની પાસે આંસુ સાથે કહ્યું કે "**લી**લાવતીનામાં ક્હેવાણી વાતનો તો દોષ હતો એવું "ક્હેવા જેવો એક પણ દોષ એનામાં ન હતો. એ તો નરી "સદ્ગુણની જ ભરેલી હતી." આવી નિર્દોષ **લી**લાવતીમાં પણ ઉપર પ્રમાણે કહેલા એક દોષની વાત કાને આવતાં એને એક દિવસ મ્હેં પુછ્યું. "મ્હોટી, લોક ક્હે છે કે તું પેટલાદમાં કાંઈ બ્હાર જતી "આવતી નથી તે ખરી વાત? કંઈક બ્હાર નીકળીયે, બે જણ સાથે

"જરી બોલીયે ચાલીયે—" વગેરે. આના ઉત્તરમાં લીલાવતી કંઈક ગમ્ભીર બની જઈ બોલી: "મ્હોટાકાકા, હું જે કરું છું તે ઠીક જ "કરું છું, અને એકલી રહું છું તે જ ઠીક છે. ત્યાંની રૂડીરૂપાળી હેણી આ-"પણા જેવી નથી. એમની દુનીયાં કંઈક જુદી જ છે." તેની આ-શપાસની સૃષ્ટિનું જુદે રાગે વાગતું વાજું સાંભળવાનો રસ તેને ન પડતાં તે એકાંત શાથી શોધતી હશે તેના આથી વધારે ઉત્તરની અપેક્ષા તેની ભાવનાઓના ભોમીયાને ન હતી. હું તેની પાસેથી સં-તુષ્ટ થઈ ચાલ્યો ગયો. લીલાવતીએ કોઈનો સહવાસ ઇચ્છયો હોય તો તેની ન્હાની ફોઈ—આ લેખકની ભગિની સમર્થલક્ષ્મી—નો હતો. જ્યારે લીલાવતીના વૃદ્ધ શ્વશુરને જુનાગઢમાં નોકરી થઈ ત્યારે આ ભગિની જી-વતી હતી અને હવે લીલાવતી મ્હારી પાસે આવશે એવું જાણી તેને ઘણો ઉત્સાહ થયો હતો. એ ફોઈનો એ ભત્રીજી ઉપર તીવ્ર પક્ષપાત હતો. લીલાવતીને તેની માતા ઠપકો દે કે ધમકાવે તે એની આ ફોઈ સહી શકતી ન હતી અને લીલાવતીને પોતાની પાસે લેઈ છાતી સરસી ચાંપી ભાભીને પોતાનો અધિકાર જણવી ક્હેતી કે "ભાભી, "તમારે એકનો એક રમણીક છે તેનો પક્ષ ન લેતાં લીલાવતીનો "પક્ષ હું લેઉછું તેથી તમે પુછોછો કે રમણીક કરતાં શું લીલાવતી "વધી?—તો હું કહુંછું કે હા!—મ્હારે રમણીકના કરતાં એ વધારે! "એને તમારાથી કંઈ નહી ક્હેવાય!" સરસ્વતીચંદ્ર લખવામાં આ લેખકની પ્રોત્સાહક થયેલી આ પ્રિય ભગિની, લીલાવતી જુનાગઢ ગયા પ્હેલાં, આ સંસારને છોડી ગઈ. એ ગ્રન્થના ત્રીજા ભાગની નિવાપાંજલિ તેને દેવા વારો આવ્યો, અને ક્ષયરોગના છેલા દિવસોમાં લીલાવતી બેભાન થતાં પણ ફોઈનો સહવાસ ઇચ્છી લવતી હતી કે "ફોઈ, "મને જુનાગઢ બોલાવી મ્હારા આવતા પ્હેલાં ત્યાંથી ચાલી ગયાં, પણ "હવે તો જ્યાં તમે છો ત્યાં હું જ આવું છું!" ભત્રીજીને આ એક વિના બીજા સહવાસની વાસના થઈ નથી, અને આટલા સહવાસની વાસનાનું કારણ કોઈ ભાવના જ હતું.

૫૪. લીલાવતી-એ શાનો લ્હાવો લીધો?

૫૪. સંસારિણીઓ આ દેશમાં કે અન્ય દેશમાં અનેક "લ્હાવા" લેવા ઇચ્છે છે. જ્યારે પુરુષો વ્યવહારમાં પુરુષ-પ્ર-યોજનને અન્તે ફળરૂપે પુરુષાર્થ પામવા ઇચ્છે છે અથવા વગર પ્રયત્ને એવું ફળ તેમને સાધ્ય થાય એવું ઇચ્છે છે, ત્યારે સ્ત્રીસૃષ્ટિને માટે નિત્ય ગૃહ-

કર્મના શ્રમમય જીવનમાં વિશ્રાન્તિના અવકાશ મળે અને એ અવકાશનો કાળ કોઈ ઉત્સવપ્રસંગથી ઉભરાય એવી તેમને વાસના હોય છે અને એ વાસનાની તૃપ્તિમાં તેમના જીવનની સફલતા ગણાય છે. આવા ઉત્સવના ભોગને તેમની સ્ત્રીભાષામાં “લ્હાવો” નામ અપાય છે. અનેક કારણોને ધ્યાનમાં લેઈ **લીલાવતી** પોતાના એક વર્ષના બાળક પુત્રને દેખાડી સાસુને કહેતી કે “આને તો સંન્યાસી જ કરજો”—તે **લીલાવતીને** પુત્રવિવાહના લ્હાવાનો પ્રસંગ આવ્યો નથી, અને એવા વિવાહને માતાના આનંદનો પ્રસંગ ન ગણતાં પુત્રના જીવનને એક ધર્મની સાંકળે સાંકળી દેવાનો પ્રસંગ ગણનારી એ પ્રસંગ સુધી જીવી હતી તો તે એ પ્રસંગમાં “મ્હારો પુત્ર પોતાની પત્ની પ્રતિ આ ધર્મ-ભારનો નિર્વાહ કરી શકશે કે નહી” એવી ચિન્તાનું કારણ દેખત. આ ધર્મભાર વ્હેવામાં માતામાત્ર પુત્રને યોગ્યતા અને ઉત્સાહ આપવાં એવો માતાનો ધર્મ છે એવું **લીલાવતી** માનતી હતી, અને જે માતા આવો ધર્મ પાળી શકવાને અશક્ત છે તેણે પુત્રની પાસે બ્રહ્મચર્ય પળાવવું એ જ ઉચિત ગણતી હતી. તેની ન્હાની બ્હેનનો લગ્નપ્રસંગ તેણે આનન્દથી જોયો હતો, પણ તેમાં તેને લ્હાવો લેવાના પ્રસંગ કરતાં અનુમોદનનો અને આશાનો પ્રસંગ વધારે લાગ્યો હતો એવું માનવાને કારણ છે. લ્હાવો લેનારી સ્ત્રી પોતાના તાત્કાલિક અને ક્ષણિક ઉત્સવ કરતાં વધારે વાતનો વિચાર કરતી નથી; આથી એ ઉત્સવના નિમિત્તભૂત પુત્રપુત્ર્યાદિકને કપાળે ભવિષ્યમાં સુખ થશે કે દુઃખ થશે એ વિચાર તેના હૃદયમાં ઉદય પામતો નથી, અને એક પાસથી વહુવારુને સુખી કરવાનો પોતાને માથે ધર્મ આરંભાય છે એવું ભાન આણવાને સટે એ વહુવારુ મ્હારી સેવા કરે એવી વાસના આરંભાય છે, અને બીજી પાસથી પોતાની પુત્રી તેની સાસુની સેવા કરતાં શીખે એવું તેને શિક્ષણ આપવાને સટે એ પુત્રીને માથે એ સાસુનો ભાર પડે નહી એવી વાસનાનો આરંભ અનુભવે છે. લ્હાવો લેવામાં પોતાના ક્ષણિક ઉત્સવ ઉપરાંત આવી વાસનાઓ તૃપ્ત થવાનું ભાન પણ ઉદય પામે છે. **લીલાવતીએ** તેની પોતાની માતાના હૃદયમાં આવી વાસના દીઠી નથી અને એ માતા પાસેથી એ પુત્રી જે ધર્મ-શિક્ષણ પામી છે તે આપણે જોયું છે. એવી વાસના વિનાના અને વિચારશીલ હૃદયમાં લ્હાવાના ક્ષણિક ઉત્સવ ક્ષુદ્ર વસતા, અને તેની ન્હાની બ્હેનના થયેલા લગ્ન પ્રસંગે તેમ તેના ભાઈના ભાવિ લગ્નમાં **લીલાવતીએ** તેમનાં ભવિષ્ય જીવનનાં સુખની આશા બાંધી હતી અને

એવા પ્રસંગોનું અનુમોદન એવી આશાથી કરતી હતી. પોતાના અવસાનસમયે બ્હેનોના સ્વામીયોને બ્હેનોની સુપ્રત કરવામાં પોતાની આ આશા જ બીજભુત હતી.

૫૫. પોતાના દોષો ઉપર દૃષ્ટિ.

૫૫. લ્હાવો લેવાની એણે દૃષ્ટિથી રહિત રહી, તે જ પ્રસંગે કાર્યશાલી પુરુષોએ કરવા જેવા આ વિચાર કરનારી **લી**લાવતી પોતાની ઐહિક ભાવનાઓ કેવી રીતે અનુભવતી તે હવે આપણે જોઈ શકીશું. સંસારમાં સામાન્ય રીતે સર્વ પોતાના ગુણ જુવે છે અને પોતાના દોષ કોઈ જોતું નથી. કવિ કાલિદાસ કહી ગયા છે કે **सर्वः कान्तमात्मीयं पश्यति.** પોતાના દોષ શોધવાની વૃત્તિ અને શક્તિ થોડાં જ મનુષ્યોમાં હોય છે અને જ્યાં હોય છે ત્યાં ઉચ્ચ બુદ્ધિનું અને નિષ્પક્ષપાત સાત્વિક વૃત્તિનું પરિણામ હોય છે. **લી**લાવતી પોતાના ટુંકા આયુષ્યના ઉત્તર કાળમાં પોતાના જ દોષ શોધવાનો અને તેનો પ્રતીકાર કરવાનો અભ્યાસ પાડતી હતી. જેના કાન નીરોગી અને સૂક્ષ્મ શક્તિવાળા હોય છે તે જાતે રાગની કીમ્મત કરી રાગ કહાડવાનો અભ્યાસ કરી શકે છે. જેની આંખો નીરોગી અને સૂક્ષ્મ શક્તિવાળી હોય છે તે સારા અક્ષર અને સારાં ચિત્ર કહાડી શકે છે. ન્હાનપણમાં ઓરી નીકળેલી તે પ્રસંગ પછી **લી**લાવતીના કાન ઘણાં વર્ષસુધી રોગવાળા રહેલા હતા અને તેની આંખો નિર્બળ રહેલી હતી. આથી ન્હાનપણમાંથી તેનો કંઠ ઝીણો અને સુન્દર હોવા છતાં તે કોઈપણ રાગ કહાડી ગાઈ શકતી ન હતી અને તેના અક્ષર પણ સુન્દર ન હતા. તેની બુદ્ધિમાં વિદ્યાનો સંભાર થોડા કાળમાં વધારે ભરી દેવાની ઇચ્છાથી આ લેખકે તેના શિક્ષકોને આ વિષયોમાં એનો કાળ વધારે ગુમાવવો નહી એવી સૂચના કરેલી તે તેમણે પાળી હતી. અભ્યાસ છોડ્યા પછી કેટલેક વર્ષે **લી**લાવતીએ આ વિષયોમાં પોતાની ન્યૂનતા જાણી અને તેનો ઉપાય કરવા માંડ્યો. અક્ષર સુધારવા માટે "કોપિબુકો" મંગાવી રાખી. પણ વ્યાધિને લીધે તેનો ઉપયોગ કરવા વારો આવ્યો નહી. તેની ન્હાની બ્હેન પાસે તેમ તેની શેઈરોની પુત્રીઓ–તેની બ્હેનો–પાસે બેસી રાગ સુધારવા લાગી તેમાં પણ તેના વ્યાધિએ વિઘ્ન નાંખ્યું. ખંડ ૪૨ માં કહેલું છે તેમાં લખ્યા પ્રમાણે એના અભ્યાસકાળની મધ્ય દશામાં એને ઇંગ્રેજી વિદ્યા ઉપર અરુચિ થઈ હોવાથી તે કાળે તેની ઇચ્છા પ્રમાણે થવા દીધું

હતું અને તેણે તે દિવસથી કોઈ ઇંગ્રેજી પુસ્તક હાથમાં લીધું ન હતું. જે કાળે એણે ઉપર પ્રમાણે પોતાના દોષ જોવા માંડ્યા તે કાળે, ઇંગ્રેજી વિદ્યા તેણે મુકી દીધી હતી તેમાં પણ એને પોતાનો દોષ લાગ્યો. તેના વયની વધેલી અવસ્થાએ આ વિદ્યા પુરુષ શિક્ષક પાસે શીખવી અયોગ્ય લાગવાથી તેમ સ્ત્રીશિક્ષકનો તો અભાવ જ હોવાથી એણે આત્મપ્રયત્નથી આ વિદ્યા સાધ્ય કરવા ઇચ્છા કરી. "ગુજરાતી" વર્તમાનપત્રની જાહેર ખબરોમાંથી "ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર" નામનું-ગુજરાતીદ્વારા ઇંગ્રેજી શીખવનારું-પુસ્તક એણે શોધી ક્હાડ્યું અને તે પુસ્તક તેના કાકા આ લેખકના ભાઈ નરહરિરામ પાસેથી મંગાવી આપવા એ લેખકને અનેક વાર આગ્રહપૂર્વક વીનતી કરી-તેમાં પણ એના વ્યાધિએ વિઘ્ન નાંખ્યું. વ્યાધિગ્રસ્ત થયાં પ્હેલાં વસ્ત્રાદિક પ્હેરવામાં કેવી ભાવનાઓ રાખતી અને તેમાં પણ શ્વશુરગૃહની ભાવના કેવી રીતે નિમિત્તભુત હતી તે ખંડ ૫૧ તથા ૨૩ માં કહેલું છે. વસ્ત્રાલંકારને વિષયે આ ભાવનાઓથી સામાન્ય રીતે જે સંકોચ રાખતી તેમાં વળી પોતાના દોષ ઉપરની દૃષ્ટિ કોઈ વેળા સવિશેષ કારણભૂત થતી અને અસામાન્ય સંકોચ રખાવતી. "ભા, "કોઈ વાર જમુબ્હેન સારાં લુગડાં પ્હેરી ઉભી હોય છે ને હું એને "ન્યાળું છું ત્યારે મ્હારા મનમાં એની કંઈક અદેખાઈ આવે છે, ને "એ અદેખાઈ ડાબી દેવાય ત્યાં સુધી હું જાણી જોઈને સારાં લુગડાં "પ્હેરતી નથી ને જમુબ્હેનને સારાં લુગડાં પ્હેરેલી આનંદથી જોવાની "મ્હારા મનને ટેવ પાડું છું." પોતાની સ્થૂલ સમૃદ્ધિની ન્યૂનતા સઉ સમજી શકે છે, ને વધારે બુદ્ધિવાળા આગળ પોતાની બુદ્ધિને હારી જતી બુદ્ધિમાન્ મનુષ્યો સમજી જાયછે, પણ પોતાના હૃદયમાં વિકારનો ઉદય હોય તે કાળે તે વિકારનો ઉદય અને એ વિકારની ત્યાજ્યતા સમજી શકનાર પ્રાજ્ઞ મનુષ્યો વિરલ હોય છે અને તેમાં પણ એ દોષને દૃષ્ટ કરી તેનો નાશ કરવાની સફળ કળા તો મનોજયનું એક સૂક્ષ્મ અને સ્પષ્ટ લક્ષણ છે. એ આત્મદોષ ઉપર દૃષ્ટિ કરવાની શક્તિવાળી અને એ મનોજય સિદ્ધ કરનારી લીલાવતી પોતાના ઉપર કહેલા બીજા દોષોને સમજે અને તેનો ઉપાય યોજે એ તો આ મનોજય આગળ ન્હાની વાત છે. વસ્ત્રાલંકાર બે બ્હેનોને સરખાં હતાં, પણ શ્વશુરગૃહની સ્થિતિ બે બ્હેનોથી જુદી હતી અને તેમાં સ્થૂલ દ્રવ્યને અભાવે સૂક્ષ્મ ધનની ભાવના લીલાવતીને સંતુષ્ટ રાખતી હતી

અને સ્થૂલ વસ્ત્રાદિક પ્રત્યક્ષ હોય તેનો સ્વીકાર કરતાં સંકોચ કરાવતી હતી. છતાં ક્ષણિક મોહનું આવરણ આ તેની સૂક્ષ્મ સૃષ્ટિને ભુલાવતું, અને સ્થૂલ ઐહિક ભાગ્ય ઉપર દૃષ્ટિ કરાવતું, ત્યારે ઉક્ત પ્રકારે તેનું મન દૂષિત થતું અને તે કાળે ઉક્ત યુક્તિથી આ સ્વાધીનમનસ્કા મનસ્વિની મન વડે મનને જીતતી અને આવરણનો નાશ કરતી. આવા મનોજયને ઉદ્દેશીને જ શાસ્ત્ર કહે છે કે જે પવનવડે વાદળું વેરાઈ જાય છે તેજ પવનવડે વાદળું ચ્હડી આવે છે ને વરસે છે તે જ રીતે જે મનવડે જ્ઞાન વેરાઈ જાય છે તે જ મનવડે જ્ઞાન સુસ્થિત થઈ ફળ આપે છે.

૫૬. જે **લીલાવતી** આવા મનોજયના પ્રયોગ કરતી તે **લીલાવતીને** ગાવાનું ન આવડવામાં, અક્ષર સારા ન આવડવામાં, અને ઈંગ્રેજી ન આવડવામાં. દોષ શાથી વસ્યા? શું એમ ન કહી શકાય કે આ વાતોમાં પણ તેના મન ઉપર આવરણ બંધાયાં અને આવરણને લીધે જ તેને ગાવામાં સ્વાદ લાગ્યો, ન્હારા અક્ષરની લજ્જા આવી, અને પાશ્ચાત્ય વિદ્યાના તેજથી એ અંજાઈ ગઈ? વાંચનાર! **લીલાવતીની** આટલી બધી વાતો કહ્યા પછી હું આ પ્રશ્નોના ઉત્તરમાં એટલું ઉમેરું કે આ સ્વાદ તેને લાગ્યો નથી, આ લજ્જા તેને આવી નથી, અને આમ એ અંજાઈ નથી તો મ્હારા વચન ઉપર તને કંઈ શ્રદ્ધા રહેશે એવું હું કહેવું છું. પાશ્ચાત્ય વિદ્યાનું આપણી સ્ત્રીસૃષ્ટિને માટેનું ઐહિક પ્રયોજન ઉપર સવિસ્તર વર્ણવેલું છે તે પ્રયોજનના કેટલાક અંશ **લીલાવતીના** મનને પ્રત્યક્ષ હતા. તેમાં વળી **साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः**—સાહિત્ય, સંગીત, અને કલાથી વિહીન મનુષ્ય પુચ્છ અને શૃંગ વગરનું પશુ જ છે—એ નીતિશતકનું વાક્ય **લીલાવતીના** અભ્યાસના આરંભ કાળે જ એને શીખવ્યું હતું તેનું રહસ્ય એને વય વધતાં સમજાયું. દેશકાળના પ્રમાણમાં પેટલાદમાં નાગરબ્રાહ્મણની સ્ત્રીઓમાં ગાવાની કળા ઠીક છે. તે કળાથી પોતે હીન હોય તો ત્યાં પોતાની પ્રતિષ્ઠા બંધાવામાં ન્યૂનતા આવતી કંઈક તેને ભાસતી હતી. એ પ્રતિષ્ઠા વધે અને એના અક્ષર સુધરે તો એના સ્વામીના સંતોષમાં કંઈક અધિકતા થાય એવું એની માતા પણ એને કહેતી. માતાની ઇચ્છા, સ્વામીને અધિક સંતુષ્ટ કરવાનો સંભવ, અને પોતે પરિચિત કરેલી વિદ્યાનું ઉક્ત વચનઃ એ સર્વનાં સંગમસ્થાન ગણીને આ બે પો-

૫૬. વાસનાઓ કે ભાવનાઓ?

તાની ન્યૂનતાઓ પૂરવા ઉપર **લીલાવતીએ** દૃષ્ટિ કરી હતી. એની પ્રિય ન્હાની ફોઈમાં આ ન્યૂનતા ન હતી–એ ફોઈ અક્ષર સારા લખતાં અને સારું ગાતાં. એ ફોઈનું અનુકરણ કરવામાં **લીલાવતીને** મન શિષ્ટાચાર હતો. ઇંગ્રેજી વિદ્યા ઐહિક ઉપાધિઓ વચ્ચે કેટલી ઉપયોગી છે તે તો પોતાના થોડા ઘણા પાશ્ચાત્ય સંસ્કારોના ઉપયોગીપણાના અનુભવથી એ કાંઈક સમજતી હતી. તે સાસરે ગઈ ત્યાર પ્હેલાં જુનાગઢવાળા આપણા પ્રસિદ્ધ ડાકતર ત્રિભોવનદાસનું શારીર અને વૈદ્યક શાસ્ત્રનું પુસ્તક એના હાથમાં મુકયું હતું. તે પુસ્તક શીખવનાર વગર એ જાતે બહુ સમજે એ તો અશક્ય હતું, પણ તેમાંના કેટલાક ભાગ એનાથી સમજાય એવા હતા અને તેના થોડા ઘણા સંસ્કાર એને છેલે સુધી કામ લાગ્યા હતા. એના છેલા વ્યાધિમાં અનેક ઔષધો એણે રાત્રિ દિવસ ઘણા દિવસ લીધાં છે તેમાં નિયમ અને પથ્ય પાળવાની આવશ્યકતા હતી, તેમ ક્ષયરોગમાં એનું શરીર જોખવું પડતું હતું અને તેના ભારની વધઘટ નોંધવી પડતી હતી; તેવા પ્રસંગોમાં એ સઉનું કારણ જાણવા છતાં તેનાં પોતાનાં ધૈર્ય અને ઉત્સાહ પણ ઔષધ જેવાં જ સહાયકારક હતાં, અને એ સઉ અને બીજી અનેક વાતોમાં બુદ્ધિમત્તાથી **લીલાવતી** પોતાની જાતને અને અમને સર્વને ઉપયોગી થઈ શકતી તે આવાં પુસ્તકોના સંસ્કારોને બળે જ થઈ શકતી હતી. ચોખી અને ખુલી હવાના અને યથાશક્તિ હરવાફરવાના લાભ તેને પાશ્ચાત્ય વિદ્યાએ જ બતાવ્યા હતા. તેના વ્યાધિના આરંભકાળમાં આવા વિચાર કરી તે તુલસીની પ્રદક્ષિણા ફરતી અને આરોગ્ય અને ધર્મબુદ્ધિનાં "બે કાર્ય આ એક પન્થ" થી સાધતી. એના વ્યાધિના ઉપાય માટે એને આબુ પર્વત ઉપર લઈ જવામાં આવી હતી ત્યાં નક્કી તળાવના ઉપર એક બંગલામાં અમારો ઉતારો હતો ત્યાંથી એ તળાવની આસપાસ ફરતા બાંધેલા રસ્તા ઉપર એને ફરવા મોકલવામાં આવતી હતી અને શક્તિ વધે તેમ જરી જરી વધારે ચાલવાની તેને શીખામણ હતી. એ શીખામણ તેણે પાળી, અને પંદર દિવસ પ્હેલાં જે સો ફીટ ચાલી શકતી ન હતી તે ધીરે ધીરે ચાલવાનું વધારતાં એક દિવસ આખા તળાવની ત્રણ માઇલની પ્રદક્ષિણા કરી આવી. ક્ષયરોગવાળાને આબુપર્વત આમ લાભ આપે છે, પણ એવા લાભ લેવામાં પણ કેળવનાર સંસ્કારોનો ઉપયોગ છે, અને તેવા સંસ્કારો પોતાને પાશ્ચાત્ય વિદ્યાથી મળ્યા હતા એવું સમજનારી આવા અનુભવો પછી એ વિદ્યાનો અધિક પરિચય કેવી સ્વાભાવિક રીતે શોધે

તે હવે સમજાશે. ઈશાવાસ્યમાં વિહિત ગણેલી જિજીવિષા લીલાવતીના લક્ષ્યમાં રહી હોય કે ન હોય, પણ તેવી જિજીવિષાનો ધર્મ એના હૃદયમાં સ્ફુરતો હતો અને એ ધર્મની ભાવનાએ પાશ્ચાત્ય વિદ્યાના સંસ્કારોનું ઉપયોગીપણું એના હૃદયમાં આવાં અનેક દૃષ્ટાંતોથી અનુભવમાં અને અવલોકનમાં આણ્યું હતું. એ વિદ્યા તે એકલી જાતે જ પામે એથી એને સંતોષ ન હતો. પણ આપણા ભોળાનાથભાઈનાં દૌહિત્રી અ. સૌ. વિદ્યા બી. એ. ની પરીક્ષામાં પાસ થયાના સમાચાર એને એના અવસાન પ્હેલાં જણાવવામાં આવ્યા ત્યારે પોતાના વ્યાધિની પીડા તે ક્ષણ વાર ભુલી ગઈ અને તેટલી વાર એના હૃદયમાં સાત્વિક આનંદ વ્યાપી ગયો અને "વાહ! બહુ સારુ થયું!" એ ઉચ્ચાર ઉત્સાહ ભરેલા મુખથી કર્યો. જે ભાવનાથી કોઈ વિરક્ત સાધુસંત કોઈ સજ્જનના હાથમાં લક્ષ્મી જોઈ નિઃસ્વાર્થી આનંદ પામે તેવી જ ભાવનાએ લીલાવતીના હૃદયમાં આ પ્રસંગનો આનંદ ભર્યો હતો. ઈંગ્રેજી વિદ્યા આદિકાળે મ્હેં શીખવવા ઇચ્છેલી હોવા છતાં એની અનિચ્છાથી પડતી મુકી હતી તે વિદ્યા વધારે અનુભવને અંતે કેવી ભાવનાથી એણે શોધવા માંડી હશે તે સમજાવવાને આથી વધારે પ્રયત્ન કરવાનાં સાધન લીલાવતીના આયુષ્યની સાથે સમાપ્ત થયાં છે.

૫૭. બે વિદ્યાઓનું મિશ્રણ.

૫૭. સંસ્કૃત વિદ્યાની અને ઈંગ્રેજી સંસ્કારોની એની મિશ્ર ભાવનાનું ફળ કોઈ વેળા રમણીય સ્વરૂપે પ્રત્યક્ષ થતું હતું. એના વ્યાધિના કાળમાં એના ખાટલા આગળ આપણા લોકના વ્યવહાર પ્રમાણે આપ્તમંડળ ભેગું થતું હતું તે વાત કોઈ વેળા એને રુચતી હતી અને કોઈ વેળા એ જરી અસ્વસ્થ હોય ત્યારે કોઈના પગનો ઘસારો સરખો એને ત્રાસ આપતો. એ વ્યાધિને કાળે એની માતા એક પાસેના ખંડમાં બેસી એક પાસથી પૂજા કરતી, બીજી પાસથી એની પ્રકૃતિની ખબર રાખતી, અને ત્રીજી પાસથી ગૃહકાર્ય ઉપર દેખરેખ રાખી સૂચનાઓ કરતી. કોઈ કોઈ વેળા તેનાથી આ સૂચનાઓ જરી બુમ પાડી થઈ જાય અથવા કોઈ ચાકર અથવા સંબંધી જન પગરવ સંભળાય એમ એની પાસે આવે જાય એટલું લીલાવતીને બહુ ભારે પડતું, પણ સુતી સુતી બોલે નહી ને થાય તે થવા દે. એમ કરતાં કરતાં એક દિવસ આ લેખકને પાસે જોઈ તે બોલી ઉઠી: "મ્હોટાકાકા, આપણા લોકને "તે શું કરીયે? તેમને શાંતિ જાળવવાની તો સમજણ જ નથી.

"સાહેબ લોકના ઘરમાં કેવી શાંતિ રહે છે અને આપણે ત્યાં તો " માણસ માંદુ હોય ત્યાં પણ કળારોળ શીવાય બીજી વાત નહી." તેની માતા આ સામાન્યોક્તિની પ્રસંગભૂત હતી, તે પૂજા કરતી કરતી બોલી:' 'હું શું કરું ? ઘણું જાણું છું કે તું જાગે નહી, પણ હું એક " ને કામ ઝાઝાં તેમાં સઉ સચવાતું નથી." લીલાવતી સુતી સુતી હસી પડી ને બોલી: "મ્હોટાકાકા, હું કાંઈ એકલાં બા ઉપર " ર્‌હેતી નથી, પણ આપણા લોકના ચાલ ઉપર વાત કહું છું. જુના-" ગઢમાં તો કેટલેક ઠેકાણે એવો ચાલ હોય છે કે સ્ત્રીને પ્રસવ થાય " એટલે તેની આસપાસ શાંતિ જોઈએ તેને સટે એ બાપડીના ખાટલ " ઉપર અને માથા ઉપર જ બીજાં બઈરાં મ્હોટા મ્હોટા રાગડા તા-" ણીને ગાવા બેસે." મને પણ કાંઈ હાસ્ય થયું. "મ્હોટી, એ તો " માંગલિક પ્રસંગનો આનંદ!" લીલાવતી—"શું મ્હોટાકાકા, એમનો " આનંદ તે પેલીને બીચારીને ઘા જેવો લાગે. એમ કહો કે આપણા " લોક શાંતિ શું તે સમજતા જ નથી." આમ શાંતિ શોધનારની પ્રકૃતિ જરી સ્વસ્થ હોય ત્યારે આશપાશ ભરાયલા મંડળને ઉપદેશ કરતી હોય અથવા ભાષણ કરતી હોય એમ વાતો કરે. આમ બોલવાનો શ્રમ લે ત્યારે એને કોઈ અટકાવે ત્યારે એ કહેતી કે: "જુવો, દરદ હોય " ત્યારે યે બોલીયે નહી ને દરદ હોય નહી ત્યારે યે બોલીયે નહી " એ તે કેવો ન્યાય? એ તો જે થવાનું હશે તે થશે, પણ જે થોડા " દિવસમાં સઉને કહેવાનું કહી દીધું તે ખરું." આપણા લોકને તેમના ચાલ ખોટા છે એમ બતાવવા ઉપર પ્રમાણે પ્રવર્તતી હતી તેને એક પ્રસંગ એક ઈંગ્રેજ સ્ત્રી સાથે વાત કરવાનો આવ્યો. રા. પ્રાણલાલ ક્હાનદાસ જોશીપરા જુનાગઢથી એક વેળા મુંબાઈ આવતા હતા તેમનો સંગાત જોઈ લીલાવતીને તેમના વૃદ્ધ શ્વશુરે નડીઆદ મોકલી. લીલાવતી સ્ત્રીઓ ભેગી ત્રીજા કલાસની ગાડીમાં હતી અને વઢવાણ કેમ્પના સ્ટેશન ઉપર પ્લેગના કારણથી ડાકતરી તપાસ વગેરે કારણોને લીધે એ ક્લાસનાં માણસોને બહુ ભીડ અને હરકત વેઠવી પડતી હતી. આથી રા. પ્રાણલાલે લીલાવતીને વેળાસર ફર્સ્ટક્લાસની ટીકિટ લેઈ સ્ત્રીવર્ગના ખંડમાં બેસાડી. ત્યાં એક ઈંગ્રેજ સ્ત્રી બેઠી હતી તે ગુજરાતી જાણતી હતી. તે લીલાવતીની જોડે વાતોમાં પડી અને દેશી તેમ ઈંગ્રેજી ચાલો વીશે બે જણે એક બીજાના વિચાર જાણવા અને કહેવા માંડ્યા. નડીઆદ આવી લીલાવતીએ આ સમાચાર કહ્યા અને શી વાતો નીકળી હતી તે તેને પુછતાં તે બોલી ઉઠી: "મ્હેં તો એને

સ્પષ્ટ કહી દીધું કે—"હા, અમારા લોકમાં બાળલગ્નનો ચાલ છે તે "બહુ ખોટો છે, પણ તેવી જ રીતે તમારા લોકમાં વિધવાએ પુનર્લગ્ન "કરવાનો ચાલ છે, તે પણ બહુ ખોટો છે." યજમાનધર્મ પાળનારી **લીલાવતી**! પુરુષ વિદ્યાચતુર પ્રધાનપદનો પણ ભોગ આપીને કુમુદને પુનર્લગ્ન કરાવવા ઇચ્છે તે જ ન્યાય્ય છે, અને સ્ત્રીવર્ગની દક્ષતા રાખવાની શક્તિ સમજનારી ગુણસુન્દરી એથી ઉલટી ઇચ્છા રાખે તે જ એવી સ્ત્રીયોની પવિત્ર સુન્દરતાને યોગ્ય ચિત્ર છે, અને એ ચિત્રનું બીજભૂત દૃષ્ટાંત ત્હેં આમ મને પ્રત્યક્ષ કરાવ્યું હોય એમ આજ ભાસે છે. આપણા જુના અને નવા મતના અગ્રેસરોમાં મતભેદ છે તે બે પક્ષનાથી મધ્યભાગમાં રહેનાર વિચારકો દેશકલ્યાણ ત્હારા દર્શાવેલા જ માર્ગમાં જુવે છે અને બાળલગ્નના ચાલને દૂર કરવા અને વિધવા વિવાહની વાતમાં તટસ્થ રહેવા ઇચ્છે છે. તટસ્થ એટલા માટે રહેછે કે એક પાસથી વિધવાઓ પ્રતિ તેમણે પાળવાનો યજમાનધર્મ દયાધર્મ, અને ન્યાયધર્મ, પામર પણ અનાથ વિધવાઓ સનાથ થતી હોય તેમાં વિઘ્ન નાંખવાથી, ધ્વસ્ત થાય છે, અને બીજી પાસથી આ બે વાતો પણ સત્ય છે કે (૧) આપણા સંસારસુધારા-સમાજના પ્રમુખસ્થાનથી ડાક્તર ભાંડારકરે સ્વીકાર્યું હતું તેમ થોડી ઘણી વિધવાઓના વિવાહના પ્રશ્નમાં આખા દેશના હિતાહિતનો પ્રશ્ન રહેલો નથી અને (૨) પુરુષજાતિ તેમ સ્ત્રીજાતિ ઉભયને માટે મોહજાળનાં જાતે ઉઘડે એવાં દ્વારો ઓછાં નથી તેમાં ઉમેરો કરવાથી આપણામાં શિષ્ટાચાર ગણાયલી લોકવ્યવસ્થા છે એટલી પણ સારી નહી રહે એવું ભય ઘણાક ન્યાયશીલ અને દયાળુ જનોના હૃદયોમાં પણ રહે છે. સર્વથા આ પ્રશ્નમાં ઉતરવાનો પ્રસંગ અત્ર નથી, પરંતુ આવા તટસ્થ વિચારકો પણ બાળલગ્નને લોકના અહિતનું એક પરમ કારણ ગણે છે તે પ્રમાણે **લીલાવતી** ગણતી હતી. પરંતુ આપણી સામાન્ય પ્રજાને તો એવો વિચાર પણ સાહેબલોકશાઈ લાગે છે. વ્યાધિગ્રસ્ત **લીલાવતી** અનેક સામાન્ય વિષયો ઉપર તેની માતા, માતામહી, અને પિતામહી જેવાં સ્ત્રીજનપાસે વાતોના રસમાં પડતી તેવામાં એક દિવસ એક જણે વિનોદમાં તેને ટપ્પો માર્યો કે, "**લીલાવતી**, મને તો લાગે છે "કે તને મડમનો અવતાર આવે તો ગમે ખરું!" સામાન્ય વાતમાંથી જાત ઉપર આ રૂપે વાત આવતાં **લીલાવતી** અપ્રસન્ન થઈ, તેને કંઈક ક્રોધવિકાર થયો, અને એકદમ ઉત્તર આપ્યો: "શું જાણ્યું "અજાણ્યું સમજ્યા વગરનું બોલો છો! મ્હારે તો મડમનો કે હીન્દુનો

"કોઈનો પણ અવતાર જ જોઈતો નથી. પણ જો અવતાર આવવાનો "જ હોય તો આપણો સારો ને મડમનો ખોટો એવું કાંઈ નથી. ઉ-"લટો ઓહમેરમાં લગી આપણા લોક કેટલાં જુઠાં બોલે છે ને કહે છે "કે અમે ધર્મ કરીયે છીયે? તેના કરતાં જુઠું બોલતા નથી એ લોક "શું ખોટા છે? આપણા લોકમાં જુઠનો પાર જ નથી ને સ્ત્રીઓ "ધણી પાસેથી ચોરી કરે છે, સાવરો દીકરાઓનું ચોરી દીકરીઓને "આપે છે, અને વ્હેનો ને દીકરીઓ પણ એ જ ધંધો કરે છે. "આવાં માણસો વચ્ચે અવતાર લેઈ વસવું પડે તેના કરતાં સાહેબ-"લોકમાં ધર્મિષ્ઠ અને સદ્‌ગુણી મનુષ્ય હોય ને તેવાં મનુષ્યો વચ્ચે "વસવાનું પામીયે એવો અવતાર ઈશ્વર આપે તો તેમાં શું ખોટું? "બાકી મ્હારે તો આમાં કે તેમાં કોઈ પણ ઠેકાણે અવતાર જોઈતો "નથી." લીલાવતી થાકી ગઈ અને કોઈએ એને ઉત્તર ન આપ્યો. એને ગમતી શાંતિ વ્યાપી.

## પ્રકરણ ૬.

### અધ્યાત્મદૃષ્ટિનો ઉદય.

૫૮. દુઃખ, ચિન્તા, અને જીવન: એ ત્રણમાં લીલાવતીએ સંસારની પર્યાપ્તિ ગણી હતી

૫૮. જેનો આ અવતાર દુઃખી હતો અને જેને ગમે તેવો સુખી કે દુઃખી પણ બીજો અવતાર જોઈતો ન હતો તે લીલાવતીના ઐહિક જીવન ઉપર આપણે યથાશક્તિ દૃષ્ટિપાત અત્યાર સુધી કર્યો કર્યો છે. એ જીવન-પ્રવાસને અન્તે એ પ્રવાસથી શ્રાંત થયેલી આ બાલા કેવી દૃષ્ટિથી આ કષ્ટમય સંસારનો નિર્વાહ કરતી હતી, તેનું મન કેવી દૃષ્ટિમાં સ્થિરતા પામ્યું હતું, અને આ અસાર સંસારને અંતે સારરૂપ પરમસત્વ પામવાના અધિકારને અભયમાર્ગે તે કેટલે સુધી ગઈ હતી તે ઉપર હવે કાંઈક દૃષ્ટિપાત કરવાનો આપણે પ્રયત્ન કરીશું. તેણે પોતે આ સંસારની પર્યાપ્તિ "દુઃખ, ચિન્તા, અને જીવન" એ ત્રણ શબ્દોવડે કરી લીધેલી છે તે ત્રણનો સાર પ્રથમ જોઈશું.

૫૯. લીલાવતીનો છેલો પત્ર;એણે દુઃખમાં પણ ઈશ્વરનો કૃપારૂપ આશ્રય માન્યો છે.

૫૯. લીલાવતી પોતે રોગગ્રસ્ત થઈ અને તેને નડીઆદ બોલાવી તે પ્રસંગે જુનાગઢથી "તા. ૨-૧-૧" નો પત્ર લખે છે કે.

"શ્રી. પિતાજી,

"આપનો પત્ર* આવ્યો તે પ્હોંચ્યો છે. વાંચી સમાચાર જા-
"ણ્યા છે, મ્હારે શરીરે બે દિવસ સારૂં અને બે દિવસ નરમ એમ
"રહેછે. ડાક્તરની દવા ચાલે છે. નડીયાદ આવવાનું ક્યારે થશે તે
"કહેવાય નહી, કારણ નડીઆદ મ્હારે તો બધાની સાથે આવવાનું
"થશે અને બધાને આવવાનું થોડું ઘણું સાધન થાય એટલી જ વાર
"છે. પણ ઘણુંખરૂં હોળી પછી આવવાનું થશે.

"આપના પત્રથી ઘણો સંતોષ થયો છે. હું જાણું છું કે **દુઃખ,**
"**ચિત્ત, જીવન,** ત્રણે ક્ષણમાત્ર છે. તે છતાં કોઈ દિવસ લાગી જાય
"છે પરંતુ હું એમ કરીને મન વાળું છું કે ઈશ્વર જે કંઈ સારૂં અને
"ખોટું કરે છે તે આપણા સારા સારૂં જ કરે છે. અને મ્હેં વાંચ્યું છે કે

> **" स हि गगनविहारी किल्मिषध्वंसकारी**
> **" दशशतकरधारी ज्योतिषां मध्यचारी ।**
> **" विधुरपि विधियोगाद्ग्रस्यते राहुणासौ**
> **" लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः ॥**

"જ્યારે મ્હોટા દેવ જેવા સુરજ સરખાને દુઃખ પડે છે ત્યારે
"આપણે તો કોણ માત્ર?

"વળી કહ્યું છે કે

> "સુખદુઃખ સરજ્યાં ઈશ્વરે દયા ધરીને એમ,
> "કડવાં મીઠાં ઔષધો પાય જનેતા જેમ.
> "દુઃખ દેવું પણ દેવનું દયા ભરેલું કામ,
> "અતિ દયાથી રોગીને દેછે વૈદો ડામ.

"અને હું તો એમ જ જાણું છું કે ઈશ્વર જે કાંઈ કરે છે તે
"આપણા સારા માટે જ કરે છે.

"ફીકર ચિંતા કરશો નહી. આપના શરીરના સમાચાર લખશો.
"માતુઃશ્રીને હવે તાવનું કેમ છે તે લખશો. મ્હારો જીવ ઉચ્યો છે.
"કામકાજ લખશો. ભુલચુક માફ કરશો. ચિ. ભાઈ વગેરેને મ્હારા
"આશીર્વાદ કહેશો. એ જ

"લા. લીલાવતીના પ્રણામ વાંચશો."

"દુઃખ" ના વિષયમાં આ પત્રમાં લીલાવતીએ આટલું લખ્યું

---

* મ્હારો લખેલો એ પત્ર તથા લીલાવતીના આ પત્રનો મ્હેં લખેલો ઉત્તર આ જીવનકથા પછીના પરિશિષ્ટને આરંભે મુક્યા છે.

તો બીજી વેળાએ ક્હેતી કે "**दुःखे दुःखाधिकं पश्य**"—પોતાના દુઃખની વેળાએ વધારે દુઃખવાળા પારકા મનુષ્ય ઉપર દૃષ્ટિ કરવી. દુઃખ રુઝવવા માટે આવું બ્હારનું ઔષધ દર્શાવતી તો તે એનું મૂળમાંથી વિષ ક્હાડી નાંખવા વારંવાર એ જ શાસ્ત્રવચન સ્મરતી કે **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः**—મનુષ્યોના બન્ધ મોક્ષનું કારણ મન જ છે. પ્રારબ્ધ કર્મે પ્રાપ્ત થયેલું દુઃખમય ભાગ્ય પણ વેઠી લેવાનું છે તે વેઠતાં વેઠતાં ઈશ્વર ઉપર અસંતોષ આણવા કરતાં તેણે એક વાર આપેલું ભાગ્ય હિતકર ગણી સંતોષથી અમૃત પેઠે પી લેવાનું કારણ દર્શાવતાં તે ક્હેતી કે "સાકરના હીરા ગળ્યા તે ગળ્યા."

૬૦ લીલાવતીના ચિત્તની શ્રદ્ધા અને જીવનનો આશય.

૬૦. દુઃખનું શાસ્ત્ર તે આવું બાંધતી તો દુઃખના કારણભુત ચિત્તનો, ઉપર કહેલા બંધમોક્ષરૂપ ફળના કારણરૂપ મનમાં, સમાસ કરતી અને ચિત્તનો મોક્ષ મનવડે કરવા પ્રયાસ કરતી તે વિષયે વધારે ક્હેવું તે પુનરુક્તિ છે, આ જીવનકથામાં એના ચિત્તનું જ ચિત્ર છે તે એની ભાવનાના દૃષ્ટાન્તરૂપ છે. પ્રારબ્ધયોગ અને ઈશ્વરેચ્છાને એક જાનનારીના અને તેવી શ્રદ્ધાથી દુઃખ ખમી જનારીના ચિત્તમાં, પંકમાં પડેલી ગાયના જેવી, અનાથતા અને દીનતા વ્યાપી ગઈ ન હતી. તેની જિજીવિષા પુરુષાર્થવિનાની અને વિકલ થઈ ગઈ ન હતી. સ્ત્રીઓના ગૃહસંસારની વાસનાઓમાં જેમ તેમની ભાવના પણ સમાપ્ત થાય છે તેમ તો એવી વાસનાઓથી રહિત હોનારીને ન જ હોય, પણ સંસારમાં જન્મી શું કરવું તેને માટે **લી**લાવતીના ચિત્તમાં કાંઈ ઉંચી જ ભાવના હતી, એ ભાવના જીવનને સફળ કરવાના સાધનરૂપ હતી, અને તેણે ક્ષણિક ગણીને પણ સ્વીકારેલાં "દુઃખ, ચિત્ત, અને જીવન" એ ત્રણે વિષયોની એની ભાવનાનું ચિત્ર એની "નોટ બુક" નાં કોરાં પાનાંમાં શોધતાં તેના હસ્તાક્ષરથી આલેખેલું છે કે

"ઉઠ, ઉઠ, ઉઠ વ્હેલી, ઉઠની તું, બાઈ!
"કુલીન ઘર થઈને હવે મરીશ શું રીબાઈ? ઉઠ૦
"દિઙ્મૂઢ જ થઈ ગઈ છે અંધ તું ગભરાઈ,
"નથી ખમાતું તે થકી શું ખુણે રહે ભરાઈ? ઉઠ૦
"ટેક પાળવાની દાઝ, દાઝ રહે પરાઈ;
"ભાવિ મિથ્યા થવાનું નથી, શોક મુક, બાઈ. ઉઠ૦
"દ્વાર સર્વ બંધ થયાં, મરવું શું અકળાઈ?
"સાહસ કરીને બ્હાર પડ મેદાન માંહીં. ઉઠ૦

**"જીવવું છે થોડું, માટે ભવની રમ ભવાઈ,**
"ઉચ્ચ લોહી, ઉચ્ચ મરણ, સુખે રહે ગવાઈ. ઉ૦."

હવે થોડું જીવવાનું છે તે દુખીયારીના લક્ષ્યમાં છે, "ભવની તો "**ભવાઇ જ છે**" તે પણ લક્ષ્યમાં જ છે, છતાં આ કડીયોમાં બતાવેલાં કારણથી, દિઙ્મોહ અને ગભરામણ છોડીને, બંધ થયેલાં દ્વાર ઉઘાડી નાંખી મેદાનમાં નીકળી પડીને, ગૌમુખી **લી**લાવતી, સિંહણ પેઠે મોહ અને શોકરૂપ શત્રુને પંજા નીચે કચરી નાંખી, શો પુરુષાર્થ કરવા ઇચ્છતી હતી? સિંહણ પેઠે પોતાનું સ્થૂલ ઉદર ભરવા તે ઇચ્છતી ન હતી, પણ મનુષ્યરૂપે "ટેક પાળવાની* અને પરાઈ દાઝ" રાખવાને ઇચ્છતી હતી. આવો નિઃસ્વાર્થી અને નિષ્કામ પુરુષાર્થ સાધવાનું તેને સાધન શું હતું? તેણે અભ્યસ્ત કરેલા નીતિશતકમાં કહેલું છે કે **सर्वः कृच्छ्रगतोपि वाञ्छति जनः सत्त्वानुरूपं फलम्**–સઉ કોઈ સંકડામણમાં આવ્યા છતાં પણ પોતાના સત્વને અનુરૂપ ફળ ઇચ્છે છે. **લી**લાવતી પોતાને કષ્ટકાળે પણ જે ફલ ઇચ્છતી હતી તે તેના સત્વના સ્વરૂપનું અનુમાન બાંધવાનું સાધન છે. એના જેવી "પરાઈ દાઝ" જાણનારાંના સંબંધમાં કહેલું છે કે–

**रविश्चन्द्रो घना वृक्षा नदी गावश्च सज्जनाः ।**
**एते परोपकाराय युगे दैवेन निर्मिताः ॥**

(અર્થ—સૂર્ય, ચન્દ્ર, મેઘ, વૃક્ષો, નદી, ગાયો, અને સજ્જનો: એટલા વાનાં પોતપોતાનાં યુગમાં પરોપકાર કરવા માટે દેવે નિર્મેલાં છે. આનો સવિસ્તર અર્થ સરસ્વતીચંદ્ર ભાગ ૪, પૃષ્ઠ ૪૦૩ ના પદટિપ્પણમાં આપેલો છે). **લી**લાવતીએ સજ્જનરૂપે, રંક અને બાંધી દીધેલી પરવશ ગાય પેઠે, અને અન્ય રીતે પોતાના સત્વપ્રમાણે પોતાના સૂક્ષ્મ ધનથી જે પરોપકાર કરેલો છે તે આપણે આ જીવનકથામાં જોયું છે. એણે પોતે કાંઈ ભોગતૃષ્ણા રાખી નથી અને આ સંસારના લ્હાવા લેવા માટે નહી પણ પરોપકાર માટે જ તેને દૈવે નિર્મેલી હતી. દૈવના એ નિર્માણ પ્રમાણે એની પુરુષાર્થ માટેની ઇચ્છા થઈ હતી અને તે ઇચ્છાનું ઉંડું ગાન ઉપરની કવિતામાંથી મ્હારા હૃદયમાં આવે છે. જે ગીતા તે યથાશક્તિ ભણી હતી તેમાં સાત્વિક શ્રદ્ધાને ઉત્તમ જીવોના સ્વભાવરૂપ ગણી છે તેવી શ્રદ્ધા **લી**લાવતીના ચિત્તમાં પાતાળપાણીવાળા ઝરા પેઠે નિરન્તર વહ્યાં કરતી હતી અને એના જીવનરૂપને કાંઠે

---

* "ટેક પાળવાની દાઝ" એમાં "દાઝ" શબ્દ મનની સ્થિતિથી થયેલી કાંઈક ભુલથી લખ્યો છે.

બેઠેલા બીજા જીવોને પોતાના મિષ્ટ જળથી તૃપ્ત કરતી હતી. સત્વગુણનો અખંડ અને નિષ્કલંક મહિમા મહાશય હૃદયોમાં સ્ફુરે છે અને તેમનાં જીવનની ક્રિયાઓદ્વારા પ્રત્યક્ષ દર્શન દે છે. આવું દર્શન **લી**લાવતીના જીવનદ્વારા કેટલું થાય છે તેનું માપ તેના દેહાભિમાની પિતાના કરતાં સજ્જન અને સુજ્ઞ તટસ્થ વાંચનારને હાથે થવા દેવું વધારે ઉચિત છે. દેહથી જીવને જુદો ગણનાર અને, જીવનને "ભવની ભવાઈ" ગણી, એ ભવાઈ રમનાર સ્ત્રીદેહધારી દેહી જીવપાસે આ ભવાઈ કરાવનારી એ જીવની દૃષ્ટિને સ્થૂલ ન ક્હેતાં અધ્યાત્મ ક્હેવી જ યથાર્થ છે એટલું ક્હેવાનો આ લેખક પોતાને અધિકારી ગણે છે.

૬૬. મહાશયુદયનું પ્રથમ પગથીયું.

૬૬. સંસાર જેને દુઃખ ગણે છે તેને પોતાનું કલ્યાણકર ગણી **લી**લાવતી આમ સત્કારી લેતી તો સંસાર જેને સુખ ગણે છે તેની કેવી ઉપેક્ષા એ કરતી હતી તે આપણે જોયું છે. વ્યવહારમાં જોઈએ તો સામાન્ય મનુષ્યો જડ બની સુખ અને દુઃખ ઉભયના બળથી ચંપાઈ જાય છે અને સુખને હૃદય સાથે ચાંપે છે ને દુઃખના ભાર નીચે જાતે ચંપાઈ જાય છે. આ ઉભય ક્રિયાઓ જડદૃષ્ટિની છે અને તેને માટે કહેલું છે કે

**श्वः श्वः पापीयसीमेव श्वः श्वः क्रूरतरामपि ।**
**श्वः श्वः खेदकरीमेति दशामिह जडो जनः ॥**

(જડ મનુષ્ય દિવસે દિવસે વધારે પાપી, વધારે ક્રૂર, અને વધારે ખેદકારક દશાને પ્રાપ્ત થાય છે) ત્યારે જનક જેવા મહાત્માઓ પોતાને ઉદ્દેશી એવાં વચન બોલે છે કે

**संपदोऽपि विचित्रा यास्ताश्चेच्चित्तेन संमताः ।**
**तत्ता अपि महारम्भा हंत मन्ये महापदः ॥**

(જે વિચિત્ર સંપત્તિઓ છે તે જો ચિત્તને પ્રિય થઈ પડી તો તેમના આરંભ વધી જાય છે, અને હું તેમને પણ મ્હોટી આપત્તિઓ જેવી માનુંછું). આ જ રીતે અન્ય મહાત્માઓ કહી ગયા છે કે **संपदः पदमापदाम्** (સંપત્તિઓ તે આપત્તિઓનું સ્થાન છે) અને **लक्ष्मीर्यत्र पतन्ति तत्र विवृतद्वारा इव ह्यापदः** (જ્યાં લક્ષ્મી હોય છે ત્યાં વિપત્તિઓનાં દ્વાર ઉઘડી જતાં હોય એમ તેમાં થઈ તેઓ ધસી આવે છે). એ જ વિદેહમુક્ત રાજા બોલે છે કે

आपदोऽपि विचित्रा यास्ताश्चेन्मनसि संमताः ।
तत्ता अपि महारम्भा मन्ये मनसि संपदः ॥

(જે વિચિત્ર આપત્તિઓ છે તે જો મનને અણગમતી થાય નહી તો તેમના આરંભ મ્હોટા થઈ જાય છે અને હું તેમને પણ મનથી મ્હોટી સંપત્તિઓ જેવી ગાણું છું). સંપત્તિઓનો મહારંભ જેમ કેટલાંક ચિત્તના શ્રેયને માટે પ્રતિકૂલ છે તેમ વિપત્તિઓનો મહારંભ પરાક્રમી ચિત્તોને મહાભ્યુદયને માર્ગે પ્રેરે છે–તેમના શ્રેયનો મ્હોટો ઉદય આરંભે છે. મહાદુઃખોને પ્રસંગે લીલાવતીએ એ દુઃખોદ્ધારા ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી છે ને તેમાંથી કાંઈ કાંઈ ઉત્તમ ફળ જ ઈશ્વર આપશે એવી આશા રાખી છે. આ શ્રદ્ધા અને આ આશા એ મધુર જીવમાં ઉદય પામી ત્યાંથી જ એનો મહાભ્યુદય થયો એવું માનવું યોગ્ય છે. જે સંપત્તિઓને સંસાર ગમે તેવે માર્ગે ગમે તેવાં સાધનોથી પણ મેળવવા પ્રયત્ન કરે છે તે સંપત્તિઓને એણે એક પાસથી પિતૃગૃહમાંથી અમુક મર્યાદા ઉપરાંત શોધવી અધર્મ્ય ગણી તો બીજી પાસથી સંપત્તિનાં બીજાં દ્વાર પોતાને માટે બંધ છે એવું તે જાણતી ન હતી એમ ન હતું. એવી સ્થિતિવાળી લીલાવતીએ વિપત્તિ આવી ત્યારે તેમાં ઉદય માન્યો અને બીજી વાસનાઓથી મુક્ત રહી. જ્યારે અન્ય જીવોમાં સત્યનો આભાસ પડે છે તોપણ વાસનાની યાતનામાંથી મુક્ત રહી શકતા નથી અને બોલે છે કે

बीभत्साः प्रतिभान्ति किं न विषयाः किन्तु स्पृहायुष्मती[1]
देहस्यापचयो मृतौ निविशते गाढो गृहेषु ग्रहः ।
ब्रह्मोपास्यमिति स्फुरत्यपि हृदि व्यावर्त्तिका वासना
का नामेयमतर्क्यहेतुगहना दैवी सतां यातना ॥

ત્યારે સત્પુરુષોની એ દૈવી યાતનામાંથી લીલાવતીને ઈશ્વરકૃપાએ

---

૧ શું વિષયો બીભત્સ ભાસતા નથી ? ભાસે છે તો પછી મનુષ્ય તેની પાછળ શાથી દોડ્યાં કરે છે ? તેમ કરવાનું તેને કારણ એ જ છે કે તેની સ્પૃહા આયુષ્મતી છે તે તેને એકદમ છોડતી નથી. દેહ ક્ષય પામતો જાય છે તે મૃત્યુ આગળ જ અટકે છે (અને સ્પૃહા–વાસના–પણ ત્યાં જ અટકે છે). ગૃહાદિકમાં ગ્રહ થાય છે તે આવો ગાઢ છે. બ્રહ્મ ઉપાસ્ય છે એમ હૃદયમાં સ્ફુરણા હોવા છતાં તેમાં કોઈ આવર્તિકા–વાસના એવી તે આ કોણ છે કે જેનો હેતુ અતર્ક્ય હોવાથી એ વાસના ગહન થાય છે અને સત્પુરુષોની દૈવી યાતના થઈ પડે છે ?

પ્રથમથી જ મુક્ત રાખી છે એ એના મહાભ્યુદયનું પ્રથમ પગલું દેખાય એવું છે. બીજાઓ વિષયોને બીભત્સ કહે છે, દેહને જુગુપ્સિત કહે છે, આયુષ્યને વહી જતું કહે છે, બન્ધુઓના સમાગમને ભેગા મળેલા પ્રવાસીઓના ક્ષણિક સમાગમ જેવો અને અંતે વિયોગવાળો કહે છે, આ સંસાર અસાર અને વિરસ છે માટે ત્યાજ્ય છે એમ કહે છે, અને એવાં અનેક વચન બોલે છે તે સર્વના મુખમાં જ માત્ર હોય છે, પણ તે વચનની સત્યનિષ્ઠા તો કોઈક પુણ્યાત્માના જ ચિત્તમાં હોય છે.

बीभत्सा विषया जुगुप्सिततमः कायो वयो गत्वरम्
प्रायो बन्धुभिरध्वनीव पथिकैर्योगो वियोगावहः ।
हातव्योयमसार एष विरसः संसार इत्यादिकम्
सर्वस्यैव हि वाचि चेतसि पुनः कस्यापि पुण्यात्मनः ॥

પુણ્યાત્માઓના હૃદયોમાં સંસારનો આવો ત્યાગ રમી રહે છે તેમાં ક્વચિત્ તેઓ સ્થૂલ સંસારની સ્થૂલ સમૃદ્ધિઓ સમેત સર્વનો બાહ્યાન્તઃ ત્યાગ કરે છે, તો ક્વચિત્ તેઓ યથાપ્રાપ્ત સ્થિતિને સ્વીકારે છે, તેના ત્યાગની કે સ્થાયિપણાની વાસના કે સંકલ્પવૃત્તિ રાખતા નથી, ઈશ્વરને જે ગમ્યું તે થવા દે છે, અને ફલ પ્રતિ નિષ્કામ રહી પોતાના ધર્મ પ્રમાણે પ્રવર્તે છે. આ બીજો માર્ગ પણ જનકાદિકે સ્વીકારેલા ત્યાગનો જ છે. એ ત્યાગનું કે બીજા ઉપર કહેલા ત્યાગનું એમ સર્વ ત્યાગનું પદ પુણ્યાત્માઓના જ ચિત્તમાં છે. એવો ત્યાગ લીલાવતીના ચિત્તમાં તેના શ્વશુરગૃહવાસને તેમ પિતૃગૃહવાસને કાળે સર્વથા સ્ફુરેલો છે તે આ જીવનકથાના પ્રસ્તાવોને લક્ષ્યમાં રાખનાર વાંચનારને કહેવું પડે એમ નથી.

૬૨. તત્વબોધનો ઉદયવિધિ.

૬૨. આવી રીતે મહાભ્યુદય પામનાર ચિત્તને જે ઉપશમ પ્રાપ્ત થાય છે તેટલાથી જ તે ઉદયની સમાપ્તિ થતી નથી. જેમ પ્રથમ કુસુમોદય થાય છે અને પછી ફલોદય થાય છે તેમ આવા ઉપશમને અન્તે એ શાંત હૃદયમાં તત્વોદય એની મેળે થવા લાગે છે.

बुद्धेरगोचरतया न गिरां प्रचारो
दूरे गुरुप्रथितवस्तुकथावतारः ।
तत्वं क्रमेण विदुषां करुणावदाते
श्रद्धावतां हृदि पदं स्वयमादधाति ॥

તત્ત્વ બુદ્ધિનું અગોચર છે તેમાં તે વાણી શી રીતે પ્રચાર પામવાની હતી? જે વાણી તત્ત્વમાં પ્રચાર ન પામે તો ગુરુમુખે તેમની વાણીવડે ગ્રથિત થયેલ વસ્તુ શિષ્યના હૃદયમાં ગુરુના બળથી ઉતરી જાય એ વાત પણ કરવા જેવી નથી. એ તો જે મનુષ્ય ગુરુ આદિ નિમિત્તોથી વિદ્વાન્ થયેલો છે, જેના હૃદયમાં સર્વ ભૂતો ઉપર કરુણા ઉપશમથી સ્ફુરી રહી છે, અને હું વિદ્વાન્ હોવા છતાં અજ્ઞ છું અને જે જ્ઞાનથી એ અજ્ઞતા ટળે છે એવાં જ્ઞાનનાં સાધનથી મ્હારું અજ્ઞાન પણ ટળશે એવી શ્રદ્ધાનો પટ જેના હૃદયમાં બેઠો છે, એવા વિદ્વાનના એ હૃદયમાં જે બુદ્ધિથી અગોચર છે એ તત્ત્વ જાતે જ સ્હડી જાય છે. પાણીના બંબામાંથી પવનઆદિ વિઘ્નને બંબો ફેરવનારા પુરુષો ફ્હાડી નાંખે છે તેની સાથે તે બંબાના નળમાં પાણી જાતે જ વેગભર સ્હડે છે તેમ બંબા જેવા હૃદયમાંથી વિકારાદિ વિઘ્નો ખસી જતાં તત્ત્વ એ હૃદયમાં જાતે જ પ્રકટ થવા માંડે છે. પાછલા ખંડમાં કહેલા મહોદયરૂપ કુસુમના ઉદયને પગલે આવો ફલોદય થવા માંડે છે. આ જન્મમાં થવા માંડેલો આવો ફલોદય, શરીર પડતાં, બંધ પડતો નથી, પણ ગીતાવાક્ય છે કે **न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति** (હે બાપુ, કલ્યાણ કરનાર કોઈ દુર્ગતિને પામતો નથી) તો કલ્યાણરૂપ તત્ત્વ જાતે જ જે હૃદયમાં ઉદય પામ્યું છે તે હૃદયવાળા જીવનો તો દેહ પડ્યા પછી પણ મહોદય જ છે એવી ઉત્તમ આર્યોની ઉત્તમ શ્રદ્ધા અતિપ્રાચીન કાળથી ચિરંજીવિની રહેલી છે. એ મહોદયના ફળરૂપ તત્ત્વબોધ જે હૃદયમાં આમ પ્રકટ થાય છે તે હૃદયમાં જીવનની સફલતા, ઈશ્વરનું સ્વરૂપ, અને વૃત્તિનું બળ નવે રૂપે પ્રકટ થાય છે. એ ત્રણે વિષયોમાં લીલાવતીનો મહોદય કેવો અને કેટલો ફળવા પામ્યો હતો તેટલું જાણી લેઈ એની આ જીવનકથાને સમાપ્ત કરીશું.

૬૩. જીવનસફલતા.

૬૩. સંસારને અસાર અને સ્વપ્નવત્ માનનારાઓએ સંસારમાં શું કરવાનું છે એ પ્રશ્ન તેમની જીવનસફલતાને અંગે ઉઠાવવામાં આવે છે. જે મહાત્માઓ આત્મકલ્યાણને ઇચ્છી મોક્ષ શોધે છે તેમનો મોક્ષ એકલપેટો છે એવો કેટલાંક મનુષ્યો આક્ષેપ કરે છે. અનેક કલ્પોનું આયુષ્ય ભોગવનાર જીવન્મુક્ત ભુશુંડમુનિ પાસેથી વસિષ્ઠમુનિ આવા દીર્ઘ આયુષ્યનું રહસ્ય જાણી લેછે તેને ઉત્તર મળે છે કે—

*सुखितोऽस्मि सुखापन्ने दुःखितो दुःखिते जने ।
सर्वस्य प्रियमित्रं च तेन जीवाम्यनामयम् ॥
आपद्यचलधीरोऽस्मि जगन्मित्रं च संपदि ।
भावाभावेषु नैवास्मि तेन जीवाम्यनामयम् ॥

આટલું આવું જીવન અનુભવનાર प्रवाहपतितार्थस्वबोधस्नानविशुद्धिमान् થાય છે એટલે પોતાની બહિર્મુખ ચિત્તવૃત્તિના પ્રવાહમાં પડેલા ઘટાદિ વિષયોમાં–તેમના આકારરૂપ પોતાની ચિત્તવૃત્તિમાં–પ્રતિબિંબિત થયેલા આત્મચૈતન્યના બોધરૂપ સ્નાનથી–આ જીવ શુદ્ધ થાય છે એવું અન્યત્ર કહેલું છે. આ જ સંબંધમાં નિર્વિકલ્પસમાધિમાં ઘણો કાળ રહી રાજ્યની અવ્યવસ્થા થવા દેનાર ભક્ત પ્રહ્લાદને ઉઠાડતી વેળા અને રાજ્ય સંભાળવાનો બોધ કરતી વેળા પરમ વિષ્ણુએ અન્યત્ર કહેલું છે કે—

† हेयोपादेयसंकल्पविहीनस्य शरीरजैः ।
भावाभावैस्तवानर्थः कस्तिष्ठोत्तिष्ठ संप्रति ॥
जीवन्मुक्तेन भवता राज्य एव हि तिष्ठता ।
क्षेपणीया गतोद्वेगमाकल्पान्तमियं तनूः ॥
कृशोतिदुःखी मूढोहमेताश्चान्याश्च भावनाः ।
मतिं यस्यावलुम्पन्ति मरणं तस्य राजते ॥

---

*લોક સુખી હોય છે ત્યારે હું સુખી થાઉં છું ને દુઃખી હોય છે ત્યારે દુઃખી થાઉં છું, અને હું સર્વનો પ્રિયમિત્ર છું માટે અનામય જીવન જીવું છું. મ્હારી આપત્તિમાં અચલ અને ધીર રહું છું, અને મ્હારી સંપત્તિમાં જગતનો મિત્ર થાઉં છું, ભાવાભાવ અનેકધા સંસર્ગ કરે છે તેમાં તો હું નથી જ અને તેથી અનામય જીવન જીવું છું.

† ગ્રાહ્ય અને ત્યાજ્ય વિષયના સંકલ્પોથી તું વિહીન છે તો પછી શરીરમાં ગતિવાળા ભાવાભાવોથી તને શો અનર્થ થવાનો છે? માટે તું હવે ઉભો રહે અને ઉત્થાન કર. ત્હારે તો જીવન્મુક્ત રહી, રાજ્યમાં જ સ્થિતિ રાખી, ઉદ્વેગ વિના કલ્પ પૂર્ણ થતા સુધી આ શરીરને ફેંક્યાં કરવું ઘટે છે. મરણ તો એને જ માટે ઠીક છે કે જેની બુદ્ધિને, હું કૃશ છું, હું અતિદુઃખી છું, એવી અને બીજી ભાવનાઓ અવલુપ્ત કરે છે. મરણ તો તેનું જ ઠીક છે કે જે આશાના પાશથી હૃદયમાં બંધાયલો છે અને તેથી આમતેમ ડગમગતી મનોવૃત્તિથી આમતેમ ખેંચાય છે. જેના ભાવમાં અહંકારની વૃત્તિ નથી, જેની બુદ્ધિ લિપ્ત નથી, જે સર્વ ભૂતોમાં સમ છે, તેનું તો જીવન જ શોભે છે. હૃદયમાં શીતલ અને રાગદ્વેષથી વિમુક્ત એવી બુદ્ધિવડે જે આ સર્વને સાક્ષિરૂપે જુવે છે તેનું તો જીવન જ શોભે છે.

आशापाशनिबद्धोन्तरितश्चेतश्च नीयते ।
यो विलोलमनोवृत्त्या मरणं तस्य राजते ॥
यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
यः समः सर्वभूतेषु जीवितं तस्य राजते ॥
योन्तःशीतलया बुद्ध्या रागद्वेषविमुक्तया ।
साक्षिवत्पश्यतीदं हि जीवितं तस्य शोभते ॥

જે જીવન્મુક્ત છે તેણે જીવન ત્યાજ્ય નથી ને મરણ ગ્રાહ્ય નથી, ગૃહ ત્યાજ્ય નથી અને વનવાસ ગ્રાહ્ય નથી; કારણ જીવન, મરણ, ગૃહ, વનવાસ, આદિ સર્વ ગ્રાહ્ય ત્યાજ્ય ગણાતા પદાર્થો જીવન્મુક્તને મન તો ઉત્પન્ન જ નથી. તેને તો જે શરીર પ્રાપ્ત થયું છે તેને કલ્પાંત સુધી જીવાડવાનો ધર્મ છે અને એ જ ન્યાયે જે જે એને આ સ્વપ્નરૂપ સંસારમાં પ્રાપ્ત થયું છે તે તે એ પ્રાપ્તરૂપ સ્થિતિમાં વર્તે એવી રીતે તેને અનુકૂળ થઈ જવું અને પ્રતિકૂળ ન થવું એવો આ જીવન્મુક્તનો ધર્મ છે. હું દુઃખી છું અને જીવવું કષ્ટમય છે વગેરે વિચાર એ જીવન્મુક્તને થતા નથી અને તેથી એવા નિમિત્તોને લીધે જીવનપ્રવાહમાંથી બ્હાર નીકળી જવાનો એને પ્રસંગ રહેતો નથી, પણ અહંકારથી રહિત રહી અથવા આ જીવનપ્રવાહ આદિનો કર્ત્તા ઈશ્વર છે અને તેની સૃષ્ટિનાં ભૂતમાત્ર મ્હારી દૃષ્ટિમાં સમાન છે તેમને એ ઈશ્વર મ્હારા જીવનપ્રવાહમાં આણે તો તેને અનુકૂળ થવું એવો મ્હારો એટલે વ્યવહારમાં મ્હારાં કહેવાતાં (ને સત્યદૃષ્ટિએ તો ઈશ્વરનાં જ) દેહાદિકનો ધર્મ છે એવું આ જીવન્મુક્ત ગણે છે. પ્રહ્લાદને થયેલા ઉપરના બોધમાં મનુષ્યજીવનની આવા પ્રકારની કર્તવ્યતા અને સફળતા કહી છે. એ જીવન જીવનારની દૃષ્ટિમર્યાદામાં જે જે પદાર્થો પડેછે તે તેના "પ્રવાહપ્રતિત" થાય છે-તેની ચિત્તવૃત્તિ એટલે (કેવળ લાગણી નહી પણ) તેના દૃષ્ટિસમેત ચિત્તની ગતિની મર્યાદામાં આવી જાય છે અને એ મર્યાદાના સર્વ વિષયમાં-સર્વ ભૂતોમાં-આ જીવન્મુક્ત આત્મદૃષ્ટિથી જુવે છે એટલે તે સર્વમાં ઈશ્વરની સત્તાને પ્રત્યક્ષ કરે છે. તેને ઈશ્વરની સત્તા જ્યાં જ્યાં આમ પ્રત્યક્ષ થાય છે ત્યાં ત્યાં એ સત્તાની એ પ્રેમથી પૂજા-સેવા-કરે છે અને એ સાક્ષાત્કારમાં અને સેવામાં આનંદ પામે છે. આ સાક્ષાત્કાર અને આનંદ અનુભવનારની જ મનોવૃત્તિને ઉદ્દેશીને કહેલું છે કે **यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः** । આત્મબોધ એટલે પરમાત્મબોધ આવાં

ચિત્તોને પ્રવાહપતિત થયેલા પદાર્થમાત્રમાં આવી રીતે થાય છે; અને તે બોધરૂપ સ્નાન કરી આ જીવન્મુક્તનું શુદ્ધ ચિત્ત શુદ્ધ રહ્યાં કરે છે, અને અહંતાદિ વિકારોથી અશુદ્ધ થવા પામતું નથી. ભુશુંડ મુનિએ કહેલી–પોતાની આપત્તિવેળાએ રાખવાની ધીરતા, પોતાની સંપત્તિવેળાએ રાખવાની જગન્મિત્રતા, સર્વનાં સુખથી સુખી થવાની અને સર્વનાં દુઃખથી દુઃખી થવા જેવી કોમળતા, અને પોતાની અને પારકી સંપત્તિમાં ને વિપત્તિમાં સર્વના પ્રિય મિત્ર થવાની શક્તિ–એ સર્વ ગુણક્રિયાઓમાં, આ જીવન્મુક્તનાં જીવનનું આરોગ્ય છે, એ જીવનની શુદ્ધિ છે, અને એનો ઈશ્વરસાક્ષાત્કાર, આનન્દ, અને સમાધિ છે. જે જીવ મહોદયને પામે છે તેના જીવનની સફલતા આવી રીતે થાય છે.

૬૪. લીલાવતીએ માનેલી ભવની ભવાઈનું સ્વરૂપ.

૬૪. આ કથાના ખંડ ૬ માં વર્ણન કર્યા પ્રમાણે લીલાવતીએ પોતાના દુઃખને પ્રસંગે વજ્ર જેવી કઠિનતા રાખી છે અને દુઃખને પણ અનુકૂળ ગણી લીધું છે—મીરાંબાઈ પેઠે વિષને અમૃત ગણી પીધું છે. બીજી પાસથી એ જ ખંડમાં દર્શાવ્યા પ્રમાણે એણે પોતાના હૃદયમાં જગન્મિત્રતા ધારી છે અને જગતમાં મરકી અને દુકાળ જોઈ, જે પ્રાર્થના પોતાને માટે કરી નથી તેવી પ્રાર્થના જગત્‌ને દુઃખમુક્ત કરવા કરી છે. જગતના દુઃખની નિવારણા માટે તેની શક્તિ માત્ર પ્રાર્થનામાં જ સમાપ્ત થતી હતી તો યથાશક્તિ તેટલું કર્યું, અને તેના સ્ત્રીજનાનુરૂપ પ્રવાહમાં શ્વશુરકુટુંબનાં અને પિતૃકુટુંબનાં જે જે ન્હાનાં મ્હોટાં સમવિષમ મનુષ્યો આવી ગયાં તે સર્વના ઉપર ઉદાર પ્રીતિ રાખી, ઉંચી ભાવનાઓ રાખી, તેમને સુખે તે સુખી થઈ છે અને તેમને દુઃખે તે દુઃખી થઈ છે અને તેમનાં સુખ વધારવા અને દુઃખ શાન્ત કરવા મરતા સુધી તેના ગજ પ્રમાણે મહાભારત પ્રયત્ન તેણે કર્યા કર્યા છે તેનાં કેટલાંક જ દૃષ્ટાન્તોથી આ જીવનકથા ભરેલી છે. આ સર્વ પ્રયત્ન તેણે પોતાને માટે વાસના રાખ્યા વિના કર્યા છે, પોતાનો ભોગ આપી કર્યાં છે, અને સંસારને મિથ્યા ગણીને કર્યાં છે. ખંડ ૯ અને ૧૦ માં લખ્યા પ્રમાણે તેની પોતાની ભાષામાં આ સર્વ વાત સંક્ષેપમાં કહી દેઈએ તો તે “ભવની ભવાઈ” ને ભવાઈ જાણીને પુરી રીતે રમી છે, પોતાની વિપત્તિને માટે ઈશ્વરે “આપેલા દુઃખનો તિરસ્કાર કરી” એણે “કોઈ દિવસ” એની “આંખોમાંથી આંસુ” ન પાડ-

વાનો પરમ "ટેક" જાળવ્યો છે, "પરાઈ દાઝ" પોતાનાં સુખને તેમ દુઃખને પ્રસંગે અનેક રીતે મધુરતાથી, કોમળતાથી, અને સદાગ્રહથી જાણી છે, અને એ "દાઝ" જાણવામાં એના "ભવની ભવાઈ" ના સર્વ વેશ પૂર્ણ રંગથી ભજવાયા છે. "દુઃખ, ચિન્તા અને જીવન" એ ત્રણ ભાગે એણે સંસારનું વર્ગીકરણ કરેલું છે ( ખંડ ૫૭) તેનું ભાષ્ય પોતાના જીવનરૂપે એણે રચેલું છે અને આવી "ભવાઈ"-ના વેશોમાં તે ભાષ્યનાં દૃષ્ટાંત આવી જાય છે એમ કહીયે તો ચાલે. ખંડ ૬૩ માં દર્શાવેલી જીવનસફલતાને લીલાવતી આવી રીતે અને આટલા પ્રમાણમાં પામી છે.

૬૫. ઈશ્વરના સ્વરૂપનો લીલાવતીના હૃદયમાં અંતર્બોધ.

૬૫. ઈશ્વરનું સ્વરૂપ લીલાવતીના હૃદયમાં કેવી રીતે પ્રકટ હતું તે હવે જોઈશું. સંસારમાં કોઈક નાસ્તિક હોય છે, કોઈક મૂર્ત્તિપૂજક હોય છે; કોઈ એક ઈશ્વર અને જુદા જીવ એમ માને છે, અને કોઈક જીવ અને ઈશ્વરનું અદ્વૈત બ્રહ્મરૂપે માનનાર હોય છે. લીલાવતીની આશપાશ આ સર્વ ભાવનાઓ રાખનાર વર્ગ હતો. એનાં માતામહી લહેરલક્ષ્મી હીંદુ, મુસલમાન, સર્વ દેવોની બાધાઓ રાખતાં, ઔષધને સ્થાને બાધા રાખતાં, સ્વામીનારાયણના પંથમાં હતાં, અત્યન્ત પરગજુ અને શ્રદ્ધાળુ હતાં, પોતાની જાતને નકામી ગણતાં, પણ બીજા કોઈ જીવને પણ ઉપયોગી થવામાં જીવનની સફળતા ગણતાં, દયાળુ અને માયાળુ હતાં, અને પોતાની પુત્રી જાતે દુઃખ ખમીને પણ શ્વશુરગૃહની સેવા કરે અને માતાના કરતાં સાસુને વધારે ગણે એવું શીખવવાનો અત્યંત આગ્રહ રાખતાં. એમના અનેક આવા અને બીજા સમવિષમ ગુણોનું અને એમની ઉક્ત પ્રકારની શ્રદ્ધાઓનું સંમિશ્રણ જોઈ લીલાવતી એમની સાથે ઘણીવાર ઉપદેશક ચર્ચામાં પડતી. લીલાવતીનાં પિતામહી તે આ લેખકનાં માતા શિવકાશી, આ લેખકે વ્યવહાર છોડી નિવૃત્તિ સ્વીકારી તે અરસામાં, આ લેખકની જ સૂચનાને યોગ્ય ગણી, વ્યવહારનો ત્યાગ કરી, દેવમન્દિરમાં દેવાર્ચનમાં પોતાનો કાળ ગાળતાં. આ લેખકના પિતાશ્રીની ઇચ્છા પ્રમાણે તેમની પાછળ બંધાવેલા મંદિરમાં તેમના ઇષ્ટદેવ શ્રીનાથજીની પ્રતિમાનું પૂજન માતાશ્રી જાતે કરતાં, શુભ-અશુભ સર્વ પ્રસંગોના વ્યવહારમાંથી નિવૃત્ત રહેતાં, અને દેવની પૂજા અને ઉત્સવાદિકમાં જીવનની-સફલતા માનતાં. બાહ્ય પ્રવૃત્તિમાંથી એ આમ નિવૃત્ત હતાં

અને હૃદયની પ્રવૃત્તિમાંથી મુક્ત થવા યથાશક્તિ પ્રયત્ન કરતાં. પણ જ્યારે એ પ્રયત્નમાં સફળ થવામાં એમનું મન વિક્ષરૂપ થતું લીલાવતી દેખતી ત્યારે એમને એ કહેતી કે "મ્હોટીબા, આ પૂજા કરો છો "તે સફળ ક્યારે થાય કે તમારી ચિત્તશુદ્ધિ થાય અને કથાઓમાં "સાંભળો છો એવું ચિત્ત કરી શકો ત્યારે. બાકી કેવળ આ પૂજાથી "અને ઓચ્છવોના ઠાઠથી ફળ માનતાં હો તો તમારી ભુલ છે." લીલાવતીના પિતામહ–આ લેખકના પિતા–પરમ વૈષ્ણવ હતા. તેઓ ગોસાંઇજી મહારાજના અનુયાયી ન હતા, પણ ષોડષોપચારથી શાલિગ્રામની અને દેવની પૂજા કરતા, પોતાનું સર્વસ્વ એ દેવને હૃદયથી સમર્પી દેવના પ્રસાદથી પોતાને મળેલું ગણી સ્વીકારતા, ગીતાદિક ગ્રન્થોમાંથી જીવ અને ઇશ્વરનો સબંધ ભક્તિના વિષયમાં શોધતા, દિવસરાત્રિનો ઘણો ભાગ હૃદયપૂર્વક દેવાર્ચનમાં અને બાકીનો ઘણો કાળ ભક્તિભજનમાં, વાંચવામાં, કથાકીર્તનમાં, અને ધર્મકાર્યમાં ગાળતા. એમના આયુષ્યનો પૂર્વભાગ મુંબાઈમાં સરાફી અને બીજા વ્યાપારમાં રોકાયો હતો તે કાળે પણ તેઓ આવી જ રીતે ઘણો કાળ ગાળતા, અને તેમના હૃદયની સરલતાનો અનુભવ જે કોઈને થતો તે એમને સાધુ જેવા ગણતા અને કેટલાક લોક તો તેમને નરસિંહ મ્હેતા જેવા ગણતા. તેઓની ક્રિયાકાંડઉપર પણ અત્યંત આસ્થા હતી. સામગાન શુક્લવર્ગના મુખથી સાંભળે કે દેવની પૂજા કરતાં નિર્ભર રસથી દેવસન્મુખ બતે સામગાન કરતા, ત્યારે એમનુ હૃદય તેમાં લીન થતું હતું. દેવપૂજા, દેવભક્તિ, હૃદયની સાધુતા, હૃદયનો લય, આદિ પવિત્ર પદાર્થો લીલાવતીએ પોતાની કિશોરાવસ્થાને અને તે પછીને કાળે તેના પિતામહમાં પ્રત્યક્ષ કર્યા હતા, અને તે સત્પદાર્થોની મુદ્રા એના હૃદયના મર્મભાગોમાં તે કાળથી પેસવા પામી હતી. પિતામહીને તેમની પૂજાના વિષયમાં ઉક્ત પ્રકારે ઉચ્ચતર ભાવના લીલાવતી દર્શાવતી હતી ત્યારે પિતામહની સાધુતાનું સ્મરણ એના હૃદયને એ પ્રવૃત્તિમાં નાંખતું હશે એવું માનવાનું આ લેખકને કારણ છે. લીલાવતીનો દેહ પડ્યો તેનાથી માત્ર સાત આઠ દિવસ પ્હેલાં તેના વ્યાધિએ એક દિવસ પ્રાતઃકાળે અચીન્ત્યું ભયંકર રૂપ પકડ્યું. તેને વાતોન્માદ પણ ઘણુંખરું તેવામાં થતો હતો તે જ થયો હશે તેવી શંકા થવાથી આ લેખકે તે પ્રમાણે ઉપચાર શોધવા માંડ્યા. લીલાવતીએ એ ઉપચાર અસ્થાને છે એવું જાણ્યું અને એ ગભરાટની વેળાએ સા-

વધાન રહી સમયસૂચકતા આણી બોલીઃ "મ્હોટાકાકા, શું જુવો "છો? આ હીસ્ટીરિયા નથી–મને કાંઈ ગરમ ઓષધ આપો. જુવો, "મ્હારા હાથપગ ત્હાડા થઈ ગયા છે ને કપાળે, હાથેલીઓમાં ને "ગળા આગળ, પરસેવાના મોતિયા બાઝયા છે." તેનું આ કહેવું યથાર્થ હતું. તેની સૂચના પ્રમાણે તરત ન થયું હત તો વખત છે તેનો દેહ તરત જ પડત, અને જે સાત આઠ દિવસ એનો વધારે સમાગમ તે પછી રહ્યો તે લાભ ન મળત. આના ભયના સૂક્ષ્મ પ્રસંગે લીલાવતીએ બીજાને આટલી સૂચના કરી પોતાનું લક્ષ્ય બીજી દિશામાં વાળ્યું. પા ઘડી અધ ઘડીમાં દેહ પડશે એવું આ વેળા લાગતાં, ઉક્ત સૂચના કરી, તરત તેણે ઈશ્વરનું સ્મરણ આરંભ્યું. એ સ્મરણ અર્થ-બુદ્ધિપૂર્વક થયું. "ઓ લ્હેરીબાના વ્હેમી પરમેશ્વર! ઓ દાદાજીના "પ્રભુ! ઓ મ્હોટાકાકાના પરમાત્મા!"—એ ત્રણ સંબોધનનું ફરી ફરી ઉચ્ચારણ લીલાવતીએ કર્યું, ઈશ્વરનો આ રીતે જપ કરતી હોય તેમ તેને ઉતાવળથી સ્મરવા માંડ્યો, અને ઈશ્વરે એને તરત તો ઉગારી લીધી. આવે પ્રસંગે આસપાસના મનુષ્યો રામનામ મ્હોટેથી ઉચ્ચારે છે પણ જે જીવને આ નામનું સ્મરણ આપવાને એ ઉચ્ચાર થાય છે તે જીવ તે ઉચ્ચાર સાંભળતો હશે તો તેના અર્થનું ભાન તેને ભાગ્યે જ સ્ફુરતું હશે. આ ન સ્ફુરવાનું કારણ કોઈ વેળા શરીરની અવ્યવસ્થા હોય છે તો કોઈ વેળા હૃદયની સંસ્કારહીનતા હોય છે ને સંસ્કારહી-નતા જ્યાં નથી હોતી ત્યાં એ સંસ્કારોના દૃઢાભ્યાસની ન્યૂનતા પણ એવી કારણભૂત હોય છે. આપણે આ પ્રસંગમાંથી લીલાવતીના દૃઢ સંસ્કાર કેવા હતા તે જાણવાનું સાધન મળે છે. ધર્માન્ધ અથવા મ-તાંધ મનુષ્યો પોતાના હૃદયમાં પડેલા ઈશ્વરના પ્રતિબિમ્બ ઉપરાંત તેનાં બીજાં પ્રતિબિમ્બ દેખતા નથી અને બીજાંનાં હૃદયમાં પડેલાં ભિન્ન પ્રતિ-બિમ્બને દૂષિત ગણી તેની નિંદાદ્વારા એ સર્વ પ્રતિબિમ્બના કારણભૂત મૂળ બિમ્બને નિન્દે છે. ઉદાર બુદ્ધિઓ એ સર્વ પ્રતિબિમ્બદ્વારા સ-ર્વના મૂળભૂત એક બિમ્બને પ્રત્યક્ષ કરેછે અને તેવી રીતે ઈશ્વરના મૂળ સ્વરૂપનું ભાન અનેક રીતે પામી ક્રમે ક્રમે તેનું શુદ્ધતર અને સંપૂર્ણ સ્વરૂપ પામે છે. આવી રીતની ઉદારબુદ્ધિથી લીલાવતીએ આવું ઈશ્વરસ્વરૂપ પામવા પોતાના આરોગ્યકાળમાં પ્રયત્ન કરેલો અને એ સ્વરૂપ દૃઢસં-સ્કારોથી સ્વીકારેલું તે એના સૂક્ષ્મ પ્રસંગમાં એના હૃદયમાં સ્ફુરી આવ્યું. એની નિરક્ષર અને વ્હેમી પણ સાધુવૃત્તિવાળી માતામહીના

હૃદયમાં, એના પરમભક્ત પિતામહ જે પ્રભુની પ્રભુતા પોતાના હૃદયમાં અનુભવતા તે પ્રભુસ્વરૂપથી ભરેલા એ ભક્ત હૃદયમાં, અને એના પિતાની બુદ્ધિમાં પરમાત્મરૂપે વસનાર સ્વરૂપમાં, લીલાવતીની બુદ્ધિએ ન્હાનપણથી અનેક નામે ઈશ્વરને દીઠેલો તે અનેક નામકલ્પનાનું મર્મ તપાસી જોતાં એને એ સર્વમાં એક જ તત્ત્વ જડ્યું હતું. એના આપ્તજનોમાં એણે મતભેદ, શ્રદ્ધાભેદ, અને પૂજાભેદ દીઠા હતા. એણે વાંચેલા ગ્રન્થોમાંથી પઞ્ચીકરણવડે દેહનાં તત્ત્વ જીવથી છુટાં કરવાનો એણે ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો હતો. કિશોરાવસ્થામાં એણે વાંચેલાં ઈશકેન ઉપનિષદોમાં અને ગીતામાં એણે ઈશ્વરના સ્વરૂપવિષયે પોતાની તે અવસ્થાની શક્તિપ્રમાણે સમજાયો તેટલો બોધ લીધો હતો. એના આયુષ્યના અનુભવકાળમાં એ સર્વનું આત્મશક્તિથી વગર-ગુરુએ ચર્વિતચર્વણ કર્યું, અને એ સઉ પ્રયાસને અંતે એના શુદ્ધ હૃદયમાં શુદ્ધ તત્ત્વ જાતે જ ફળરૂપે ઉદય પામ્યું, અને માતામહીના વ્હેમી પરમેશ્વરમાં, પિતામહના પ્રભુમાં, અને પિતાના પરમાત્મામાં એ સઉનાં હૃદયોના અધિકાર પ્રમાણે જુદાં જુદાં પ્રતિબિમ્બને એક જ પરમતત્ત્વ પાડતું હતું તે તત્ત્વની કાંઈક કલાને એણે દૃઢાભ્યાસથી પોતાના હૃદયમાં દીઠી અને તેને જ, એની આ ત્રણ કલાંશો સમેત, પોતાના સૂક્ષ્મ પ્રસંગમાં પ્રત્યક્ષ કરી લીધી.

૬૬. દુઃખથી આચ્છાદિત આનંદ.

૬૬. આવા સફળ જીવનમાં અને યથાશક્તિ ઈશ્વરસાક્ષાત્કારમાં પ્રકટ થયેલો મહોદય લીલાવતીના વૃત્તિપ્રવાહમાં કેવે રૂપે પ્રકટ થયો હતો તેટલું જ જોઈ લેવાનું હવે આપણે બાકી રહેછે. અધ્યાત્મદર્શનથી વૃત્તિનું બળ ન્યૂનતમ થઈ જાયછે, અને તે પછી દેહ પડતા સુધી મનસમેત છ ઇન્દ્રિયોના વૃત્તિપ્રવાહોમાં એ ઇન્દ્રિયોના બળરૂપ વિકારોને સ્થાને ઘટાદિક વિષયોના માત્ર આભાસ રહેછે અને એ ઉપરાંત એ પ્રવાહોમાં નિસ્તરંગ અને શાન્ત આનન્દ એક નવી શક્તિરૂપે ઉભરાય છે. શરીર સુખદુઃખ અનુભવે, મ્હોં ગભરાય અને રડવા માંડે, તોપણ આ નિરાનન્દ આનન્દ સદોદિત સમસ્વરૂપ રહેછે. સેનેકા જેવા તત્ત્વજ્ઞાનીની નસો રોમના ક્રૂર મહારાજ નીરોની આજ્ઞાથી કાપવામાં આવી હતી અને તેમાંથી રુધિર વહી જતું હતું તે કાળે શારીરક વેદનાથી તે દોડતો હતો અને તરફડતો હતો, તોપણ એ દોડાદોડ અને તરફડાટ કરતાં કરતાં એ મહાત્માએ પાસે બેઠેલા સ્નેહીઓને

તત્ત્વોપદેશ કર્યો અને તે ઉપદેશ કરતાં કરતાં એનો દેહ પડ્યો. જેમ ખડખડ હસવું એ શુદ્ધ આનન્દ નથી તેમ આવી વેદનાઓને પ્રસંગે આવા ગભરાટ અથવા રુદિત–જે કેવળ જડવૃત્તિઓનાં પરિણામરૂપ છે તે–થાય તે આવા શુદ્ધ આનન્દના પ્રતિબાધક નથી. આથી જ આ શુદ્ધ આનન્દ સદોદિત રહી શકે છે અને નિરાનન્દ કહેવાય છે. **રોનેમેં ભી ઔર મઝા હય** એવું એક આત્મબોધકનું વાક્ય આ આનન્દની આ પ્રકૃતિને ઉદ્દેશે છે. જ્યારે શરીરની જડવૃત્તિ કંઠ અને મુખપાસે રોદન કરાવે ત્યારે તે જડવૃત્તિનું અંતઃસ્થ ચેતન તે સર્વેનું સાક્ષિ થઈ શકે છે અને જેવી રીતે સાક્ષિ થઈ શકે છે તેવી જ રીતે એ સાક્ષિત્વ ભેગો આનન્દ પણ સ્ફુરી શકે છે. જેમ ન્હાનું બાળક રુવે તેને જોઈ પાસેનો પુરુષ હસે તેમ શરીરને રોતું જોઈ માંહ્યનો સાક્ષી એ જ રોતા મુખાદિકને જોઈ વિનોદ પામી શકે છે એવો અનુભવ વિરલ છે, પણ છે ખરો. સ્વપ્નમાં માણસ પોતાનું મૃત્યુ દેખે છે અથવા ‘આ સ્વપ્ન ચાલે છે અને તે અનુભવનાર અને અંતે જાગનાર હું આ સ્વપ્નને દેખું છું,’ એવો અનુભવ સ્વપ્નસ્થ ચિત્તને વિરલ પ્રસંગે પણ થઈ શકે છે. આવે જ ન્યાયે સર્વાવસ્થામાં સ્ફુરનાર આનન્દ ઈશ્વરસ્વરૂપના પ્રબોધની સાથે જ ઉદય પામે છે અને મનુષ્યના જીવનમાં નવી પવિત્રતા ભરે છે. આ આનન્દની એક કલા પણ ઉદય પામે ત્યારે તે પૂર્વે કહેલા મહાભ્યુદયનું એક ફળ ગણાય છે. લીલાવતી જેમ જેમ વયમાં અને વિચારમાં વધતી ગઈ તેમ તેમ આવા આનંદની કાંઈક કલાઓને અ-થવા કલાના અંશોને અનુભવતી જણાઈ. ખંડ ૫૭ માં દર્શાવ્યું છે તે પ્રમાણે તેની શારીરક અસ્વસ્થતા મટતાં તરત જાણે કે કાંઈ બન્યું જ ન હોય એવી રીતે ભૂત અવસ્થાનો વિચાર પડતો મુકી ઉત્સાહભેર વાતચીત કરવા મંડી જતી હતી. શારીરક અવ્યવસ્થાથી ઢંકાયલી તેની આનંદવૃત્તિ એ ઢાંકણ દૂર થતાં તરત, ફુવારાની ટુંચી ઉઘાડી હોય એમ, સ્ફુરી આવતી. ક્ષયરોગ વધે છે કે ઘટે છે તે જોવાને ડાક્તરની ઇચ્છાથી તેના શરીરનો ભાર સાત સાત દિવસે જોખી જોવામાં આવ-તો અને ઉત્તરોત્તર ઘટ્યાં કરતો અને યમરાજનાં પગલાં પાસે આવતાં સંભળાવતો. આ ઘટાડો એ જાણે તો દુઃખી થશે જાણી જોખનાર મંડળ એની દૃષ્ટિ ચુકવતાં અને એને ઘટાડો સમજાય નહી એમ એને છેતરવા પ્રયત્ન કરતાં. આ પ્રયત્ન એની આગળ નિષ્ફળ થતો, એને વધારે છેતરે તેમ તેમ એ વધારે સાવધ થઈ સઉ ખરી વાત જાણી

લેતી, અને અંતે વિનોદ કરતી કરતી કહેતી કે "તમે સઉ એમ "જાણો છો કે એ સાચી વાત જાણશે તો હબકી જશે? જુવો, "તમારી બેયે વાતો ખોટી પડી, મ્હારો ભાર ઘટે છે તે મ્હેં જાણ્યું "ને હું હબકી ગઈ પણ નહી." ક્ષયરોગનો સ્વભાવ તેનાં વાંચેલાં પુસ્તકો પરથી જાણતી હતી અને જેવી રીતે સઉ તેના સહવાસને થોડા કાળનો ગણી દુઃખી થતાં હતાં તેવી રીતે **લી**લાવતી સઉના સહવાસને થોડા કાળનો ગણતી હતી પણ દુઃખી થતી ન હતી. જેમ બાળકને પરદેશ જવાનું કરતાં આજકાલ ગાડીમાં બેસી પરદેશ જઈશું અને ત્યાં નવા રમણીય પદાર્થો જોઈશું અને નવા સમાગમ પામીશું એ વિચારથી તે બાળક આનંદપ્રફુલ્લ રહે અને પ્રવાસે નીકળતા સુધી આનંદમાં દિવસ ગાળે તેવી જાતના પણ તેવી બાલચેષ્ટા વિનાના આનન્દને **લી**લાવતી પોતાના મનમાં અનુભવતી અને વ્યાધિવેદના ન હોય ત્યારે એવા આનંદના સમાગમથી આયુષ્યશેષ ગાળતી. પાણીભરેલા પણ છિદ્રવાળા ઘટમાંથી પાણી વહી જતું કોઈ તટસ્થ માણસ જોઈ રહે તેમ, એ ઘટ જેવા પોતાના શરીરમાંથી આયુષ્ય દિવસે દિવસે વહી જતું હતું તે તટસ્થ રહી એ જોયાં કરતી અને દુઃખ અથવા ભયને બદલે કાંઈ વિનોદ પામતી હોય અને નવા નાટકનો પડદો ઉપડવાની વાટ જોતી હોય એ જાતની એના મનની એ કાળની સ્થિતિ આ લેખકને તે કાળના પ્રસંગો સાથે સ્મરણમાં આવેછે. દુઃખકાળે તેની સ્વસ્થતા આવી રહેતી અને કદી કદી તે દુઃખના બાહ્યરૂપથી આચ્છાદિત રહેતી તો સુખના પ્રસંગોએ એવાં આચ્છાદન વિનાની તેમ વ્યાવહારિક ઉત્સવના આનન્દના ચળકાટથી વક્રીકરણ પામ્યા વિનાની એના સ્વસ્થ આનન્દ-પ્રકાશની કિરણવૃત્તિનું એક દૃષ્ટાંત જોઈ આ કથાને સમાપ્ત કરીશું.

૬૭. **લી**લાવતી એક કાળે કંઈ પ્રસંગે નડીઆદ આવી હતી તે સમયે તેનું શરીર આરોગ્ય અનુભવતું હતું અને પિતૃગૃહમાં માતા પિતા અને ભાઈ બ્હેનો વચ્ચે તેનું મન અને વદન થોડા દિવસ પ્રફુલ્લ ભાસતુ હતું. એક દિવસ સાંઝના પાંચેક વાગતાં ઘરબ્હાર સંબંધીઓમાં શુભ પ્રસંગ હોવાથી વાજાં વાગતાં હતાં અને વરઘોડો નીકળવાની તૈયારી પર હતો. ઘરમાંથી **લી**લાવતીની માતા, ભાઈ, બ્હેનો, નોકરો, અને સર્વ મંડળ એ ઉત્સવમાં ભાગ લેવા અથવા તેનો આ-

૬૭. આધ્યાત્મિક તૃપ્તિના નિરાવરણ આનંદની મૂર્તિ.

રંભ જોવા કૌતુકથી, ઉત્સાહથી, અને આનંદથી બ્હાર નીકળી ચાલ્યું અને ઘર વસ્તી વિનાનું થયું ગયું. તેમાંથી છેલું મનુષ્ય બ્હાર ગયું તેણે નીકળતાં નીકળતાં બુમ પાડી—"ભાઈ, બારણું જોજે!". હું દ્વાર ઉપરની મેડીમાં એકલો વાંચતો લખતો હતો તે બારીયે આવ્યો અને "ઘરમાં કોણ છે?" એવું પુછતાં "લીલાવતીબ્હેન એકલાં છે" એટલું કહી ઉત્તર દેનાર અદૃશ્ય થઈ ગયું. સર્વ આ ઉત્સવમાં ભાગ લેવા આટલા ઉત્સાહથી નીકળ્યાં અને લીલાવતી ઘરમાં કેમ રહી છે? આ પ્રશ્ન મનમાં ઉઠ્યો અને કંઈક ચિન્તા થઈ. મ્હારા ઘરની લંબાઈ કાંઈ વિશેષ છે ને આગલા ભાગની અને પાછલા ચોકની વચ્ચે બીજાં ઘરો કરતાં કાંઈક વિશેષ અંતર છે. હું આગલી મેડીમાંથી બુમ પાડું તો લીલાવતી પાછલા ભાગમાં નીચે હતી ત્યાંથી સાંભળે એમ ન હતું. એ શું કરે છે ને કેમ સઉની જોડે ગઈ નથી એમ એને પુછવા કરતાં એ એકલી શું કરે છે એ છાનાંમાનાં જાણી લેવા મ્હારા મનમાં કૌતુક થયું. બોલ્યા ચાલ્યા વિના આગલી મેડીમાંથી તેની પાછલી અગાશીમાં, અગાશીમાંથી તેની પાછલી મેડીમાં, ને એ મેડીમાંથી તેની પણ પાછલી અગાશીમાં હું ગયો અને નીચે જોઉંછું તો પરસાળનાં બે દ્વારની વચલી ભીંતનો તકીયો કરી એક પાટલા ઉપર નીચે ચોકમાં લીલાવતી એકલી બેઠેલી દીઠી. તેના મુખ ઉપર સ્વસ્થતા અને ગંભીર પ્રસન્નતા હતી. તે બેઠી બેઠી વિચારપૂર્વક એક શ્લોક–ઉપરની અગાશીમાંથી સંભળાય એમ–બોલતી–કંઈક ગાતી હતી અને ધીમે ધીમે જમણા હાથવડે પગ ઉપર તાલ દેતી લાગતી હતી. એ શ્લોક શો હતો? તે દેખીતો સામાન્ય પણ તેને મનથી વિશેષ હતો.

[1]"तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः ।
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनान् ॥
मान्यान्मानय विद्विषोप्यनुनय प्रच्छादय स्वान् गुणान् ।
कीर्तिं पालय दुःखिते कुरुदयामेतत्सतां लक्षणम् "

અગાશીમાં મ્હારા પગનો ઘસારો થયો, પણ શ્લોકમાં લીન થયેલી

૧ તૃષ્ણાનો છેદ કર! ક્ષમાનું સેવન કર! મદનો ત્યાગ કર! પાપ ઉપર પ્રીતિ ન કર. સત્ય બોલ, સાધુજનોને માર્ગે અનુસર, વિદ્વાનોનું સેવન કર. માન્ય જનને માન આપ. શત્રુઓનું પણ સમાધાન કરી લે. પોતાના ગુણોનું પ્રચ્છાદન કર. કીર્તિનું પાલન કર. અને દુઃખીપર દયા કર. કારણ આ સર્વે સજ્જનનાં લક્ષણ છે.

**લી**લાવતીએ તે સાંભળ્યો નહી અને ઉંચું જોયું નહી. એના લયના આ સુન્દર પવિત્ર ચિત્રમાં વિઘ્ન પડે એમ તેને બોલાવવા કરતાં એ ચિત્ર જોવામાં મને વધારે સંતોષ લાગ્યો. એનું મુખ એ શ્લોક ગાતું દેખાતું હતું પણ એનું ચિત્ત એ શ્લોકના અર્થમાં હતું. એનો હાથ એ ગાનને તાલ દેતો લાગતો હતો; પણ ખરું જોતાં શ્લોકાર્થના એકેએક અવયવને મનમાં ઠસાવવાનો પ્રયત્ન પુરો થતાં, **तृष्णां छिन्धि**–તૃષ્ણાનો છેદ કર–એવો ઉપદેશ મનમાં ભરી દેઈ તેથી તે ભરાયું છે કે નહી એવું સ્વાનુખનન કરીને એ ઉંચો થયેલો હસ્ત એના ખોળામાં પાછો પડ્યો, **भज क्षमां**–ક્ષમાને ભજ–એ ઉપદેશ કરવા વળી હસ્ત ઉંચો થયો ને તર્જની પણ ઉંચી થઈ, અને એ હસ્ત અને તર્જની પ્રથમના વિધિથી ખોળામાં પડ્યાં, અને એ શ્લોકની અનેક આજ્ઞાઓને એ વિધિથી એ હસ્તે એના ચિત્તમાં ભરી દીધી, આજ્ઞાઓને એમ ચિત્તમાં ભરીને એ હસ્ત શ્રાન્ત થતો અને વિરામ પામતો દેખાયો, યત્કિંચિત્ એ ધ્યાનયોગથી સમૃદ્ધ થતું **લી**લાવતીનું ચિત્ત જે નવી તૃપ્તિથી ભરાતું હતું તે તૃપ્તિ એના મુખ ઉપરની ગમ્ભીર પ્રસન્નતામાં સમન્વય એવી હતી. એ ચિત્રમાં, એ ધ્યાનમાં, અને એ તૃપ્તિમાં વિઘ્ન ન પડે એમ હું ત્યાંથી પાછો ચાલ્યો ગયો. ઘર બ્હારનો પ્રાકૃત જનોએ શોધેલો ઉત્સવ અને આનંદ **લી**લાવતીના હૃદયને આનન્દરૂપ ન લાગતાં તુચ્છ લાગ્યો, અને એ પોતાના એકાન્ત આનન્દમાં સ્વસ્થ રહી. આવા અનાચ્છાદિત આનન્દમાં એના મહોદયના ફળનું અકૃત્રિમ સહજ સ્વરૂપ આ લેખકને પ્રત્યક્ષ થયું હતું. દુઃખથી આચ્છાદિતરૂપે એનામાં જે આનન્દ અન્યકાળે સ્ફુરતો હતો તે પણ આ જ આનન્દ હતો. ઉક્ત પ્રસંગે એનો નિરાવરણ શુદ્ધ આનંદ એના યથાશક્તિ યથામતિ ધ્યાનયોગને બળે ઉત્તમ પ્રકારે મૂર્ત્તિમાન્ થયો હતો. એ ધ્યાનના વિષયભૂત શ્લોકની આજ્ઞાઓમાં એના જીવનને માટે એના હૃદયમાં જાતે રૂઢ થયેલા વિધિનિષેધ હતા. એ વિધિનિષેધના પાલને એના હૃદયમાં પરમ તત્વની અંશ-કલાને પ્રકટ થવાનો અવકાશ આપ્યો હતો, એ તત્વની એ પ્રકટતા એના એ આનંદકલાની મૂર્તિમત્તામાં થતી હતી, અને અન્ય પ્રસંગોએ તેમની જ અમૂર્ત પણ સાત્વિક સત્તામાં સ્ફુરી હીન થતી ન હતી. એના જીવનની ઉક્ત સફલતામાં અને એના હૃદયમાં ઈશ્વરસ્વરૂપના આટલા બોધરૂપ અને આનન્દરૂપ ઉદયમાં એના દેહાભિમાની પિતાએ તેનું પરમ અભય ગણ્યું છે. એ કાંઈ ઘણાં પુસ્તક ભણી પંડિત

બની ન હતી, એણે ઐહિક પરાક્રમ કર્યું નથી, અને ઐહિક સુખ દીઠું નથી ને શોધ્યું નથી: પણ અધ્યાત્મ દૃષ્ટિનો જે કાંઈક ઉદય એના જીવનના સર્વ અંશોમાં, ઉગ્ર પ્રતાપથી નહી તો એની શક્તિ પ્રમાણે પ્રાતઃકાળના સૂર્યના જેવા સૌમ્ય અને ઉગતા મન્દ પ્રકાશથી, સુદૃષ્ટ થયો છે તેટલામાં જ એના પારમાર્થિક મહોદયનું મંગલ મુહૂર્ત્ત સધાયું છે.

૬૮. સંબોધન.

૬૮. લીલાવતી! તું અદૃશ્ય થઈ ગઈ તો પણ ત્હારા મહોદયના આ મંગલ મુહૂર્તને બળે તને, અને ત્હારા જેવી અન્ય શ્રદ્ધાવતી તપસ્વિનીઓ આ દેશનાં ગુપ્ત રત્નો પેઠે જ્યાં પ્રકાશતી હોય ત્યાં ઉભેલી એ તપોમૂર્તિઓને, ત્હારા નામદ્વારા સંબોધી મ્હારું હૃદય આ જ ઉચ્ચાર કરે છે કે,

सन्तु द्रुमाः किसलयोत्तरपुष्पभाराः ।
आजन्मतोऽभयपदाङ्कुरितप्रसूनैः ॥
न्यासैर्नवद्युतिमतोः पद्योस्तवेयम् ।
भूः पुष्पिता प्रशमपल्लवितेव मन्ये ॥[1]

અથવા પાશ્ચાત્ય પણ આર્ય સંસ્કારોથી ઉભરાતો કોઈ સહૃદય મિત્ર પણ આ લેખને વાંચનાર નીવડશે એવી કલ્પના કરી, એવા અજ્ઞાત મિત્રને તેના સંસ્કારોની ભાષામાં સંબોધન કરવાનું પ્રાપ્ત થાય છે કે ".મિત્ર ! આ આર્યભૂમિ છે" તે વાતનું અનુસન્ધાન કરી આ જીવન-કથાનું રહસ્ય શોધજે.

"Stranger! 'Tis India! Here her daughter's laid!
"Such was her law, and she that law obey'd."[2]

પાવન ગાન શું આ ક્યાંથી? સૂક્ષ્મ વીણા-રણકારા ક્યાંથી?
ઋષિપત્નીઓનાં ઉર હજીયે ગાય વીણા-સંગત આ વદીયે.

---

૧. પ્રાચીન શ્લોક ઉપરથી. ૨. પ્રાચીન કદી ઉપરથી.



# જીવનકથાનું પરિશિષ્ટ.

સૂચનઃ—આ પરિશિષ્ટનો એક ભાગ ગુજરાતી છે અને બીજો ઈંગ્રેજી છે. એના તેર ખંડ છે. પ્રથમ બે ખંડમાં આ લેખકે લીલાવતીને લખેલા બે પત્રો છે. તે જુનાગઢમાં તેના શ્વશુરગૃહમાં રહેતી ત્યારે તેના આશ્વાસન માટે લખેલા છે. ત્યાં તેના પડોશમાં ત્રણ કુટુમ્બો રહેતાં. એક કુટુમ્બ રા. રા. છગનલાલ હરીલાલ પંડ્યા, બી. એ., જુનાગઢ દીવાનના સેક્રેટરીનું હતું, અને રા. છગનલાલનો સંબંધ જીવનકથામાં કહેલો છે. આ લેખક ઉપર લીલાવતીના વ્યાધિકાળમાં રા. છગનલાલે એક પત્ર લખેલો હતો. આ જીવનકથાનો કેટલોક ભાગ તેમને વાંચવા અને તેઓ કાંઈ સૂચના યોગ્ય ધારે તે જણાવવાની વિજ્ઞપ્તિ સાથે તેમને મોકલેલો હતો. આ ભાગ વાંચીને તેમણે પાછો મોકલ્યો તેની જોડે એક બીજો પત્ર આ લેખકને મોકલ્યો. પાંચમા તથા છઠ્ઠા ખંડમાં તેમના આ બે પત્રો છે તે ઈંગ્રેજીમાં છે.

જુનાગઢમાં લીલાવતીના પડોશમાં બીજાં બે કુટુમ્બ રહેતાં તેમાંનું એક રા. રા. હરસુખરામ પંડિતરામ પંડ્યા (તે કાળે જુનાગઢના ન્યાયાધીશ અને હાલ કચ્છના હજુર જ્યુડીશિયલ આસિસ્ટંટ)નું અને બીજું રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી (તે કાળે એ ભાગમાં કેળવણી ખાતાના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર)નું, એમ બે કુટુમ્બ રહેતાં. આમાંથી રા. હરસુખરામનો ઈંગ્રેજી પત્ર દશમા ખંડમાં છે અને રા. ગણપતરામનો ગુજરાતી પત્ર ત્રીજા ખંડમાં છે.

આ લેખકના સ્નેહી રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલ. એલ. બી. (તે કાળે મુંબાઈમાં હાઈકોર્ટ્પ્લીડર અને હાલમાં મુંબાઈની સ્મૉલકૉઝ કૉર્ટના પાંચમા જજ) સાથે લીલાવતી સંબંધે કાંઈ પત્રવ્યવહાર આ લેખકને થયેલો. તેમના ઉપર આ લેખકનો પત્ર આઠમા ખંડમાં છે, અને આ લેખક ઉપરના તેમના પત્ર સાતમા તથા નવમા ખંડમાં છે.

આ લેખકના નિવૃત્તિકાળમાં તેના નિવૃત્તિનિવાસમાં રા. રા. જનસશંકર મણિશંકર બુચનો સમાગમ થયેલો. તેઓ આ લેખકનાં પુસ્ત-

કોના પ્રેમી છે અને ગુજરાતી માસિક પત્રોમાં "લલિત" નામથી અનેક કોમળ લઘુ કાવ્યો આવે છે તેના એ નામથી પ્રસિદ્ધ થયેલા કર્ત્તા—"લલિત"—તે રા. જન્મશંકર જ છે. એમનો આ લેખક ઉપર લખેલો ઇંગ્રેજી પત્ર બારમા ખંડમાં છે. આ લેખકનાં પુસ્તકોની પરિભાષા સ્મરણમાં લાવનારને એમનો પત્ર સમજાશે.

અગીઆરમા ખંડમાં નડીઆદના દેસાઈજી રા. રા. ગોપાળદાસ વિહારીદાસનો ઇંગ્રેજી પત્ર છે. તેઓ પ્રથમ ભાવનગરના રાજ્યમાં અને પછી જુનાગઢના રાજ્યમાં ઉચ્ચ અધિકારપર હોવાથી ઘણે સ્થળે પ્રસિદ્ધ છે. દેશાઈજીના કુટુમ્બ સાથેનો સ્નેહ આ લેખકના કુટુમ્બને ઘણા કાળનો છે.

આ લેખકના જ્ઞાતિબન્ધુઓમાં નડીયાદમાં એક યુવકસમાજ છે તેમના વાર્ષિક સમાજને પ્રસંગે તે સમાજમાં **લી**લાવતીને વિષયે થયેલો પદ્યાત્મક ઉદ્‌ગાર ચોથા ખંડમાં છે, અને તે સમાજના ઉત્સાહી અગ્રેસર રા. રા. કનૈયાલાલ ઝવેરીશંકર યાજ્ઞિકનો પત્ર તેરમા ખંડમાં છે. તે પછી રા. કનૈયાલાલ પણ તરુણાવસ્થામાં પ્લેગને વશ થઈ દૈવબળે સ્વર્ગવાસી થયા છે.

**લી**લાવતીના ઉપર પ્રીતિ રાખનાર વર્ગના શોકોદ્‌ગારમાં તેના ગુણનું ભિન્ન ભિન્ન પ્રકારે કંઈક ભાન થાય છે, અને જ્યાં તેની જીવનકથા ત્યાં તેમના ઉદ્‌ગારોનો સુગન્ધ પણ સંગત થાય તો તે પ્રીતિપાત્ર થઈ ગયેલીના અને તે પ્રીતિ રાખનારાઓના હૃદયયોગને માટે ઉચિત છે એમ જાણી આ પરિશિષ્ટ અત્ર ઉમેરેલું છે.

સંવત્ ૧૯૬૧, જ્યેષ્ઠ શુદિ ૩.

ગો. મા. ત્રિ.

## ( ૧ )

આ લેખકનો **લી**લાવતી ઉપર પત્ર.

નડીઆદ. શુક્રવાર.
મહા વદ ૧૧ સંવત્ ૧૯૫૭.

ચિ. અ. સૌ. **લી**લાવતી.

ત્હારી બા તરફથી તથા મ્હારા તરફથી ઘણા પત્ર તને લખ્યા પણ ત્હારો પત્ર નથી, ને લગભગ મહીનો થયાં ત્હારો પત્ર નથી તેથી બહુ ફીકર થાય છે. માટે આ પત્ર પ્હોચે કે તરત પત્ર લખજે ને તેમાં ત્હારા શરીરના તા. ચિ. ભાણાના સમાચાર અરેખરા ને પુરેપુરા જે

હોય તે લખજે ને હવે પત્ર નહી આવે તો આજથી આઠ દશ દિવસ વાટ જોઈને કચ્છાશંકરને કે કોઈને હું જુનાગઢ તને તેડવા મોકલીશ. માટે વળતી ટપાલે પત્ર લખજે. જો આળસથી કે એવા કાંઈ કારણથી ન લખ્યો હોય તો ફરી આવું આળસ કરીશ નહી ને શરીરની હરકતથી હજી લખાય એમ હોય નહી તો ઘરમાંથી કોઈ પાસે લખાવજે અથવા હરસુખરામને કહાવજે તે લખશે.

ત્હારા શરીર બાબતમાં તેમ ત્હારી સર્વે વાતમાં મારો જીવ હમણાં-નો બહુ ઉચો રહ્યાં કરે છે. ચચાર માસ થયાં ત્હારે ત્યાં સર્વે માંદાં છો પણ ત્યાં પડી રહેલાં છો. તને જે કાંઈ વિદ્યા અપાઈ હશે તે વગર બીજાું કાંઈ સુખનું સાધન તને આવા વખતને માટે હું આપી શક્યો નથી ને એ વિદ્યા અને ત્હારું પોતાનું ધૈર્ય પણ આ વખત તને કામમાં લાગતાં મટે નહી, માટે ઘણો વિચાર કરી હવે તો તને પત્રદ્વારા કંઈ બોધ અપાય તો કોઈ કોઈ વખત આપવો એટલું જ મારા હાથમાં રહેલું છે; ને આ નિવૃત્તિ લીધેલી છે તેમાં આટલી પ્રવૃત્તિ લેઉંછું તે ઈશ્વર સફળ કરે એવી વાસના રાખુંછું. તું સમજું છે તે સઉ સમજી શાંત રહીશ તો એ જ ત્હારું કલ્યાણ છે.

ઈશ્વર મનુષ્યને દુઃખ આપે છે પણ જ્યારે તે નઠારાં માણસને દુઃખ આપે છે ત્યારે તો એમ ગણાય છે કે તેનાં પાપકર્મની તેને ઈશ્વરે શિક્ષા કરી. પણ ત્હારા જેવીને શિક્ષાનું કારણ આ જન્મમાં દેખાતું નથી ત્યારે આપણા લોક એમ ગણે છે કે પાછલા જન્મમાં કરેલાં કર્મનો ભોગ આવી રીતે આ જન્મમાં મળે છે ને તે વખત ગયા પછી આ જન્મમાં કરેલાં સત્કર્મનો ભોગ સુખરૂપે મળવાનો કાળ પાછો આવશે અને તેથી એક શ્લોક કહેલો છે કે

**कस्यात्यन्तं सुखमुपगंत दुःखमेकान्ततो वा ।**
**नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥**

**અર્થ**—સુખ કોને સર્વ કાળ પ્હોચેલું છે? ને દુઃખ કોને સર્વકાળ પ્હોચેલું છે? સુખ અને દુઃખ બેમાંથી એક પણ એકાંત એટલે એક જ અંતવાળું નથી પણ સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ એમ વારાફેર દશા બદલાયાં કરે છે તે ગાડીના ચક્ર એટલે પઈડાની નેમિ એટલે ચારે પાસની ગોળ કોર ફર્યા કરે છે ને ઉપરનું નીચે આવે છે ને નીચેનું ઉપર આવે છે એમ સંસારમાં થયાં જ કરે છે. ત્હારા સાસરાના ઘરમાં એક દિવસ બહુ સુખ હતું તે દુઃખ થયું તેનું સુખ થવા

વારો હજી આવ્યો નથી ને એ ઘરનાં દુઃખની તું ભાગીયણ થઈ તો તેને સુખ થશે તે કાળે તેમાં તને પ્રભુ ભાગીયણ કરશે એવો કાળ આવશે એમ સમજી ત્હારે ત્હારુ ધૈર્ય ખોવું નહી. તે ત્હારી સંભાળ લેશે જ. હું તો એક અલ્પ મનુષ્ય છું પણ પરમાત્માની નજર આગળથી તું છેટી નથી તે ત્હારી સંભાળ લેશે; માટે તેના ઉપર પરમ વિશ્વાસ રાખી તેની કૃપા મેળવજે એટલે સઉ સારાં વાનાં થશે. આ અવતારમાં ત્હારે કષ્ટ જોવું પડે તે દૂર કરવાની પણ મ્હારામાં શક્તિ નથી, પણ પરમાત્મા તો આ અને આવતા સર્વ અવતારનાં દુઃખ દૂર કરવાને પણ સમર્થ છે માટે માણસના બોલ ને માણસની કૃપા કે અકૃપા સામું ન જોતાં ત્હારો ધર્મ પાળજે કે ઈશ્વિર તને આ અને આવતા સર્વ અવતારમાં સુખ અને શાન્તિ આપે. જયંતીને કોલેરા થયો ત્યારે માત્ર માતા–મહાદેવમાં એનું ચિત્ત અત્રે નાંખ્યું હતું. તું પરદેશમાં છે ને ત્હારી સ્થિતિ અત્રે કોઈ જાણતું નથી, પણ આ કાગળ વાંચવા જેટલું ત્હારું શરીર સારું હોય તો એ વાંચીને તેનો તું સારો ઉપયોગ કરે એટલી તને વિદ્યા અપાઈ છે માટે આ પત્ર લખુંછું. તું પત્ર લખતી નથી ને ત્હારા સમાચાર બીજું કોઈ પણ લખતું નથી ત્યારે એ પણ ત્હારું ને ભેગું અમારું પણ પ્રારબ્ધ જ ગણુંછું ને એમ જાણુંછું કે જે ઈશ્વિરે તને વિદ્યા ને સદ્ગુણ મળવાનો અવકાશ આપ્યો તે જ ઈશ્વિર, તને સુખદુઃખ દેખાડી, ત્હાડતડકો વેઠાવી, આખરે ત્હારો જન્મ સફળ કરશે. માટે સર્વ રીતે મનને સુખમાં રાખજે ને ઈશ્વિર ઉપર વિશ્વાસ રાખી તેની કૃપાની આશા છોડીશ નહી. જે ઈશ્વિરનો વિશ્વાસ રાખે છે તેને ઈશ્વિર વીસારતો નથી. ત્હારા પત્રની આઠ દશ દિવસ વાટ જોઈ કોઈને જુનાગઢ મોકલીશ.

લી. શુભેચ્છક
**ગોવર્ધનરામ**ના આશીર્વાદ.

( ૨ )

આ લેખકનો **લી**લાવતી ઉપર પત્ર.

**નડીઆદ.** તા. ૧૦ માર્ચ ૧૯૦૧.

ચિ. અ. સૌ. **લી**લાવતી

માણસ પાસે તને લખાવેલો પત્ર પ્હોંચ્યો હશે. ત્હારા જીવને અને શરીરને સુખ છે એટલું જાણીએ છીએ ત્યારે સ્વસ્થતા રહે છે

ને પત્ર નથી આવતો ત્યારે ઉંચો રહે છે. માટે બીજાું કાંઈ લખવાનું ન બને તો માત્ર કાર્ડ ઉપર "ખુશીમાં છું" કે "તાવ આવે છે" એટલી ટુંકી વાત લખીને પણ પત્ર જરુર લખવાનું રાખવું. ગઈ કાલ જુનાગઢના ડાક્ટર છગનલાલ ઉપર અને મુ. મણિભાઈ કાકા ઉપર પત્ર લખેલા છે કે ડાક્ટરની સલાહમાં તને નડીઆદ મોકલવી ઠીક લાગે તો તને કોઈના સંગાતમાં મોકલવી ને ત્યાં રાખી ઓસડ કરવું ઠીક લાગે તો તેમ કરવું. માટે ડાકટરના અભિપ્રાય પ્રમાણે ત્હારે જરુર ચાલવું. તમારે ત્યાંથી બધાંને તરત આવવાનું બંધ રહ્યું છે ને હવે ત્હારે તેમના સંગાતની એટલે તે આવે ત્યારે જ આવવાની વાટ જોવાની જરુર નથી. માટે ડાકટર કહે તેમ કરવાને ના કહેવી નહી.

ત્હારા પ્રથમના પત્રમાં ત્હેં શ્લોક તથા શાંતિનાં વચન લખ્યાં તે વાંચી હું બહુ રીતે સ્વસ્થ થાઉંછું. વીલાયતમાં કન્યાઓ પોતાનું ભાગ્ય પોતે બાંધે છે પણ આપણા દેશમાં પુત્રીનું ભાગ્ય માતાપિતા બાંધે છે તે પ્રમાણે મળેલા ભાગ્યમાં સંતોષ માનનારી પુત્રીઓની ઉદારતા અને પુણ્યશીલતા વધારે ગણવાનું કારણ છે. આપણમાં જે પુત્રી પોતાનાં શ્વશુરકુટુંબનું કલ્યાણ ઇચ્છવામાં અને તેમના ભાગ્યથી સંતોષી રહેવામાં પોતાનો ધર્મ માને છે તે પોતાનાં જ માબાપ ઉપર ઉપકાર કરે છે. કારણ તેવી પુત્રીને એ કુટુંબ આપનાર તેનાં પોતા-નાં જ માબાપ હોય છે. તે જ પ્રમાણે સર્વનાં માબાપનો પિતા જે ઇશ્વિર તે આપણને દુઃખ આપે ત્યારે એ દુઃખ પણ ઔષધરૂપે આપે છે એમ ગણી શાંતિ વાળવી. એવો ધર્મ તું સમજે છે તે બહુ યોગ્ય છે ને એટલી સમજણ તને ઇશ્વિરે આપી એ જ એક એની અમૂલ્ય કૃપા ગણવી. સત્ય જોતાં તો આપણા મહાત્માઓ એવું કહી ગયા છે કે

**अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।**
**पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता रीतिः ॥**

(અર્થ—અર્થને એટલે દ્રવ્યને તું નિત્ય અનર્થરૂપ જ ગણ, કારણ તેમાં સુખ તો લેશ પણ નથી એ વાત સત્ય છે. જેની પાસે ધન છે તેને પોતાના પુત્રની પણ બ્હીક રહે છે એવી સંસારમાં રીત પડી છે.) બીજી દૃષ્ટિ એવી છે કે

न संसारोत्पन्नं चरितमनुपश्यामि कुशलम् ।
विपाकः पुण्यानां जनयति भयं मे विमृशतः ॥
महद्भिः पुण्यौघैश्चिरपरिगृहीताश्च विषयाः ।
महान्तो जायन्ते व्यसनमिव दातुं विषयिणाम् ॥

(આ સંસારમાં ઉત્પન્ન થયલું કાંઈ પણ ચરિત અંતસુધી કુશળ હોય એવું મને દેખાતું નથી, અને ઘણાં ઘણાં પુણ્ય કરી માણસો જે દ્રવ્યાદિક સુખ મેળવે છે તેનું પરિણામ જોઉંછું ને વિમર્શ એટલે વિચાર કરૂંછું ત્યારે મને ભય થાય છે. કારણ કે મ્હોટા પુણ્યના ઓઘ એટલે ઢગલા વડે આપણે અનેક વિષય એટલે દ્રવ્ય વગેરે સંસારનાં સુખ સ્વીકારીએ છીએ ને મળે છે, અને એ વિષય વધીને એવા મહાન્ ઢગલા થઈ જાય છે ને વિષયના ભોગવનાર વિષયીને સુખને ઠેકાણે વ્યસન એટલે દુઃખ આપનાર વસ્તુ થઈ પડે છે.)

ઉપરના શ્લોકમાં બહુ ઉંડા અનુભવની વાત છે તે તને સમજાવ્યાથી સમજાશે એવું લાગ્યાથી હું વિસ્તારથી લખુંછું.

આપણામાં લોક ધર્મ કરે છે તેમાં કોઈ ઈશ્વરને પ્રસન્ન કરવાને માટે જ કરે છે ને ઘણા લોક તો તેમાંથી કાંઈક પુણ્ય થાય ને ધન મળે કે સંસારનું સુખ મળે એવી કામનાથી ધર્મનું આચરણ કરે છે. કામના રાખવી એ એક જાતનો લોભ છે, અને કામનાથી કરેલો ધર્મ સકામ કહેવાય છે ને કામના વિના કેવળ ઈશ્વરને પ્રસન્ન કરવાને ધર્મ કરીયે તે નિષ્કામ ધર્મ કહેવાય છે. જે માણસ દુઃખમાંથી બચવાની ને સુખ પામવાની કામનાથી ધર્મ કરે છે તેનો ધર્મ સકામ છે ને ઈશ્વર તેની કામનાને સફળ કરે છે ત્યારે તેને ઈચ્છેલી વસ્તુ આપે છે. આ સંસારમાં સારાં કહેવાતાં સુખમાત્ર શાસ્ત્રમાં વિષય કહેવાય છે. રાજા ને કારભારની પદવી પણ વિષય છે ને દ્રવ્ય પણ વિષય છે. આવા વિષયની કામનાથી જે પુણ્ય કરે છે કે ધર્મ કરે છે તેને તે વિષય મળે એટલે એ પુણ્ય અને ધર્મ સમાપ્ત થાય છે ને તેનું ફળ પુરુ થઈ રહે છે એટલે વિષય પોતાનું ફળ આપવા માંડે છે. મહાપુણ્ય કરી કષ્ટ વેઠી તપ કરી માણસ દ્રવ્ય મેળવે તો પછી દ્રવ્ય પોતાનું ફળ શું આપે? દ્રવ્યવાનના ઘરમાં કંકાસ અને ક્લેશ હોય છે ને દ્રવ્યવાળાને અને તેનાં બાળકને એ દ્રવ્ય માટે એમ તકરાર અને વાદ થાય છે કે આ જાણે કે મને વધારે મળે ને સામાને ઓછું મળે અથવા આ મ્હારુ માણસ છે તેને વધારે મળે ને સામા પક્ષના માણસને ઓછું

મળે. આથી મમતા, અહંકાર, અભિમાન, અદેખાઈ વગેરે ઉત્પન્ન થાય છે. વળી પાસે દ્રવ્ય હોય તેવા માણસને એ દ્રવ્ય ખોટે માર્ગે ખરચવાનું મન થાય છે તેથી અનેક કુમાર્ગે ચ્હડે છે એટલે દુર્ગુણી થાય છે. આ સઉ વિચારીયે છીયે ત્યારે સકામ ધર્મ ને સકામ પુણ્યનું ફળ દુઃખદાયક છે એવો ઉપલા શ્લોકનો અર્થ છે.

માટે સકામ વસ્તુ શોધવી નહી પણ સઉ વાત ઈશ્વરને સોંપી દેઈ ઈશ્વર ઉપર વિશ્વાસ રાખી તેને પ્રસન્ન કરવાની જ કામના રાખી જે ધર્મ કરીયે તે નિષ્કામ ધર્મ કહેવાય છે. આવો ધર્મ કરનારને માથે દુઃખ પડે ત્યારે તે માણસ, ઈશ્વર ઔષધ આપે છે એવું ગણી, ધર્મનું આચરણ કરે છે ને તે લાભથી તે માણસ સિદ્ધ થાય છે અને એ દુઃખને એવી બુદ્ધિથી વેઠવું તે એક જાતનો યોગ ગણાય છે. ને એવો યોગ સાધનાર યોગી કહેવાય છે ને તેનું દુઃખ તપ કહેવાય છે. દુઃખમાં આવો યોગ સાધી એ યોગી સિદ્ધ થાય છે. સકામ ધર્મ શોધનાર માણસને સુખ મળે છે પણ તેનું પરિણામ દુઃખ થાય છે ત્યારે નિષ્કામ ધર્મ આચરનારને દુઃખ પણ ઔષધ જેવું થાય છે ને તેને દુઃખમાંથી એવી સિદ્ધિ થાય છે કે તેને પછી દુઃખ થઈ શકતું જ નથી. જેને આવી યોગસિદ્ધિ પ્રાપ્ત થાય તેને મોડી વ્હેલી જીવન્મુક્તિ મળે એટલે બીજાને તો મરણ પછી સ્વર્ગ મળે પણ આને તો જીવતાં જ શાન્તિ અને મુક્તિ મળે છે. એક વાક્ય એવું છે કે

**श्रुतं किं तद्वास्यादुपशमफलं यन्न भवति ॥**

**અર્થઃ**–જે શ્રુત એટલે વિદ્યાથી ઉપશમ એટલે શાંતિ રૂપે ફળ નથી થતું તે તે વિદ્યા શાની? આવું વાક્ય છે પણ વિદ્વાનોને તે ફળ મળતું નથી. પણ તને એવો વિચાર સુઝ્યો કે દુઃખને ઔષધરૂપ ગણવું એ તને મળેલી વિદ્યાનું દુર્લભ ફળ કંઈક મળ્યું દેખાય છે ને એવાં ફળનાં બીજ સરખાં રોપાય છે તેમાંથી વૃક્ષ ઉગ્યા વગર નથી રહેતાં ને ફળ આવ્યા વગર નથી રહેતાં. માટે ઈશ્વરે તને સારી બુદ્ધિરૂપે આટલું બીજ આપ્યું છે તે વિચાર ને ધર્મથી વધારજે એટલે એ યોગમાંથી તને આખર સુધીનું ફળ મળશે ને ત્હારા દુઃખમાંથી સુખ જાતે પ્રકટ થશે. ગીતામાં ત્હેં વાંચેલું હશે તો સાંભરતું હશે કે જીવ અનેક જન્મો વડે સંસિદ્ધ થાય છે એટલે અનેક દુઃખોથી પાકો થઈ ધાન્ય પેઠે રંધાય છે ત્યારે એની પરમ ગતિ થાય છે. એવી રીતે સંસિદ્ધ થવા આવનાર જીવ દુઃખ વડે યોગ પામે છે ને યોગની દશાને અંતે જીવ-

-મુક્તિ પામે છે. અને જે ધર્મનું આચરણ કરેલું હોય છે તેનાથી સુખ અંતે પ્રકટ થાય છે પણ સકામ ધર્મ આચરનારના હાથમાંથી મળેલું સુખ પાછું જતું રહે છે ત્યારે નિષ્કામ ધર્મ આચરનારનું કલ્યાણ શાશ્વત એટલે સર્વ કાળને માટે થાય છે.

મ્હારે પોતાને માથે પણ ત્હારા જેટલી ઉમરમાંથી દુઃખ પડવા માંડ્યાં હતાં પણ ઈશ્વરકૃપાએ આપેલી બુદ્ધિથી દુઃખને ઔષધરૂપ ગણતો હતો અને તેનું કલ્યાણ ફળ આજ અનુભવું છું અને તે વખતે એટલી ન્હાની જ ઉમરે મ્હેં શ્લોક જોડ્યો હતો તે લખું છું.

विचारशाली च सुदूरदर्शी
दुःखोदधावाधुनिके सुखाय ।
भविष्यते चेत्क्षिपति स्वपुत्रम्
समग्रदर्शी किमु लोकनाथः ॥

અર્થ—વિચારવાળો અને દૂરદર્શી પિતા ભવિષ્ય સુખને માટે આધુનિક એટલે હાલના દુઃખના મહાસાગરમાં પુત્રને નાંખે છે તો તેના કરતાં વધારે એટલે તેવા પિતા કરતાં વધારે તો શું પણ સમગ્ર વિશ્વને જોનાર પિતા અને લોકનો નાથ પોતાના બાળકને મ્હોટાં મ્હોટાં દુઃખ દેખાડે અને તેમાં એ બાળકના પરમ કલ્યાણની યોજના રાખે તો તેમાં શી નવાઈ છે ?

જે ઉમરે મ્હારા આ વિચાર હતા તે જ ઉમરે તને એ વિચાર કરતી જોઈ હું પ્રસન્ન થાઉં છું ને ઈશ્વરે જેવું મ્હારું કલ્યાણ કર્યું છે તેવું ત્હારું કરશે એવી આશા રાખજે-એ કલ્યાણ ત્હારા આત્માનું જ ઇચ્છજે ને બાકી નિષ્કામ રહી ધર્મ આચરજે. શાસ્ત્રીજી જીવરામનાં ત્રીજીવારનાં પત્ની મુંબઈમાં તાવથી ગુજરી ગયાં છે.

લી. શુ. ગોવર્ધનરામના આશીર્વાદ.

( ૩ )

રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડીનો આ લેખકપર પત્ર.

સુરત બરહાનપુરી ભાગળ પાસે પગથીઆં શેરી.

મિ. ૧૦-૩-૫૮ તા. ૨-૨-૦૨ રવિ. સાંજના ૭.

સુજ્ઞ ગોવર્દ્ધનરામજી.-

અલ્પ સમય ઉપર જ મારા જાણવામાં આવ્યું કે, આપે ઔષધ ઉપચારાદિના જે જે પ્રયત્ન કર્યા, તે સર્વે વ્યર્થ ગયા, અને બેન લીલાવતીએ સ્વર્ગવાસ કર્યો !

હું સવાએ વર્ષ જુનાગઢમાં હમણાં રહ્યો, તેમાં રા. રા. મણિભાઈની જોડેના ઘરમાં જ હું રહેતો હોવાથી એ બેનને મળેલી કેળવણી તેના ઉચ્ચ સંસ્કાર અને બીજી સ્ત્રીઓને અનુકરણ કરવા યોગ્ય લક્ષણો જોઈને હું સાનંદાશ્ચર્ય પામતો હતો અને મારી સ્ત્રી તેની સ્વર્ગસ્થ બેનપણી સમર્થલક્ષ્મીનું યોગ્ય અનુરૂપ જોઈ સંતોષ માનતી હતી.

એવી પુત્રીના વિયોગથી આપને જીવભાવે શોક થવો સ્વાભાવિક છે. પણ પત્રના આરંભમાં લખ્યા પ્રમાણે આપને હું 'સુજ્ઞ' માનું છું. એટલે આપને આશ્વાસન આપવાનું સાહસ ન કરતાં અમો ઉભય આપ અને આપના કુટુંબપ્રતિ આ સમયમાં અમારો અંતઃકરણનો શુદ્ધ સદ્‌ભાવ પ્રકટ કરી વિરમીએ છીએ. કેમકે

**सुज्ञेषु किं बहुना**

સે. ગણપતરામ અનુપરામ ત્રવાડીના નમસ્કાર.

## (૪)

નડીઆદ–નાગરયુવક–સમાજના ઉદ્‌ગાર, સંવત્‌૧૯૫૯.
અ. સૌ. લીલાવતીસંબંધી શોકોદ્‌ગાર.

### રાગ રામશ્રી.

લીલાવતીના મરણથી શોકાવિગ્ન સમાજ,
વીશ વરસની વય થતાં, પામી સ્વર્ગ નિવાસ. લીલા.
લીલાવતી તે લીલાવતી, ઉદ્‌ભટ પુત્રી સમાન,
ઇંગ્લીશ સંસ્કૃત સાથે મેળવ્યું, નિજ ભાષામાં જ્ઞાન. લીલા.
બીજા પણ ગુણ ઉત્તમ હતા, શીલ, દયા, સંતોષ,
નિર્મળ ગુણ પતિવ્રત તણો, ધાર્યો રહી નિર્દોષ. લીલા.
શ્રી સરસ્વતીચંદ્રમાં આપ્યું કુસુમ–ચરિત્ર,
તેવી કેળવણી દેઈને, પિતા ફરજ પવિત્ર લીલા.
કેવળ બજાવી નિસ્વાર્થથી, ધન્ય ગોરધનરામ,
એવા પિતા તો થોડા થશે, જોતાં નડીઆદ ગામ. લીલા.
ઈશ્વિરને જે ગમ્યું તે ખરૂં, આપણો શો ઉપાય,
ખોટ પડે જેની જગતમાં, ખોટ સ્વર્ગે મનાય. લીલા.
મરવાનું છે સઉ જગતમાં, પણ દિલગીરી એહ,
પુરૂષાર્થક પૂર્ણ સધાય ના, આમી ભાગ્યની તેહ. લીલા.

ઈશ પાસે નિત્ય યાચીએ, સન્નારીઓનું ક્ષેમ,
શાન્તિ સ્વર્ગમાં ભોગવે, પામી વ્હાલાંનો પ્રેમ, લીલા.

( ૫ )

રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યાનો આ લેખક ઉપર પત્ર.

JUNAGUDH,
6-1-1902.

MY DEAR GOVARDHANBHAI,

I have been watching with great anxiety the progress towards recovery of our Lilavati Ben, and the accounts which were received some days ago being hopeful, I was under the impression that she would regain her health in course of time. But I learn today from my mother that she has again had a relapse and that the condition of the poor dear girl is critical.

I can well imagine how you who are on the spot feel to see a dear pet child—reared with as much care and attention—fast sinking in spite of all the medical aid a fond father's love could bring to bear on the case. Verily, the privations * * and the exertions she had to make in order to keep the family-wheel a-going are at the bottom of this evil. * * All we could do was to sympathize with her and lessen her burden as far as practicable. You have spared no pains to keep her contented and happy, but her physical constitution has proved too weak to resist the attacks of fever &c. brought on by a sensitive mind and work without rest * * May God in His mercy spare her and give her long life!

With best wishes to all,
Yours very sincerely,
C. H. PANDYA.

( ૬ )

રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યાનો આ લેખક ઉપર પત્ર.

NADIAD, 7-8-03.

MY DEAR GOVARDHANBHAI,

I have gone through—with much painful interest—the portion you have already written, and let me acknowledge

that I could not prevent tears from spontaneously overflowing in my eyes when I came across certain passages-episodes which I knew but too well.

I had a very high regard for the dear deceased, but your present effusion of heart has disclosed certain precious traits in her character which I had not the opportunity of being acquainted with and which hardly any one else but those nearest her could expect to be acquainted with while she was alive. Such a noble self-sacrifice is indeed exemplary, and I doubt not but that the publication of this small book will benefit numerous readers who suffer more or less as she has suffered.

Your exposition of her high moral character has increased my regard for her a hundredfold, and the fear that I may not be able to control my feelings if I try to speak about her to you in person deters me from seeing you again, and therefore I return the manuscript herewith with thanks.

* * * *

Yours very sincerely,
C. H. PANDYA.

## (૭)

### રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો આ લેખક ઉપર પત્ર.

BOMBAY, GIRGAON POST.
16 January 1902.

MY DEAR GOVARDHANBHAI,

It was only today that I learnt from Bhavnagar that poor Lilavati has in spite of all your loving care succumbed to the fell disease. It is indeed a great blow to you. Specially when one thinks of what an ideal girl she was, one feels as if one has lost a gem from our womankind. I offer to you my sincere sympathy in this bereavement, and I consider myself particularly fortunate that I was brought in contact with such a good girl only so shortly before she left us.

Let us hope that Lalita Bhabhi would take it as for-

bearingly as you must be doing, and that it does not bear seriously on her health.

Yours obediently,
KRISHNALAL.

(૮)

આ લેખકનો રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ઉપર પત્ર.

*Nadiad*, 17-1-1902.

MY DEAR KRISHNALAL,

Your letter to me and mine to you about Lilavati have crossed each other.

* * * *

You call her an "ideal girl" and, if I differ from you in that description, it is because I know that she would have been still more "ideal" if Providence had taught me better

* * * *

That a girl so "ideal" should have now been reduced into a mere "idea" of memory and that she should have suffered so much socially and in point of health,—these and other ideas now haunt me and cause at times a deep-seated agony in my heart. She had inherited not only the best traits that I am conscious of having within me or within her mother, but she had more valuable additions in her own intellectual calibre and moral stamina,—things for which credit was due to her own soul rather than to any heredity. I do not so much feel her death as her agonies in life and death, and it is an uphill task for my philosophy to conquer my mortal feelings for one so sweet, so virtuous, and, if I am not doting, so great too. Nay, the very fact that I have been able to pick up my fortitude and philosophy so far as to beat all my previous record of my hardness of heart on similar occasions in my past-life, makes me shudder at myself. Her mother also, though disconsolate at times, shows an unexpected fortitude which surprises all here. I am almost inclined to be superstitious and to give credence to the idea that the stout soul now departed is extending her sacred shadow from

the invisible world and screening her late parents from the frailties of bereaved worldlings. It was the great anxiety of her life while she lived to conceal her sufferings from me, and she openly and upto the last moment severely rebuked her mother for not showing that fortitude which the philosophy given to her and to her mother by me ought to have enabled them to pick up. At least the child's own example in the direction serves us for a lesson, and we try to follow her wishes and her noble example in memory of her.

The usual custom of our caste would have compelled our family to keep up a system of wailing and weeping through the year. At the risk of being disapproved by some, I minimized the whole thing into a noontime mourning and weeping for the ladies for the first nine days and substituted a કથા of the ઉપનિષદ taught to her for the hour of evening ઓકમણું. Yesterday was the day for even that last shade of her death to be over. A vision of life and death has passed away from my worldly presence; and believing as I do in one all-permeating Unity of Soul Divine, I try to look upon her as still alive in a higher form and in a stage where He that has taken her will take me too.

Yours sincerely,
GOVARDHANRAM M. TRIPATHI.

(૯)

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો આ લેખક ઉપર પત્ર.

*Bombay*, 19-1-02.

MY DEAR GOVARDHANBHAI,

I am in receipt of your letter. Never, since I had the good fortune of coming in intimate contact with you, have I seen a writing so eloquent and so feeling come from your pen. The way in which you describe the deceased and the conflict of your feeling almost brought tears into my eyes. It is true that, when out of the fullness of the mind the heart speaketh, its speech is as feeling and simple as it is eloquent. When the innermost recesses of your heart are moved—and it is only excessive grief or joy which does so

—involuntarily you speak a language which appeals to all. Grief chastens our feelings, and, in that chastened state, one heart responds as readily to the other as things like each other are expected to do. My feelings for her and consequently my grief for losing such an exemplary soul are genuine : they yield in no way to those that are entertained by her nearest and dearest relatives, and consequently it is that I find my heart also beating in unison with yours and see the struggle that has more than unmanned you. The least tribute that I can give to her memory is the wish that, if one is fated to have a daughter born to one, may she be another Lilavati!

When I was at Nadiad, I was almost tempted to tell you that it was strange to see Lilavati being the mistress of some of the best qualities of our race, which neither you nor Lalita Bhabhi possessed. But I thought I would be going far beyond the limits of my regard for you if I said so. As I now see that independently of that you too have come to the same conclusion, I have no hesitation in saying that I fully agree with you in that respect.

* * * * *

I am indeed glad that in observing these obsequies you have paid all regard you can to the favourite bent of her mind. "Sweets to the Sweet," says Hamlet somewhere in speaking of Ophelia. Similarly ઉપનિષદ reading is but the fitting offering that we mortals can give to the shade of a departed and immortal soul that had all the simplicity and all the guilelessness of the Saints and Rishis of those far off days.

Time of course will do his work and the keenness of the blow become dull by and by; but the example she has left behind her will have its brightness, I hope, never dimmed.

* * *

Yours obediently,

KRISHNALAL.

(૧૦)

રા. રા. હરસુખરામ પંડિતરામ પંડ્યાનો આ લેખક ઉપર પત્ર.

JUNAGUDH,
9th January.

MY DEAR GOVARDHANBHAI,

Extremely sorry to learn that poor Lilavati is no more. I have never seen a girl so quiet, unassuming, and virtuous. May her soul rest in eternal peace. Pray accept our sympathies and consolation. With best regards,

Yours most sincerely,
HARASUKHRAM.

(૧૧)

રા. રા. ગોપાળદાસ વિહારીદાસ દેશાઇજીનો આ લેખક ઉપર પત્ર.

MY DEAR GOVARDHANBHAI,

I was much grieved to learn that after all poor Lilavati could not be spared. The memory of her lovely disposition, virtue, and wisdom will ever remain in the hearts of those who had the privilege of knowing her. May her soul rest in peace eternal.

* * *

With kind regards
I remain
Yours sincerely
GOPALDAS V.

SHIHORE,
15-1-02.

(૧૨)

રા. રા. જન્મશંકર મણિશંકર બુચ, સાક્ષરવર્ગમાં પ્રસિદ્ધ નામ "લલિત", તેમનો આ લેખક ઉપર પત્ર.

BARODA, GHEE KÂNTÂ,
BHUTADI ZAMPA,
21st January 1902.

* * * *

I am much grieved to learn from Mr. Ramniyabhai the sad and sudden death of Lilavati Behen. The pending death-stroke did befall, as it boded long since. It revives the heartrending pathos running through the elegy of your

late sister. 'It is a woe too deep for tears.' Loving parents with all their efforts to forget such an irony of fate cannot but feel the reaction bitterly.

It is really 'passing strange and wonderful' that the budding blossoms of both the sexes of our present society, writhing under the 'संप्रत्ययात्मक' system of conventional life, thus wither and fade like martyrs of 'पुरुषयज्ञ' before their prime and that the stern Reality converts, for a while, even the 'Philosophy's Accepted Guest' engulfed in deep sorrow, to regret the seeming failure of the active optimism bringing home the positive truth of the so styled Dream Land of सिद्धाश्रम wherein she, a sweet Soul, may rest in peace 'to be an echo and a light unto Eternity' in order to guide the suffering humanity below! Amen!

Pray do convey my faltering word of condolence to my saintly and motherly Lalita Behen.

* * * *

I am yours,
Obediently,
JANMASHANKAR M. BUCH.

(१३)

રા. રા. કનૈયાલાલ ઝવેરીશંકર યાજ્ઞિકનો આ લેખક ઉપર પત્ર.

BOMBAY, ABHYANKAR'S CHAWL,
15-1-02.

DEAR SIR,

It was a great pain to hear of the sad and most untimely death of Lilavati who was not only your best child but was one whom I always regarded as the best of her sex in Nagarwada at least. I sympathise with you and your whole family in this sad bereavement, but I feel most particularly for Ben Lalita who by nature is least fitted to bear such a heart-rending blow.

Her loss to us all is simply irreparable and it is impossible to forget her soon or to remember her except with feeling of peculiar pain. But it ought now to be the sincere prayer of all who are bound to your family with ties of affec-

tion or relation that the misfortune–heavy as it is—may end there and be not the future cause of further misfortune. It is my earnest prayer to the causer of all causes that he may give Ben Lalita, you, Ranchhodbhai and all the members of your family strength enough to bear this heavy loss and misfortune with calm resignation.

I remain,
Sir,
Yours, obediently,
KANAIYALAL J. YAJNIK.

## ભાગ ૨.

# સંસ્કારકલા—ષોડષી.

(પદ્યાત્મક.)

**સૂચનાઃ**—આ પદ્યાત્મક ભાગનાં કેટલાંક સ્થાનોમાં **લીલાવતી**-ની જીવનકથામાં વિસ્તારેલા પ્રસંગોનું અને વિષયોનું ધ્વનિત છે. એ સંબંધ દર્શાવવાને કવિતાની નીચે પદટિપ્પણમાં "લી૦ જી૦ ક૦" એ સંક્ષેપાક્ષર "**લીલાવતીની જીવનકથા**" ને સટે લખેલા છે અને તેની જોડે એ કથાના ખંડની સંખ્યા આપેલી છે. તે ખંડ વાંચ્યાથી ઉક્ત પ્રકારનાં ધ્વનિતનું સ્પષ્ટીકરણ થશે.

---

# સંસ્કારકલા—ષોડષી.

૧

ધીમી ધીમી ચાલી તું અંહીંથી કરતી કર્તવ્ય કામ, ધ્રુવ.
દુઃખી શ્વશુરનું દેખી કુટુમ્બ ત્હેં ગાળી ત્હારી જાત ! ધી૦
મુજ મસ્તિકમાં કલ્પિત જન્મી ગુણસુન્દરી અભિજાત;
મુજ શરીરથી તેથી અધિકતર જન્મી તું જ સુજાત ! ધી૦
તપ તપ્યાં મુજ ગુણીયલનું ન પામી તું એનો ફલસંયોગ !
લેખ લખ્યો મ્હેં, સફલ કર્યો ત્હેં, દઈ દષ્ટાન્તે ભોગ ! ધી૦
મુજ ગૃહમાંથી કંઈ નવ પામી, પામી તું માત્ર પ્રબોધ !
જીવાચાર્યથી[1] પામી તું જીવન તાત્વિક—આત્મિક—શોધ. ધી૦
ભગીરથપદવીને ભાગીરથી અનુસરી જેવી રીત,
અનુસરી ગુણીયલની પદવીને તું એ જ ગણી નવનીત. ધી૦
નારીજન્મનું નવનીત એ ગણી ધાર્યો ત્હેં ઐહિક લાભ,
વીંટી વળ્યું તને સૈન્ય ઉપાધિનું, પણ નવ ધાર્યો ક્ષોભ. ધી૦
વિકટ ઉપાધિ ને આધિ વિષમ ભરી ઘોર અંધારી રાત,
તેમાં એકલડી અનાથ ભટકતી તું ભુલી પડી ન લગાર. ધી૦

---

૧. લીલાવતીની જીવનકથા. ખંડ. ૩, ૪૧, ૪૨; જીવાચાર્ય તે શાસ્ત્રીજી જીવરામ લલ્લુભાઈ.

ભુલી પડી ન તું સ્મરતી પ્રભુને, ત્હેં પ્રકટી અંતર્જ્યોત,
પ્રેય ન પામી, શ્રેયને પ્હોંચી, પામી પરમ ખદ્યોત. ધી૦
ઐહિક અર્થે અનર્થ થયો, ત્યાં પ્રકટ્યો નહી સુખ-લેશ,
હ્‌હોય ન દૈન્ય ધર્યું ત્હેં, બાળા, દીઠો ન તુજમાં ક્લેશ! ધી૦
તાપત્રયથી તપતી પીડાતી આંસુ ન ધરતી તું, બ્હેન,
વૈદ્યસમો પ્રભુને ગણી તેને સોંપતી ફલનો વિવેક! ધી૦
પાસ પ્રભુની પણ તું ન યાચે, તે યાચે હું પાસે કેમ?
ભારધુરંધર પુત્રી! તું મુજ શિર-ભારથી ડરતી હમેશ! ધી૦
માતપિતાના શિરપર દેખી ભાર, ડરી દિનરાત,
તે તું વ્હેતી ભાર અતુલ નિજ, ક્હેતી ન કોઈને વાત! ધી૦
ધૈર્ય ધરી ધરી ધૈર્ય ધરાવ્યું ત્હેં, મધુર દીધા ઉપદેશ,
જનની ત્હારી થઈ તુજ શિષ્યા, તું પામી સ્વરૂપ પરમેશ. ધી૦
બુદ્ધિથી વાદળ વેરી ઉપાધિનું દેવા ત્હેં માંડ્યા યત્ન,
વ્યાધિની જાળ ઉકેલતું દીઠું મ્હેં આર્યહૃદય તુજ રત્ન. ધી૦
આધિઉપાધિશું અતુલ બળથી કરી, બાળા, પ્રૌઢ પ્રયાસ,
કોમલ દેહલતા ગઈ હારી સ્હેતાં વ્યાધિનો ત્રાસ. ધી૦
દોષ ન દેતી દૂષિતને તુજ પ્રીતિ પરમ ઉદાર,
થઈ ક્ષયરોગિણી દેહલતા પણ આશ ધરાવી સદાય. ધી૦
દોષ મનુષ્યને દેતી નહી તે દે જ પ્રભુને કેમ?
તાતના તાત જ ઈશ્વરની મતિપર નવ આણતી વ્હેમ. ધી૦
પગલાં યમનાં સમજી ગયા તુજ શરવા કાન ચકોર,
સજ્જ કર્યા સઉ પક્ષીને સ્હેવા પક્ષીનો વિયોગ. ધી૦
દર્પણમાં દેખાતી નગરી જેવો આ સંસાર,
ત્હેનું દર્પણ આત્મસ્વરૂપ, તે શોધ્યું ત્હેં મ્હારી પાસ[2]! ધી૦
**ભદ્રામુદ્રાના** જ રહસ્યનું પુછી પિતાને મર્મ,
સ્મરણ કરાવ્યો ન સ્પષ્ટ ક્હેવાતો શું મુજને મ્હારો ધર્મ? ધી૦
ભોગવી પૂર્વનું પ્રારબ્ધ અંહીઆં, પામી ઉંડા સંસ્કાર,
દુસ્તર તપ તપી, બાલ તપસ્વિની, શોધ્યું ત્હેં નિજ પરધામ. ધી૦

---

૧. લી. છ. ક. ખંડ ૭. (૨) લી. છ. ક. ખંડ ૩૬.

આમન્ત્રિત મુજ અતિથિ[1] થઈ, શોધાવ્યોઁ સ્વરૂપ અધ્યાત્મ,
સ્થૂલને સ્થૂલમાં રાખ્યોઁ ચાલી ગઈ જ્યાં તુજ મુજ પરમાત્મ ! ધી૦
સ્વપ્ન—લીલાનો, લીલાવતી ! ત્હેં મચવ્યો આ સ્વપ્ને ઠાઠ !
સાવિત્રી—નાટક પ્રિય તને તે ભજવ્યું અંહીં ભરસાજ. ધી૦
સ્વપ્નનું નાટક એ ભજવી, તું ગઈ પડદાની માંહ્ય !
ગઈ પડદાની માંહ્ય તું, પુત્રી ! ઉભો રહ્યો હું બ્હાર ! ધી૦
ઉભો રહ્યો કંઈ નાંખી નજર: ત્હેં કેઈ લીધી હશે વાટ ?
જોઈ અનુભવું એક સ્વરૂપ તુજ મુજ, પણ દેઉં નિવાપ. ધી૦
તુજ જેવી કંઈ ગુપ્ત તપસ્વિની જગમાં હશે અંહી આજ,
તે સઉને, જ્યાં હોય તું ત્યાંથી દેજે તુજ ગુણફાલ. ધી૦
જીવવું મરવું ત્હેં જાણ્યું અનુભવ્યું,[2] વિધિ દેખાડી દીધ,
એ વિધિમાં આ છેલો વિધિ તુજ જેવીને કરજે સિદ્ધ ! ધી૦
લોભ-વતી મ્હેં કલ્પી કુસુમ મુજ, કલ્પી સ્ત્રીસૃષ્ટિ સનાથ !
લોભ-વતી એવી જન્મોઁ કો લેજે તું જેવીયોની સંભાળ ! ધી૦

૨

ગુણ્યો "મહાસંતોષ[3] !" દાન તુજ કરીઁ લીધો સંતોષ ! (ધ્રુવ)
કમ્પ્યું હૃદય કંઈ, જાણ્યું "ગયો અધિકાર," થતાં તુજ દાન:
સંપ્રતીત[4] ભવસાગરમાં મુકીં ચાલી, છોડીં તીર, નાવ. દાન૦
બાળ વયે પુછતી "કારણ શું ગણે વિવાહે લોક ?
"વ્રત વૈખાનસ કેમ ન વાધે ?" ધીમો પુછતી એ બોલ.[5] દાન૦
સંપ્રતીત[6] ફળશે તુજને પણ મુજ પેઠે સંસાર,
મ્હેં વિશ્વાસ ધર્યો એ, નૌવડી તું ચતુર ચેતી જે સાર ! દાન૦
સંપ્રતીત પ્રીતિ[7] ઉદાર રચતી સરી તું નાવ સુજાત,
મુમૂર્ષુતા[8] તુજ દીઠી ન, દીઠું ન યમને હાથ સુકાન. દાન૦
તુજ સંસાર અસાર થતો અધિકાધિક જોઈ દિન રાત,
પુરુષયત્ન મ્હેં માંડ્યા તે તે ધ્વસ્ત થયા જ સદાય. દાન૦

---

(૧) સરસ્વતીચંદ્ર ભાગ ૪. પૃ. ૪૪૮ (૨) લી૦ ઉ૦ ક૦ ખંડ. ૭ અને ૮. (૩) લી. ઉ. ક. ખંડ ૩. (૪) લી. ઉ. ક. ખંડ. ૨૨ (૫) લી. ઉ. ક. ખંડ. ૨. (૬) (૭) લી. ઉ. ક ખંડ ૨૨ (૮) લી. ઉ. ક. ખંડ ૮

તુજને સુખી કરવા, તુજને વળી દેવાને આરોગ્ય,
પુરુષકાર કંઈ કંઈ માંડ્યા, મ્હેં ગણ્યા ન યોગ અયોગ. દાન૦
ભાગ્ય ટુંકું મુજ, જે જે કર્યું મ્હેં અવળું નીવડ્યું તે બહુ,
ચેત્યો નહીં તુજ બાળ પ્રશ્નથી, વૃથા બુદ્ધિ મુજ સઉ. દાન૦
“ન્યાસ-પ્રતિ-અર્પણ મુજ દાનથી ગણી પામો સંતોષ,
ઉડવું શીખી તમ પાસથી ઉડી હું”[1], એજ કર્યો ત્હેં ઘોષ ! દાન૦
એમ મહાસંતોષ શુણાવતી કાપતી મુજ પરિતાપ,
ભવસાગરથી ઉદ્ધરવા તું બેડતી ધર્મનું નાવ. દાન૦
ધર્મ-નાવમાં એમ તું તરતી, ચલવતી ચતુર સુકાન,
ઈશ-વાયુની પ્રેરી ગઈ તું પ્હોંચી પેલે પાર. દાન૦
છુટી તું ભવની જાળ જ કાપી, છોડી પ્રતીત સંસાર,
છોડી માત ને તાત જ જોડાં, ચાલી પરમ પ્રભુ પાસ. દાન૦
જે ફળ અમથી દેવાયું નહી, દેશે તે પ્રભુ બાપ.
વિશુદ્ધિની મૂર્ત્તિ ! તું સમજી નથી જ ચરતું પાપ. દાન૦
પશ્ચિમ બુદ્ધિનો હું નીવડ્યો, હવે જાણું આમ,
પુત્રી મટી તું માત બની મુજ, સ્મરું ત્હેં દીધા સાર. દાન૦
યોગ્ય નહી આ રંક મ્હારું કહેવાતું ગૃહ તુજ કાજ,
ન્યાસ પ્રભુનો તું મુજ કર હતી, સોંપ્યો તે પ્રભુને આજ. દાન૦
છુટી બન્ધનથી, છુટી સંપ્રતીતિથી, પામી તું પ્રભુપદ, બ્હેન,
એ સંતોષ તું ધરતી ધરાવતી પામી પ્રભુમાં ચ્હેન ! દાન૦

૩

[2]મુમર્ષુતા તુજ જિજીવિષાથી છવાઈ ! મુમર્ષુતા એ અંતે ફાવી !
માઈ !

ઐહિક ધર્મ વીશે ઉત્સાહે પ્રવર્તતી દીઠી કાલ;
સમજ્યો હું ન, પણ સમજી હતી તું, વિયોગ લખીયો ભાલ ! મુમ૦

(૧) લી. જી. ક. ખંડ. ૩. (૨) લી. જી. ક. ખંડ. ૭, ૮.

તુજ સંસાર સુસાર થવા તુજ જનની કરતી યત્ન,<br>
ભાગ્ય મુમૂર્ષુનું નાંખતું ધુળમાં એ સઉ ઐહિક રત્ન ![1] મુમૂ૦<br>
એક જ વસ્તુ ખપી તુજને અમ આપી, હૃદય જડી રાખી,<br>
ભવચ્છેદપટુ સ્વીકારી ત્હેં જે વિદ્યાપરિપાટી. મુમૂ૦<br>
દેહલતા તુજ જેવી હતી તુજ વિદ્યા લઘુપરિમાણ,<br>
પણ તુજ જીવસ્ફુલિંગ સમો ત્યાં સ્ફુલિંગ દીઠ બલવાન. મુમૂ૦<br>
ભવચ્છેદ પ્રચ્છતી પામી ગઈ લઈ સ્ફુલિંગ એ સાથ,<br>
પણ તુજ માટે અન્ય સૃષ્ટિ રચી આવી ન ત્હારે કામ. મુમૂ૦<br>
સગાં સંબન્ધી ધન તન માયા ઔષધ ને ઉપચાર,<br>
જિજીવિષાથી તે સઉનો તું જણાઈ કરતી સ્વીકાર. મુમૂ૦<br>
સ્વીકારતી આતિથ્ય અમારું, મૂઢ અમે યજમાન.<br>
તુજ ભાગ્યે લખી મુમૂર્ષુતાનું પામી શક્યાં નહી ભાન. મુમૂ૦<br>
વ્યર્થ ગણી આતિથ્ય કર્યું તુજ મુમૂર્ષુતાએ વાન્ત,<br>
ધર્મવતી ! યમ-ધર્મપિતાનું શરણ સાહી થઈ શાન્ત ! મુમૂ૦<br>
એજ પિતા તુજ મુજ ને સઉનો, જુઠાં અમે યજમાન,<br>
જીવતાં મરતી બળી જતી તુજને જોઈ વજ્ર સમાં જીવમાન! મુમૂ૦

૪

પડનોં બંધ ! નિઃશ્વાસ ! વિચારી, પડનોં બંધ ! નિઃશ્વાસ ! (ધ્રુવ)<br>
કાળ વહે તું વહી જવાનો, તો જા આજનો આજ !<br>
હૃદય નીચોવી આંસુ આણીને દુખવે શાને આંખ ? વિચારી૦<br>
પડી પલંગે દેહલતા મ્હેં દીઠી દુહિતાની કાલ,<br>
તીવ્ર વેદના વેઠતી: તેનો લીધો ન મ્હેં કંઈ ભાગ ! વિચારી૦<br>
જોઈ શકી દીન દેહલતાને જુઠી પ્રીતિભરી આંખ,<br>
કઠણ હૃદય મુજ ફાટ્યું ન, જોતાં એ દુખીયારી રાંક ! વિચારી૦<br>
નાંખી ભૂમિપર દેહલતા પડી, વગર પથારી, કાલ !<br>
જતા—જીવના દીઠા નીકળતા દીન શ્વાસ પર શ્વાસ ! વિચારી૦<br>
ઓષ્ઠ-કળી તુજ કંપતી, જણવતી શ્રાન્ત જીવન-આયાસ<br>
સાહાય્ય માગતી અનાથ કલ્પી, મૂઢ ઉભો હું પાસ. વિચારી૦

(૧) લી. છ. ક. ખંડ. ૨૩

અંતકાળ એ દીઠ દુહિતાનો, હૃદયકળી થઈ બંધ,<br>
ગયા પ્રાણ ને મંદિર તેનું પળ્યું અગ્નિને સ્કંધ. વિચારી૦<br>
વગર આંસુએ જોઈ રહ્યો તે હવે આંસુ ધરું કેમ?<br>
શ્વાસ નીકળતો જોઈ ન નીકળ્યો, હવે તું નીકળે કેમ? વિચારી૦<br>
હવે તું, ઓ નિઃશ્વાસ! ઠગારા! હવે તું નીકળે કેમ? (ધ્રુવ)<br>
જૂઠો સ્નેહ એ સમે ધર્યો તો હવે કરે શા વેશ? ઠગારા૦<br>
દુઃખ સામે ધરું ઢાલ જ્ઞાનની, ભોગવું જીવનસુખ,<br>
એ શઠતા-ભરી ભાગતી નહીં મુજ ઐહિક સુખની ભુખ! ઠગારા૦<br>
રાંકડી ચકલીનાં પીળાં મ્હોં દીઠાં પીંખાતાં કાલ!<br>
તોપણ જીવું, શ્વાસ ધરું, આ ઢોંગ બધા નિઃશ્વાસ! ઠગારા૦<br>
જ્ઞાની હોઉં તો તરું શોકને, લખું ન આવા લેખ!<br>
સ્નેહી હોઉં તો જીવું ન જાતે, ભજું ન આવા ભેખ! ઠગારા.<br>
લેખ લખું અજ્ઞાની જેવા, ભજું સ્નેહહીન ભેખ!<br>
ઠગું જગતને! ઠગું જાતને! ઠગાઈ નહીં તું એક! ઠગારા૦<br>
ઠગાઈ નહીં, તું એક! લીલાવતી! મુકી તું મુજને ગઈ!<br>
શઠ સંસાર અસાર નિન્દતી, છુટી તું એથી થઈ. ઠગારા૦<br>
મુજ જીવનમાં તુજ જીવનના વાગે બહુ ભણકાર,<br>
મરતી મરતી ઉઘડી તુજ આંખો કહેતી મને કંઈ વાત! ઠગારા૦

૫

પક્ષપાતી[1] અહીં સ્નેહ ઉગતા, અંકુર તેના બેય,<br>
એક ધર્મ્ય[2] ને અધર્મ્ય બીજો[2] નિવાસ-શાખા એક. પક્ષ૦<br>
પ્રભુએ જેશું યોગ જ સાધ્યો તેપર ધર સંતોષ;<br>
પક્ષપાતી સંતોષ ધર્મ એ, નહીં એમાં કંઈ દોષ. પક્ષ૦<br>
પ્રસન્ન આવા ધર્મ ધરાવી પ્રભુએ મુકી માયા,<br>
પક્ષપાત એ ધર્મ ધર્યોને ધર્મ્યે ઝુરવી કાયા. પક્ષ૦<br>
જેશું પ્રીતિ વધારવી પ્રભુએ નિર્મી, ધર્મ ધરાવી,<br>
તેના ગુણ શોધી શોધી, ગણ ધર્મ્યે કથા તે ગાવી. પક્ષ૦

(૧) લી. જી. ક. ખંડ ૩૨. (૨) લી. જી. ક. ખંડ ૨૯.

પક્ષપાત એ સંતોષે, એ ઝુરવે. ને એ ગાવે,
માત્ર ન ધર્મ્યંજ, ધર્મરૂપ તે, ધર, મન! શુદ્ધ સ્વભાવે. પક્ષ૦
તું લીલાવતી ધર્મ[1] સમજી એ, સમજણ ઉગતાં સાથે,
વિરક્ત છું પણ સુરક્ત રહું હું એ જ પક્ષમાં પાતે. પક્ષ૦

૬

પક્ષપાતી છે સ્નેહ અપર એ શાખાપર અંકુર,
અધર્મનો સંગી રંગી તે; જોઈ, ભ્રમર, મા ભુલ! પક્ષ૦
મુકી સંતોષ-સીમા, મમતા કરી જો તું સમયને ચુકે,
કમળ પાંદડીઓ બીડે નિજ, બન્ધ તને નહી મુકે. પક્ષ૦
પવન મોક્ષનો પડે બન્ધે ત્યાં, માયા બહુ ગુંગળાવે,
મિથ્યા કારમી ચીસ તને ત્યાં મુઝાવતી રોવડાવે. પક્ષ૦
ધર્મ-અધર્મની વચ્ચે ઉભી લાગતી આટલી માયા,
મોહથી શોકથી વીંટાતી થતી અનાથ કારણ-કાયા! પક્ષ૦
એક પગલું જરી આગળ ભરતી મમતા વાધે જ્યાંય,
અધર્મ આવી ઉભો રહે જાતે! નહસાય તો ત્યાં નહાશ! પક્ષ૦
સ્વાર્થી અતિથિ બની યજમાનની જ્યાં ન દયા ઉર ધારે,
સુઠી ન જ્યાં અતિથિ અતિથિપણું યજ્ઞવિધિ નહીં માંડે,[2] પક્ષ૦
એ અતિથિનો સ્વાર્થ સ્નેહનું નામ ભલે અહીં ધારો,
ઢાંઢો ભટકતો ઘર ઘર, એ તો ખરો પાપનો ભારો. પક્ષ૦
એ અતિથિના યજમાનોની પુણ્ય જગતમાં કાયા[3]
તપતી તપતી તપ, સંચિત થતી તે તણે પુણ્ય તરુછાયા. પક્ષ૦
ધર્મ્ય સ્નેહને હૃદયે ધરતી નિરપેક્ષા યજમાના[4]
આર્ય દેશમાં કંઈક જન્મતી પુણ્ય જીવન જીવમાના! પક્ષ૦
શ્રેષ્ઠ જીવન ધરી અતિપૌરુષ આ કરતી પરાક્રમ બાળા
જ્યાં અવતાર ધરે ત્યાં દેખું જગદમ્બાની માયા. પક્ષ૦
ઝાંખી કરાવે સિદ્ધ સ્વરૂપનું ભક્તજનોને અમ્બા;
કંઈ અમ્બા, કંઈ દુહિતા, થતી, કંઈ થતી પત્ની,જગદમ્બા.પક્ષ૦

---

(૧) લી. જી. ક, ખંડ ૨૮. (૨) લી. જી. ક. ૩૦. (૩) (૪) લી. જી. ક. ૩૦. ૩૧. (૨) (૩) (૪) સરસ્વતીચંદ્ર, ભાગ ૪, પ્રકરણ ૨૫.

એ ઝાંખી કરતી, જોતી એ સ્વપ્ન તણી બલિહારી,
સુકર્યાં આંસુ અણુલોમાં, પડતી આંખ ઘેનમાં મ્હારી!. પ્રભુ૦

૭

ચન્દ્રકળા! હું ઉદયાચળ પર પ્રકટી તું મુજ રાત્રિ-સમે,
મુજ સન્ધ્યા ત્હેં પ્રથમ પ્રકાશી મુદ્રા સ્નેહની ગાઈ મ્હેં જે.[1] ચન્દ્ર૦
ચન્દ્રકળા! પડ્યો નિવૃત્તિમાં હું તુજ અસ્તાચળ રહ્યો થઈ,
લેખથી 'પૂર્ણાહુતિ' કરી મ્હેં તે જોઈ મુજ પાસ તું અસ્ત થઈ! ચન્દ્ર૦
અસ્ત થતી થતી ઘડી ટેકવવા તુજને હું જ નિમિત્ત થયો![2]
પણ સંસાર અસાર જણવ્યો ત્હેં વાટ લીધી! હું મૂઢ ઉભો! ચન્દ્ર૦
અસ્તાચળ હું દૃષ્ટિ કરી શકું, જોઈ શકું તું હજી ક્યાં જ ઉભી!
ક્ષિતિજતટે હું ઉભો જોઈ શકું તુજ ઉભય લોક થઈ થતી ગતિ!ચન્દ્ર૦
પણ તે જોતી ન તુજ જનની ધરણી, જેને હૃદય તું વસી હસી;
તેનું હૃદય તો અન્ધકારભરી રાત્રિ, પુંઠે તુજ, પડી રહી! ચન્દ્ર૦

૮

ચંદની ચન્દ્રસાથે રે ચાલી ગઈ જોત-જોતામાં! (ધ્રુવ).
પરમ-જ્યોતિની જ્યોતથી ઉજળા પૂર્વના તુજ સંસ્કાર
અમ સરખાંની દૃષ્ટિને થાતા ચંદનીનો ચળકાર. ચન્દની૦
રાત્રિસમાં અમ આયુષ્યોમાં શાન્ત શીતળ એકાન્ત
વત્સલતાની વૃત્તિ પ્રેરતી ચંદની ચકોરની કાન્ત! ચન્દની૦
મુજ વાડીમાં, ચન્દ્રકળા! તુંને ઝંખતુ રોણું ચકોર,
તું તો પ્રવાસિની રહી આકાશે, પામ્યું ત્યાં મન તુજ મોજ! ચન્દની
ક્ષયરોગિણી તું ચન્દ્રકળા થઈ, થઈ તું સુધાકર જાત!
સુધા પાઈ ત્હેં અન્ય જીવોને! આવી ન ત્હારે જ કામ! ચન્દની૦
શાન્ત સુકોમળ જ્યોત્સ્ના સ્વજનને દેતી દેતી કાલ,
મરણક્ષિતિજના તિમિરનિધિમાં સરી જોવા સ્વપ્રભાત! ચન્દની૦

(૧) લી. જી. ક. ૨. (૨) સરસ્વતીચંદ્ર ભાગ ૪ પ્રસિદ્ધ થયો તે જોઈ લીલાવતી ગઈ. (૩). લીલાવતીનો વ્યાધિ જ્યારે વૈદ્યોએ અને ડાક્તરોએ અસાધ્ય ગણ્યો, અને તેની દેહવ્યથા અસહ્ય થઈ તેવામાં આ લેખકે હોમીયોપેથીનું ઔષધ વીશેક દિવસ આપ્યું તેટલી વેળા એની વ્યથા કેવળ શાંત થઈ ગયા જેવી થઈ હતી અને તેનું આયુષ્ય એટલા દિવસ લંબાયલું પાસેના મંડળને લાગ્યું હતું.

९

નહીં શુદ્ધોદકસ્નાન! હૃદયને નહીં શુદ્ધોદકસ્નાન[1]! (ધ્રુવ૦)
એવું પામી તું ભાન, રમતમાં એવું પામી તું ભાન. હૃદયને૦
રમતાં રમતાં ને પુછતાં પુછતાં શિશુવયે તું પામી એ ભાન! હૃદયને૦
નહીં શુદ્ધોદકસ્નાન, દુઃખસમું નહીં શુદ્ધોદકસ્નાન, દુઃખ૦
કષ્ટરૂપ સંસારે સરતી સરતી તું પામી એ જ્ઞાન![2] દુઃખ૦
દુઃખ સમે વિશ્વાસ, પ્રભુપર ધાર્યો ત્હેં દૃઢ વિશ્વાસ. પ્રભુ૦
એ વિશ્વાસનું કવચ હૃદયપર પ્હેરી ખમ્યા ત્હેં ઘાવ! પ્રભુ૦
પુરુષ કંઈ ક્હેવાતા દુઃખમાં દેતા પ્રભુને શાપ; પ્રભુ૦
મુજ મધુરી તનુજા દુઃખધીરા અચળ રહી પ્રભુપાસ! પ્રભુ૦
અચળ રહી પ્રભુપાસ, ધરી વિશ્વાસકવચનો ભાર, પ્રભુ૦
ભાર ખમતી, કંઈ ઘાવ ખમતી મરતી પામી પ્રભુ–સાર! પ્રભુ૦

૧૦

નહીં પૂજાનો ઠાઠ! હૃદયને નહીં પૂજાનો ઠાઠ! (ધ્રુવ)
મતિ કૃતિ હો કલ્યાણી! વાણી સત્ય કરો ઉચ્ચાર!
તપતાં તપતાં ને મરતાં મરતાં તું એ જ દેતી ગઈ જ્ઞાન![3] હૃદયને.
જન્મ યુરોપે કે આર્યોમાં હો જ્યાં પ્રભુનો વાસ!
જ્યાં ત્યાં પણ કલ્યાણી મતિ કૃતિ વાણીમાં માગ્યો ત્હેં શ્વાસ! હૃદયને.
ક્રોધ કટાક્ષથી એ જ ધર્મનો બોધ કર્યો પળવાર!
એ બોધનો મર ઊષર ભૂમિ હો! તું તો વર્ષી વર્ષણહાર! હૃદયને.

૧૧

[4]મતિ કૃતિ વાણી જો કલ્યાણી, તો પૂજાદિક ભૂષણ છે. (ધ્રુવ)
[5]મતિ કૃતિ વાણી નહીં કલ્યાણી તો બીજું દાંભિક દૂષણ છે! મતિ.
ત્યજો એ દૂષણ, સજો એ ભૂષણ, જો જીવ કંઈ કલ્યાણ ધરે,
તો પછી પામે જ્ઞાન ઉદયને,[6] જેમ બીજાંકુર સહજ ફુટે! મતિ.
સ્પષ્ટ કર્યું મ્હેં એ તુજ જીવન–મર્મ બહુ બહુ જોઈ રહી!
કલ્યાણી સરિતા! કર્યું મ્હેં લખ અલખ હૃદય તુજ જતું વહી! મતિ.

---

(૧) લી. જી. ક. ૨. न वारिणा शुध्यति ह्यान्तरात्मा. (૨) લી. જી. ક. ૫૯–૬૧. (૩) લી. જી, ક. ખંડ ૫૭. (૪) (૫) લી. જી. ૬–૬૫. (૬) લી. જી. ક. ૬૨–૬૩.

એજ હૃદયનું મન્દિર સુન્દર દીઠું શબ-વાહિની ઉપર ર્‌હડ્યું !
ત્યાં મુજ હૃદય નમ્યું, શિર પણ નમ્યું, અશ્રુ એક ર્‌હડી જ પડ્યું! મતિ.

૧૨

[1]ઇચ્છે લોકો સુખ, જગતમાં ઇચ્છે લોકો સુખ,
સુખ પાછળ દોડે પૂરવેગે, પણ નવ ભાગે ભુખ. જગતમાં.
ન્હાસે દેખી દુઃખ, જગત સઉ ન્હાસે દેખી દુઃખ.
દેખી દુઃખને ન્હાસે સઉ પણ દુઃખ મુકે નહીં પુઠ. જગતમાં.
સુખદુઃખભર્યું જગ ધકેલી, મીંચી દીધી ત્હેં આંખ,
દુઃખમાં ન્હાઈ, સુખને લ્હાઈ, ચલવી ચતુર ત્હેં પાંખ. જગતમાં.
એ ચતુરાઈની ઉદ્દાર મૂર્છના ગુણસુન્દરી મ્હેં ગાઈ,
એ ગાયનની તું તાલ દેતી લય પામી અલખ થઈ! માઈ! જગતમાં.
માઈ કહું કે કહું મૈયા કે કહું દુહિતા કે બ્હેન ?
એ સઉનું કર્તવ્ય કરી કરી પામી અલખનું તુ ચેન! જગતમાં.
એક કામ એ, એક અર્થ એ, એ જ ધર્મ, એ મોક્ષ.
એ પુરુષાર્થ તણો પુરુષાર્થ તું પામતી થઈ પરોક્ષ. જગતમાં.
કોણ જ સ્ત્રી ? ને પુરુષ કોણ જ ? અપત્ય કો ? કો તાત ?
લક્ષ્ય યજ્ઞમાં પૂર્ણ આહુતિ દેતી ચાલી તું માત ! જગતમાં.

૧૩

અમોઘ જીવન જીવતી પામી તું અંતે પ્રભુનો પાર.
અંતસમે તે સ્મરતી સ્મરતી મરતી પામી ઉદ્ધાર[2] ! અમોઘ
ન્હેમી પણ પરમેશ્વર તુજ માતામહીનો ન અસત્ય,
ભક્ત પિતામહને હૃદયે પણ દીઠો પ્રભુ ત્હેં સત્ય. અમોઘ.
હું તું ને તે સઉમાં એક જ પરમજ્યોતિ પ્રિયમાણ,
મુજ હૃદયેથી તે પ્રતિબિમ્બિત થયું તુજમાં કંઈ કાળ. અમોઘ.
અધિકાર-સાપેક્ષ થતું પ્રતિબિમ્બિત એક જ બિમ્બ;
પ્રતિબિમ્બોનું વર્ગીકરણ કરી પામી તું ત્રિપુટીબિમ્બ. અમોઘ.
અંગ અંગથી ઉદ્ભવી બાળા, હૃદય થકી અધિજાત,[3]

(૧) લી. ભા. ક. ૬૧. (૨) લી. ભા. ક. પેર ૬૫. (૩) अङ्गादङ्गात्संभवसि हृदयादधिजायसे आत्मा वै पुत्रनामासि.

આત્મા ત્રણુ પ્હેડીનો દીકો ધરતો 'પુત્રી' નામ. અમોઘ.
એ પ્હેડીની, એ પ્રતિબિમ્બની, ત્રિપુટી આ બંધાઈ.
તે ત્રિપુટીનું એક બિમ્બ તું અંત સમે રહી ગાઈ ! અમોઘ.
અંત સમે એકાગ્ર હૃદયમાં એક એ વાત ભરાઈ.
આંખ મીંચી તું સ્તવન કરતાં જ્યાં હૃદયકળી બીડાઈ ! અમોઘ.
તુજ જીવનમાં ગુપ્ત તપોમય સંચિત કીધ ભંડાર.
અંતસમે પ્રકટ્યો મુજ પાસે તેનો ઉપસંહાર ! અમોઘ.

## ૧૪ દીકિ.

શોક શો કરું હું ? પુત્રી ! શોક શો કરું હું ?
શોક શો ત્યજું હું ? પુત્રી ! શોક શો ત્યજું હું ? શોક૦
જે વયે તું ગઈ તે વયે શોકમાં હતો હું !
સ્નેહ–શોક–પાન કરી ગાઈ ત્યાં રહ્યો હું ! શોક૦
શોક–પાન કર્યું એ ત્યાં જ જ્ઞાન ઉદય પામ્યું.
લેઈ નિવાપ પ્રથમ[1] મોહ–તિમિર ત્યાં વિરામ્યું. શોક૦
તિમિર નષ્ટ એ થયું ને આંખ રોવું ભુલી,
ત્યાં તુંને ઉછેરનારી ભગિની મ્હારી ડુલી ! શોક૦
નિવાપ બીજો પામી[2] એ ! ત્રીજો તને દઉં છું !
અશોક શોકના નિવાપ જીવનમાં ભરું છું. શોક૦
શોકના નિવાપરૂપ જીવનને ભજું છું !
શ્રુતિએ બોધી જિજીવિષા તે ધર્મને સજું છું. શોક૦
દુઃખ તું સમીનું જોઈ સુખથી વિરત થઉં છું !
મોક્ષ તુજ જોઈ, દુઃખથી મુક્ત હું રહું છું ! શોક૦
સુખ દુઃખ ઉભયમુક્ત નિરવલેપ જીવું,
જીવું ને પ્રવર્તું, વૃત્તિ બોધરૂપ શીવું ! શોક૦
જીવન એજ વિકૃતિ[3] ત્યાંથી પ્રકૃતિમાં તું પ્હોચી !
વિકૃત હોય પ્રકૃત જીવન્મુક્તિતણો ભોગી. શોક૦

---

(૧) સ્નેહમુદ્રાનો નિવાપાંજલિ (૨) સરસ્વતીચંદ્ર ભાગ ૩ નો નિવાપાંજલિ. (૩) मरणं प्रकृतिः शरीरिणां॥ विकृतिर्जीवनमुच्यते बुधैः॥ કાલિદાસ.

૨૫

જીવન્મુક્તિનો લોભ ધરેલી પાડૌ ખડી થતાં માયા,
ઘડી સંસારી, ઘડી સંન્યાસી થઉં જેમ વાદળ–છાયા. જી૦ ૧

જીવન તુજ જોયું, તુજ જોયું મરણ, થઈ સંન્યાસી;
ગયા પછી તે સઉ કરી દૃષ્ટિ સૈંહી[1], બનું સંસારી. જી૦ ૨

ઐહિક ઉપસંહાર કરું ત્યાં અસંતોષ ઉભરાય;
ક્હાડું જીવન–ઉન્મથન–નવનીત તુજ, ત્યાં શાંતિ થાય. જી૦ ૩

અણુજીવન શિશુજીવન ગણી તુજ, ગણું મુજ ઉપહિત જાત,
શોક–સ્વભાવથી થતો અધિષ્ઠિત આજે હું પળવાર. જી૦ ૪

તુજ અધ્યાત્મ–જીવન અંધારું દૂર કરે એ સઉનું;
બાળા પણ સબળા તું ચ્હડતી દોડી અભય–નિસરણિ–પગથીઉ. જી૦ ૫

અભય–નિસરણિ–તણાં પગથીઆં પર કુદી ચ્હડી ગઈ બાળા !
નીકળ્યા પ્હેલા, ચાલે પાછળ, ધીમા ધીમા પગ મ્હારા. જી૦ ૬.

૨૬

સકર્મ ધરતી વેશ ! જિજીવિષા મુજ સકર્મ ધરતી વેશ. (ધ્રુવ.)
અતીતાનુસંધિ ન કરે તે ભગવો જેનો ભેખ,
ભિક્ષુ–જીવન–નદી ભળતાં સમુદ્રે જોતાં ન મૂલ–પ્રદેશ. જિ૦

એક પાસ મૂલાચલ ઉભો, સલિલનિધિ બીજી પાસ,
તે બેનું સંધાન કરે મુજ જીવન–નદી–જળભાર. જિ૦

કર્મ–સલિલ જીવતું ખેંચતી નદી, કર્મમૂલ સંસાર,
દેહ પછી સુધી દામ્ભિક દીસતો મૂલચાગસંભાર. જિ૦

કુટુમ્બદેશાદિક મૂલાચલ માગે ઐહિક યજ્ઞ,[3]
યજ્ઞકર્મમાં ભૂત–ભાવિને જોતા સઉ મર્મજ્ઞ. જિ૦

મિષ્ટ સલિલનો ભિક્ષુ, દઈ ઉપરેલ જગને કલ્યાણ,
ક્ષાર સલિલરાશિમાં ઉન્મુખ પુરો કરે સંસાર ! જિ૦

મૂલાચલનો ભિક્ષુ અતિથિ, ઉપરેલ જગનો યજમાન,
પરમ પરાવરમાં જીવું હું ધરી અંતરાત્મનું ભાન. જિ૦

---

(૧) સૈંહી દૃષ્ટિ=સિંહાવલોકન. (૨) લી. જી. ક. ખંડ. ૩૧, (૩) સરસ્વતીચંદ્ર ૪ પ્રકરણ ૨૫, સાધુજનોના પંચમહાયજ્ઞ.

પરમ પરાવરમાં ઝબુકે આ માયાના વિલાસ,
નિર્વિકલ્પમાં કર્મવતી કો શક્તિ કરે વિહાર ! જિ૦

એ શક્તિના મંદિરના ગોપુર વચ્ચે હું આજ
ઉભો ઉભો બે પાસ દૃષ્ટિ કરીં જોતો ચિત્રક-સાજ. જિ૦

ભૂતકાલમાં ભજતોં વિકલ્પ હું દેખું લીલાવતી આમ;
વર્તનમાનમાં કર્મ-ધર્મ ધરી કરું હું ત્હેનું ગાન. જિ૦

એ ગોપુરની બીજી પાસ હું જોતો શાંત સ્વ-ભાત,
ભુસાઈ એ, ભુસાયો હું, નહીં દેખું દેશ, નહીં કાળ, જિ.

નિર્વિકલ્પ ને પરમ પરાવર કંઈક અનુભવ થાય,
સર્વે ભુસાયાં, કંઈ ન ભુસાયું, નિરવલેપ એકાંત. જિ૦



# ભાગ ૩.

## પરલોક.

મને પુછે લોક, "પરલોક દીઠો ક્યાં, ભાઈ?"
મન પુછે મને "પરલોક દીઠો શું કાંઈ?"
મન પુછે "લીલાવતી ગઈ ક્યાંજ દુખીયારી?"
હું જોઉં ઉંડું આકાશ,
હું ખણું ઉંડું પાતાળ,
મુજ દૃષ્ટિ ધાતી ચોપાસ,
નહીં આદિ-અંત કો પાસ,
એ અનાદિ ને વણ-અંત એક કો સત્વ મને ઉભું લાગે,
ત્યાં વ્યક્ત બધો આ લોક થતો અવ્યક્ત દેખું મુજ આગે. મને૦ ૧
વણ-આદિ-અંત અવ્યક્ત
કરતું એ સઉને ભસ્મ.
એ હુતાશનીની માંહ્ય
દશ દિશા તણો સંભાર,
થઈ જતો કાષ્ઠનો ભાર,
બળી જતો પલપલ માંહ્ય.
હું દેખું વિશ્વમાં આગ
દશ દિશા વ્યાપતી આજ;

એ રાજફૂળોમાં ભડકા
નહીં હોલાતાં જ ભભુકતા;
જનસમૂહ બળતો આખો,
જ્યમ તરુપર પંખીમાળો:
એ તરુવર ડાળે ડાળ દવાગ્નિ-ભારથકી ચંપાતો,
હું દેખું પૃથ્વી બળી જતી, દેખું બળી જતો ઉડુગણ આખો. મને. ૨

હું દેખું વિશ્વમાં રાખ;
હું દેખું વિશ્વને ખાખ;
સઉ રાખ ખાખ દશ દિશ!
નહીં કાળ, ન દેશ, ન દિશ!
નહીં દેહ મુજ, ન મુજ આંખ!
હું ત્હોય અનુભવું આમ
"હું તું તે" એકાકાર!
એ નિર્વિકલ્પમાં એક સ્ફુરતું ભાન, માન નહીં તેનું;
નહીં માનગમ્ય એ, સ્ફુરે અનુભવ, તે હું! મને. ૩

એ નિર્વિકલ્પમાં તેવે,
એ અનુભવરસને વ્હેવે,
એ અનુભવથી પછી જુદો
દીપ દષ્ટિબન્ધી કો ઉભો!
પછી જુદો અનુભવનાર
દેખે એ દીપપ્રકાશ!
હું સાક્ષી બનીને ઉભો જુદો આ પાસ: જુદી એ સૃષ્ટિ
હુતાશનોની કે દીપાલિ? દીવાઓતણી થતી ઘન વૃષ્ટિ! મને. ૪

એ રમ્ય દીપ-આકાર,
એ વિકલ્પ-ભાગાકાર,
એ હુતાશનીના ભાગ,
એ કહેવાતા દીપ-નામ;

ઉડુગણના એ તો ભાગ,
વધુ વધુ ચીરાતા જાય,
રવિ-મંડળ એ કહેવાય,
રવિમંડળ નાચતું એ તો,
ધરતીને ધરતું એ તો;
ધરતીમાં પણ બહુ ચીરા,
ચીરાતી ધરતી ધીરા,
ચીરાતી ને ટકી રહેતી.
ટકી રહેતી તો પણ વ્હેતી;
એ ધરતી ઉપર હું ઉભો, ઉભાં મુજ સમાં અનેક શરીરો,
કોઈ કહે તેને જડ યંત્ર,કહે કોઈ "ઉભા શરીરી જીવો!"મને. ૫

મુજ દષ્ટિ, તૃપ્ત નહીં આથી,
વધતી સઉ ભાગી ભાગી,
નહીં ઉભી રહેતી સઉ ચીરી,
અણુ–પરમાણુને ચીરી,
જોતી એ શક્તિસ્વરૂપ
કો ભર્યો વિશ્વમાં કૂપ;
જડ-ચેતન અણુ-પરમાણુ તરે તરવરે ગણ્યા ન ગણાતા,
એ કોક કૂપમાં ભર્યાં, કૂપમાં ઝરા ઝર્યે વીંઝાતા. મને. ૬

એ કૂપ સ્થાણુ દેખાય,
ત્યાં વિકલ્પ વળી હોલાય;
અણુપરમાણુ વીંઝાય,
વીંઝાતા વળી ઝપટાય,
એ એક ઝરારૂપ થાય,
એ દૃષ્ટિમાંથી સરી જાય;
એ ઝરો વહે બની શક્તિ,
મ્હેં જોડી હાથ કરી ભક્તિ;
હું ભક્તિ થકી લય પામ્યો,
બની શક્તિરૂપ વિરામ્યો:

રૂપ નવું એ એકાકાર, વિકલ્પ બધાય અહો વિરામ્યા !
એ બીજરૂપ દ્રુમ ઉભો, વિકારો શમ્યા, અસત્સત્ જન્મ્યાં ! મને. ૭

એ અસત્ વિકલ્પવિકાર,
નિર્વિકલ્પમાં સદ્ભાવ
અહીં કહેવાતા જ પ્રકાર;
એ પ્રકૃતિ–વિકૃતિ–મયી માયા.
ઘડીં ધરે વિકલ્પનીં કાયા,
શમી જઈં થતી કારણકાયા;
એ વિકાસ ને સંકોચ,
એ પુનરાવૃત્તિયોગ,
એ સદસત્નો સંયોગ;
એ ઘડીં અનેક, ઘડીં એક, પ્રકટ કરીં રંગ, જમતી શક્તિ.
એ નાસ્તિક-આસ્તિક વીંશે જમાવતીં ભક્તિ. મને. ૮

એ હુતાશની ઘડીં થાતી,
ઘડીં રાખ બની ઉભરાતી,
ઘડીં રમ્ય થતી દીપાલી,
ઘડીં વિશ્વ બધું ચીરાતું,
અણુ પરમાણુ થઈ જાતું,
પરમાણુ ચીંરી ચિર થાતું;
એ શક્તિ ધાતીં સઉ પાસ,
થતીં સ્થાણુ રૂપ-આકાર,
ધરેં પ્રકાર ને વિકાર:
એ અનેકરંગી એક સત્ત્વ કો ઉભું, દ્વિતીય નહીં જેને,
હું સમાઈ એમાં, એક બની એ સાથ, જોઉં છું તેને. મને. ૯

જ્યાં જોઈ ન શકું આકાશ,
નખ સ્પર્શે નહીં પાતાળ,

જ્યાં દીસે-ન દેશ-ન કાળ.

જ્યાં હુતાશની ખડી થાતી,
મુજ દૃષ્ટિ તેથી ઉભરાતી,
ત્યાં લીલાવતી મલકાતી,

મલકાતી લીલાવતી ત્યાં જ ઉભી રહી. કહેતી "આ જ પરલોક!"
કહી કરતી અગ્નિપ્રવેશ, ગાતી ઉંડું "પિતા કરો શો શોક?" મને. ૧૦

એ હુતાશનીમાં જ્વલતી,
નિર્વિકલ્પ સાથે ભળતી,
અવ્યક્ત ગાન કંઈ કરતી,

એ રાખ-ખાખ થઈ જતી, વિશ્વની રાખ માંહી એ ભળતી,
મને સાન કરી, કરી ગાન, બતાવી સ્વધામ, દૃષ્ટિથી ખસતી. મને. ૧૧

મુજ ભરાઈ રાખથી આંખ,
થઈ ગયું વિશ્વ સઉ ખાખ,
પડી કપાઈ આંખની પાંખ,

અંધારું એકાકાર

સઉ પાસ થયું ખડું આમ,
ત્યાં ઉભી સુવર્ણ-મસાલ હાથમાં લઈ લીલાવતી મ્હારી.
મને વાટ બતાવતી, રમ્ય તેજ ત્યાં નાંખી. મને. ૧૨

એ ઐહિક માર્ગ બતાવે,
પરલોક-નિસરણિ ચ્હડાવે,
નવી યોગદૃષ્ટિ ઉઘડાવે,
નવું ભાન જુનામાં આપે,

એ ભસ્મ-રાશિમાં નવી વિભૂતિ બતાવી, **લી**લાવતી ઉભી
"કહે તાત! ધરો નવું ભાન, નયન-સંસાર સમૂલક ભુલી!". મને. ૧૩

"ભુલી જ્ઞાનેન્દ્રિયસંસાર,
"ભુલી વિકલ્પ સર્વ અસાર,
"ભુલીને મુજ કારણ-કાય,
"ભુલી જઈ આ મ્હારી મસાલ.

" મને આત્મદૃષ્ટિથી જુવો, નહી હું પુત્રી, તમે નહીઁ તાત!
" મુજ દૃષ્ટિ તમારી લહે, મને પણ લહે એક-અભ્યાસ!" મને. ૧૪

કહીઁ એમ અદૃશ્ય થઈ એ,
ભળીઁ મસાલમાં જ ગઈ એ;
ભળીઁ મસાલમાં જ ગયો હું!
ત્યાં હતો, રહીશ, અને છું!
અહીઁ હતો, છું, ને રહેવાનો,
આ મસાલમાં જ્વલવાનો!

હું **લી**લાવતી, હું તાત, હુતાશની, રાખ, મસાલ સઉ હું!
આ લોકનીઁ ને પરલોકતણી બનીઁ રાખ, ભાન–અનુભવ હું! મને! ૧૫

કહે લોક "અહં" "હું" જેને,
કહું "તમે" "હું"ને "તે" જેને,
તે સર્વ એક આકારે
ખડું થતું "હું"–"તું"–"તે" ને સ્થાને!

ખરી પડે પ્રમાણ—પ્રમેય, પડળ જ્યમ આંખ થકી, ત્યમ આજે!
"હું" "હું" "હું" "હું" અનુભવું, દૃષ્ટિરૂપ બધે એકતા ગાજે. મને. ૧૬

એ એક પરાવર ભાતે
અનુભવું પળ–વિપળ હું જ્યારે,
જડ મસ્તિક–દીવી ત્યારે
લય પામતી રાખનીઁ માંહે!
નહીં મેરુદંડ દેખાતો,
નહીઁ પ્રાણ પંચધા વાતો,
નહીં ચક્ર, નહી આધાર, યોગનો યોગ નહી દેખાતો,
જ્ઞાનયોગ, વગર મર્યાદ, એક હું થતો પરાવર આખો. મને. ૧૭

એ રૂપ ત્યજી હું પાછો
ભવસાગરમાં વીંઝાતો;
ઉછળે ઉંચોઁ ઉંચોઁ મુજ નાવ,
પડી જઈ પાછી પછડાય,
જળ ખારું માંહીઁ ભરાય,
ડુબીઁ ડુબીઁ જોતામાં થાય,

મુજ જીવ ઘડી ગભરાય,
કંઈ વિચારમાં પડી જાય,
મુજ પાછળ ત્યાં હસી પડે લીલાવતી બેઠી ઝાલી સુકાન,
પાછો ફરી જોઉં ત્યાં પુછે લીલાવતી "પિતા, ભુલો શું ભાન ?" મને. ૧૮

હું જોઉં નયન ત્યાં એનું,
હું જોઉં રમ્ય સ્મિત એનું,
એ નયનની કીકી માંહી દેખું પરલોક, ભાન ત્યાં પામું,
એ સ્મિત જોતાં આનન્દ-પરાવર વળી બનીને જાઉં. મને. ૧૯

ॐ शान्तिः ॥



